# ઉડતી નજરે....

## *નવેમ્બર-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>કે જેમાંથી | **૬,૫૨૧** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ........ **૨૬૪** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૪૦** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ........ **૧૨** | |
| | (ગ) | સોનોગ્રાફી ........ **૪૩૬** | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........ **૦૯** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ **૨૦૧** | |
| | (છ) | અન્ય ........ **૫,૫૫૯** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૧,૮૩૭** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૯૭૯** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૬૮૮** |
| ૫. | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ........ | **૩,૦૮૮** |
| ૬. | | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૬,૧૫૦** |
| | | નવેમ્બર-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ........ | **૧૯,૨૬૩** |


## 'મંગલ મંદિર' નિયમિત અંકોમાં જાહેરાતના દર

| વિગત | કુલ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| **બ્લેક એન્ડ વ્હાઈટ** | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ | રૂા. ૬૦૦ | રૂા. ૨૫૦/- |
| **મલ્ટી કલર** | રૂા. ૪,૦૦૦ | રૂા. ૨,૫૦૦ | રૂા. ૧,૫૦૦ | – |

- આપશ્રી આપના ધંધાની જાહેરાત ભારતભરના મુખ્ય શહેરોમાંના મુખ્યત્વે કચ્છી સમાજોમાં કરાવી શકશો.
- દરેક અંકનું સૌજન્ય રૂા. ૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે 'સૌજન્ય'નો સ્વીકાર કરવામાં આવશે.

*મુખ્ય તંત્રી, મંગલ મંદિર,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*


*દુરાભિમાની વ્યક્તિઓની એક વિશેષતા છે કે તેઓ બીજાની પ્રશંસા ક્યારેય નથી કરતા.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | રવિવાર, તા. ૯-૧-૨૦૧૧<br>સવારમાં ૯.૩૦ વાગે | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા)<br>સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | વર્ષ ૨૦૧૦ દરમિયાન સમાજન અવસાન પામેલ, આપ્તજનોને<br>શ્રદ્ધાંજલિ સ્વરૂપે સમૂહ પ્રાર્થના. |
| • | રવિવાર, તા. ૯-૧-૨૦૧૧<br>સવારમાં ૯.૩૦થી ૧૨.૩૦ | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા)<br>સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ આયોજિત તથા<br>ગુજરાત કેન્સર સોસાયટી - અમદાવાદ અને રેડ ક્રોસ સોસાયટી -<br>અમદાવાદના સૌજન્યથી બ્લડ ડોનેશન કેમ્પ. |
| • | ગુરુવાર, તા. ૧૩-૧-૨૦૧૧<br>સવારમાં ૬.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન પાલડીથી<br>સવારમાં ૬.૩૦ વાગે | વયસ્ક સમિતિ આયોજિત ગલતેશ્વર - અગાસનો<br>એક દિવસીય પ્રવાસ કાર્યક્રમ. |
| • | શુક્રવાર, તા. ૨૧-૧-૨૦૧૧<br>બપોરના ૩.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત<br>શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ સાવલા વાનગી હરીફાઈ (ફરસાણ) |
| • | બુધવાર, તા. ૨૬-૧-૨૦૧૧<br>સવારમાં ૯.૦૦ વાગે | પટાંગણ, શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | પ્રજાસત્તાક દિને ધ્વજવંદન કાર્યક્રમ. |
| • | બુધવાર, તા. ૨૬-૧-૨૦૧૧<br>સવારમાં ૯.૩૦થી ૧૨.૩૦ | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા)<br>સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ આયોજિત તથા<br>ગુજરાત કેન્સર સોસાયટી - અમદાવાદ અને રેડ ક્રોસ સોસાયટી -<br>અમદાવાદના સૌજન્યથી બ્લડ ડોનેશન કેમ્પ. |
| • | રવિવાર, તા. ૬-૨-૨૦૧૧<br>સવારે ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી,<br>અમદાવાદ. | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>શ્રીમતી છાયાબહેન વિનોદચંદ્ર દેઢિયા ચિત્રકલા હરીફાઈ. |

## ‘મંગલ મંદિર’ના લવાજમના દરો :

**• ૧વર્ષના : રૂા.૧૫૦/ • ૩ વર્ષના : રૂા.૪૦૦/- • ૫ વર્ષના : રૂા. ૬૦૦ • આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

## ‘મંગલ મંદિર’ લવાજમ સ્વીકારવાના સ્થળો

- **અમદાવાદ** શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮
- **ગાંધીધામ** લબ્ધિ મોમાયા. શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી, શોપ નં.-૨૨, પ્લોટ નં.-૨૨૨, નૈતિક કોમ્પ્લેક્સ, જૈન દેરાસર રોડની બાજુમાં, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. મો. ૦૯૮૨૫૩ ૫૧૦૦૧
- **ભુજ** હરનીશ સી. મહેતા, C/o. ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, ડુંગરશી ટોકરશી વોરા માર્ગ, જી.ઈ.બી. હેડ ઓફિસની સામે, વિજયનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮, મો. ૦૯૪૨૮૫ ૬૬૬૭૦
- **ભુજ** અશ્વિન તલકશી શાહ,C/o. જૈન ટ્રાવેલ્સ, પાંજરાપોળ શેરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૨૭૫૯, મો. ૯૪૨૬૯ ૩૧૮૨૬
- **રાજકોટ** જિતુભાઈ છગનલાલ શાહ, “વિરાગ”, ૩, મહાવીર સોસાયટી, નિર્મલા સ્કૂલ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૮. ફોન : ૦૨૮૧-૨૪૭૬૩૬૦
- **વડોદરા** નીતિન નાનજી હરિયા, ૨૧, થોલાની સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮. ફોન : ૦૨૬૫-૨૪૩૯૭૮૪, મો. ૦૯૪૨૬૭ ૬૦૮૮૩
- **સુરત** જગદીશ રવિલાલ શાહ, ૭, શંખેશ્વર એપાર્ટમેન્ટ, સંગના સોસાયટી સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૨૨૭૯ ૮૫૨૩૯
- **ભાત બજાર, મુંબઈ** શેઠિયા ટૂર્સ, ૨૫/ડી, ગ્રાઉન્ડ ફ્લોર, કેશવજી નાયક રોડ, ફૂવારાની સામે, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૩૬
- **ઘાટકોપર, મુંબઈ** રશ્મિન્ ખોના, સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : ૦૨૨-૨૫૧૧૩૯૩૦
- **ડોંબીવલી, મુંબઈ** રમણ શેઠિયા, વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે, સ્ટેશનની સામે, ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧. મો. ૦૯૮૧૯૭ ૨૩૬૬૩
- **ચેન્નાઈ** ભદ્રેશ વાડીલાલ શાહ, સ્વસ્તિક કલેક્શન, ૯૦/૧૭, પટની પ્લાઝા, એન.એસ. બોઝ રોડ, ચેન્નાઈ-૬૦૦ ૦૭૯. મો. ૦૯૮૪૦૧ ૩૬૦૩૭

*નમ્ર વ્યક્તિઓની એક ખૂબી એ છે કે તેઓ બીજાની નિંદા ક્યારેય નથી કરતા.*

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ *પ્રાયોજિત* કચ્છમાં આર્કિટેક્ચરલ કૉલેજ

મંગલ મંદિરના ડિસેમ્બર-૨૦૧૦ ના અંકમાં જણાવ્યા અનુસાર કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પ્રાયોજિત કચ્છની સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજનું કામકાજ આગળ વધી રહેલ છે. હાલે બાંધકામ અંગેના ટેન્ડર તૈયાર કરવાની પ્રક્રિયા ચાલી રહેલ છે. ટેન્ડર તૈયાર થયે બાંધકામ માટે કોન્ટ્રાક્ટરોને ટેન્ડર ભરવા જણાવવામાં આવશે અને ત્યારબાદ સાઈટ પર બાંધકામ શરૂ કરવામાં આવશે. આવતા સત્રથી આ કૉલેજ શરૂ કરી દેવાની ગણના રાખવામાં આવેલ છે.

એ દરમ્યાન આ કૉલેજના બાંધકામ વગેરેના ખર્ચને પહોંચી વળવા, મંગલ મંદિરના ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં જે નકરાની યોજના જાહેર કરવામાં આવેલ હતી, તે યોજનામાં, કેટલાક હિતેચ્છુઓના સૂચન અનુસાર, થોડો ફેરફાર કરવામાં આવેલ છે. મુખ્ય નામ માટે ફિક્સ નકરો નક્કી કરવામાં આવેલ છે. જ્યારે ડ્રો માટે નકરાના લિસ્ટમાં જણાવ્યા અનુસાર અન્ય વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

જરૂરી ફંડ એકત્રિત કરવા નકરાની યોજનાને નીચે મુજબ ફાઈનલ સ્વરૂપ આપવામાં આવેલ છે.

દરેક નકરાના નામની સામે વધુમાં વધુ ૫ શબ્દોનો ઉપયોગ થઈ શકશે કે જેની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે.

અમને જણાવતા આનંદ થાય છે કે સૂચિત આર્કિટેક્ચરલ કોલેજની મંગલ મંદિરના ડિસેમ્બર-૨૦૧૦ ના અંકમાં આવેલ જાહેરાત અનુસાર દાનવીર પ્રેમી કચ્છી જનતાએ અમારો સંપર્ક સાધેલ છે અને તેઓએ પોતાના આર્થિક સહયોગની ખાતરી ઉચ્ચારેલ છે. સ્થાનિકે કચ્છમાં જ ઊભી થઈ રહેલ આ પ્રકારની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થામાં જે દાનવીર મહાનુભાવોને રસ હોય તેઓને આર્થિક સહકાર આપવા અત્રેથી અપીલ કરવામાં આવે છે.

## નકરાની યોજના

**મુખ્ય નામ : રૂા. ૨.૨૫ કરોડ**

- **પ્રવેશ દ્વાર, ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર તથા બંને ફ્લોર ઉપર અંદરની બાજુની કુલ ૮ વિંગો** — **(ડ્રો પદ્ધતિ – ૧૦૮ કૂપન) દરેક કૂપનના રૂા. ૫.૦૦ લાખ**

| નામોની તક્તીઓ | રૂપિયા |
|---|---|
| **ગ્રાઉન્ડ ફ્લોર - વિવિધ તક્તીઓ** | |
| પ્રિન્સિપાલ ઓફિસ | ૨૫.૦૦ લાખ |
| એડમિનિસ્ટ્રેટિવ ઓફિસ | ૨૫.૦૦ લાખ |
| કોન્ફરન્સ હોલ | ૪૧.૦૦ લાખ |
| લેબોરેટરી | ૩૧.૦૦ લાખ |
| આર્ટ સ્ટુડિયો | ૧૫.૦૦ લાખ |
| રિસોર્સ રૂમ | ૧૫.૦૦ લાખ |
| ઓડિટોરિયમ | ૫૧.૦૦ લાખ |
| મટીરિયલ મ્યુઝિયમ | ૧૫.૦૦ લાખ |
| વર્કશોપ | ૧૫.૦૦ લાખ |
| ભોજન કક્ષ (કેન્ટીન) | ૪૧.૦૦ લાખ |
| બીજો પ્રવેશદ્વાર | ૧૫.૦૦ લાખ |
| કોર્ટ યાર્ડ | ૩૧.૦૦ લાખ |

| નામોની તક્તીઓ | રૂપિયા |
|---|---|
| **ગ્રાઉન્ડ ફ્લોર – ફર્નિચરની તક્તીઓ** | |
| પ્રિન્સિપાલ ઓફિસ | ૧૧.૦૦ લાખ |
| એડમિનિસ્ટ્રેટિવ ઓફિસ | ૧૧.૦૦ લાખ |
| કોન્ફરન્સ હોલ | ૧૫.૦૦ લાખ |
| લેબોરેટરી | ૧૧.૦૦ લાખ |
| આર્ટ સ્ટુડિયો | ૭.૦૦ લાખ |
| રિસોર્સ રૂમ | ૭.૦૦ લાખ |
| ઓડિટોરિયમ | ૨૧.૦૦ લાખ |
| મટીરિયલ મ્યુઝિયમ | ૭.૦૦ લાખ |
| વર્કશોપ | ૭.૦૦ લાખ |
| ભોજનકક્ષ (કેન્ટીન) | ૧૫.૦૦ લાખ |

*પડકારો જીવનને રુચિકર બનાવે છે અને તેના પર વિજય જીવનને અર્થપૂર્ણ બનાવે છે.*

## પ્રથમ માળ - વિવિધ તક્તીઓ

| | |
|---|---|
| ● ડિઝાઈન સ્ટુડિયો – ૧ | ૩૧.૦૦ લાખ |
| ● ડિઝાઈન સ્ટુડિયો – ૨ | ૩૧.૦૦ લાખ |
| ● ડિઝાઈન સ્ટુડિયો – ૩ | ૩૧.૦૦ લાખ |
| ● ડિઝાઈન સ્ટુડિયો – ૪ | ૩૧.૦૦ લાખ |
| ● ડિઝાઈન સ્ટુડિયો – ૫ | ૩૧.૦૦ લાખ |
| ● ક્લાસ રૂમ – ૧ | ૧૫.૦૦ લાખ |
| ● ક્લાસ રૂમ – ૨ | ૧૫.૦૦ લાખ |
| ● ક્લાસ રૂમ – ૩ | ૧૫.૦૦ લાખ |
| ● ક્લાસ રૂમ – ૪ | ૧૫.૦૦ લાખ |
| ● જનરલ સ્ટાફ રૂમ | ૨૧.૦૦ લાખ |
| ● મેઈન સ્ટાફ રૂમ – ૧ | ૧૧.૦૦ લાખ |
| ● મેઈન સ્ટાફ રૂમ – ૨ | ૧૧.૦૦ લાખ |
| ● ડિસ્કશન રૂમ – ૧ | ૧૧.૦૦ લાખ |
| ● ડિસ્કશન રૂમ – ૨ | ૧૧.૦૦ લાખ |
| ● કોમન રૂમ – ૧ | ૧૧.૦૦ લાખ |
| ● કોમન રૂમ – ૨ | ૧૧.૦૦ લાખ |
| ● લાઈબ્રેરી | ૨૧.૦૦ લાખ |

## પ્રથમ માળ - ફર્નિચરની તક્તીઓ

| | |
|---|---|
| ● ડિઝાઈન સ્ટુડિયો – ૧ | ૧૧.૦૦ લાખ |
| ● ડિઝાઈન સ્ટુડિયો – ૨ | ૧૧.૦૦ લાખ |
| ● ડિઝાઈન સ્ટુડિયો – ૩ | ૧૧.૦૦ લાખ |
| ● ડિઝાઈન સ્ટુડિયો – ૪ | ૧૧.૦૦ લાખ |
| ● ડિઝાઈન સ્ટુડિયો – ૫ | ૧૧.૦૦ લાખ |
| ● ક્લાસ રૂમ – ૧ | ૫.૦૦ લાખ |
| ● ક્લાસ રૂમ – ૨ | ૫.૦૦ લાખ |
| ● ક્લાસ રૂમ – ૩ | ૫.૦૦ લાખ |
| ● ક્લાસ રૂમ – ૪ | ૫.૦૦ લાખ |
| ● જનરલ સ્ટાફ રૂમ | ૭.૦૦ લાખ |
| ● મેઈન સ્ટાફ રૂમ – ૧ | ૨.૫૧ લાખ |
| ● મેઈન સ્ટાફ રૂમ – ૨ | ૨.૫૧ લાખ |
| ● ડિસ્કશન રૂમ – ૧ | ૨.૫૧ લાખ |
| ● ડિસ્કશન રૂમ – ૨ | ૨.૫૧ લાખ |
| ● કોમન રૂમ – ૧ | ૨.૫૧ લાખ |
| ● કોમન રૂમ – ૨ | ૨.૫૧ લાખ |
| ● લાઈબ્રેરી | ૭.૦૦ લાખ |

**પ્રતાપ નારાણજી દંડ (૯૪૨૬૭ ૨૫૬૧૯)**
**સેક્રેટરી**
**કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**

**શશીકાંત ઠક્કર (૯૮૨૫૪ ૫૩૯૫૧)**
**વાઈસ ચેરમેન**
**કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**

**અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯)**
**ચેરમેન**
**કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**

## મહામૂલ્ય કચ્છ ગેઝેટ્સ-સી.ડી. સ્વરૂપે

કચ્છના ઐતિહાસિક વારસા સમાન, તેના મહામૂલ્ય કચ્છ ગેઝેટ્સ, સી.ડી સ્વરૂપે મળી શકે છે, એ પ્રકારની મંગલ મંદિરના ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં જાહેરાત આપ્યા બાદ અમને જણાવતા આનંદ થાય છે કે ઉપરોક્ત સી.ડી.ની માંગ કચ્છમાંથી અને અન્યેતરથી સારા એવા પ્રમાણમાં આવવા લાગેલ છે અને તેનું વિતરણ કાર્ય હાલે ચાલુ રાખવામાં આવેલ છે.

ઈ.સ. ૧૮૭૭થી ૧૯૫૫ સુધીના દરેકના અંદાજિત ૩૦૦ પાના હોય તેવા ૫૯ વોલ્યુમ એટલે કે અંદાજિત ૧૭૦૦૦થી ૧૮૦૦૦ પાના સી.ડી. સ્વરૂપે સંગ્રહી રાખવામાં આવેલ છે કે જે સી.ડી.ની કિંમત માત્ર રૂા. ૧૦૦/- રાખવામાં આવેલ છે.

જેઓને કચ્છનો આ ઐતિહાસિક વારસો મેળવીને તેનો અભ્યાસ કરવામાં રસ હોય, તેઓ માટે આ ખજાનો મહામૂલ્ય પુરવાર થઈ શકશે.

કચ્છના આ ઐતિહાસિક વારસાની અભ્યાસુ જનતાને, આ સી.ડી. મેળવવા નીચેના સ્થળે સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

**કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ-અમદાવાદ**
C/o. શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૯૪૬૮, ૨૬૫૭૯૪૬૯

**પ્રતાપ નારાણજી દંડ**
**સેક્રેટરી, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**

*જીવનના કઠિન નિર્ણય બુદ્ધિપૂર્વક લેવા જોઈએ.*

છેલ્લા ૩૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
પોપટલાલ નેણશી ઘરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)
**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)
**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*


- તંત્રી લેખ : ભૂકંપની દસમી વરસીએ ...... અશોક મહેતા ...... ૧૧

*લેખ વિભાગ :*

**કચ્છ**

- કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત (પ્રકરણ-૧૬) ઐતિહાસિક મૂલ્ય સંદર્ભે કચ્છનાં જૈન તીર્થો ...... ડૉ. નીતા ઠાકર ...... ૧૫
- ભારતીય બંદરોના વિકાસમાં કચ્છીઓનું યોગદાન ...... હસમુખ અબોટી ...... ૧૮

**વિચાર-મંથન**

- સત્યની શોધ અને સ્વીકાર – ૨ ...... મુરજી ગડા ...... ૨૧
- સત્તરમો સંસ્કાર એટલે.... જીન્સ તમારા, તંદુરસ્તી તમારા સંતાનોની! ...... શાંતિલાલ વ. શાહ ...... ૨૨

**વિચાર-વિમર્શ**

- શું આવી લોહિયાળ પરંપરા જાળવવી જરૂરી છે? ...... ડૉ. કેશુભાઈ દેસાઈ ...... ૨૪

**માહિતી**

- ચેલેન્જર અવકાશયાનના અકસ્માતની તપાસ ...... ડૉ. ફેઈનમેન ...... ૨૭
- શ્રી રામના અનુજ ભરતે સ્થાપેલી ભારતની પ્રાચીનતમ વિદ્યાપીઠ - તક્ષશિલા ...... ડૉ. કાંતિ ગોર ...... ૩૨
- ભારતનું સર્વોચ્ચ સન્માન – ભારત રત્ન ...... સંકલન : ભવાનજી શિવજી નાંગલપુરવાલા ...... ૩૩
- ગુજરાતના વણિકોને 'શાહ'નો શિરપાવ શી રીતે મળ્યો? ...... જોરાવરસિંહ જાદવ ...... ૩૫
- વસિયતનામાનું મહત્ત્વ સમજો! ...... મુકેશ પટેલ ...... ૩૯
- વીતેલા વર્ષ (૨૦૧૦)માં વિવિધ રાજ્યોના રાજકીય ફેરફાર પર સિંહાવલોકન .... ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૪૧
- ગુજરાત આ મહિલાઓનું સદા ઋણી! ...... બેલા ઠાકર ...... ૪૫
- ઉમંગ અને ઉલ્લાસના ઉત્સવો મકર સંક્રાંતિ અને પોંગલ ...... ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૪૭
- જીવનની ઊર્ધ્વગતિ કરતું પર્વ ઉત્તરાયણ ...... પ્રા.સૂર્યકાંત ભટ્ટ - ભુજ ...... ૪૯

**સમાજ દર્પણ**

- શ્રેષ્ઠતાના ૧૦ નિયમો ...... ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૫૧

**વ્યક્તિ વિશેષ**

- સેવાકીય ભાવનાના રંગે રંગાયેલા શ્રી મહેન્દ્ર સંઘોઈ ...... અશોક મહેતા ...... ૫૩
- પુરુષ પ્રધાન વ્યવસાયમાં કચ્છી નારીનો દબદબો ...... ગિરીશ જોશી ...... ૫૭

**જીવન ચરિત્ર**

- શતાબ્દી વંદના – ઉમાશંકર જોશી ...... 'અભિપ્રેત' ...... ૫૯
- કચ્છ રાજ્યના રાજકવિ અને ચારણી સાહિત્યના વિદ્વાન – શંભુદાનજી ગઢવી ...... સંજય પી. ઠાકર ...... ૬૧
- કોઈનો લાડકવાયો – વિન્સેન્ટ વાનઘોઘ ...... ગિરીશ વીછીવોરા ...... ૬૩

## તંદુરસ્તી

● નબળાઈ ............ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૬૫

## પ્રવાસ

● સાંપડની સફર ............ અશોક શાહ ...... ૬૭

## વાર્તા

● ધર્મના માર્ગે વેપાર ............ દિલીપ રાણપુરા ...... ૬૮

## મહિલા વિશ્વ

● રેસીપી – જૈન વાનગી માટે ............ સુરભિ નીરવ વસા ...... ૭૦

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ............ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૭૨

## નિયમિત વિભાગો

● આંજો કાગર ............ ૭૪
● અન્ય સંસ્થાઓના સમાચાર ............ ૭૭
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ............ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૮૦
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ............ ૮૧
● 'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૧૦ દરમ્યાન પરત આવેલા અંકોના નામોની યાદી ............ ૮૧
● 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોનું લિસ્ટ ............ ૮૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો - સાભાર સ્વીકાર ......... ૮૪
● સાર સમાચાર ............ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૮૫
● જાણવા જેવું ............ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૬
● શબ્દ રમત-૫૬ ............ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૭
● સુડોકુ – ૧૦૧૩ ............ હરખચંદ સાવલા ...... ૮૯
● વલોવતન ............ સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ...... ૯૧
● સમાજ દર્પણ ............ ૯૫
● સંસ્થા સમાચાર ............ ૯૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ............ ૧૦૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Print Vision,** Nr. Parimal Garden, Ambawadi, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ભૂકંપની દસમી વરસીએ

*– અશોક મહેતા*

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ગોઝારા ભૂકંપે કચ્છને તહસનહસ કરી નાખ્યું. કચ્છ પર આવી પડેલ એ ખૂબ જ મોટી આફત હતી. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૧ના આ આફતને બરાબર ૧૦ વર્ષ પૂરા થશે. કચ્છ પર આવી પડેલ આ આફતને આ ૧૦ વર્ષના સમયગાળામાં એક સોનેરી અવસરમાં ફેરવી શકાઈ છે કે જેના આપણે સહુ સાક્ષી છીએ. ખરેખર, આ એક અચરજની વાત છે! કદાચ દુનિયામાં આવું ક્યાંયે બન્યું નહીં હોય!

શું ભૂતકાળમાં કચ્છ પર આવી પડેલ દરેક આફતને આપણે અવસરમાં પલટી શક્યા છીએ? આ પ્રશ્નનો જવાબ શોધવા આપણને ભૂતકાળમાં ડોકિયું કરવું પડશે.

ભગવાન શ્રીરામના ૬૦૦ વર્ષ અગાઉના પૂર્વજ 'સાગર' રાજાના સમયમાં અરબ સાગર (અરબી સમુદ્ર) હિમાલયની તળેટી ચૂમતો હતો કે જે કાળાંતરે થતા ભૂકંપના કારણે દક્ષિણ તરફ ખસીને આજની પરિસ્થિતિએ પહોંચેલ છે. આ આફતને અવસરમાં પલટી શકાઈ તેવો કોઈ પણ ઇતિહાસ ગવાહી પૂરતો નથી.

કચ્છના મોટા રણનો અત્યારનો વિસ્તાર એક સમયે સપ્ત સિંધુનો પ્રદેશ કહેવાતો. એ સમયે સરસ્વતી, સિંધુ, જેલમ, બિયાસ અને સતલજ નદીના પાણી મોટા રણમાં એકત્રિત થઈ, ત્યાંથી ખંભાતના અખાતમાં ઠલવાતા. બારમી સદીના મહાપ્રલયકારી ભૂકંપે આ વિસ્તારનો સિનારિયો સંપૂર્ણપણે બદલી નાખ્યો. સરસ્વતી નદી લુપ્ત થઈ ગઈ. જ્યારે સિંધુ, જેલમ, બિયાસ, સતલજ વગેરે નદીઓ ૩૦૦થી ૪૦૦ કિ.મી. પશ્ચિમ તરફ ખસી ગઈ. કચ્છનો આ વિસ્તાર ઉજ્જડ બની ગયો. સિંધુ નદીના પાણીની એક શાખા કચ્છની પશ્ચિમે આવેલ કોરી ક્રીકમાં મળવા લાગી કે જેના કારણે લખપત તરફનો વિસ્તાર ઓછાવત્તા અંશે સમૃદ્ધ રહી શક્યો. બાકીનો વિસ્તાર ઉજ્જડ થઈ જવા પામ્યો. આ પ્રદેશ પર આવી પડેલ આફતને ત્યારબાદના સમયમાં અવસરમાં પલટી શકાયેલ ન હતી.

ત્યારબાદ આવ્યો ૧૮૧૯ના સમયનો ભૂકંપ. ૧૬ જૂન, ૧૮૧૯ના સાંજના ૬.૩૦ વાગ્યે ૮ રીક્ટર સ્કેલના ભૂકંપે કચ્છમાં ફરી ખાનાખરાબી સર્જી. સિંધુ નદીની એક શાખા કે જે કોરી ક્રીકમાંથી લખપત તરફ આવતી હતી, ત્યાં જમીનનો અમુક ભાગ ઊંચો આવી જવાથી સિંધુ નદીની એ શાખા બંધ થઈ ગઈ. જમીનનો સારો એવો પહોળો વિસ્તાર ૪ કિ.મી. લાંબી પટ્ટીમાં ૧૮ ફૂટ ઊંચો ચડી આવી ભૂસીર બની ગયો કે જે અલ્લાહના બંધ તરીકે જાણીતો થયો. સિંધુ નદીના પાણી બંધ થવાથી લખપત વિસ્તાર પણ ઉજ્જડ બની ગયો. સિંધડીનો પુરાણો કિલ્લો અને પુરાણું બંદર જમીનની સપાટીથી ૧૨થી ૧૫ ફૂટ નીચે આવી જતાં, તેના પર સમુદ્રના પાણી ફરી વળ્યા અને એ વિસ્તાર સમુદ્રમાં ગરક થઈ ગયો. આ ભૂકંપના પરિણામે ભુજમાં ૭૦૦ મકાનો પડી ગયા અને ૧૨૦૦ લોકોના મૃત્યુ થયા. એ સમયે કચ્છ પર આવી પડેલ એ ખૂબ જ મોટી આફત હતી કે જેને ત્યારબાદના વર્ષોમાં અવસરમાં ફેરવી શકાયેલ ન હતી.

૧૯૫૬ના ભૂકંપે અંજાર શહેર અને તેની આજુબાજુના વિસ્તારમાં ખૂબ જ મોટા પ્રમાણમાં તારાજી સર્જી. ભચાઉમાં પણ સારી એવી તારાજી સર્જાઈ. ત્યારબાદ રહેણાંકના નવા મકાનો બનાવવામાં આવ્યા પરંતુ આ આફતને પણ ત્યારબાદના સમયગાળામાં અવસરમાં ફેરવવાના કોઈ ઠોસ પ્રયાસો થયેલ ન હતા.

ત્યારબાદ ૧૯૯૮ અને ૧૯૯૯ના વાવાઝોડાએ કચ્છ પ્રદેશ પર કાળો કેર વર્તાવ્યો. ખારેક સહિત અનેક ઝાડો જમીનદોસ્ત થઈ ગયા. એ આફત પણ આફત જ રહેવા પામેલ હતી.

છેલ્લે ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના સવારમાં ૮.૪૩ વાગે લગભગ ૧૧૦ સેકન્ડ સુધી ચાલુ રહેલ ૬.૯ (કદાચ તેથી વધુ)ના રીચર સ્કેલવાળો ભૂકંપ કચ્છ પર અને સમગ્ર ગુજરાત પર ત્રાટક્યો કે જેનું કેન્દ્રબિંદુ ભુજથી ૨૦ કિ.મી. દૂર ઉત્તર પૂર્વ દિશામાં લોડાઈ ગામ પાસે હતું.

આ ભૂકંપની અસર સમગ્ર ગુજરાત પર નાના-મોટા પ્રમાણમાં પડી. લગભગ ૧૫૦૦ કિ.મી.ની લાંબી ત્રિજ્યાવાળા આ ભૂકંપની

*મહાપુરુષોનું શ્રેષ્ઠ સન્માન આપણે તેમને અનુસરીને જ કરી શકીએ છીએ. – ગાંધીજી*

અસર ગુજરાત રાજ્યના ૧૮૧ તાલુકાના ૭૬૩૩ ગામની ૩,૭૮,૦૦,૦૦૦ (ત્રણ કરોડ ઈઠ્યોતેર લાખ)ની વસતિ પર થવા લાગી. આ ભૂકંપના કારણે ૧,૭૧,૬૨૨ પાકા મકાન તથા ૧,૬૭,૦૩૫ કાચા મકાનો નાશ પામ્યા. ૪,૮૮,૨૮૮ પાકા મકાન અને ૩,૪૫,૬૩૨ કાચા મકાનને અંશતઃ અસર થઈ. ૧૯,૯૦૮ માનવ મૃત્યુ અને ૨૧,૨૫૮ પશુઓના મૃત્યુ થયા.

કચ્છની વાત કરીએ તો કચ્છમાં માનવ મૃત્યુ ૧૨,૩૭૫ (વિવિધ ગામોમાં ૫૭૨૬, ભુજમાં ૨૭૬૦, અંજારમાં ૧૫૫૭, ભચાઉમાં ૧૪૮૦, ગાંધીધામમાં ૭૩૭, રાપરમાં ૯૯ અને માંડવીમાં ૧૬) થયા. સંપૂર્ણ નાશ પામેલ પાકા મકાનોની સંખ્યા હતી ૩૩,૮૦૦ જ્યારે જોખમી રીતે નુકસાન પામેલ અને પાછળથી ઉતારી લેવામાં આવેલ મકાનો હતા અંદાજિત ૧૦,૦૦૦.

ભૂકંપની નુકસાનીના આ આંકડા એટલા માટે આપવામાં આવેલ છે કે તેનાથી ભૂકંપની ભયાનકતાનો ખ્યાલ આવી શકે.

પરંતુ કચ્છ પર આવી પડેલ ૨૦૦૧ની આ આફતને આજે આપણે જોઈ શકીએ છીએ કે તેને ખરેખર એક અવસરમાં ફેરવી નાંખવામાં આવેલ છે અને કચ્છમાં આજે ચારે તરફ માત્ર વિકાસ જ દૃષ્ટિગોચર થાય છે.

અગાઉની એક પણ આફતના સમયે આવું બનેલ ન હતું. તેથી પ્રશ્ન એ થાય છે કે આ વખતે આવું બન્યું કેમ?

એ સમયે ગુજરાત રાજ્યના ઉદ્યોગપ્રધાન હતા શ્રી સુરેશચંદ્ર મહેતા, જ્યારે મુખ્યપ્રધાન હતા શ્રી કેશુભાઈ પટેલ. કેન્દ્રમાં પણ એજ પક્ષની (મોરચાની) સરકાર હતી કે જ્યાં વડાપ્રધાન તરીકે બિરાજમાન હતા શ્રી અટલબિહારી બાજપાઈ. ગુજરાત અને કેન્દ્રના પ્રધાનમંડળે અને તેમાં પણ મુખ્યત્વે ઉપરોક્ત મહાનુભાવોએ વિચાર કરેલ કે કચ્છ સંપૂર્ણપણે તારાજ થઈ ગયેલ છે. પ્રજા એકદમ નિરાશ છે. જો કચ્છને બેઠું કરવું હશે તો કચ્છમાં ઉદ્યોગો દ્વારા મોટા મૂડી રોકાણ આકર્ષવા જોઈશે અને તે તોજ શક્ય બને કે કચ્છને ટેક્ષ હોલી ડે ના લાભો આપવામાં આવે. ફટાફટ નિર્ણયો લેવામાં આવ્યા અને કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા ઉદ્યોગપતિઓને ટેક્ષ હોલી ડે નો બેનિફિટ આપી આમંત્રિત કરવામાં આવ્યા. જોતજોતામાં કરોડોના મૂડી રોકાણથી સેંકડોની સંખ્યામાં ત્યાંની ભૂમિ પર ઉદ્યોગો સ્થપાવા લાગ્યા અને કચ્છ ભૂતકાળમાં ક્યારેય ન હોય તેવું ધમધમવા લાગ્યું. ભુજની જી.કે. જનરલ હોસ્પિટલને ફરી ઊભી કરવા અને અગાઉ કરતા અધિક ઉપયોગી બનાવવા વડા પ્રધાનના રાહત ફંડમાંથી રૂા. ૧૦૦ કરોડ ફાળવવામાં આવ્યા. સાથે સાથે અન્ય વિકાસ માટે સબસિડી પ્રકારના અન્ય અનેક પગલાં લેવામાં આવ્યાં. સમગ્ર કચ્છને માત્ર પાંચ વર્ષના સમયગાળામાં જ ધમધમતું કરી દેવામાં આવ્યું. ૨૦૦૧ની આફતને અવસરમાં ફેરવવાના કારણોમાં આ એક મુખ્ય કારણ હતું.

ભૂકંપની દસમી વરસીએ આયોજનકારો, રાજકીય નેતાગીરી તથા સમાજ ચિંતકોને એ વિચારવાનો સમય આવી ગયેલ છે કે કચ્છનો જે રીતે વિકાસ થઈ રહેલ છે તે ખરેખર વિકાસ છે? શું આ વિકાસ આયોજનબદ્ધ છે? શું તેના લાભો પ્રજાના દરેક વર્ગને લગભગ સમાન ભાગે મળે છે? શું ઉદ્યોગોના કારણે થતી આવક પ્રજામાં લગભગ સમાન દરજ્જે વહેંચાય છે? અત્યાર સુધી કચ્છની પ્રજાનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન રહેલ છે. શું તેને આ વિકાસથી પ્રોત્સાહન મળે છે? શું કચ્છની ખેતી સમૃદ્ધ થાય છે? શું ખેતીનો વિકાસ થયો? શું પશુપાલનના ધંધાનો વિકાસ થવા પામ્યો? પશુપાલન માટે ગોચરની જમીન સુવ્યવસ્થિત કરી શકાઈ? શું તેમાં કોઈ વૃદ્ધિ થવા પામી? કમનસીબે દરેક પ્રશ્નનો જવાબ 'ના'માં આવે છે.

જી, હા, ઉદ્યોગોના કારણે ગ્રોથ રેશિયોમાં જરૂર વધારો થયો પરંતુ તે આવક મોટાભાગે અમુક વર્ગના હાથમાં જ જવા પામે છે! ગામડાંની પ્રજા તો ઠેરની ઠેર છે! ગામડાંની ઉપજાઉ જમીન બિનખેતીમાં ફેરવાતી જાય છે! પ્રજા ખેતી મૂકીને નોકરીએ લાગતી જાય છે! શું આ યોગ્ય છે? શું આ વિકાસ છે?

ઉપરોક્ત પ્રશ્નો ૨૦૦૧ના ધરતીકંપ બાદ, વિકાસના આ માહોલમાં શાંત ચિત્તે વિચારવા જોઈએ.

એક તરફ ખેતીને ખૂબ જ મોટા પ્રમાણમાં ઉત્તેજન આપવું જોઈએ, જ્યારે અન્ય તરફ, જે જમીનમાં ખેતી થઈ શકતી નથી ત્યાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જોઈએ. બંને એકબીજાના પૂરક બની રહેવા જોઈએ.

વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૧ બાદ હજુ પણ વધુ ઉદ્યોગો કચ્છમાં આવશે. અગર આ પ્રક્રિયા આયોજનબદ્ધ રીતે હાથ પર લેવામાં નહીં આવે તો વિકાસની બે પાંખમાંથી એક પાંખને આપણે સંપૂર્ણપણે ગુમાવી બેસશું કે જે મોટાભાગની પ્રજાને રોજી રોટી આપે છે.

*અમલ વિના પરિવર્તનની યોજના અધૂરી.*

*કેટલાક આયોજનો નીચે મુજબ વિચારી શકાય :*

- ઉદ્યોગો માટે ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપી ઉદ્યોગોને આ પાણીનો વપરાશ કરવા જણાવવું જોઈએ. હાલે કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોની દૈનિક પાણીની જરૂરિયાત ૩૫૦ MLDની છે કે જેની સામે નર્મદા નદીનું પાણી તેઓને માત્ર ૫૦ MLD જ આપવામાં આવે છે. બાકીનું પાણી ક્યાંથી આવતું હશે તે કલ્પી શકાય તેમ છે.
- કચ્છમાં ખનીજ ધરાવતા કેટલાક વિસ્તારો જંગલ વિસ્તારમાં આવેલા છે કે જેના કારણે તેનો વપરાશ થઈ શકે તેમ નથી. આ બાબતે કેન્દ્ર સરકાર સાથે યોગ્ય પોલિસીની જાહેરાત કરાવવી જરૂરી છે.
- ટપક પદ્ધતિથી સિંચાઈ કરનારને કોઈક બેનિફિટ અપાય તેવી યોજના જાહેર કરવી જોઈએ કે જેથી ખેતીના પાણીનો વપરાશ યોગ્ય માત્રામાં થઈ શકે.

આ પ્રકારના તો અનેક આયોજનો અમલમાં મૂકી શકાય.

સહુએ યોગ્યપણે વિચારી, કચ્છમાં આયોજનબદ્ધ વિકાસ પ્રક્રિયા હાથ પર લેવાય તેવા પ્રયાસો આદરવા જોઈએ, એ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત દેખાય છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## જલારામ અન્નક્ષેત્ર

અમને જણાવતા આનંદ થાય છે કે અગાઉ નિર્ધાર કર્યા અનુસાર, શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી એલ.ડી. શાહના સૌજન્યથી, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ- શાહીબાગ, અમદાવાદ ખાતે બુધવાર તા. ૧ ડિસેમ્બર, ૨૦૧૦થી "શ્રી જલારામ અન્નક્ષેત્ર" શરૂ કરી દેવામાં આવેલ છે.

"શ્રી જલારામ અન્નક્ષેત્ર"નો હેતુ મુખ્યત્વે કચ્છથી અમદાવાદ સારવાર અર્થે પધારતા જરૂરિયાતવાળા દર્દીઓ તથા તેમના સંબંધીઓ કે જેઓ શ્રી કચ્છી વિશ્રામગૃહ પર રોકાયેલ હોય, તેમને દિવસમાં ત્રણે ટાઈમ વિના મૂલ્યે જમવાની સગવડ મળી રહે તે અંગેનો રહેવા પામેલ છે.

હાલે દરરોજ અંદાજિત ૧૫ વ્યક્તિ આ સેવાનો લાભ લઈ રહેલ છે.

આ પ્રકારની ખૂબ જ જરૂરિયાતવાળી સેવાકીય પ્રવૃત્તિ નિરંતર ચાલુ રહી શકે તે માટે દાનવીર જનતાને આ યોજનામાં ભાગ લઈ આર્થિક સહયોગ મોકલી આપવા અપીલ કરવામાં આવે છે. ચેક "શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ"ના નામનો લખવાનો રહે છે.

*ચેક નીચેના સરનામે મોકલી શકાશે :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૯૪૬૮, ૨૬૫૭૯૪૬૯

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## અડદિયા લાડુ

શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ-ભુજે બનાવેલ અડદિયા લાડુનું વિતરણ શ્રી કચ્છી જૈન ભવન પરથી ચાલુ રાખવામાં આવેલ છે. તે માત્ર ૫૦૦ ગ્રામ પેકિંગમાં મળી શકશે.

સમાજના સભ્યો માટે, મેડિકલ વિભાગના ડૉક્ટરો માટે તથા સ્ટાફના સભ્યો માટે, તેનો ભાવ રૂા. ૧૯૦/- પ્રતિ કિલો રાખવામાં આવેલ છે. જેઓને ભુજના સ્વાદિષ્ટ અડદિયા લાડુની જરૂરિયાત હોય તેઓએ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી પરાગનો સંપર્ક સાધી, જરૂરિયાત મુજબના અડદિયા લાડુ મેળવી લેવા.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જેનો પોતાની જીભ પર કાબૂ નથી તેનું પતન થાય છે.*

કચ્છ

(પ્રકરણ-૧૫)

કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત

# ઐતિહાસિક મૂલ્ય સંદર્ભે કચ્છનાં જૈન તીર્થો

• ડૉ. નીતા ઠાકર •

હિંદુ અને મુસ્લિમ તીર્થોની માફક કચ્છમાં જૈનોના તીર્થો પણ અનેક છે. **કચ્છમાં જૈનોની સીધી રાજ્યસત્તા કોઈ વખતે નહી હોવા છતાં જૈનાચાર્યોના અને જૈન શ્રીમંતોનો પ્રયત્ન પોતાના ધર્મના રક્ષણ અને પ્રચાર માટે અથાગ થયો છે.** એક તરફથી ત્યાગી આચાર્યોનો ઉપદેશ અને બીજી તરફ જૈન શ્રીમંતોની ઉદારતા અને બંનેના પરિણામે જૈન ધર્મની જાહોજલાલી દરેક સમયમાં આગળ પડતી રહી છે.

શ્રી તીર્થંકર પરમાત્માઓના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણદિન પરમ આરાધ્ય મનાય છે. તેને 'કલ્યાણક' કહે છે. ચ્યવન (છેલ્લા દેવલોકના ભવમાંથી માનવલોકમાં આગમન) સહિત પાંચ કલ્યાણક જે ભૂમિમાં, સ્થળે બન્યાં હોય તેને જૈનો તીર્થ તરીકે માને છે. આ ઉપરાંત જ્યાં વિશિષ્ટ પ્રસંગ કે ચમત્કાર બન્યા હોય તેવા સ્થળને પણ તીર્થ ગણવામાં આવે છે. તીર્થભૂમિ-તીર્થંકરો તેમજ સંયમશ્રેષ્ઠ જૈન મહર્ષિઓના પાદસ્પર્શથી પવિત્ર બનેલી હોય છે. ભાવિકો તેની યાત્રાએ જઈને ધન્યતા અનુભવે છે.

જૈન સંસ્કૃતિમાં ધાર્મિક અને આર્થિક વ્યવસ્થાનું એક ચોક્કસ માળખું છે અને તેનું ચોક્કસ નામ છે. દહેરાસરમાં ભાવિકો ભેટરૂપે જે રકમ ધરે છે તે **'દેવદ્રવ્ય'** કહેવાય છે. તેનો ઉપયોગ દેરાસરના જિર્ણોધ્ધાર કે ધાર્મિક કાર્યો સંબંધી થાય છે. ઉપાશ્રયમાં જ્ઞાનપૂજન નિમિત્તે જે પૈસા અર્પણ કરે છે તેને **'જ્ઞાનદ્રવ્ય'** કહેવાય છે. જેનો ઉપયોગ ધાર્મિક ગ્રંથોના પ્રકાશનમાં, જ્ઞાન ભંડારમાં કે પુસ્તકાયલ માટે અને પંડિતોનો પગાર ચૂકવવામાં પણ કરાય છે. સાધુ-સાધ્વી માટે સમ્યક્ જીવન જરૂરિયાતો માટે નિયત દ્રવ્ય પૂરું પડાય છે. આને **'વૈયાવચ્ચ ખાતુ'** પણ કહેવાય છે. આ ઉપરાંત શ્રાવક-શ્રાવિકાઓના સહભાગી તરીકે **'સાધારણ (સાધર્મિક) દ્રવ્ય'**ની પણ રચના કરવામાં આવી છે. સાથે 'જીવદયા'નો પણ એક અલગ વિભાગ રાખવામાં આવે છે. આ આર્થિક માળખાની વિશેષતા એ છે કે જે ક્ષેત્રના નિર્વાહ માટે દ્રવ્યો ઉપલબ્ધ થાય છે, તે જ ક્ષેત્ર માટે તે વપરાય છે. માત્ર **'સાધારણ દ્રવ્ય'** નો ઉપયોગ જરૂર પડે તો બધા જ કાર્યો માટે થઈ શકે છે. જૈન સંસ્કૃતિની આવી આર્થિક વ્યવસ્થાને કારણે સાંસ્કૃતિક ક્ષેત્રે તેઓનું પ્રદાન અનેરું રહ્યું છે.

## • કચ્છનાં પ્રાચીન જૈન મંદિરો (દહેરાસરો) :

કચ્છમાં જૈન ધર્મ ઘણો પ્રાચીન છે. તેથી સ્વાભાવિકરૂપે જૈન મંદિરોનું નિર્માણ પણ પ્રાચીન સમયથી થતું રહ્યું છે. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપ પહેલાં ઘણા પ્રાચીન જૈન મંદિરો જીર્ણાવસ્થામાં હતાં તેથી તેની માહિતી એક યા બીજા સંદર્ભગ્રંથોમાં સચવાયેલી છે. તેના આધારે પ્રાચીન જૈનમંદિરો કેવા હતાં? તેની સ્થાપત્યશૈલી કેવી હતી? તે અંગે આજે પણ જાણી શકાય છે. ભૂકંપમાં મોટાભાગના પ્રાચીન જૈન મંદિરો ભયંકર ઈજાગ્રસ્ત યા સંપૂર્ણ ધ્વંશ થયા છે. પરંતુ ફરી તેનું નવનિર્માણ કે જીર્ણોધ્ધાર થઈ રહ્યો છે.

### (૧) ગેડી :

કચ્છ વાગડમાં આવેલું ગેડી ગામ ઘણું પ્રાચીન છે. અહીં એક ઉપાશ્રય અને જૈનમંદિર ૨૦૦૧ના ભૂકંપ પહેલાં જીર્ણાવસ્થામાં હતું. તે સમયનું વર્ણન 'જૈનતીર્થ સર્વ સંગ્રહ'માં કરેલું છે. તે સંદર્ભના વર્ણન મુજબ :

"અગાસી બંધ શિખરયુક્ત આ મંદિરને મોટી પરસાળ છે. આગળના ભાગમાં ચાર દેરીઓ શિખરયુક્ત છે. તેમાં પબાસણ વિદ્યમાન છે. મંદિરનો વચલો ઘુમ્મટ ૧૬ સ્તંભોના આધારે બનાવેલો છે. મંદિરની લંબાઈ-પહોળાઈ ૨૮ બાય ૨૦ ફીટ છે. અગાસી સુધીની ઊંચાઈ ૧૪ ફીટ અને ઘુમ્મટ સુધીની ઊંચાઈ ૨૦ ફીટની છે. ગર્ભગૃહમાં આરસપાષાણનાં બિંબો પ્રાચીનકાળનાં છે. વચ્ચે મૂળનાયક શ્રી મહાવીર પ્રભુની મૂર્તિ ૩ ફીટ ઊંચી છે. મૂર્તિના નાક, હાથ, કાન, ખંડિત થતાં ચૂનાથી જોડીને લેપ કરાયેલો છે. મૂળનાયકની એક બાજુએ શ્રી આદિશ્વરની મૂર્તિ છે. તેના ઉપર સં. ૧૫૩૪ (ઈ.સ. ૧૪૭૮) નો લેખ છે અને બીજી બાજુએ શ્રી સુમતિનાથ ભગવાન છે. તેના ઉપર સં. ૧૯૨૫ (ઈ.સ. ૧૮૬૯) નો લેખ છે. આ મંદિર માલવશાહે બંધાવ્યાનો ઉલ્લેખ લેખમાં છે. એ સિવાય 'માલવવાવ' અને 'માલસર તળાવ' પણ તેમણે બંધાવ્યા હતાં.'

### (૨) કટારિયા :

કથાસૂત્ર અનુસાર અહીં શેઠ જગડુશાહના મહેલો હતા. એમ કહેવાય છે એક સમયનું આ ભવ્યનગર આજે તો એક ગામડામાં રૂપાંતર પામ્યું છે. અહીં ઉપાશ્રય, યાત્રાળુઓ માટે એક વિશાળ જૈન ધર્મશાળા અને પુસ્તક ભંડાર તથા એક વિદ્યાલય સાથેનું જૈન છાત્રાલય છે. 'આર્કિયોલોજી સર્વે ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા'માં નોંધ્યું છે કે "અહીં બજારની વચ્ચે જૈન મંદિરનું ખંડિયેર વિદ્યમાન છે. આ ખંડિયેર એક મકાનનો પાયો ચણાતાં મળી આવ્યું હતું. દેવકુલિકાઓના પાયા, દીવાલો અને કોતરણીભર્યા પથ્થરોથી જણાય છે કે એક સમયે આ મંદિર ૫૦ ફીટના ઘેરાવામાં હતું. સ. ૧૯૭૮ (ઈ.સ. ૧૯૨૨)માં શેઠ વર્ધમાન આણંદજીએ જીર્ણોધ્ધાર કરાવી સુંદર અને ભવ્ય શિખરબંધ મંદિર કરાવ્યું છે. આમાં મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની શ્વેતવર્ણી

*સફળતા પર સફળતાની ઈમારત નથી ચણાતી. નિષ્ફળતા રૂપી ભંગાર પર સફળતાની અડીખમ ઈમારત ઊભી થાય છે.*

પ્રતિમા બે હાથ ઊંચી છે. જે બાંઢિયાથી લાવીને અહીં સં. ૧૯૮૮ (ઈ.સ. ૧૯૩૨)માં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.''

'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તકમાં નોંધ્યું છે કે વાગડનું આ એક માત્ર તીર્થ ભૂકંપમાં પડી ભાંગ્યું છે. મૂળનાયક શ્રી મહાવીર સ્વામી તથા ભોંયરાના મૂળનાયક શ્રી નમિનાથજી આદિ બધાંજ પ્રતિમાજીઓ આણંદમાં લઈ જવાયા છે. સ્વાભાવિક છે, જ્યાં સુધી નવનિર્માણ ન થાય ત્યાં સુધી પ્રતિમાઓની જાળવણી અત્યંત જરૂરી છે.

### (૩) કંથકોટ :

૨૦૦૧ના ભૂકંપ પહેલાં અહીં સોળ થાંભલાવાળું ભગવાન મહાવીર સ્વામીના પુરાતન મંદિરનું ખંડિયેર હતું. આ મંદિર કોણે બંધાવ્યું એ વિશે શ્રી દલપતરાય પ્રાણજીવન ખખ્ખરે 'આર્કિયોલોજિકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા'માં મંદિરમાંથી મળી આવેલા શિલાલેખો ઉપરથી માહિતી આપી છે. જે મુજબ મંડપના સ્તંભ ઉપર કોરેલા એક ત્રુટિત શિલાલેખ ઉપરથી સં. ૧૩૪૦ (ઈ.સ. ૧૨૮૪)માં આ મંદિરનું નિર્માણ કરાવનાર તરીકે આમ્રદેવના પુત્રો લાખા અને સોલ્હાનાં નામો જાણી શકાય છે. ચૂનાના પ્લાસ્ટર ઉપર આમ્રદેવના પુત્ર પાલિસનું નામ જણાવેલું છે. મંડપના એક સ્તંભ ઉપરના લેખનો અંશ વંચાય છે. સં. ૧૩૨ (?) શ્રવણ સુદ્ધિ ૫, ને સોમવારે શ્રીમાળી જ્ઞાતિના આમ્રદેવ એટલું વંચાય છે.

'જગડુચરિત' મુજબ જગડુશાહના પૂર્વજોની પાંચ પેઢીઓ કંથકોટમાં નિવાસ કરતી હતી. જગડુશાહના કાકાઓ વગેરે અહીં ૧૪મા સૈકા સુધી નિવાસ કરતા હતા. જેમણે આ મંદિર બંધાવ્યાનું શિલાલેખ પરથી પુરવાર થાય છે.

### (૪) શિકરા :

કચ્છમાં આવેલું શિકરા જૈન ઓસવાળોનું જૂનું ગામ ગણાય છે. આ ગામ ક્યારે વસ્યું તે વિશે સચોટ માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ અહીં ઘણા પાળિયાઓ મોજૂદ છે. તેમાંના એક પાળિયા ઉપર સં. ૧૦૬૦ (ઇ.સ. ૧૦૦૪) ની સાલ વંચાય છે. "જૈન તીર્થ સર્વસંગ્રહ"માં આ અંગેના સંદર્ભ મુજબ 'અહીં એક કલાત્મક જૈન મંદિરનું ખંડેર વિદ્યમાન છે. આ મંદિરનું સં. ૧૭૭૩ (ઈ.સ. ૧૭૧૭)માં નિર્માણ થયું હતું. સં. ૧૮૪૨ (ઈ.સ. ૧૭૮૬) માં જ્યારે માળિયાના મિયાણાઓ ઘણો ઉપદ્રવ કરી રહ્યાં હતાં ત્યારે આ મંદિરના મૂળનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામીની મૂર્તિ આધોઈ ગામે લઈ જવામાં આવી હતી. મંદિરમાં એક શિલાલેખ પણ ઉપલબ્ધ છે.'

### (૫) આડેસર :

આદિનાથ ભગવાનના 'આદિશ્વર' નામનું અપભ્રંશ થતાં આ ગામનું નામ આડીસર કે આડેસર પડ્યાની લોકોક્તિ છે. તેને 'આદિશહર' ઉપરથી આદિસર અને તેમાંથી આડેસર થયાનું પણ મનાય છે. વળી જૂનું નામ ઓઠાણું હોવાનું પણ લોકો માને છે.

'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તકમાં નોંધ્યું છે કે જ્યારે મુનિશ્રીઓ તા. ૨૩-૩-૨૦૦૧માં ત્યાં ગયા ત્યારે ૨૦૦-૨૫૦ વર્ષ જૂનું દહેરાસર લગભગ ખંડેર જેવું લાગતું હતું. જૂના દહેરાસરની નીચે ભોંયરાનું કામ તથા ઉપર રંગમંડપના જીર્ણોધ્ધારનું કાર્ય ચાલુ હતું. દહેરાસરની ભમતીમાં રહેલા જિનાલયમાં (જે હવે તૂટી ગયું છે.) વિ.સં. ૧૭૮૧ (ઈ.સ. ૧૭૨૫) તપગચ્છીય ભટ્ટારક શ્રી વિજયપ્રભસૂરિ, શિષ્ય પં. હર્ષ વિજય, શિષ્ય લક્ષ્મીવિજય, શિષ્ય સૌભાગ્યવિજયજીના ઉપદેશથી આ જિનાલય આડેસરમાં બનાવવામાં આવ્યું છે એવો શિલાલેખ જોવા મળ્યો.

વળી આડેસર એ વાગડ દેશોદ્ધારક જૈનાચાર્ય શ્રી જિનવિજયજીદાદાની દીક્ષા ભૂમિ છે. કથાસૂત્ર અનુસાર તેમની દીક્ષા બાદ ગામનાં ખારાં પાણી મીઠાં બનેલાં. અને એટલે જૈન જગતમાં એ વિશેષ જાણીતું બન્યું. જો કે ભૂકંપમાં થયેલ નુકસાનને કારણે આદિનાથ ભગવાનની પ્રતિમા અને અન્ય પ્રતિમાઓ વાડીમાં સ્થાપિત કરવામાં આવેલ અને પછી ચૈત્ર સુ.૫ ના જૂના ઉપાશ્રયમાં ચલપ્રતિષ્ઠા કરવામાં આવી.

### (૬) મેવાસા અને ભુવડ :

ચિત્રોડથી ઉત્તરાદે કાઠી વસાહતના આ પુરાતન ગામમાં ચાર ચાર દેવાલયોનાં ખંડિયેરો પૈકીનું એક આસમાની રંગના આરસપહાણનું છે. અને એ જૈન જિનાલય હોવાની લોકવાયકા છે. આસમાની આરસ દેવાલયના ખાસ સ્થંભો માટે વપરાયેલો છે.

ભુવડ ગામ પણ કંથકોટ અને કોટાય જેટલું જૂનું છે. ભુવડ ચાવડા વંશનો રાજા હતો. એની ખાંભી અહીં હજારો વર્ષ જૂના મંદિર પાસે પૂજાય છે. એટલું જ જૂનું અને જીર્ણોધ્ધાર પામેલું એક પ્રાચીન જિનાલય પણ અહીં પાબુજીમડથી આથમણી દિશામાં આવેલું છે. અહીં અજિતનાથજી ભગવાન બિરાજે છે.

### (૭) પલાંસવા :

'પલાસવન' શબ્દમાંથી અપભ્રંશ થઈને પલાંસવા તરીકે પ્રસિદ્ધ આ ગામમાં કોઈ કાળે પલાસ (ખાખરા) ના વૃક્ષો હશે. જો કે આજે તો ખાખરાના વૃક્ષોનો સંપૂર્ણ અભાવ છે. આડેસર અને પલાંસવાની વચ્ચે કર્કવૃત્ત આવે છે. ૨૨મી જૂને સૂર્ય ઉત્તરમાં અહીં સુધી આવે છે. તે પછી દક્ષિણ તરફ પ્રયાણ કરે છે. કર્કવૃત્તને જણાવતું પાટિયું રોડ પર મૂકેલું છે.

વિ.સં. ૧૯૧૦ (ઈ.સ. ૧૮૫૪) મહાસુદ ૫, ના દિવસે પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથનું જિનાલય ૨૦૦૧ના ભૂકંપને કારણે ઈજાગ્રસ્ત થયું હોવાથી નવા ઉપાશ્રયમાં પ્રતિમા લાવવામાં આવ્યાં છે. જૂના અને નવા એમ બે મૂળનાયક શાંતિનાથ શા માટે છે? તેના ઉત્તરમાં કહેવામાં આવ્યું કે આ જિનાલયની પહેલા જૂનું લાકડાનું જિનાલય હતું તેના પર વીજળી પડતાં મંદિરનો કેટલોક ભાગ વળી ગયો હતો અને પ્રતિમાજી ખંડિત થયા હતાં. ખંડિત જૂના મૂળનાયક શ્રી શાંતિનાથજી વિ.સ. ૧૬૬૦ (ઈ.સ. ૧૬૦૪) વૈ.સુ. છઠના શ્રી હીરવિજયસૂરિ - શિષ્ય વિજયસેનસૂરિજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલા છે. નવા મૂળનાયક શ્રી શાંતિનાથજી પર વિ.સં. ૧૮૨૮ (ઈ.સ. ૧૭૭૨) નો લેખ જોવા મળે છે. પલાંસવાનું નામ 'પલાસૂઆ' કોતરેલું છે.

*હાસ્ય ખુશીમાંથી નહિ પરંતુ દુઃખ દર્દમાંથી આવે છે. - ચાર્લી ચેપ્લિન*

ખંડિત થયેલા એ પ્રતિમા જમીનમાં ભંડારી દેવામાં આવ્યાં હતાં પાછળથી તેની પુનઃપ્રતિષ્ઠા જિનાલયમાં કરવામાં આવેલી.

**(૮) મનફરા :**

વિક્રમની ૧૭મી સદી વિ.સં. ૧૬૦૬ (ઈ.સ. ૧૫૫૦) ના પૂર્વાર્ધમાં વસેલું આ ગામ પહેલાં મનોહર, મનોહરમાંથી મણગર, મનહર, મનહરામાંથી છેવટે વર્તમાનમાં મનફરા તરીકે પ્રસિદ્ધ બન્યું છે.

કથાસૂત્ર અનુસાર કંથકોટના રાજા સાથે અણબનાવ થતાં ત્યાંથી આવેલા ઓસવાલોએ અહીં પાંચખજેડાના એક ખેતરમાં ગામ વસાવેલું. ગામનું તોરણ ગડા ગોત્રીય જૈન ઓસવાલોએ બાંધેલું. કંથકોટથી શ્રી શાંતિનાથ ભગવાનની પ્રાચીન (લગભગ ૧૦૦૦ વર્ષ જૂની આ પ્રતિમા છે એમ કહેવાય છે.) પ્રતિમા અહીં લાવ્યા હતા. ૨૦૦૧ના ભૂકંપ પછી બનેલી ભીષણ પરિસ્થિતિના કારણે શાંતિનાથજી, વાસુપૂજયસ્વામી વગેરેની પ્રતિમાઓ મુંબઈ લઈ જવામાં આવી હતી. જે વિ.સં. ૨૦૫૮ (ઈ.સ. ૨૦૦૨) મહાસુદ-૨ ના પુનઃ જિનબિંબો ત્યાંથી પધાર્યા તેની નોંધ 'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તકમાં કરેલી છે.

- **પ્રાચીન જૈન તીર્થ - વસઈ મહાતીર્થ (ભદ્રેશ્વર) :**

જૈનોનું મહાન તીર્થ વસઈ કે વસહિકા એ ભવ્ય નગરીમાં ખંડેરોમાંથી બચી ગયેલું એક માત્ર દહેરાસર છે. દંતકથા પ્રમાણે તે ૨૫૦૦ વર્ષ જૂનું છે. તેનાં વારંવારના જીર્ણોધ્ધારને કારણે તે કેટલું જૂનું છે તે જાણી શકાતું નથી. હાલમાં આ તીર્થનો સંપૂર્ણપણે નવેસરથી જીર્ણોધ્ધાર થઈ રહ્યો છે. પંરતુ જિનમંદિરની પ્રતિકૃતિ તો ભૂકંપ પહેલાં હતી તેવી જ રાખેલી છે. સંદર્ભ ગ્રંથોમાં સચવાયેલી માહિતીના આધારે અત્રે તેનું મૂલ્યાંકન કર્યું છે.

આ દહેરાસરના બાહ્ય અને આંતરિકરૂપ જુદા જણાતાં હતાં. બાહ્યરૂપમાં ઘણું ખરું પ્રાચીન સૌંદર્ય તરવરતું હતું જયારે આંતરભાગમાં પ્રવેશતાં આધુનિક તત્ત્વોના મિશ્રણ સમું જણાતું હતું.

અવારનવાર ફેરફારો પામીને ઊભેલું આ મંદિર ૧૨મી સદીના આસપાસનું હોય એમ લાગે છે. જૈન મુનિ શ્રી ખાંતિવિજયજીએ કેટલીક હકીકતો આ અંગે એકત્ર કરેલી. એ હકીકતો પ્રમાણે સં. ૪૪૯ માં આ મંદિરો ભદ્રાવતીના સિદ્ધસેને બંધાવેલા. ત્યાર પછી સં. ૬૧૮ માં ભદ્રાવતી કનકસેન ચાવડાની સત્તા નીચે આવતાં એનો જીર્ણોધ્ધાર કરાવેલો અને ભદ્રાવતીમાંથી એનું નામ ભદ્રેશ્વર થયું.

શાહ સોદાગર જગડુશાહના સમયમાં સં. ૧૩૧૫ (ઈ.સ. ૧૨૫૯)માં દુષ્કાળ પડ્યો ત્યારે એ મંદિરનો ફરી જીર્ણોધ્ધાર થયો. સં. ૧૫૯૨ (ઈ.સ. ૧૫૩૬) માં જામરાવળની સત્તા નીચે એ આવ્યું અને સં. ૧૫૯૩ (ઈ.સ. ૧૫૩૭) માં મુસ્લિમ આક્રમણકારોએ તેને લૂંટ્યા પછી એનો મહિમા ઘટ્યો. મંદિરો ખંડેરો થતાં ચાલ્યાં. કહે છે કે છેક સં. ૧૮૧૫ (ઈ.સ. ૧૭૫૯) સુધી એના પથ્થરો મુન્દ્રા સુધી છૂટથી વેરાયેલા. ગામમાં પણ મકાનોના બાંધકામમાં એના પથ્થરો વપરાતાં.

તીર્થની અવદશા જોઈ જૈન મુનિશ્રી ખાંતિવિજયજીએ કચ્છના રાવશ્રી દેશળજી અને પ્રાગમલજીની સહાયથી ઠાકોરોનો કબજો દૂર કરી ઈ.સ. ૧૮૦૨માં જીર્ણોધ્ધાર કર્યો હતો. એ પછી ઈ.સ. ૧૮૧૬માં અંગ્રેજ રેસિડેન્ટ મેકમર્ડો અને ચાર્લ્સ વોલ્ટરે પણ તેના જીર્ણોધ્ધારમાં સહાય કરી હતી અને એટલે જ દહેરાસરના પ્રવેશદ્વાર ઉપર યુરોપિયન ઢબના પૂતળા જોવા મળ્યાં હતાં. તે ઉપરાંત દહેરાસરની બહારની દીવાલોમાં દેવ-દેવીઓ સાથે આ અધિકારીઓને પણ દર્શાવાયા હતા. કથાસૂત્ર અનુસાર અસાધ્ય રોગથી મુક્ત થયા બાદ વૈદ્યરાજ ગુરુ સમતિસાગરની સૂચનાથી મીઠુબાઈ મોણસીએ ઈ.સ. ૧૮૯૪માં ૫૦ હજાર કોરી દહેરાસર માટે ખર્ચી હતી. પ્રસંગે ૫૦ હજારની મેદની ઉપસ્થિતિ હતી. અને રા'ખેંગારે દહેરાસરની આસપાસ બે લાખ ફૂટ જમીન ભેટ આપી હતી.

'કચ્છનો વિનાશકારી ભૂકંપ' પુસ્તકમાં નોંધ્યું છે કે આ તીર્થના દરવાજા અંદર મોટું મેદાન છે. દહેરાસરના પ્રવેશદ્વારથી નાની સીડી શરૂ થાય છે. જે પર ચડતા ચડતા ભવ્યપ્રતિમા ક્રમશઃ જોવા મળે છે. દહેરાસરમાં ઘણાં સ્તંભો છે અને બાવન દેરીઓ તથા મૂળનાયક મહાવીર સ્વામી છે.

આ તીર્થ સંબંધી પ્રાચીન-અર્વાચીન માહિતીનું તથા છેલ્લા જીર્ણોધ્ધારની વિગતોનું આલેખન કરતાં દહેરાસરના રંગમંડપમાં ચોડવામાં આવેલ સંસ્કૃત ભાષાના સવિસ્તાર શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે આ તીર્થનો વિ.સ. ૧૯૨૦ (ઈ.સ. ૧૮૬૪) માં ઉદ્ધાર થયો ત્યાં સુધી તો એમાં મૂળનાયક તરીકે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા જ બિરાજમાન હતી. (જે અત્યારે શામળિયા પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે.) પણ ઉદ્ધાર સમયે શ્રી મહાવીર સ્વામીની પ્રતિમાને મૂળનાયક તરીકે બિરાજમાન કરવામાં આવી છે. મૂળનાયકની ફેરબદલીની બાબતમાં બીજો મત એવો છે કે આ ફેરફાર વિ.સં. ૧૬૨૨ (ઈ.સ. ૧૫૬૬) માં કરવામાં આવ્યો હતો. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ પોતાના પુસ્તક 'ભદ્રેશ્વર' - વસઈ મહાતીર્થમાં આધારભૂત સાધનો દ્વારા અંતમાં જણાવે છે કે પાર્શ્વનાથની પ્રતિમા વિ.સં. ૧૯૨૦ (ઈ.સ. ૧૮૬૪) પછીના ગમે તે સમયે દહેરાસરના પાછળના ભાગમાં પધરાવવામાં આવી હોય તો પણ, તે પહેલાંના સમયથી આ તીર્થ ભગવાન મહાવીર સ્વામીના તીર્થ તરીકે ઓળખાવા લાગ્યું હતું એ હકીકતમાં કશો બાધ નથી આવતો.

નોંધનીય છે કે દહેરાસરમાં આજે ભોંયરાવાળી દેરી કહેવાય છે ત્યાં મોટું ભોંયરું હતું. કોઈને ખબર ન પડે તેમ તેનું મોઢું બંધ કરવામાં આવ્યું છે. લોકોક્તિ મુજબ આ ભોંયરું છેક જામનગર સુધી જાય છે."

૨૦૦૧ના ભૂકંપને કારણે આ જૈનતીર્થને ભારે નુકસાન થયું. મંદિરના શિખરો, દેરીના શિખરો તૂટી પડ્યા. આરસપહાણ તૂટી ગયા. કમાનો ધ્વસ્ત થઈ પણ સદ્‌નસીબે જિન પ્રતિમાઓ સલામત રહી છે. જો કે અમુક પ્રતિમાઓ ખંડિત થઈ છે. આ દહેરાસરનો જીર્ણોધ્ધાર ૧૦મી વખતનો ગણાશે.

આ તીર્થમાં વિશેષરૂપ ગચ્છોની સુમેળતાના દર્શન થાય છે. કારણ કે અહીં ત્રણ ગુરુમંદિર અને એક દેરી છે. અહીં એક

*ઈશ્વરને જોવા માટે મનની આંખો ઉઘાડો.*

ગુરુમંદિર તપગચ્છના શ્રી જીતવિજયજીદાદાનું છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭)માં આચાર્ય મહારાજશ્રી વિજયકનકસૂરિજીએ કરી હતી. આ ગુરુમંદિરનો વ્યાખ્યાન ખંડ પણ વિશાળ છે.

બીજું ખરતરગચ્છના મહાન પ્રભાવક આચાર્ય શ્રી જિનદત્તસૂરિજીનું ગુરુમંદિર છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૨૫ (ઈ.સ. ૧૯૬૯) માં મુનિરાજ શ્રી જયાનંદમુનિજીની નિશ્રામાં કરવામાં આવી હતી.

ત્રીજું પાયચંદગચ્છના આચાર્યશ્રી પાર્શ્વચંદ્રસૂરિજીનું છે. તેનું ખાતમુહૂર્ત વિ.સં. ૨૦૩૦ (ઈ.સ. ૧૯૭૪) ના આસો સુદિ ૧૩ ના રોજ અને એની શિલારોપણ વિધિ વિ.સં. ૨૦૩૧ (ઈ.સ. ૧૯૭૫)ના જ્ઞાનપંચમીના દિવસે થઈ હતી. અને તેની પ્રતિષ્ઠા તા. ૩૦-૧-૧૯૭૭ ના રોજ કરવામાં આવી હતી. ભૂકંપમાં ધ્વસ્ત થયેલ આ ગુરુમંદિરનું પુનઃનિર્માણ થઈ ચૂક્યું છે અને તા. ૧૮-૨-૨૦૦૫ના પુનઃ પ્રતિષ્ઠા પણ થઈ છે.

આ રીતે તીર્થના દહેરાસરના બહારના વિશાળ ચોગાનમાં પ્રવેશ કરીએ ત્યારથી પહેલા પાયચંદગચ્છનું પછી ખરતરગચ્છનું અને તે પછી તપગચ્છનું ગુરુમંદિર આવે છે. અને અચલગચ્છના પ્રભાવક આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિજીની પાદુકાની તથા એ ગચ્છના અધિષ્ઠાયિકા દેવીશ્રી મહાકાળીની સ્થાપના એક ખાસ દેરીમાં જ કરવામાં આવી છે. નોંધનીય છે કે ભૂકંપમાં દરેક જગ્યાએ નુકસાન થયું હતું.

ભગવાન મહાવીરના મહાનિર્વાણને ૨૫૦૦ વર્ષ પૂરાં થયાં એ પુણ્યપ્રસંગ નિમિત્તે ભદ્રેશ્વર-વસઈ તીર્થમાં વિ.સં. ૨૦૩૧ (ઈ.સ. ૧૯૭૫) ના વૈશાખ સુદી-૧૦ના ધર્મ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ અવસરની યાદમાં આ તીર્થના કમ્પાઉન્ડને 'મહાવીર નગર' એવું નામ આપવામાં આવ્યું હતું. વિશેષરૂપે સં. ૧૨૮૮ (ઈ.સ. ૧૨૩૨)માં વસ્તુપાળ અને તેજપાળ ભદ્રેશ્વરની યાત્રાએ આવી ગયેલાંની નોંધ મળે છે.

*(ક્રમશઃ)*

# ભારતીય બંદરોના વિકાસમાં કચ્છીઓનું યોગદાન

**• હસમુખ અબોટી •**

સંજાણ, દ્વારિકા, પોરબંદર, વેરાવળ જેટલાં ખ્યાત બંદરો છે, તેટલાં જ કચ્છનાં લખપત, કોટેશ્વર, જખૌ, માંડવી, મુંદરા, ભદ્રેશ્વર અને કંડલા પ્રખ્યાત છે. ઇ.સ. પૂર્વે કચ્છનાં બંદરોનો વ્યાપારિક સંબંધ છેક મોશેપોટેમિયા સુધી હતો. જેનાં ઘણાં પ્રમાણો દેશી-વિદેશી ઇતિહાસકારો પાસેથી મળે છે. સિંધુ સંસ્કૃતિના અવશેષો લોથલ, રોઝડી, ધોળાવીરા અને કોટડા-ટીંબામાંથી મળ્યા છે. તેની સાથે સાથે કચ્છનાં કલા, વેપાર અને બંદરોનો પરિચય પણ મળ્યો છે.

સૈકાઓ પહેલાં ભાટિયા, ખોજા, લોહાણા, જૈનો જેવી સાહસિક-વ્યાપારિક કચ્છી પ્રજાએ સાત સમુદ્રો ઓળંગી પોતાની શાખ બનાવી હતી. આવી કૈંક ગુજરાતી પ્રજાના ઇતિહાસ આલેખવા હજુ પણ બાકી છે.

તેરમી સદીમાં ભદ્રેશ્વર બંદર સમૃદ્ધિમાં આળોટતું હતું. અહીંના જગવિખ્યાત દાતાર જગડુશાનો વેપાર આફ્રિકાના વિવિધ દેશો સાથે હતો. અઢળક ધનપ્રાપ્તિ કચ્છ અને ગુજરાતમાં ખર્ચી પોતાના દિલની ઉદારતા દુષ્કાળ વખતે બતાવેલી. એ જ રીતે અઢારમી સદીમાં બ્રહ્મક્ષત્રિય શા સુંદરજી સોદાગરે ઘોડાના વેપારમાંથી કરેલી કમાણી પણ લોકહિતાર્થે ખર્ચેલી.

કચ્છી ભાટિયા અને લોહાણાએ કચ્છના માંડવી બંદરને સમૃદ્ધિ બક્ષી છે. તેમના થકી તો આ બંદરે ચોર્યાસી દેશોના વાવટા ફરકતા. આ લોકોએ જ કચ્છી ચાંદ-સૂરજવાળા વાવટા ફરકાવી કચ્છ પ્રદેશના નામની બુલંદી જાહેર કરેલી. અંધારિયા ખંડ તરીકે ઓળખાતા આફ્રિકામાં જ્યારે ભાટિયાઓએ પગ મૂક્યો ત્યારે ભાગ્યેજ કોઇએ કલ્પના કરી હશે કે આ કોમ ભવિષ્યમાં સંઘર્ષ કરીને આગળ આવશે. પરંતુ સાચું એ છે કે ત્યાંની અબૂજ-અજ્ઞાની પ્રજાને સંસ્કાર આપ્યા. અરે! આટલી પ્રજામાં કોઇ રાજા નહીં? રૈયતનાં રખોપાં કરનાર કોઇ નહીં એવા વિચાર સૌપ્રથમ માંડવીના રામજી પ્રાગજી અને કલ્યાણજી દોશી જેવા ભાટિયા સદ્‌ગૃહસ્થોને આવેલા. તેઓ મસ્કતના રાજાના પુત્રને આફ્રિકા લઇ આવ્યા અને અહીંના રાજા બનાવ્યા. કોઇપણ પ્રકારની લાલસા કે સ્વાર્થ વિના જંગબારનો વિકાસ ઇચ્છનાર આ સદ્‌ગૃહસ્થો ધારત તો પોતે ઝૂલું, બાંટું, મસાઇ અને વાહૂમા (હબસી પ્રજા)ના રાહબર બની શકત. પણ ના, આ તો હિન્દુસ્તાની લોહી! વિદેશી પ્રજા પર હકૂમત કરવા કરતાં વેપારમાં વધુ દિલચસ્પી હતી. ઇ.સ. ૧૮૪૦માં જંગબારના સુલતાને વસૂલાતનો ઇજારો કચ્છના ભાટિયા માધવજી ટોપણને આપેલો. ઇ.સ. ૧૯૫૦માં આ ઇજારો મુંદરાના ઇબજી શિવજી અને જેરામ શિવજીની પેઢીએ રાખ્યો. આ પેઢીના મુનિમ લધા દામજી હતા. ઋજુહૃદયી રામજી પ્રાગજીની વિચારધારાએ આ પેઢીને નવ્ય વિચારો આપ્યા. રામજી પ્રાગજી અને લધા દામજીએ ગુલામોના વેપારને ન માત્ર દૂર કર્યો પણ ત્યાંની પ્રજામાં વેપાર કરવાની કુનેહ બતાવીને સંસ્કારો આપ્યા. આજે જે આફ્રિકન પ્રજા સુસંસ્કૃત બની છે, તેના મૂળમાં આ બન્ને મહાનુભાવોનો ફાળો બહુમૂલ્ય છે. ખરેખર તો આ પ્રજા તેઓની ઋણી છે અને રહેશે. આ જ અરસામાં લખપતના ઘણા લોહાણાભાઇઓએ યુરોપ-આફ્રિકા સાથે વેપાર કરેલો. સેંકડોની સંખ્યામાં આ બંદરે લાંગરતાં વહાણોએ કચ્છરાજની ઝોળી છલકાવી દીધેલી. હજુ આઝાદી પૂર્વે લખપત અને કોટેશ્વર વચ્ચેના 'બુધુબંદરે' સુંદરજી મોનજી અનમનાં પાંચ વહાણો ભાંગેલા લખપતને બેઠું કરતા રહ્યા, તેમના 'બગલા' વહાણે સફરોનાં સીમાચિહ્નો વટાવ્યાં હતાં. અલબત્ત, તેમના સહયોગી અનેક પેઢીઓ અને વેપારીઓ પણ જોડાયેલા હતા

*મમતા એ જ પરિગ્રહ છે. વસ્તુ પરિગ્રહ નથી.*

જ. તો પછી જખૌ બંદર પણ કંઇ ગરીબડું ન હતું. કોઠારાના ચન્ના શૂરજી ભગદે અને કેશવજી ચંદે ઉર્ફે મમુ મોજારની માલિકીનાં વહાણો બસરાથી ખજૂર લાવતાં. સુથરીનાં શૂરજી વલ્લભદાસ ઠક્કરનાં વહાણો દુનિયાનાં અનેક બંદરો સાથે વેપાર કરતા. જખૌના મેઘજી વેલજી ગણાત્રાનાં વહાણો આરબ અને આફ્રિકાના દેશોની સફરો ખેડતાં. માંડવીના દામોદર આણંદજી, નેણશી ખીમજી અને નારણજી નેણશી ગણાત્રા, ગોરધનદાસ ખેતશી, જેઠા લીલાધર, પરસોત્તમ ધનજી, કાકુભા જેસરાણી, રણછોડદાસ ઓધવજી, હુસેનભાઇ અલીભાઇ, કરસનદાસ ભાટિયા, એમ.એસ. હેબતુલ્લા, પોપટલાલ હીરાલાલ, ચંદુલાલ ગોરધનદાસ પટેલ, ગોરધનદાસ વલ્લભદાસ જેવા અનેક કચ્છી વેપારીઓનાં વહાણોએ પૃથ્વીની જળપરિઘ પર આંટા મારેલાં. ઠાકરશી ભાટિયા પરિવારના શ્રેષ્ઠી ખીમજી રામદાસે ૧૪૦ વર્ષ પૂર્વે મસ્કતમાં પેઢી સ્થાપી. એ જ રીતે ઇ.સ. ૧૮૮૮માં જામનગરના ગોરાણામાં જન્મેલા અને પોરબંદર નિવાસી નાનજી કાલીદાસ મહેતાના નામનું પીછું પણ ઉમેરવું પડે. તેમણે યુગાન્ડાના ચક્રવર્તી વ્યાપારપુરુષ અને ઉદ્યોગપુરુષનું ગૌરવભર્યું સ્થાન લીધું છે.

મુંબઇના વિકાસમાં પણ કચ્છી વેપારીઓનો ફાળો નાનોસૂનો નથી. માંડવીના જીવરાજ બાલુ મુંબઇમાં પગ મૂકનાર પ્રથમ ભાટિયા હતા અને તે પછી કોઠારાના ગોકુલદાસ તેજપાલ, વલ્લભદાસ કરસનદાસ નાથા, કેશવજી નાયક અને નલિયાના નરશી નાથા, લાયજાના તેજુ કાંયા જેવા અનેક કચ્છીઓનાં નામ લઇ શકાય તેમ છે. અબડાસાના કોઠારા ગામના, પણ મુંબઇમાં જન્મેલાં સુમતિબહેન મોરારજીનું નામ ભારતીય મહિલાઓમાં ગૌરવભેર લઇ શકાય તેવું છે. ૧૩મી માર્ચ ૧૯૦૯માં જન્મેલાં સુમતિબહેન મોરારજી ભારતની સૌપ્રથમ 'સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની'નાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર હતાં. આ કંપનીની 'સાબરમતી' અને 'સરસ્વતી' સ્ટીમર મુંબઇ-માંડવી-કરાંચી વચ્ચે છેક ઇ.સ. ૧૯૬૫ સુધી ચાલતી. તેમણે આલેખેલો પાંચ હજાર વર્ષનો ભારતીય વહાણવટાનો ઇતિહાસ અને વિકાસ બહુમૂલ્ય રહ્યો છે. ઇ.સ. ૧૯૫૭-૫૯ અને ઇ.સ. ૧૯૬૪-૬૫માં 'ધી ઇન્ડિયન નેશનલ સ્ટીમ શિપ ઑનર્સ એસોસિયેશન' નાં પ્રમુખ તરીકે તેમની વરણી થયેલી. ઇ.સ. ૧૯૭૦માં ઇંગ્લેન્ડના જહાજવટ અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઇ ત્યારે એ પરિષદમાં સુમતિબહેન એકમાત્ર સ્ત્રી પ્રતિનિધિ હતાં. તેમનું નામ ગુજરાતી નારીમાં બેશક આગળ પડતું લઇ શકાય તેમ છે.

હજારો વર્ષોની આ ગાથા દરિયો, ભારતીય નાવિકો અને વેપારીઓએ સાચવી રાખી છે. તેઓની ભાવોર્મિઓનાં ઓવારણાં સૌ ભારતવાસીઓ યુગો સુધી લેતા રહેશે.

*ડિસેમ્બર-૨૦૧૦ના*
*'નવનીત સમર્પણ'માંથી સાભાર*

---

*'દુઃખ' એ આત્માનું 'વિટામિન' છે અને 'સુખ' એ દેહનું 'વિટામિન' છે!*

વિચાર મંથન

# સત્યની શોધ અને સ્વીકાર – ૧

• મુરજી ગડા •

તારીખ ૧૩ એપ્રિલ, ૧૯૧૯ના સાંજના સમયે, કરફ્યુને અવગણીને આબાલ-વૃદ્ધ, સ્ત્રી-પુરૂષ મળી ૫૦૦૦થી વધુ લોકો અમૃતસરના જલિયાંવાલા બાગમાં વૈશાખીનો તહેવાર ઉજવવા ભેગા થયા હતા.

અંગ્રેજ બ્રિગેડિયર જનરલ રેજીનાલ્ડ ડાયર (Dyer) પોતાના કમાંડ નીચેના ૯૦ સૈનિકોનું / પોલીસોનું દળ લઇ પહોંચે છે. કોઇપણ જાતની ચેતવણી આપ્યા વગર નિઃશસ્ત્ર લોકો પર ગોળીબાર કરવાનો હુકમ કરે છે. ૧૦-૧૫ મિનિટ માટે સૈનિકોની બધી ગોળીઓ ખૂટી ગઇ ત્યાં સુધી સતત ગોળીબાર થાય છે, જેમાં ૧૦૦૦થી ૧૫૦૦ લોકોનું મૃત્યુ થયાનો અંદાજ છે.

થોડો ઘણો ઇતિહાસ જાણનારને આટલી ખબર હશે જ. અંગ્રેજ સરકારે શરૂઆતમાં ડાયરનો બચાવ કર્યા પછી વધુ માહિતી મળતાં એને ઠપકો આપી રાજીનામું આપવાની ફરજ પાડી હતી. એનું ૧૯૨૭માં મૃત્યુ થયું હતું.

ઇતિહાસમાં વધુ ઊંડા ઊતરતાં થોડી વધુ માહિતી મળે છે. ડાયરને ગોળીબારની પરવાનગી આપનાર તત્કાલીન પંજાબના લેફ્ટનન્ટ ગવર્નર માઇકલ ઑડવાયરની (O'Dwyer), ૨૧ વરસ પછી ઠેઠ ૧૯૪૦માં, જલિયાંવાલા હત્યાકાંડમાં બચી જનાર ઉધમસિંહે, લંડનમાં ગોળી મારી હત્યા કરી હતી.

આ બે વ્યક્તિઓનો યોગ્ય ન્યાય થયો ગણાય? આ હત્યાંકાંડ માટે જવાબદાર ત્રીજા પક્ષનો ઉલ્લેખ ક્યાંય પણ જોવા મળતો નથી. એ પક્ષ છે ગોળીઓ ચલાવનાર સૈનિકો. કોણ હતા આ સૈનિકો? એ અંગ્રેજ નહોતા. એ પંજાબના પણ નહોતા. એ બધા પરપ્રાંતીય ભારતીયો અને અંગ્રેજ રાજના નાગરિક હતા.

એ સાચું છે કે બધા ઉપરી અધિકારીના હુકમનું પાલન કરતા હતા. પોતાની ફરજ બજાવતા હતા. હુકમનો અનાદર કરવો લશ્કરમાં આકરી સજાને પાત્ર છે એ પણ સાચું છે. પણ... આ બનાવ સામાન્ય નહોતો. સામે સશસ્ત્ર દળ નહોતું કે તોફાની ટોળું નહોતું. સૈનિકોને કોઇ ખતરો નહોતો. નાનકડી જગ્યામાં સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો બધા હતા. એમનો એકમાત્ર ગુનો કરફ્યુનો અનાદર કરવાનો હતો. આવા સંજોગોમાં અંધાધૂંધ ગોળીબાર કરનાર ગુનેગાર ગણાય કે ન ગણાય? હુકમપાલન કરતાં પણ કોઇ મોટી ફરજ ખરી?

સૈનિક હોય કે કોઇ અન્ય વ્યવસાયનો હોય, સૌ પ્રથમ એ માણસ છે. માણસ તરીકેની એની થોડી ફરજો અને જવાબદારીઓ છે જે નૈતિકતાના ક્ષેત્રમાં આવે છે. આટલા સૈનિકોમાંથી એકને પણ કંઇ ખોટું થતું હોય એમ નહિં લાગ્યું હોય? ટોળા પર ગોળીબાર કરવાને બદલે કોઇ એક સૈનિકે પોતાનું નિશાન જનરલ ડાયર પર લગાવ્યું હોત તો?

તો એને મૃત્યુદંડ થયો હોત એ નિશ્ચિત છે. પણ એના આ પગલાથી આખી બાજી પલટી જાત. કેટલાયે નિર્દોષ બચી જાત. આજે એનું નામ આગલી હરોળના શહીદોમાં હોત.

બધું એટલું જલદી થઇ ગયું કે ત્યારે કોઇને આવો વિચાર ન આવ્યો હોય એ પણ શક્ય છે. (જોકે અણધાર્યા સંજોગોમાં ત્વરિત નિર્ણય લેવાની તાલીમ સૈનિકોને અપાય છે.) પાછળથી કોઇને પોતાના કર્યાનો પશ્ચાતાપ થયો હશે? એના પરિણામે કોઇએ "અંગ્રેજી રાજ"ની નોકરી છોડી હશે?

કાયદાની દૃષ્ટિએ આ સૈનિકો ગુનેગાર ન ગણાય પણ નૈતિક ધોરણે બધા ગુનેગાર બની શકે છે. સાચા ઇતિહાસકારે આની નોંધ લેવી જરૂરી છે. માણસની દુન્યવી ફરજ સાથે વધુ ઉદ્દાત એવી માનવતાની ફરજ ટકરાય છે ત્યારે માણસની નૈતિકતાની કસોટી થાય છે.

**પચાસ હજાર જેટલા અંગ્રેજો આટલા વિશાળ દેશ પર લાંબો સમય રાજ કરી શક્યા કારણકે એમને ભારતીઓનો સાથ હતો. એમણે આપણા પ્રાંતવાદ, જાતિવાદ, સંપ્રદાયવાદ વગેરે જોયા અને આ મતભેદોનો આપણી સામે જ ઉપયોગ કર્યો. આજે પણ આ "વાદો" મોજૂદ છે, જેની આકરી કિંમત આપણે ચૂકવી રહ્યા છીએ. આ વાસ્તવિક્તા સ્વીકારીએ નહિં ત્યાં સુધી આપણા પ્રશ્નો અને તકલીફો માટે બીજાઓને દોષ દેવાની વૃત્તિ બદલાવાની નથી.**

આ એક દૃષ્ટાંત માત્ર હતું. વળી એ ઘણું જટિલ હતું. સૈનિકોની તરફેણમાં હજી વધુ દલીલો કરી શકાય છે. બાકી, સાવ સરળ, ગૂંચવણ વગરના, સ્વાર્થથી ભરપૂર અનૈતિક અને અપ્રામાણિક એવા અગણિત બનાવો પ્રાચીન કાળથી બનતા આવ્યા છે, જેમનો ક્યાંયે ઉલ્લેખ નથી. એ કાળની ગર્તામાં દટાઇ ગયા છે. જે થોડા બનાવોની નોંધ લેવાઇ છે એમને પણ આપણે સહજતાથી સ્વીકારી, પછી ભૂલી જઇએ છીએ.

**આજે દરેક ક્ષેત્રમાં જે ભ્રષ્ટાચાર દેખાય છે તે નૈતિકતા અને પ્રામાણિકતાના અભાવનું નગ્ન સ્વરૂપ છે.** આ નવું નથી અને બહારથી આવેલું નથી. આપણી જ ઘરેલું પેદાશ છે. એના માટે બીજા કોઇને દોષ ન દેવાય. આજે પ્રસાર માધ્યમોને લીધે બધું જલદી પ્રકાશમાં આવે છે. પહેલાં એ શક્ય નહોતું એટલે ઘણું ઢંકાઇ રહેતું. રાજાના અમલદારોની ફરિયાદ રાજા પાસે કરવામાં મોટું જોખમ હતું. બાકી સત્તા અને સંપત્તિ માટેની ખટપટ અને એને સફળ કે નિષ્ફળ બનાવનાર દગાબાજોનો ક્યારે પણ તોટો નહોતો.

*"ભૂમિપુત્ર"ના ૧-૯-૨૦૧૦ના અંકમાં*

*'આડાઈ' એ જ 'અજ્ઞાનતા.' મોક્ષે જતા આ મોટરો, બંગલા નથી નડતા પણ 'આડાઈ' નડે છે.*

*આવેલ વિનોબા ભાવેનો લેખ આ લેખમાળાને પ્રસ્તુત હોવાથી વાંચકોના વિચાર વિમર્શ માટે એનો સાર અત્રે રજૂ કર્યો છે.*

*"ધર્મ આજે ત્રણ પ્રકારની કેદમાં જકડાઈ ગયો છે. આપણે જો માનવધર્મને પાંગરવા દેવો હશે તો બધાજ ધર્મોને ત્રિવિધ કેદમાંથી છોડાવવા પડશે. માનવધર્મને ધર્મ-સંસ્થાઓના સકંજામાંથી, પાદરી-પુરોહિત-મુલ્લાઓના હાથમાંથી અને મંદિર-મસ્જિદ-ચર્ચની ચાર દીવાલોની કેદમાંથી સદંતર મુક્ત કરી દેવાનો છે તથા સાચી ધર્મભાવના સર્વત્ર ફેલાવવાની છે.*

*ધર્મ જોઈએ પણ ધર્મસંસ્થા ન જોઈએ. ધર્મ સંસ્થાઓ મૂળમાં ગમે તે ઉદ્દેશથી ઊભી કરવામાં આવી હોય, પણ આજે હવે તે ચાલુ રહે તેમાં સમાજને લાભને બદલે નુકસાન જ વધુ થશે. લોકોએ માની લીધું છે કે ધર્મનું જે કંઈ કાર્ય છે તેને કરવાની જવાબદારી આ ધર્મસંસ્થાના રખેવાળોની છે! ધર્મ માટે આપણે પોતે જાણે કંઈ કરવાનું નથી? એક સુંદર મંદિર બનાવી દીધું, એના માટે જમીન-પૈસા આપ્યા, પૂજા અર્ચનાની વ્યવસ્થા કરી, એટલે આપણું ધર્મકાર્ય પત્યું? બધું પંડાને, પાદરીને, મુલ્લાને સોંપી દઈને આપણે હાથ ધોઈ નાંખ્યા છે!*

*આજે ધર્મ જેમ ધર્મ સંસ્થાઓના સંચાલકોના હાથમાં કેદ છે, તેમ આપણે ધર્મને મંદિર-મસ્જિદ-ચર્ચમાંયે કેદ કરી મૂક્યો છે. મંદિર જઈ આવ્યા એટલે ધર્મનું આચરણ થઈ ગયું! રોજબરોજના વ્યવહારમાં ધર્મની જરૂર નથી? ત્યાં તો જુઠાણા અને અધર્મ વચ્ચે જે ચાલતું હોય તે ભલે ચાલતું! ધર્મ એમાં ક્યાંયે આડો આવતો નથી! બજારમાં ધર્મ ન લઈ ગયા એટલું જ નહિં, બલકે, ધર્મમાં બજાર લઈ આવ્યા! બજારનો અધર્મ મંદિરમાંયે પહોંચી ગયો..." - **વિનોબા ભાવે***

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

## સત્તરમો સંસ્કાર એટલે.....

# જીન્સ તમારા, તંદુરસ્તી તમારા સંતાનોની!

● **શાંતિલાલ વ. શાહ** ●

પોતે ૧૦૧ વર્ષ પૂરાં કર્યાની ઉજવણી ટાણે સ્કોટલેન્ડમાં બે જોડકી બહેનોએ પોતાનાં લાંબા, સ્વસ્થ આયુષ્ય માટેનાં ત્રણ કારણો ગણાવેલા. (૧) સાદો ખોરાક, (૨) સાદી જીવનશૈલી અને (૩) માતાપિતાના જીન્સ, એટલે કોષો. પહેલી બે વાતો તો સમજાય તેવી છે. પણ માતાપિતાના જીન્સે મને આ લખવા પ્રેર્યો છે. અટપટા કામો કરતા, અંદરોઅંદર ઝઘડતાં, લડતાં, આ કોષોની વાતો, કમસે કમ આપણા વિષય પૂરતી, સમજવી સરળ છે. કેટલાક તોફાની કોષો તો ખૂનામરકી કરે છે અને આપઘાત પણ કરે છે.

આ જૈવિકકણો નરી આંખે દેખાય નહીં એટલા નાના હોય. ગર્ભમાં આવેલા આ કોષો - ૧ કોષ માતાનો, ૧ કોષ પિતાનો- ૨૦ દિવસે તલ જેટલું થાય. આ જૈવિકકણો જેવા માતાપિતાના હોય તેવા જ અને તે જ, તેમના સંતાનોમાં આવે. બીજા શબ્દોમાં, આપણા માબાપના કોષો તે જ આપણે, અને થનારું સંતાન આ ત્રણેય પરિબળો દ્વારા રચાતી આ ચમત્કૃતિ (ગર્ભાધાન) જેટલી રસપ્રદ છે, તેટલી જ સાદી-સરળ અને સ્પષ્ટ છે. જેવું બીજ તમે વાવો તેવું જ ઝાડ થાય. બીયું ઉત્તમ ગુણવત્તાવાળું હોય તો ઝાડ-ફળ એવી જ ઉત્તમ ગુણવત્તાવાળા થાય. તો આ વાત આટલી જ સરળ છે. જેવું બીજ તેવું ફળ-ઝાડ. વાવશો તે અને તેવું જ લણશો.

ગર્ભાધાનથી મરણ સુધીના ૧૬ સંસ્કારો પ્રચલિત છે. મારે વાત કરવાની છે એનાથી પણ, ગર્ભાધાનથી પણ, પહેલાનાં એક સંસ્કારની, જેને ૧૭મો સંસ્કાર કહે છે. કાયમી તંદુરસ્ત સંતાન માટે દંપતીએ, ગર્ભાધાન પહેલાં, શું શું કરવું, શું શું ન કરવું તેની સમજણ અને આચરણ તે આ સંસ્કાર. બીજું, 'બાપ તેવા બેટા ને વડ જેવા ટેટાં'ની વાત કોણે નથી સાંભળી? લગભગ દરેક ક્ષેત્રે આજે આધુનિક વિજ્ઞાને વિપુલ માહિતી ઉપલબ્ધ કરાવી છે. જૈવિક કણો (જીન્સ)ના અભ્યાસ-સંશોધનના વિજ્ઞાનને અંગ્રેજીમાં GENETIC SCIENCE કહે છે. આવી વિપુલ માહિતી-સામગ્રીનો ઉપયોગ આપણે શા માટે ન કરીએ? કમનસીબે, આવતી પેઢીઓની તંદુરસ્તી જેવા મહત્ત્વના વિષયની ચર્ચા નહિવત્ થાય છે, નથી જ થતી એમ કહીએ તો ચાલે. ગર્ભસ્થ માતા અને નવજાત શિશુઓ માટેનું ચિક્કાર સાહિત્ય ઉપલબ્ધ છે. આજે પણ લખાતું જાય છે. મને તો આ વાત, તબેલામાંથી ઘોડા નાસી ગયા પછી તબેલા વાસવા જેવી લાગે છે. અલબત્ત એ પણ અગત્યનું છે જ. ગર્ભસ્થ માતા અને શિશુ બંનેની સારસંભાળનું મહત્ત્વ ઓછું નથી. પણ આપણે તેનાથી પણ એક પગથિયું આગળ જવું છે, જે આખી ઘટનાનું મૂળ છે. બીજ રોપાય તે. આ સંસ્કાર વિશે બહુ ઓછું લખાયું છે. સંતાનોની જિંદગીભરની તંદુરસ્તી-સ્વાસ્થ્યનો આધાર છે, તેવા આ કોષોની વાત બીજી રીતે સમજીએ.

માતા કે પિતા બંનેમાંથી કોઇ એકના દાંત રોગગ્રસ્ત હોય, કબજિયાત હોય, કાયમી (ક્રોનિક) શરદી હોય, ચામડીની કોઇ વિકૃતિ હોય તો આ તકલીફો ઓછેવત્તે અંશે સંતાનોમાં આવે જ છે. માટે નિવારી શકાય તેવી માંદગી, બિમારી, સંપૂર્ણ સારવારથી માતા અને પિતા થનાર બંનેએ દૂર કરવાની છે. કોઇપણ શારીરિક તકલીફના સંપૂર્ણ

નિવારણની આ વાત છે. જેટલા વધુ રોગમુક્ત દંપતી હશે તેટલો વધુ ફાયદો. સંતાનનું નિરામય જીવન વધુ સારું રહેશે.

આ રીતે વારસામાં, પેઢીઓ સુધી આવતા દર્દોની વાતો, કિસ્સાઓ ઘણાં ટાંકી શકાય, પણ એક જ જોઇએ. પાકટ વયે સદ્‌ગત થયેલા એક દાદાજીની વાત કરું. તેમને નાનપણથી જ દાંતનો વ્યાધિ સતાવે. ૫૦-૫૨ વર્ષે તો ચોકઠું! આજે તેમની પુત્રી (૭૨ વર્ષ), તેમની પુત્રી (૪૫) અને તેમનો પુત્ર (૨૨) આ સૌ, (ત્રણ પેઢી થઇને?) દાંતના ડૉક્ટરના કાયમી ગ્રાહકો છે! આવી છે જીન્સની કરામત. આથી ઊલટું પણ બને છે. ૯૦ વર્ષથી વધુ આયુ સુધી દવા/ડોક્ટર વગર જીવનાર વ્યક્તિ પણ મેં જોઇ છે. નવાઇ લાગે, પણ હકીકત છે. તેમનું એક સંતાન ૭૬ વર્ષે પણ દવા કે ડૉક્ટર વગર નીરોગી જીવન જીવે છે. અહીં પણ કરામત જીન્સની જ છે.

શારીરિક સ્વાસ્થ્ય સાથે માનસિક સ્વાસ્થ્ય પણ જોડાયેલું છે. આપણા મનનો તન સાથેનો સંબંધ ઘનિષ્ટ છે. આનો અર્થ એવો થયો કે આખે આખો નહિ તો અંશતઃ દંપતીનો સ્વભાવ સંતાનોમાં આવવાનો જ. માતાપિતાનો સ્વભાવ મનમોજી હોય કે ચીડિયો, ઉદાર, નમ્ર કે ઉગ્ર હોય, ઉતાવળીયો કે ચીવટવાળો, જીદ્દી હોય કે સાલસ, આ બધા ગુણો-દુર્ગુણો કે લક્ષણો સંતાનોમાં આવવાના જ. બાપ તેવા બેટા.. જેવી આ બીજી કહેવત પણ જોવા જેવી છે : ‘મોરના ઇંડાં ચીતરવા ન પડે.’ મોરના ઇંડાંમાંથી એવો જ બીજો મોર થાય.

આ આખી વાતનો સાર : આવનાર બાળકનું શારીરિક અને માનસિક ઘડતર જો માતાપિતા જેવું જ થતું હોય ત્યારે, દંપતીએ આવતા સંતાનના કાયમી સ્વાસ્થ્યની ચિંતા સેવીને, વધુમાં વધુ તંદુરસ્ત રહેવું જોઇએ. તે માટે ચીવટપૂર્વક યોગ્ય સારવાર લઇને શક્ય તેટલા રોગમુક્ત થવા સઘન પ્રયત્ન કરવો. યુવાનવયે એ સહેલું પણ છે. વળી, આજે સગવડો વધી છે. આપણું અમદાવાદ ભાગ્યશાળી ગણાય, જેની શેરીએ શેરીએ લાફિંગ ક્લબ જેવી મફત કસરતશાળાઓ મોજૂદ છે. આજે આવી સો થી વધુ કસરતશાળાઓ ચાલી રહી છે. આટલી અમથી નાની વાતનો અમલ સંતાનો, પરિવાર અને સમાજ સૌને માટે આશીર્વાદ બની રહે.

લગ્નની સીઝન છે. સમાજના યુવક-યુવતીઓ આજે ભણેલા અને ગણેલા છે. પરિવાર અંગેનું આયોજન (FAMILY PLANNING) કરવાના જ. અહીં ચર્ચેલા વિષય પર થોડું ચિંતન-મનન તેમને ભવિષ્યમાં મોટું વળતર મેળવી આપશે તે નિર્વિવાદ છે.

આંખના મોતિયા વગેરે અંગે જેમ કેમ્પ ગોઠવાય છે, તેવી શિબિરો આ વિષય પર પણ ગોઠવી શકાય.

મારા વિચારોમાં સુધારાવધારા કરી શકાય તેવી ક્ષતિ હોઇ શકે. સત્તરમાં સંસ્કારની વાત મૂળ-પાયાની છે, તેમાં બે મત નથી. વિષય જેટલો ગંભીર છે તેટલો ચર્ચાયો/વિચારાયો નથી. છેલ્લે વિનંતી છે, સુજ્ઞ વાચકો અને અનુભવી વડીલોને, પોતાના અનુભવો અને અભિપ્રાય જરૂર આપે. જે કાંઇપણ લખાશે નાના મોટા સૌને ઉપયોગી થશે.

*એ/૫, મલ્હાર એપાર્ટમેન્ટ, વાસણા,*
*અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૬૬૦૭૫૦૨*

**વિચાર વિમર્શ**

# શું આવી લોહિયાળ પરંપરા જાળવવી જરૂરી છે?

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

જ્યારે જ્યારે ફાધર વાલેસનું નામ નજરે પડે છે ત્યારે મને એમની દેશની ખૂનખાર રાષ્ટ્રીય રમત - 'બુલ ફાઈટ'નું સ્મરણ થઈ આવે છે અને હૈયા સોંસરવો લિસોટો ખેંચાઈ જાય છે. સ્પેનની આ પાશવી મનોરંજન પીરસતી રમત મારા અહિંસક દિલોદિમાગને ધ્રુજાવી મૂકે છે. કોણ જાણે કેમ, આવો રાક્ષસી 'આનંદ' હું સભાન પ્રયત્ન છતાં પચાવી શકતો નથી. આજે ઓચિંતું જ ટીવી ઑન કર્યું અને પડદા પર બુલ ફાઈટને લગતા કાર્યક્રમ 'સાંડ સે પંગા મત લેના!' ના રૂવાડાં ઊભાં કરી દે એવા દૃશ્યોની હારમાળા શરૂ થઈ ગઈ. 'સાંડ' એટલે આખલો — વૃષભ. અંગ્રેજીમાં બે શબ્દો છે 'ઑક્સ' અને 'બુલૉક' અથવા 'બુલ.' બળદ અને આખલા વચ્ચે જે ફરક છે તે આ બે જુદા જુદા શબ્દો મારફત વ્યકત થાય છે. આખલામાં ફેરવાય એ પહેલાં જ બાળ વાછરડાને ખસી કરી દઈ બળદ બનાવી દેવાય છે. પુરુષાતનના પ્રતીક સમા અંડકોષ છેદાઈ જતાં ગાયનો જણ્યો વાછરડો આખલા તરીકે ન વિકસતા 'બળદ'માં ફેરવાઈ જાય છે. એ ખેતીકામમાં ખપ લાગે છે. પણ એનું પુરુષપણું સમાપ્ત થઈ ગયું હોવાથી એને ફરજિયાત આજીવન બ્રહ્મચર્ય પાળવાનું રહે છે. એક રીતે જોઈએ તો આ પણ માનવજાતની ક્રૂરતાનો જ પુરાવો છે. એ સ્વીકૃત બની ગયો છે એ જુદી વાત થઈ. માણસે પોતાના બુદ્ધિબળ કામે લગાડી પ્રાણીઓનો જુદા જુદા સ્વરૂપે ઉપયોગ અને ઉપભોગ કર્યો છે. એમાં એને કશું ખોટું કરી રહ્યાનો અહેસાસ પણ નથી થયો. ધર્મ-સંપ્રદાય પણ આવા અન્યાયપૂર્ણ ઉપક્રમોને માન્ય ઠેરવતા રહ્યા છે. આખરે એ બધાએ માણસનું જ હિત વિચાર્યું છે. જીવદયાના પુરસ્કર્તાઓએ પણ મને-કમને પશુપંખીઓની ઉપયોગિતાને આવકારી છે - એમ કરતાંય એ મૂંગા જીવોને માનવી જીવવા દે એ ઓછું છે! બળદને બદલે ટ્રેક્ટરથી ખેતી શરૂ થઈ કે બળદ અલોપ થઈ ગયા. જાણે જનમતા જ ન હોય એ જ દશા પાડાઓની તો પહેલાંથી જ હતી. ગામમાં ઘેર ઘેર હાથણી જેવી ભેંસો જોવા મળે પણ એ બધીનો મનનો માણીગર તો ગામદીઠ એકાદ જ હોય. તો બે-ત્રણ નાનાં નાનાં ગામ ભેગાં મળીને એકાદ ખૂંટ પાલવતાં હોય. કુદરતી ક્રમ મુજબ અડધોઅડધ સંખ્યામાં પેદા થયા હોય પણ એમને લાંબું જીવવાનો હક્ક જ નહીં. એ કાચી વયે જ પાંજરાપોળ ભેગા થઈ ગયા હોય, કાં તો કસાઈવાડે વળાવી દેવાયા હોય.

સર્વસત્તાધીશ માણસના સ્વાર્થમાં રહેલી આ નિર્દયતા, ક્રૂરતા અને કઠોરતા સામે એ અબોલ પશુપંખી થોડાં બળવો કરવાનાં હતાં? કોઈ બુદ્ધ, મહાવીર કે ગાંધીએ કવચિત્ એવી ચેષ્ટા કરી પણ હોય તો બહેરા કાને અથડાઈને મૂંગી થઈ ગઈ છે. માણસ પ્રાણીમાત્રને પોતાના ઉપભોગનું પાત્ર સમજતો રહ્યો છે. એનો એક યા બીજા સ્વરૂપે ભક્ષ કરતો રહ્યો છે, પછી એ દૂધ સ્વરૂપે હોય, માંસ સ્વરૂપે હોય કે મનોરંજન અથવા શ્રમ મારફત હોય.

સ્પેન, કોલંબિયા અને અમેરિકામાં 'બુલ ફાઈટ' મનોરંજન માટે યોજાતો કર્મકાંડ છે તો આપણા દેશમાં એ ક્યાંક આસ્થા સાથે જોડાયેલો ઉપક્રમ છે. તામિળનાડુમાં આખલા લડાઈનું મહત્ત્વ છે. એમ ઉત્તર ભારતમાં ગોપાષ્ટમીના દિવસે આખલા લડાઈ યોજાય છે. ગાયો દોડાવાય છે અને લોકો રસ્તા વચ્ચે સૂઈ જઈ એમની હડફટે ચડવામાં પુણ્ય સમજે છે. ગાય માતાએ પોતાના શરીર પર પગ દીધો એટલે સઘળી મનોકામના પૂર્ણ થઈ જવાની, એવી અંધશ્રદ્ધા સાથે લોકો જાણી જોઈને પૂરપાટ દોડતા ધણના પગ તળે ઘવાવાનો પ્રયાસ કરે છે. ગાય તો 'કામધેનુ' - એટલે એના પગ તળે કચડાવાથી પ્રગતિ જ થાય, એવી પરંપરાગત રૂઢ માન્યતા આવી મૂર્ખતાના મૂળમાં પડેલી છે.

આપણે ગાયને માતા ગણીએ છીએ અને આખલો પણ ગાયનો જણ્યો - એથી એના પ્રત્યે અનુકંપા રહ્યા કરે છે. શાક્ત સંપ્રદાયમાં બલિ માટેનાં પ્રાણીઓમાં અલબત્ત, આખલો પણ આવી જતો હશે. એ સિવાય પણ મોટા ભાગના આખલા અને બળદોની કતલ જ થતી હોય છે - એ કોણ નથી જાણતું? ગૌ રક્ષાના સમર્થકો પણ એ રોકી શક્યા નથી.

આપણે અહીં તો મનોરંજન ખાતર નિર્દોષ પ્રાણીઓનો ભોગ લેવાતો રહે છે, એ મુદ્દે ચર્ચા શરૂ કરેલી. 'બુલ ફાઈટ'ને સ્પેન એની રાષ્ટ્રીય રમત ગણે છે. એમાં આબાલવૃદ્ધ હોંશે હોંશે ભાગ લે છે. આખલો એ પ્રચંડ તાકાત ધરાવતું પ્રાણી છે. બનવાજોગ કે માનવીને પોતાની કુનેહથી એની સામે ઝઝૂમી વિજયી થવામાં ગૌરવ લાગ્યું હશે અને પછી એ રૂઢ પરંપરા બની ગઈ હશે. આખલો તો નિઃશસ્ત્ર છે. એની પાસે જે છે તે એનું શરીર છે. એ સામે થનારને શિંગડે ચડાવી પટકે છે. એની પાસે હિંસક પ્રાણીઓ જેવા નહોર નથી કે એ વાઘ-સિંહ જેવો માંસહારી નથી. એ તો હુમલો કરીને દૂર ચાલ્યો જાય છે. પણ માણસને એટલાથી સંતોષ નથી થતો. એને તો આ નિર્દોષ પ્રાણીને ઉશ્કેરીને રઘવાયું કરવું

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૧ ઉપર)

**માહિતી**

# ચેલેન્જર અવકાશયાનના અકસ્માતની તપાસ

● ડૉ. ફેઈનમેન ●

*ડૉ. ફેઇનમેન (અમેરિકા) કે જેમણે અણુબૉંબની શોધ કરેલ હતી એ ભૌતિકશાસ્ત્રના મહાન વૈજ્ઞાનિક થઇ ગયા. તેમની શોધે તો સારીયે દુનિયામાં હલચલ મચાવી દીધી. તેમણે જીવનમાં વૈજ્ઞાનિક સમજ વિશે તો આખી બુક લખેલ છે, કે જેમાં દરેકે પોતાના જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ કઇ રીતે કેળવવો તેની સુંદર મજાની સમજ આપેલ છે.*

*અમેરિકાએ મંગળવાર, તા. ૨૮ જાન્યુઆરી, ૧૯૮૬ના 'ચેલેન્જર' નામના અવકાશયાનને સાત વ્યક્તિઓ સહિત અવકાશમાં મોકલેલ, પરંતુ કમનસીબે એ અવકાશયાન કોઇ ક્ષતિના કારણે નાશ પામ્યું. એ સાથે અંદર રહેલ સાતે અવકાશયાત્રીના મોત થયા. ત્યારબાદ આ અવકાશયાનની ક્ષતિ શોધવા એક ટીમ બનાવવામાં આવી કે જેમાં ડૉ. ફેઇનમેનની પણ વરણી કરવામાં આવેલ હતી.*

*ડૉ. ફેઇનમેને આ ક્ષતિ કઇ રીતે શોધી કાઢી તે રસપ્રદ વિજ્ઞાનગાથા અત્રે રજૂ કરેલ છે. આશા છે કે 'મંગલમંદિર'ના વાચકવર્ગ માટે આ અવલોકન ખૂબ જ દિલચસ્પ રહેશે તેટલું જ નહીં પરંતુ દરેકના વૈજ્ઞાનિક જ્ઞાનમાં પણ તેનાથી ઉમેરો થશે.*

*– મુખ્યતંત્રી*

કદાચ તમે જાણતા હશો કે ચેલેન્જર નામના અવકાશયાનને ૨૮ જાન્યુઆરી, ૧૯૮૬, મંગળવારના રોજ અકસ્માત થયેલો. પૃથ્વી પરથી અવકાશ તરફના ઉડાન સમયે યાનનો થયેલો એ વિસ્ફોટ, મેં ટેલિવિઝન પર જોયેલો. એમાં રહેલા સાત જણાના મૃત્યુની કરુણતાથી વિશેષ, એ વાત પર મેં વિચાર કરેલો નહીં.

અકસ્માતના થોડા દિવસ પછી નાસાના વડા ડૉ. ગ્રેહામનો મારા પર ફોન આવ્યો. એ અવકાશયાનનો અકસ્માત શા માટે થયો એ સમજવા માટે કમિટી બનાવાઇ રહી હતી. નાસાના વડાએ મને પણ કમિટીનું સભ્યપદ સ્વીકારવા કહ્યું. ડૉ. ગ્રેહામ કાલટેકમાં મારા હાથ નીચે ભણેલા હતા અને પાછળથી જે એરક્રાફ્ટ કંપનીમાં હું બુધવારે લેક્ચર આપવા જતો હતો ત્યાં પણ તે કામ કરતા હતા.

મને જો કે યાદ આવતું ન હતું કે એ કોણ છે.

જ્યારે મને એ ખબર પડી કે આ બધી તપાસ વૉશિંગ્ટનમાં કરવાની રહેશે ત્યારે મને થયું કે મારે આ કામ ન કરવું જોઇએ. હું એવું માનતો હતો કે સરકાર અને રાજધાની આ બેથી જેટલા દૂર એટલા સારા. આથી મારો સહજ પ્રતિભાવ એ હતો કે શી રીતે હું એમાંથી છૂટી શકું.

મેં મારા મિત્રોને કહી જોયું. પણ આ લોકોએ કહ્યું, 'આ કામ તો કોઇપણ કરી શકે. એ લોકો કોઇ બીજાને બોલાવી લેશે.' પણ ગ્વેનેથનનો મત એવો હતો કે બીજો કોઇ આ કામ હું જે રીતે કરીશ એ રીતે નહીં કરી શકે.

મારામાં નમ્રતામાં કમી હશે એટલે મેં એની વાત માની લીધી.

ક્યારેક આવી તપાસ અકારણ લંબાતી હોય છે. આથી મેં નક્કી કર્યું કે હું છ મહિના સુધી કમિટીમાં રહીશ. અવકાશયાનમાં ક્યાં શું ખોટું થયું, જેનાથી અકસ્માત થયો, એ તપાસ સિવાય કમિટી જો બીજા પ્રશ્નમાં અટવાય તો મને એ કોઇ પ્રશ્નોમાં રસ ન હતો, પણ સદ્ભાગ્યે હું અંત સુધી કમિટીમાં રહેલો.

મારે મારાં બીજાં કામ પણ આ તપાસ દરમિયાન મુલતવી રાખવા પડે એમ હતા. હું ફિઝિક્સના કેટલાક પ્રોબ્લેમ પર કામ કરી રહ્યો હતો. કાલટેકમાં બીજા એક પ્રોફેસર સાથે કમ્પ્યૂટર ક્લાસ ચાલુ હતા. બોસ્ટનમાં એક થીન્કિંગ મશીન કંપની હતી, જેનો હું સલાહકાર હતો. તપાસ કમિટી નીમનારના મત મુજબ બીજાં બધાં કામોને અટકાવીને મારે આ કામને પ્રાધાન્ય આપવું રહ્યું.

મેં ગ્વેનેથનને કહ્યું, 'હું જાઉં છું. છ મહિના માટે આપઘાત કરું છું.' આ કહી મેં ગ્રેહામને 'હા' કહેવા માટે ટેલિફોન ઉપાડ્યો. તે દિવસે રવિવાર હતો.

સોમવારે મારા પર ફોન આવ્યો, 'વિલિયમ પી રોજર્સના પ્રમુખપણા નીચે નિમાયેલા પ્રેસીડેન્શિયલ કમિશનના તમે પણ એક સભ્ય છો.' મેં વિલિયમ રોજર્સને અમેરિકાના વિદેશમંત્રી તરીકે જોયેલા. વિદેશમંત્રી તરીકેની એમની કામગીરી જોઇને મને એમની દયા આવેલી.

પહેલી મિટિંગ બુધવારે મળવાની હતી. મારે મંગળવારે કંઇ ખાસ કરવાનું હતું નહીં. આથી હું વૉશિંગ્ટન જવા મંગળવાર રાતે નીકળી શકું. મેં અલ હિલ્સને ફોન કરીને કહ્યું કે શટલ પ્રોજેક્ટ વિશે જાણતા હોય એવા કેટલાક લોકોને JPL (JET Propulsion Leboratory) પર બોલાવી લે. આથી એ લોકો પાસેથી હું કાલટેકથી નીકળતાં પહેલાં અવકાશયાન પ્રોજેક્ટ વિશે જાણી લઉં.

મંગળવારે સવારે જલદી જલદી JPL

*જ્યાં 'અક્કડ' થવાની સ્થિતિ ત્યાં 'નમ્ર' થાય એનું નામ 'ખાનદાની.' જેમ નમ્રતા વિશેષ થાય તેમ ખાનદાની ઊંચી*

પહોંચ્યો. અલહિલ્સ અને કેટલાક એન્જિનિયરો આવ્યા. મને ખબર ન હતી કે શી રીતે આ લોકો આ બધું જાણતા હતા! પણ એ લોકો જાણતા હતા. મેં બહુ જ ઓછા સમયમાં અવકાશયાન વિશે સુગ્રથિત અને સંપૂર્ણ માહિતી મેળવી લીધી. એમાં સમસ્યાઓની સંભાવના કયા ભાગમાં કઇ ઘટના દરમિયાન હોઇ શકે એ સમજી લીધું.

એ રાતે હું પ્લેનમાં વૉશિંગ્ટન ગયો. ગ્રેહામની ઑફિસે પહોંચ્યો.

હું એક જ મોડો હતો. બીજા બધા પહોંચી ગયેલા. મિ. રોજરે બધા સાથે મારી ઓળખાણ કરાવી. નીલ આર્મસ્ટ્રોંગ- ધ મૂનમેન ત્યાં હાજર હતા. એ કમિશનના ઉપપ્રમુખ હતા. હું મિ. રોજર તથા નીલ આર્મસ્ટ્રોંગને ઓળખતો હતો. કમિશનના બીજા સભ્યોને ઓળખતો ન હતો.

આ પહેલી મિટિંગ બહુ જ અનૌપચારિક હતી. માત્ર હળવા મળવાનું હતું. આ વાત મને બહુ અસહ્ય લાગી. ક્યાં અમારું JPLનું બ્રેઇન સ્ટોર્મિંગ સેશન અને ક્યાં અહીંની આ અનૌપચારિક મુલાકાત!

મિ. રોજરે અમારા કામ વિશેની ઘોષણા કરી.

૧. અકસ્માત સમયની પરિસ્થિતિનો ચિતાર મેળવવો અને અકસ્માતનાં કારણો સમજવા.

૨. કારણોના આધારે એક ભલામણપત્ર તૈયાર કરવો જે હવે પછીનો અભિગમ કેવો હોવો જોઇએ એ બાબતે માર્ગદર્શન આપે.

મિ. રોજરે કહ્યું કે આપણે આ કામ ચારેક મહિનામાં પૂરું કરીશું.

આ સાંભળીને મને રાહત થઇ કે અમારે માત્ર અકસ્માત કયા કારણે થયો એ જ શોધવાનું હતું. આથી અમારું કામ ધાર્યા કરતાં વહેલું પૂરું થઇ શકશે.

મિ. રોજરે દરેકને પૂછ્યું, 'કોણ કેટલો સમય ફાળવી શકશે?' મેં કહ્યું, 'હું અત્યારથી જ ૧૦૦ ટકા સમય આપી શકું એમ છું.'

મિ. રોજરે એ પણ પૂછ્યું, 'રિપોર્ટ કોણ તૈયાર કરશે?'

મિ. હોટ્ઝ જે 'Aviation Week' નામના મેગેઝીનના તંત્રી હતા, તે રિપોર્ટ લખવાની જવાબદારી માટે તૈયાર થયા.

મિ. રોજરે આગળ કહ્યું, 'હું ઘણા સમયથી વૉશિંગ્ટનમાં છું અને મારો એ અનુભવ છે કે કોઇપણ કામની બાતમી છાપાવાળાઓ કોઇને કોઇ રીતે મેળવી લેતા હોય છે. વાત છાપાઓ દ્વારા લોકો સુધી પહોંચે એને બદલે જરૂર પડ્યે આપણે જ પત્રકારો સાથે મિટિંગ ગોઠવીશું. આવતી કાલે સવારે આપણે ૧૦ વાગે મળીશું.'

બીજે દિવસે સવારે મને લેવા માટે વાહન આવ્યું. હું ડ્રાઇવરની સીટની બાજુમાં બેઠો.

રસ્તામાં ડ્રાઇવરે પૂછ્યું, 'ઘણા મોટા માણસો આ કમિશનમાં આવ્યા હોય એવું મને લાગે છે.'

'હા! એવું જ છે.'

'મને ઑટોગ્રાફ લેવાનો શોખ છે. તમે મને એક મદદ કરશો?'

'ચોક્કસ'. મેં કહ્યું મેં મારી પેન શોધી.

ત્યાં ડ્રાઇવરે કહ્યું, 'આપણે ત્યાં પહોંચીએ ત્યારે તમે મને નીલ આર્મસ્ટ્રોંગ કોણ છે એ બતાવશો? મારે એમનો ઑટોગ્રાફ લેવો છે.'

પહેલી મિટિંગમાં નાસાની મહાન હસ્તીઓ મિ. મૂરે, મિ. એલ્ડરીચ, મિ.લવીંગ હુડ અને બીજા બધાની સંક્ષિપ્તમાં પણ સઘન એવી પ્રસ્તુતિ થવાની હતી. અમને બધાને મંચ પર શાહી ખુરશીઓમાં બેસાડેલા. મોટી મોટી લાઇટો અને ટેલિવિઝન કેમેરા અમારી એક એક હિલચાલને ઝડપી લેતા હતા.

સ્પેસ શટલના મુખ્ય એન્જિનમાં લીક્વીડ હાઇડ્રોજન અને લીક્વીડ ઓક્સિજન સળગે. આ બંને લીક્વીડ એક્સટર્નલ ટેન્કમાં રાખેલા હોય.

મિ. રોજર અને મિ. એક્સન બંને વકીલો હતા. બાકીના બધા વિજ્ઞાનની પદવીવાળા હતા. જનરલ કુટીનાએ MITમાં પદવી લીધેલી. મિ. આર્મસ્ટ્રોંગ, મિ. કોવર્ટ, મિ. રૂમેલ, અને મિ. શટર આ બધા ઍરોનોટિકલ એન્જિનિયર હતા. મિ. વૉકર, મિ. વ્હીલન, મિ. રાઇડ અને હું બધા ભૌતિકશાસ્ત્રીઓ હતા. અમારામાંના મોટાભાગનાએ પોતાની રીતે થોડી પ્રાથમિક માહિતી મેળવી લીધેલી. આથી અમે ઘણા ટેક્નિકલ કહેવાય એવા પ્રશ્નો પૂછ્યા, જે સામેના માટે અનપેક્ષિત હતા. આથી એમની પાસે દરેક વાતના જવાબો ન હતા.

આ મિટિંગમાં મને જે મુખ્ય વાત શીખવા મળી તે એ કે મોટેભાગે બીજા લોકો જે પ્રશ્નો પૂછતા હોય છે એ એવા હોય છે કે એના જવાબો તેમને આવડતા હોય. આથી તમે સાંભળવામાં થોડા બેદરકાર બની જાવ. એમાં ક્યારેક વચ્ચે માણસનો મુદ્દો સાંભળવાનો ચૂકી જવાય.

JPLમાં મંગળવારે સવારે મને કેટલી ઝડપથી કેટલી સરસ માહિતીઓથી વાકેફ કરાવાયેલો. એની સરખામણીમાં વૉશિંગ્ટનમાં અમે દેખીતી રીતે બે મિટિંગો કરી હોવા છતાં હકીકતમાં અમે બેસવા સિવાય કંઇ જ કર્યું ન હતું.

એ રાતે મેં તપાસ દરમિયાન કયા પ્રશ્નો વિચારવા જોઇએ એ નોંધ્યા અને અમારે કઇ કઇ બાબતોનો અભ્યાસ કરવો જોઇએ એ પણ નોંધ્યું. મને હતું કે કમિશનના બીજા સભ્યો કઇ રીતે આગળ વધવા માંગે છે એ પણ જાણીશ. પછી અમે કયા પ્રશ્નો પર કોણ તપાસ કરશે એવી કંઇક વહેંચણી કરી શકીએ.

ત્રીજે દિવસે એટલે કે શુક્રવારે અમારી

પહેલી નક્કર મિટિંગ થઈ. અત્યાર સુધીમાં હવે અમારે એક ઓફિસ હતી. અમે જૂના એક્ઝિક્યુટીવ ઓફિસના મકાનમાં મળ્યા. ત્યાં અમારી વચ્ચે જે વાતો થાય એ લખવા માટે એક માણસ પણ હતો.

મિ. રોજર કોઇ કારણથી થોડા મોડા આવ્યા. આથી અમે એમની રાહ જોતા હતા. એવામાં જનરલ કુટીનાએ કહ્યું કે એ અમને અકસ્માતની તપાસ એટલે શું એ વિશે કંઇક કહેવા માંગે છે. અમને થયું કે આ સારો વિચાર છે આથી એમણે ઊભા થઇ અમને એક રૉકેટ જે નિષ્ફળ ગયેલું એની તપાસ એરફોર્સવાળાએ શી રીતે કરેલી એ વિશેની માહિતી આપી.

એમણે પદ્ધતિ બતાવી એમાં જે પ્રશ્નો પૂછાયા અને એમણે જે રીતે જવાબો શોધ્યા એ અભિગમ આગલી રાતે મેં જે વિચાર કરેલો એને ઘણો જ મળતો આવતો હતો. પણ એ લોકો મારા કરતા ઘણા વધારે વ્યવસ્થિત હતા. જનરલ કુટીનાએ અમને ચેતવણી આપતાં કહ્યું કે ક્યારેક એવું લાગે કે અકસ્માત થવાનું કારણ આ જ હોઇ શકે પણ તમે જ્યારે વધુ ચોકસાઇપૂર્વકની તપાસ કરો ત્યારે તમારો મત બદલવો પડે. એ લોકોને ટીટાન રૉકેટની તપાસમાં ત્રણેક વખત પોતાનો મત બદલવો પડ્યો હતો.

મને એકદમ ઉત્સાહ આવી ગયો. આવી તપાસમાં મને બહુ રસ પડશે. આપણે તાત્કાલિક શરૂ કરી શકીએ. માત્ર આપણે કોણે શું કરવાનું એ નક્કી કરી નાખવું પડે.

મિ. રોજર, જે જનરલની પ્રસ્તુતિ દરમિયાન વચ્ચેથી આવ્યા, એમણે કહ્યું, 'તમારું તપાસ અભિયાન ખરેખર બહુ સફળ રહ્યું, જનરલ, પણ આપણે તમારી પદ્ધતિ પ્રમાણે ચાલી શકીશું નહીં. કારણ કે તમને મળી એટલી માહિતી આપણને મળી શકે એમ નથી.'

કદાચ મિ. રોજર ટેક્નિકલ લાઇનના ન હતા એટલે એમને એ ખ્યાલ ન આવ્યો કે એમનું વિધાન એક હળાહળ જૂઠ જ હતું. ટીટાનમાં માણસો ન હતા એટલે એની ચકાસણી માટેના સાધનો એની આસપાસ ન હતા. જ્યારે અમારી પાસે તો એ વિસ્ફોટ થયો એ પહેલાં અમુક સેકંડો પહેલાં ટેલિવિઝન કૅમેરાએ લીધેલા બુસ્ટર રૉકેટમાંથી બહાર આવતી આગની જ્વાળાના ફોટાઓ હતા. ટીટાન તો અવકાશમાં દેખાતું એક અસ્પષ્ટ બિંદુ હતું. નાની એવી જ્વાળા દેખાયેલી અને એ દૃશ્યમાંથી ક્યાં શું ખોટું થયું હોઇ શકે એ કારણ એ લોકો શોધી શક્યા.

'આવતા ગુરુવારે આપણે ફ્લોરિડા જઇશું, એવી મેં ગોઠવણ કરી છે. ત્યાં આપણે નાસાના અધિકારીઓ પાસેથી અકસ્માત વિશે માહિતી મેળવીશું. એ લોકો આપણને કેનેડી સ્પેસ સેન્ટરની સેર કરાવશે' મિ. રોજરે કહ્યું.

પછી આર્મસ્ટ્રોંગે કહ્યું, ''આપણે જનરલ કુટીનાએ કહી એવી ટેક્નિકલ તપાસ ન કરી શકીએ? આ તો મને ચિંતાજનક લાગે છે. એવી તપાસમાં તો મારે ટેક્નિકલ કામ શું કરવું પડે? મિ. રોજર કહે છે એ મને સમજાતું નથી.''

હું જે કરી શકું એમ હતો એ વિશે સૂચનો શરૂ કર્યા. હજુ તો હું મારું વક્તવ્ય પૂરું કરું એ પહેલા તો મિ. રોજરે મિટિંગ પૂરી થયેલી જાહેર કરી. પોતાની ચિંતા વારંવાર પુનરાવર્તિત કરતા કહેવા લાગ્યા કે, 'આપણને ક્યારેય ખબર નહીં પડે કે અવકાશયાનનું શું થયું.'

આ વધુ નિરાશાજનક હતું.

મેં મિ. રોજર પાસે જઇને કહ્યું, 'આપણે ફ્લોરિડા તો આવતા ગુરુવારે જઇશું. એનો અર્થ એ કે વચ્ચેના દિવસોમાં આપણે કંઇ જ કરવાનું નથી! આ પાંચ દિવસ હું શું કરું?'

મિ. રોજરે કહ્યું, 'જો તમે કમિશનમાં ન હોત તો શું કરતા હોત?'

'મારે બોસ્ટનમાં સલાહકાર તરીકે કામ કરવાનું હતું. પણ મેં એ કેન્સલ કર્યું છે કારણ કે હું આમાં ૧૦૦% સમય આપવા માગતો હતો.'

'તમે હજુ પણ પાંચ દિવસ માટે બોસ્ટન શા માટે નથી જતા?'

'હું એમ કરી શકું તેમ નથી.' મેં વિચાર્યું, આ કંઇ જામતું નથી. પરેશાની સાથે હું હોટલે પહોંચ્યો.

પછી બીલ ગ્રેહામ યાદ આવ્યા. મેં એમને ફોન કર્યો. 'તમે આ કમિશનમાં નિમણૂક કરી માટે તમે જ હવે મને બચાવો. હું બહુ હતાશ થઇ ગયો છું. આ પરિસ્થિતિ હું સ્વીકારી શકું એમ જ નથી.'

તેમણે કહ્યું, 'શું તકલીફ છે?'

'મારે કંઇક કરવું છે. મારે કેટલાક એન્જિનિયર્સને મળવું છે.'

એમણે કહ્યું, 'ચોક્કસ મળો, શા માટે નહીં? તમે જહોનસન, માર્શલ, કેનેડી, (અમેરિકાના જુદા જુદા સ્પેસ સેન્ટર્સ) જ્યાં જવું હોય ત્યાં જઇ શકો છો. તમારે જ્યાં જવું હોય ત્યાં જવાની બધી વ્યવસ્થા હું કરી દઇશ.'

મેં વિચાર્યું, કેનેડી તો નહીં જવાય. નહીં તો એવું લાગશે કે હું બધા કરતાં પહેલાં ત્યાં પહોંચીને બધું જાણી લઉં છું. એલી રાઇડ જોનસનમાં કામ કરે છે અને એમણે મને સાથ આપવાની તત્પરતા બતાવેલી એટલે હું ત્યાં જઇ શકું.'

'સરસ' એમણે કહ્યું, 'હું ડેવીડને કહીશ. એ રોજરનો ખાસ મિત્ર છે, મારો પણ છે. એટલે બધું ગોઠવાઇ જશે.

અડધો કલાક પછી ડેવીડનો ફોન આવ્યો, 'મને લાગે છે કે આ આઇડિયા સરસ છે. મેં રોજરને વાત કરી જોઇ પણ એ ના પાડે છે. મને ખબર નથી પડતી કે હું એમને કેમ સમજાવી શક્યો નહીં.'

ગ્રેહામે વચલો રસ્તો કાઢ્યો. હું વૉશિંગ્ટનમાં જ રહીશ. હું જેમને મળવા માગીશ એમને એ વૉશિંગ્ટનમાં બોલાવી લેશે. આથી મને એમની પાસેથી માહિતી મળી

જશે. એને માટે દોડાદોડી નહીં કરવી પડે.

પણ રોજરને આ વચલો રસ્તો પણ પસંદ ન પડ્યો. રોજરે કહ્યું, 'આપણે બધા ગુરુવારે ફ્લોરિડા જઇએ જ છીએને?'

મેં કહ્યું, 'તમારો વિચાર એવો હોય કે આપણે બેઠા બેઠા બધા પાસેથી અકસ્માતની માહિતી સાંભળ્યા કરીએ તો એ વિચાર મને સ્વીકાર્ય નથી. હું એન્જિનિયર્સને સીધો મળું તો મને વધારે સંતોષ થાય.

રોજરે કહ્યું, 'શું તમે એવું ઇચ્છો છો કે કમિશનના બધા સભ્યોને ફોન કરીને સોમવારે એક મિટિંગ બોલાવું? જેથી બધા તમારા સૂચવેલ કાર્યો કરી શકે?'

મેં કહ્યું, 'હું માનું છું કે કમિશનના બધા સભ્યો કામ કરવા જ અહીં આવ્યા છે. તમારે અમને બધાને કામ માટે તસ્દી આપવી જ જોઇએ. મને લાગે છે કે તમે સમજી નહીં શકો, હું શું કહું છું.'

એમણે જ વિષય બદલ્યો, 'મને લાગે છે કે તમને તમારી હોટલ બરોબર નથી લાગતી.'

'ના! મારી હોટલમાં બધું બરોબર છે.'

થોડીજ વારમાં એનું એ જ. આથી મેં કહ્યું, 'મને આરામથી રહેવા મળે એ મારા માટે મહત્ત્વનું નથી. મારે જલદી તપાસ શરૂ કરવી છે. મારે કંઇક કરવું છે!'

છેવટે રોજરે મને કહ્યું, 'ભલે તમે નાસાના કર્મચારીઓને મળો.'

મિ. રોજર માટે હું માથાનો દુઃખાવો હતો.

મિ. ગ્રેહામે વચલો રસ્તો કાઢ્યો. શનિવારે સવારે હું નાસા ગયો અને ત્યાં મિ. ગ્રેહામે બોલાવેલા કેટલાક લોકોને હું મળ્યો. એમની પાસેથી સોલીડ રૉકેટ બુસ્ટર, પ્રોપેલેન્ટ મોટર, એન્જિન તેમજ સીલ વિશેની માહિતી મેળવી. સીલના પ્રોબ્લેમ સંબંધી માહિતી અલગથી એક માણસે આપી. રવિવારે બપોરે જનરલ કુટીનાનો મારા પર ફોન આવ્યો. એમણે કહ્યું, 'રોજરે કહ્યું છે કે તમે નાસા ન જશો.'

મેં એના પર ધ્યાન ન આપ્યું કારણ કે મેં નાસામાં બધાને મળી લીધેલું.

'બીજું, સોમવારે બપોરે આપણી સ્પેશિયલ મિટિંગ છે જેમાં ન્યૂયોર્ક ટાઇમ્સમાં આજે જેમનો લેખ આવ્યો છે એ માણસ પાસેથી કેટલીક માહિતી સાંભળવાની છે.'

'ત્રીજું, આજે હું મારું કેલક્યુલેટર સાફ કરતાં કરતાં વિચારતો હતો કે અવકાશયાનનું ઉડાન થયું ત્યારે ઉષ્ણતામાન ૨૮° કે ૨૯° હતું. એ પહેલાનું સફળ ઉડાન થયું ત્યારે ઉષ્ણતામાન ૫૩° હતું. તમે પ્રોફેસર છો. મારો પ્રશ્ન એ છે કે ઠંડીની અસર O rings (રબ્બરની રીંગ જે પ્રવાહી કે વાયુનું ગળતર બંધ કરે) પર થાય? O rings પર શું અસર પડે?

'ઓહ, એ O ringsને થોડી વધુ સખત બનાવી દે.'

આ એક ચાવી હતી. જે મને કારણ વિચારવામાં મદદરૂપ થયેલી. કારણ મળ્યું એના બદલામાં મારી બહુ પ્રશંસા થયેલી. પરંતુ આ જનરલનું અવલોકન હતું. થીયોરિટિકલ ફિઝિક્સના પ્રોફેસરને હંમેશાં કહેવું પડે કે શું જોવાનું છે, પછી એ પોતાના જ્ઞાનથી અવલોકનને સમજાવી દે.

સોમવારે સવારે હું અને જનરલ કુટિના ગ્રેહામની ઓફિસમાં ગયા. અમે એમને પૂછ્યું કે એમની પાસે ઉષ્ણતામાનની O rings પર અસર સંબંધિત કોઇ માહિતી છે? એમની પાસે હાથવગી તો ન હતી. પણ એમણે કહ્યું કે એ મેળવી આપશે.

ગ્રેહામ પાસે કેટલાક રસપ્રદ ફોટોગ્રાફ હતા, જેમાં વિસ્ફોટ પહેલાં, અમુક સેકન્ડ પહેલાં, જમણી બાજુના સોલીડ રૉકેટ બુસ્ટરમાંથી નીકળતી જ્વાળાઓના ફોટાઓ હતા. જ્વાળાઓ કઇ જગ્યાએથી નીકળતી હતી એ નિશ્ચિતપણે કહી શકાય એમ ન હતું. પરંતુ ઓફિસમાં એ અવકાશયાનનું એક મૉડેલ હતું. મેં મૉડેલને નીચે મૂક્યું. એની આસપાસ ચાલીને જોયું. જ્યાં એ મોડેલ, ફોટાના કદ અને ઝૂકાવને મળતું આવ્યું ત્યાં ઊભો રહ્યો.

મારું ધ્યાન દોરાયું કે દરેક બુસ્ટર રૉકેટમાં એક નાનું કાણું હોય છે. જેને 'લીક ટેસ્ટ પોર્ટ' કહે છે. જ્યાં દબાણ આપીને તમે સીલ (seal)ની ચકાસણી કરી શકો. એ બે O ringsની વચમાં હોય. આથી જો સીલ બરોબર બંધ ન થયું હોય કે O rings નિષ્ફળ જાય એ બંને સંજોગોમાં ગેસ એ કાણામાંથી બહાર નીકળે અને મોટી મુશ્કેલી સર્જાય. બરોબર એ જ જગ્યાએથી જ્વાળાઓ બહાર આવતી હતી. વધારે જ્વાળાઓ આસપાસથી નીકળતી હોય એવું લાગતું હતું એટલે પ્રશ્ન તો હતો. બપોરની મિટિંગમાં મિ. કૂકની વાત સાંભળવાથી ખ્યાલ આવ્યો કે સીલ એ ઘણા સમયથી એક મોટી સમસ્યા હતી. આથી સીલ સંબંધી ઉકેલો આપનાર વ્યક્તિએ કહ્યું કે સમસ્યા હલ કરવાની આટલી કિંમત થશે, જે રકમ બહુ મોટી હતી. મિટિંગમાં હાજર એવા પ્રેસના માણસો અને કેટલાક કમિશનના સભ્યોને મિ. કુકની વાત સાંભળીને એવો પૂર્વગ્રહ બંધાયો કે નાસાવાળા આ સીલનો પ્રોબ્લેમ જાણે અમારાથી છુપાવતા હતા.

પછી અચાનક એક અનપેક્ષિત ઘટના બની. થાયોકોલ કંપનીમાંથી મેકડોનાલ્ડ કરીને એક એન્જિનિયર અચાનક જ અમે એમને બોલાવ્યા ન હતા તો પણ વગર આમંત્રણે અમને કંઇક માહિતી આપવા માટે આવ્યા. તેમણે કહ્યું કે થાયોકોલ કંપનીના એન્જિનિયરો એવા તારણો પર આવેલા કે નીચા ઉષ્ણતામાને સીલ બરોબર કામ નથી કરતું. એ લોકોને એ બાબતની ખૂબ ચિંતા પણ હતી. અવકાશયાનના ઉડાનની આગલી રાતે જ્યારે અવકાશયાનના ઉડાન માટેના બધા જ જરૂરી પેરામીટરની ચકાસણીનું કામ ચાલી રહ્યું હતું ત્યારે એમણે નાસાને કહેલું કે ઉષ્ણતામાન જો ૫૩°થી નીચું હોય તો અવકાશયાન ઉડાડવું નહીં. આગલી ઉડાન વખતે ૫૩° તાપમાનમાં સફળ ઉડાન રહેલું પણ નીચા તાપમાનમાં પ્રશ્નો થવાની સંભાવના

હતી. જે દિવસે ઉડાન થયું તે દિવસે તે સમયે ઉષ્ણતામાન ૨૯° હતું. મિ. મેકડોનાલ્ડે કહ્યું કે નીચા ઉષ્ણતામાને જોખમની સંભાવનાની વાત સાંભળીને નાસા સ્તબ્ધ થઇ ગયેલું. પણ મિટિંગમાં જે મુખ્ય વ્યક્તિ હતા તે મિ. મુલોયે એમને કહ્યું કે 'નીચા ઉષ્ણતામાને જોખમ છે એવા પુરાવાઓ આપણી પાસે ક્યાં છે? પુરાવા વગરના વિધાનનો શો અર્થ? કેટલાંક ઉડાનોમાં જોખમ ઊભું થયેલું પણ એના ઉષ્ણતામાન ૫૩° કરતાં વધારે હતા. આથી થાયોકોલે પોતાના ઉડાનના વિરોધ બાબતે ફેર-વિચારણા કરવી રહી.'

થાયોકોલે પોતાનું વિધાન પાછું ખેંચ્યું. પણ મિ. મેકડોનાલ્ડ પાછા ફરવા તૈયાર ન હતા. તેમણે કહ્યું, 'ન કરે નારાયણ અને ઉડાન નિષ્ફળ જાય, તો હું ઈન્કવાયરી કમિટી સામે ઊભો રહીને કહેવાનો નથી કે મેં આગળ પડીને કહેલું કે ઉડાન કરજો, એ કોઇપણ ઉષ્ણતામાને ઊડી શકે એમ છે.'

આ એક અત્યંત આશ્ચર્યકારક વાત હતી. મિ. રોજરે અચકાતાં અચકાતાં પૂછવું પડ્યું, 'હું તમને બરોબર સમજયો છું ને? તમે.... કહ્યું હતું?

એમણે મેકડોનાલ્ડે કરેલી વાતોનું પુનઃઉચ્ચારણ કર્યું.

મેકડોનાલ્ડે જવાબ આપ્યો, 'હા મેં આમ જ કહ્યું હતું.'

કમિશનના બધા સભ્યોને આઘાત લાગ્યો. કેમ કે પહેલીવાર અમે આ બાતમી સાંભળી રહ્યા હતા, જેમાં નિર્દેશ હતો કે માત્ર સીલનો પ્રોબ્લેમ ન હતો, વહીવટમાં પણ પ્રોબ્લેમ હતો.

મેં મિ.ગ્રેહામને નીચા ઉષ્ણતામાનની O rings પર અસર વિશે કોઇ માહિતી હોય તો આપવાનું કહેલું. એ એમણે મને મેળવી આપી. પણ એ માહિતીમાં મારા પ્રશ્નનો જવાબ ન હતો.

મારો પ્રશ્ન એ હતો કે ઉડાન દરમિયાન ૨૯° ઉષ્ણતામાને O ringsમાં વપરાયેલ રબ્બર અમુક મિલિ સેકંડમાં પોતાનામાં શું ફેરફાર કરે? મને થયું હું જાતે જ પ્રયોગ કરીને જોઇ લઉં કે શું અસર થાય છે. આથી મેં મિ. ગ્રેહામને પૂછ્યું, 'શું મને O ringsમાં વપરાયેલ રબ્બરનો નમૂનો મળે ખરો?' એમણે કહ્યું, 'ના! એ તો અહીં નહીં હોય.' પરંતુ એમને યાદ આવ્યું કે એમની ઓફિસમાં જે અવકાશયાનનું મોડેલ છે એમાં એવા બે રબ્બર છે.'

ગ્રેહામે કહ્યું કે એ બીજે દિવસે સવારે મિટિંગ પહેલાં આપી શકશે.

બીજે દિવસે સવારે હું આઠ વાગે નીકળ્યો. રસ્તામાં હાર્ડવેરની દુકાનને શોધી. એમાંથી નાની સાઇઝનો ક્લેમ્પ ખરીદ્યો. ગ્રેહામની ઓફિસમાંથી રબ્બર મેળવ્યું. એક માઇક્રોમીટર મંગાવ્યું. બરફના પાણીનો ગ્લાસ માંગ્યો. મિટિંગ ચાલુ હતી. મિ. મૂલોય આ મિટિંગમાં અમને સીલ વિશે બધું કહેવાના હતા.

એમણે અવકાશયાનનું મોડેલ બધાને બતાવ્યું અને સીલ કઇ રીતે કામ કરે વગેરે સમજાવવાની શરૂઆત કરી. મેં એમને કેટલાક પ્રશ્નો પૂછ્યા. જેમાંનો છેલ્લો પ્રશ્ન સીલનું રબ્બર જો કેટલીક સેકંડ માટે પોતાનો મૂળ આકાર ગૂમાવી દે તો એ ભયાનક પરિસ્થિતિ સર્જવા માટેની સંભવિતતા ઊભી કરી શકે? આ પ્રશ્નનો જવાબ જયારે મિ. મૂલોયે 'હા' માં આપ્યો ત્યારે મને થયું કે હવે તો મારે સાબિત કરવું જ રહ્યું કે નીચા ઉષ્ણતામાને રબ્બર પોતાની સ્થિતિસ્થાપકતા ગુમાવી બેસે છે.

મેં ક્લેમ્પ વચ્ચે રબ્બરને દબાવ્યું. ક્લેમ્પ ઠંડા પાણીના ગ્લાસમાં બોળી રાખ્યું. મિ. મુલોય જયારે પોતાની પ્રસ્તુતિમાં આ મુદ્દાને અનુરૂપ સ્લાઇડ પર પહોંચ્યા ત્યારે મેં મારું માઇક્રોફોન ચાલું કર્યું અને કહ્યું, 'મેં આ રબ્બર મોડેલમાંથી લીધું છે અને એને ક્લેમ્પથી દબાવીને બરફના પાણીમાં થોડો સમય બોળ્યું છે.'

મેં ક્લેમ્પ બહાર કાઢ્યો. હવામાં અધ્ધર પકડી રાખ્યો. ક્લેમ્પને ઢીલો કર્યો. હવે ક્લેમ્પને જયારે ઢીલો કર્યો ત્યારે રબ્બર પાછું પોતાની મૂળ સ્થિતિમાં આવી શક્યું નહીં. ટૂંકમાં અમુક નીચા ઉષ્ણતામાને સેકંડો સુધી રહેલા રબ્બરે પોતાનો મૂળ આકાર ગુમાવી દીધો. 'હું માનું છું કે આ મુદ્દો આપણા પ્રોબ્લેમ માટે બહુ જ મહત્ત્વનો છે, જે અવકાશયાનના ઊડાનની નિષ્ફળતા માટે જવાબદાર છે.'

આખરે તારણ એવું નીકળ્યું કે રબ્બરનું સીલ ઓછા ઉષ્ણતામાન માટે યોગ્ય ન હોવાથી જે રાત્રે ઉષ્ણતામાન ઓછું હોય ત્યારે રોકેટ ના જ ઊડાડવું એવો એન્જિનિયરોનો આગ્રહ હોવા છતાં જાહેર કરેલી તારીખે જ નાસાના વડા અધિકારીઓએ એને ઊડાડ્યું અને ઊડાણ નિષ્ફળ ગયું. જેમાં સાત જણા મૃત્યુ પામ્યા.

***સાભાર : 'જીવનમાં વિજ્ઞાન'***

## શું આવી લોહિયાળ પરંપરા....

**(અનુસંધાન : પાના નં.-૨૪ ઉપરથી ચાલુ)**

છે, એની સામે ભાલા લઈને લડવું છે, એને લોહીલુહાણ કરી રાક્ષસી આનંદ મેળવવો છે. એટલે જયાં સુધી એ હાંફી નહીં જાય ત્યાં સુધી આ ખૂનરેજીભર્યો ખેલ ચાલ્યા કરે છે. પ્રેક્ષકોને આ દિલધડક સ્ટંટ જોવાની મજા પડે છે. એમને એક નિર્દોષ પ્રાણીની ઘાતકી હત્યા કરાઈ રહી છે, એનો લેશમાત્ર રંજ નથી હોતો! ક્યારેક આખલા સાથે ઝઝૂમી રહેલો માણસ પણ ઘાયલ થાય છે. ક્યારેક તો એવા યોદ્ધાઓ 'વીરગતિ' પણ પામતા હોય છે. પણ ત્યાંની પ્રજા એમને વાજતે ગાજતે કબરમાં પોઢાડે છે, એમની ગાથાઓ રચાય છે. કશા જ ગુના વગર પેલા જાણીજોઈને ભડકાવેલા ઘાયલ આખલાને અચૂક મારી નાખવામાં આવે છે અને એનું માંસ પ્રસાદ તરીકે વહેંચાય છે!

કોણ જાણે 'સુધરેલી' કહેવાતી માણસજાત આવી ક્રૂર, ઘાતકી પરંપરાઓને કેમ ચાલુ રાખતી હશે! ફાધર વાલેસ ગુજરાત આવેલા ત્યારે મારે એમને આ સવાલ પૂછવો હતો પણ એવો સમય જ ન મળ્યો.

*૧૩, ઐશ્ચર્ય-૧, પ્લોટ ૧૩૨, સેક્ટર-૧૯,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*
*મો. ૯૮૭૯૫૪૩૧૩૨, (રહે.) ૦૭૯-૨૩૨૩૧૧૮૮*

# શ્રી રામના અનુજ ભરતે સ્થાપેલી ભારતની પ્રાચીનતમ વિદ્યાપીઠ – તક્ષશિલા

• ડૉ. કાંતિ ગોર 'કારણ' •

ભારતનું જ્ઞાનના ક્ષેત્રે પ્રદાન અમૂલ્ય રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યમાં જ્ઞાનનો મહિમા સ્વીકારાયો છે. મહાભારત કહે છે કે જ્ઞાન સમાન ચક્ષુ નથી અને ગીતા અનુસાર આ જગતમાં જ્ઞાનથી વધારે કશું નથી. દુનિયાને શૂન્યથી માંડીને ખગોળ વગેરેના જ્ઞાનની ભેટ આપનાર ભારતમાં એક મહાન વિદ્યાપીઠે દેશ અને દુનિયાને અનેક વિદ્વાનો ભેટ આપ્યા છે. **જે વિદ્યાપીઠમાં મહાન રાજનીતિજ્ઞ અને અર્થશાસ્ત્રના સર્જક ચાણક્ય ભણ્યા અને આચાર્ય થયા. મહાન વૈયાકરણી મહર્ષિ પાણિનીએ જ્યાં અભ્યાસ કર્યો. રાજા બિંબિસારના સમયમાં આયુર્વેદના મહાન વૈદ્ય અને આચાર્ય જીવકે જ્યાં સાત વર્ષ આયુર્વેદ, શલ્યવિદ્યા (સર્જરી)નો અભ્યાસ કરેલો. કોશલ નરેશ પ્રસેનજિત પણ જે સંસ્થાના વિદ્યાર્થી હતા, એ મહાન વિદ્યાપીઠનું નામ છે – તક્ષશિલા.** મહર્ષિ પાણિનીએ નોધ્યું છે કે જે વ્યક્તિ સાથે તક્ષશિલાનું નામ જોડાતું તે આદરણીય બની જતો.

ઈ.સ. પૂર્વેની સાતમી સદીમાં તક્ષશિલાનું નામ ટોચ પર હતું. અલબત્ત એનો ઈતિહાસ તો ઘણો પ્રાચીન છે. જે રામાયણ કાળ સુધી લંબાય છે. **રાવણ વિજયી શ્રીરામના ભાઈ ભરતે આ વિદ્યાપીઠની સ્થાપના કરેલી અને ભરતજીના પુત્ર 'તક્ષ'ના નામ પરથી આ વિદ્યાપીઠનું નામ તક્ષશિલા પડેલું.** મહાભારતમાં મળતા ઉલ્લેખ અનુસાર જનમેજયે યોજેલો સર્પયજ્ઞ અહીં યોજાયેલો.

તક્ષશિલા ગાંધાર રાજ્યનું પાટનગર હતું. હાલમાં આ સ્થળ પાકિસ્તાનમાં છે અને રાવલપિંડીથી પશ્ચિમે ૩૨ કિ.મી. દૂર આ મહાન વિદ્યાપીઠના અવશેષ લગભગ ૨૦ ચોરસ માઈલ વિસ્તારમાં પથરાયેલા છે.

આ વિસ્તાર ભારતમાં પ્રવેશ માટે વધારે અનુકૂળ હોવાથી પરદેશીઓના આક્રમણ અને શાસનમાં લાંબો વખત રહ્યું છે. ઈ.સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં ઈરાનીઓ, ઈ.સ. પૂર્વે બીજા સૈકામાં ઈન્ડોબેક્ટ્રીયનો, ઈ.સ. પૂર્વે ૧લા સૈકામાં સીથિયનો પછી કુષાણો અને ઈ.સ.ના ૫મા સૈકામાં હુણોના તાબામાં આ વિસ્તાર રહ્યો. **રામાયણના ઉત્તરકાંડમાં તક્ષશિલા વ્યવહાર એટલે કાનૂનના અભ્યાસનું મુખ્ય કેન્દ્ર હતું એવું અભ્યાસુ વિદ્વાનોએ નોંધ્યું છે.** એટલે શિક્ષણની પ્રવૃત્તિ અહીં બહુ વહેલી થઈ હશે તેમાં કોઈ શક નથી.

સમ્રાટ અશોકના સમયમાં તક્ષશિલા પૂર્વનું એક સુંદર અને સમૃદ્ધ નગર અને પ્રસિદ્ધ વિદ્યાધામ હતુ. અને ભારતીય કલાઓ, શસ્ત્ર અને શાસ્ત્રોના અભ્યાસનું મુખ્ય મથક હતું. **વૈદકના અભ્યાસ માટે પણ દેશ વિદેશના વિદ્યાર્થીઓ અહીં આવતા.** કાશી, મથુરા, ઉજ્જૈન, રાજગૃહ, મિથિલા જેવા દૂર દૂરના સ્થળોએથી વિદ્યાર્થીઓ અહીં ઉચ્ચ કે ઉચ્ચતર અભ્યાસ માટે આવતા હતા. જાતક કથાઓ પરથી જણાય છે કે કાશીના રાજકુમારો તો અહીં જ શિક્ષણ લે તેવી અહીં પરંપરા હતી. કુરુ અને કોશલ દેશના વિદ્યાર્થીઓ પણ અહીં અભ્યાસ કરતા હતા.

સમાજના દરેક સ્તરના વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો. કોઈ ભેદભાવ ન હતો. અભ્યાસના વિષયોની પસંદગીની સ્વતંત્રતા હતી. બ્રાહ્મણ ધનુર્વિદ્યા અને શસ્ત્રાસ્ત્ર શીખે અને ક્ષત્રિય વેદનો અભ્યાસ કરે તેવા દાખલા પણ જોવા મળે છે. કાશી નરેશની સહાયથી જ્યોતિપાદ નામના બ્રાહ્મણ ધનુર્વિદ્યા શીખીને પાછળથી એ જ વિષયના આચાર્ય પણ બનેલા. અત્યારની પરંપરા પ્રમાણેનું આ વિશ્વવિદ્યાલય ન હતું. આ વિશ્વ વિદ્યાલયમાં એવા અનેક આચાર્યો હતા જે પોતે જ એક વિશ્વવિદ્યાલય જેવા હતા. આ અધ્યાપકો અને આચાર્યો એમની ઈચ્છા મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા રાખી શકતા. શિક્ષણની ગુણવત્તા અને પોતાની પ્રતિષ્ઠાને ધ્યાને લઈને વધારેમાં વધારે ૨૦ વિદ્યાર્થીની મર્યાદા એ પોતે જ સ્વીકારતા. આ વિદ્યાપીઠ કોઈ સત્તાને અધીન ન હતી. કોઈ મધ્યસ્થ સંસ્થા દ્વારા ઘડાયેલા અભ્યાસક્રમ ન હતા. આચાર્યો અને અધ્યાપકો જ વિદ્યાર્થીની જરૂરિયાત અને ક્ષમતા મુજબ અભ્યાક્રમ નિયત કરતા. પોતાના વરિષ્ઠ શિષ્યોની મદદથી તેઓ અધ્યાપન કરતા. કોઈ એક સત્તાનું પ્રભુત્વ ન હતું. વિદ્યાર્થીને પસંદગીના વિષયનું જ્ઞાન મળી શકતું અને તે ઈચ્છે ત્યારે અભ્યાસ છોડી જઈ શકતો. કોઈ ડિગ્રી પરીક્ષા ન હતી. અત્યારના જેવી, આવડતું ન હોય છતાં પ્રમાણપત્ર મળી જાય તેવી કમનસીબ સ્થિતિ તે વખતે ન હતી.

વેદો ઉપરાંત વ્યાકરણશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, વૈદક, શલ્યકર્મ, ધનુર્વિદ્યા, યુદ્ધવિદ્યા, ખગોળ, જ્યોતિષ, ત્રિકાળજ્ઞાન, નામું, વાણિજ્ય, કૃષિ, દસ્તાવેજો તૈયાર કરવા અને અન્ય બાબતો અંગેનો કાનૂની અભ્યાસ, સર્પવિદ્યા, હસ્તિવિદ્યા, હયવિદ્યા, સંગીત, નૃત્ય અને ચિત્રકલા તથા સ્થાપત્યનો સમાવેશ અભ્યાસના વિષયોમાં થતો હતો. શ્રમનો આદર થતો. સાદું જીવન અને શ્રમ અનિવાર્ય હતા. કુશાણ શાસનના અંત સુધી આ વિદ્યાપીઠની જાહોજલાલી હતી. (લગભગ ઈ.સ. ૨૫૦) કુશાણોને હરાવનારા તેમના સમયમાં આ વિદ્યાપીઠની પડતીનો પ્રારંભ થયો અને બાકી બચ્યું હતું તે પાંચમા સૈકામાં હુણોએ પૂરું કર્યું.

*'કચ્છ મિત્ર'ના સૌજન્યથી*

*'અક્કલ' તો કોનું નામ કહેવાય કે જે નઠારામાં નઠારા માણસ જોડે 'ઍડજસ્ટ' થઈ જાય તે!*

# ભારતનું સર્વોચ્ચ સન્માન - ભારત રત્ન

• સંકલન : ભવાનજી શિવજી નાંગલપુરવાલા •

ભારતરત્ન પુરસ્કાર આપવાની શરૂઆત આપણા દેશમાં ૧૯૫૪માં કરવામાં આવી હતી. અત્યાર સુધીના ૫૫ વરસના ગાળામાં કુલ ૪૧ વ્યક્તિઓને 'ભારત રત્ન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. સૌથી પ્રથમ આ પુરસ્કાર સર્વપલ્લી રાધાકૃષ્ણનને આપવામાં આવેલ હતો. સામાન્ય રીતે આ પુરસ્કાર ભારતીય નાગરિક હોય અને વિશિષ્ટ ક્ષેત્રમાં જેમણે પદાર્પણ કર્યું હોય તેમને જ અપાય છે.

## ભારતરત્ન ગૌરવ મેળવનાર મહાનુભાવો

| ક્રમ | નામ | એવૉર્ડ અપાયેલ વરસ | કયા કારણસર મળેલ એની વિશેષતા |
|---|---|---|---|
| ૧. | ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન | ૧૯૫૪ | પ્રથમ ઉપરાષ્ટ્રપતિ, બીજા રાષ્ટ્રપતિ, ફિલોસોફર તત્ત્વજ્ઞાન |
| ૨. | ચક્રવર્તી રાજગોપાલાચારી | ૧૯૫૪ | છેલ્લા ગવર્નર જનરલ |
| ૩. | ડૉ. સી.વી. રામન | ૧૯૫૪ | સ્વાતંત્ર્ય સેનાની, નોબલ પારિતોષિક, ભૌતિકશાસ્ત્રી |
| ૪. | ભગવાનદાસ | ૧૯૫૫ | સાહિત્ય, સ્વાતંત્ર્ય સેનાની |
| ૫. | મોથીગુન્દમ્ વિશ્વસરૈયા | ૧૯૫૫ | સિવિલ એન્જિનિયર |
| ૬. | જવાહરલાલ નહેરુ | ૧૯૫૫ | સ્વાતંત્ર્ય સેનાની, લેખક, પ્રથમ વડાપ્રધાન |
| ૭. | ગોવિંદવલ્લભ પંત | ૧૯૫૭ | સ્વાતંત્ર્ય સેનાની અને ગૃહમંત્રી |
| ૮. | ધોંડુ કેશવ કર્વે | ૧૯૫૮ | સમાજ સુધારક |
| ૯. | ડૉ. બી.સી. રોય | ૧૯૬૧ | ભૂતપૂર્વ મુખ્યમંત્રી પશ્ચિમ બંગાળ |
| ૧૦. | પુરુષોત્તમદાસ ટંડન | ૧૯૬૧ | સ્વાતંત્ર્ય સેનાની, શિક્ષણશાસ્ત્રી |
| ૧૧. | ડૉ. રાજેન્દ્રપ્રસાદ | ૧૯૬૨ | પ્રથમ રાષ્ટ્રપતિ અને સ્વાતંત્ર્ય સેનાની |
| ૧૨. | ડૉ. ઝાકીર હુસેન | ૧૯૬૩ | ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ |
| ૧૩. | પાંડુરંગ વામનકાણે | ૧૯૬૩ | વિચારક અને સંસ્કૃત વિદ્વાન |
| ૧૪. | લાલબહાદુર શાસ્ત્રી | ૧૯૬૬ | બીજા વડાપ્રધાન અને સ્વાતંત્ર્ય સેનાની |
| ૧૫. | ઇંદિરા ગાંધી | ૧૯૭૧ | ભૂતપૂર્વ વડાપ્રધાન |
| ૧૬. | વી.વી. ગિરી | ૧૯૭૫ | ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ |
| ૧૭. | કે. કામરાજ | ૧૯૭૬ | સ્વાતંત્ર્ય સેનાની અને મુખ્યમંત્રી - તામિલનાડુ |
| ૧૮. | મધર ટેરેસા | ૧૯૮૦ | નોબેલ પારિતોષિક મેળવનાર અને સામાજિક કાર્યકર્તા |
| ૧૯. | આચાર્ય વિનોબાભાવે | ૧૯૮૩ | સમાજ સુધારક અને સ્વાતંત્ર્ય સેનાની |
| ૨૦. | ખાન અબ્દુલ ગફારખાન | ૧૯૮૭ | સ્વાતંત્ર્ય સેનાની અને બિન ભારતીય વ્યક્તિ |
| ૨૧. | એમ.જી. રામચંદ્રન | ૧૯૮૮ | અભિનેતા અને તામિલનાડુના મુખ્યમંત્રી |
| ૨૨. | ડૉ. બી.આર. આંબેડકર | ૧૯૯૦ | ભારતના બંધારણના ઘડવૈયા |
| ૨૩. | નેલ્સન મંડેલા | ૧૯૯૦ | દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ. |
| ૨૪. | રાજીવ ગાંધી | ૧૯૯૧ | ભૂતપૂર્વ વડાપ્રધાન. |

*શુદ્ધ જ્ઞાનથી મોક્ષ, સદ્‌જ્ઞાનથી સુખ ને વિપરીત જ્ઞાનથી દુ:ખ.*

| | | | |
|---|---|---|---|
| ૨૫. | વલ્લભભાઈ પટેલ | ૧૯૯૧ | ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને સ્વાતંત્ર્ય સેનાની |
| ૨૬. | મોરારજી દેસાઈ | ૧૯૯૧ | સ્વાતંત્ર્ય સેનાની અને ભૂતપૂર્વ વડાપ્રધાન. |
| ૨૭. | મૌલાના અબુલકલામ આઝાદ | ૧૯૯૨ | સ્વાતંત્ર્ય સેનાની અને ભારતના પ્રથમ શિક્ષણમંત્રી |
| ૨૮. | જે.આર.ડી. તાતા | ૧૯૯૨ | ભારતના ઉદ્યોગપતિ |
| ૨૯. | સત્યજિત રે | ૧૯૯૨ | ફિલ્મ ડાયરેક્ટર અને ઑસ્કાર વિજેતા. |
| ૩૦. | એ.પી.જે. અબ્દુલકલામ | ૧૯૯૭ | વૈજ્ઞાનિક અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ |
| ૩૧. | ગુલઝારીલાલ નંદા | ૧૯૯૭ | સ્વાતંત્ર્ય સેનાની અને ભૂતપૂર્વ વડાપ્રધાન. |
| ૩૨. | અરુણા અસફઅલી | ૧૯૯૭ | સ્વાતંત્ર્ય સેનાની |
| ૩૩. | એમ. એસ. શુભલક્ષ્મી | ૧૯૯૮ | શાસ્ત્રીય ગાયિકા |
| ૩૪. | સી. સુબ્રમણ્યમ | ૧૯૯૮ | હરિતક્રાંતિના પ્રણેતા. |
| ૩૫. | જયપ્રકાશ નારાયણ | ૧૯૯૮ | સ્વાતંત્ર્ય સેનાની અને સમાજ સુધારક. |
| ૩૬. | પંડિત રવિશંકર | ૧૯૯૯ | સીતારવાદક |
| ૩૭. | અમર્ત્ય સેન | ૧૯૯૯ | નોબેલ પારિતોષિક વિજેતા અને અર્થશાસ્ત્રી |
| ૩૮. | ગોપીનાથ બોર્ડો લોઈ | ૧૯૯૯ | સ્વાતંત્ર્ય સેનાની |
| ૩૯. | લતા મંગેશકર | ૨૦૦૧ | પાર્શ્વગાયિકા |
| ૪૦. | ઉસ્તાદ બિસ્મિલ્લાહખાન | ૨૦૦૧ | શહનાઈવાદક |
| ૪૧. | પંડિત ભીમસેન જોશી | ૨૦૦૮ | ભારતીય શાસ્ત્રીય ગાયક |

*કચ્છવિકાસ, સી/૨, ચંદન મહલ, ૧૧મો રોડ, સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૫. ફોન : ૨૬૧૨૫૬૫૮*

# ગુજરાતના વણિકોને 'શાહ'નો શિરપાવ શી રીતે મળ્યો?

• જોરાવરસિંહ જાદવ •

જૂના કાળે વિધવિધ વરણના રહેઠાણ કે મહોલ્લા વાડા, પાડા કે પોળોના નામે ઓળખાતો ૮૪ શાખામાં વહેંચાયેલા વાણિયાવાડાની ઓળખ લોકવાણીમાં આ રીતે અપાતી :

*'નાજુક નાર ને ઘરેણાં ભારી,*
*કાલીઘેલીને ચાલે ચમકાળી,*
*પાઘડી મોટી ને શેઠજી જાડા,*
*એ એંધાણિયે વાણિયાવાડા.'*

આજે મારે આ વાણિયાવાડની કે વણિકો સાથે જોડાયેલી – ઊભો વાણિયો લાખનો અને પડ્યો કોડીનો' 'આગળ બુદ્ધિ વાણિયો, પાછળ બુદ્ધિ બ્રહ્મ' 'વાણિયા વિદ્યા કરવી' 'વાણિયા ભૈની મૂંછ નીચી કહે સાતવાર' કહેવતોની વાત નથી કરવી પણ આ ડાહીમાના વ્યવહારકુશળ અને ચતુરસુજાણ દીકરાઓની ઉદારતાની, દાતારીની અને તેમને 'શાહ' શિરપાવ શી રીતે મળ્યો અને મુસ્લિમ સુલતાનોની હારોહાર તેમની બેઠક કેમ પડતી તેની રસપ્રદ કથા અહીં માંડવી છે.

ઈતિહાસ, પુરાણી પોથીઓ અને જૂની વહીઓના જર્જરિત પાના ઉકેલીએ તો એમાંથી દાનવીર ખેમા દેદરાણીની દિલાવરીની કથા આળસ મરડીને બેઠી થાય છે. ઈ.સ. ૧૨૯૮માં અલ્લાઉદ્દીન ખીલજીએ ગુજરાત માથે આક્રમણ કર્યું ત્યારે વાઘેલા-સોલંકી વંશનો છેલ્લો રાજવી કર્ણદેવ રાજ્ય કરતો હતો. ધસમસતા પૂરની જેમ પ્રસરેલા સુલતાનના સૈન્યે ગુજરાત જીતી લીધું. કર્ણદેવ જીવ બચાવીને નાસી છૂટ્યો. આ વિજય પછી અલ્લાઉદ્દીન ખીલજીએ તેના સાળા અલ્ફખાનને ગુજરાતના નાઝિમ (સૂબા) તરીક નીમતાં ગુર્જર રાજપૂતોની રાજ્ય સત્તા અસ્ત પામી અને મુસ્લિમ સત્તાનો ઉદય થયો. મુસલમાન શાસકોમાં અમદાવાદ વસાવનાર અહમશાહ બાદશાહે ગુજરાતમાં સલ્તનતનો પાયો નાખ્યો.

પંદરમી સદીના ઉત્તરાર્ધ સમયની આ વાત છે. અહમદશાહ પછીના સુલતાનોમાં મહમૂદશાહ બેગડો સૌથી વધુ શક્તિશાળી સુલતાન ગણાય છે. તે બહાદુર લડવૈયો અને પ્રખર વિજેતા ગણાતો. ન્યાયપ્રિયતા, યુદ્ધકૌશલ્યો, વિવેક બુદ્ધિ, હિંમત, પ્રજાવત્સલતા જેવા અનેકાનેક ગુણોને લઈને પ્રજાપ્રિય બન્યો. દૃઢ મનોબળને કારણે વિજયની વરમાળા એના ગળામાં આવીને પડવા માંડી. નાના વિજયથી એને સંતોષ નહોતો. પરિણામે મહત્ત્વાકાંક્ષી સુલતાને સોરઠી સિંહ રા' માંડલિકને મહાત કરી જૂનાણા (જૂનાગઢ) નો ગઢ જીતી લીધો.

એ કાળે મધ્ય ગુજરાતમાં ચાંપાનેરની જાહોજલાલી ઈન્દ્રને પણ ઈર્ષ્યા આવે એવી હતી. નગરની સોહામણી શેરીઓમાં સમૃદ્ધિની છોળો ઉડતી. વૈભવી નગરના નગરજનો ચંદન કાષ્ટના તો મકાનો બાંધતાં. એ સર્વ સંપત્તિનું રક્ષણ કરતો. પાવા (પાવાગઢ) નો મજબૂત ગઢ ગૌરવશાળી યોદ્ધાની માફક અડીખમ ઊભો હતો. ત્યાં જયસિંહદેવ પતાઈ રાવળની આણ વરતતી. 'મિરાતે સિંકદરી' ગ્રંથના કર્તા કહે છે કે મહમૂદશાહે જુનાગઢ પછી પાવાગઢ જીતીને ત્યાં વિજયનો વાવટો ફરકાવ્યો. આમ બબ્બે ગઢ જોડે જીતનાર મહમૂદશાહ 'બેગડા'ને નામે જાણીતો થયો.

એ પછીની વાત છે. ચાંપાનેરની જાહોજલાલી સોળે કળાએ ખીલી ઊઠી છે. નગરના પાદરમાં ફૂલવાડિયું લહેરાય છે. વેપાર વાણિજ્યથી નગર ધમધમવા માંડ્યું છે. ચાંપાનેરના નગરશેઠ અને મહાજનનો માન મરતબો વધી ગયો છે. વેપારી વાણિયા શાહ સોદાગરના નામે માનપાન, ઈજ્જત અને આબરુ પામ્યા છે. રાજદરબારમાં સુલતાનની હારોહાર એમના આસનો મંડાય છે. નગરજનોના પ્રશ્નોમાં મહાજનની સલાહ માન્ય રખાય છે. રાજાને પ્રજા સૌને લીલા લહેર છે, પણ કુદરતને આ મંજૂર નહોતું.

મેઘરાજા રીસાણા. ઈન્દ્રદેવને મનાવવા લોકોએ બાધા-માનતાયું રાખી. દેવ મંદિરોના ચોગાન યજ્ઞકુંડમાં હોમહવન કર્યાં. માનવીની કોઈ કારીને કુદરતે યારી આપી નહીં. હરિયાળા ગુજરાતની ધરતી સૂકી ભઠ્ઠ થઈ ગઈ. નદી સરોવરો સૂકાઈ ગયાં. ઘાસચારાના નીરણ વગર ઢોરઢાંખર ટપોટપ મરવા મંડાણા. ગાયું મકોડા ભરખવા માંડી. ભૂખના કાર્યના દુઃખે માવતરે બાળુડાં, છાંડ્યાં. ધરતી માથેથી માનવીનો ધર્મ અને આંખની શરમ સઘળુંય જાતું રહ્યું. દુકાળિયા ભૂખ્યા માનવટોળાં ઠેરઠેર ભટકવા માંડ્યા. ખાવાનું કંઈ ન મળતાં ભૂખ્યા દુખ્યા માનવો એ ઝાડના પાંદડા અને થડિયાની છાલ છાલેય રહેવા દીધી નથી. નિહાકા નાખતા લોક કવિઓના મુખમાંથી દુહા ઠેકી ઠેકીને બહાર પડવા મંડાણા.

*'દુકાળિયામાં ચાર ગયા, દાન માન ને દીવો,*
*મેંમાનુંની મે'માનગતિ ગઈ, જેમ તેમ ફરીને જીવો (૧)*

*'આકરા દિન આવિયા, કાળે ખોલ્યું મુખ કરાળ;*
*ધરતીમાંથી નીર ચળ્યાં, માવતરે છાંડ્યાં બાળ. (૨)*

*રાંકનો ફાટ્યો રાફડો, જોનારા જાણે જાકાર;*
*આકરા દિન આવિયા, ભોં ભાસે ભેંકાર. (૩)*

*શિયળ વેચે નારિયું, પિતા વેચે બાળ;*
*ભાઈ ભાઈ જુદા પડે, વરત્યો હાહાકાર (૪)*

*આ જગતમાં આપવું-લેવું એ 'વ્યવહાર' છે. માટે આપણે એવું આપવું કે પાછું આવે ત્યારે આપણને ગમે!*

આવો કડેડીને કાળ પડ્યો. દુઃખિયા ને ભૂખિયાઓની વણઝારો ઠેરઠેર ભમવા માંડી. કાળની થપાટ પડતાં કંઈક સતિયાઓના સત અને ધનિકોની સાહ્યબી સાકાર કરતી ગામતરે વઈ ગઈ. ખોરડે ખોરડે ભૂખના ભોરિંગે ભરડો લીધો. ઘરમાં હનુમાન હડિયો કાઢવા માંડ્યા. ગોકળ આઠમ રાહડે રમવા માંડી (ઉપવાસ પડવા માંડયા). ભૂખની ભેંકાર ભૂતાવળ ભૂસકા મારવા માંડી.

*'ભૂખ નચાવત રંકહિ રાવહિ*
*ભૂખ નચાઈ જુ વિશ્વ બિગોઈ;*
*ભૂખ નચાવત ઈંદ્ર સુરાસુર,*
*ઔર અનેક જહાંલગ જોઈ*
*ભૂખ નચાવત હૈ અધઉર્ધઈ,*
*તીન હું લોક ગિનૈ કહ જોઈ.'*

અર્થાત્ : 'ભૂખ, એ રંક અને રાજા સૌ કોઈને નચાવે છે. ભૂખ મલક આખાને નચાવીને નિમાણો બનાવે છે, નીચું જોવડાવે છે. અરે ભૂખ તો ઈન્દ્ર અને દેવ દાનવોની જ્યાં સુધી નજર પડે ત્યાં સુધી સૌ કોઈને નચાવે છે. ભૂખ નીચે ને ઉપર ત્રણે લોકમાં સૌને નચાવે છે. ભૂખ તો બાપ, એવી ભૂંડી છે.'

કાળના કોલુમાં પિસાતી ભૂખી પ્રજાના દુઃખને જોઈને પ્રજા વત્સલ મહમૂદશાહ બેગડાની આંખ્યુંમાંથી ઊંઘે ઉચાળા ભર્યા છે. ચિંતાની શારડી એના હૃદયમાં ચક્કર ભમ્મર ફરવા માંડી છે. પ્રજાની ભૂખનું દુઃખ ટાળવાનો ઉપાય શું? મોટામોટા નગરશ્રેષ્ઠીઓ સાથે બેસીને બેગડો સલાહ-સૂચન માંગે છે. એક દિવસ ચાંપાનેર પધારેલા બેગડાએ નગરશેઠને તેડું મોકલ્યું. રાજનું તેડું આવતા ચાંપશી શેઠિયાએ સોનેરી કસબી ડોરનું ધોતિયું પહેર્યું છે. ઘેરદાર જામો (લાંબો ડગલો) પહેર્યો છે. માથે રાતી ચાંચાળી પાઘડી મૂકી કેડેય ભેટ બાંધી છે. ભેટે તલવાર ઝૂલી રહી છે. પગમાં મારવાડની ચાંચાળી મોજડી અરધી રહી છે. ખભે નાંખેલો ખેસ વાયરે લપેટા ખાઈ રહ્યો છે. આ બાજુ ચાંપશી શેઠ રાજદરબારમાં જવા તૈયાર થયા. ગામનું મહાજન શેઠની સાથે થયું. સૌ રાજ કચેરીએ જવા નીકળ્યા. હવે અહીં ચાંપશી મહેતાની વાંહેવાહે સાદુલખાં નામનો એક ઉમરાવ હાલ્યો આવે છે. આ આખો રસાલો બારોટવાડા પાસેથી પસાર થતો હતો ત્યાં ઓસરીમાં ખાટલો નાખી હોકો ગગડાવતા બારોટ, નગરશેઠને ભાળી ગયા. શેઠિયાને લાટાપાટા તૈયાર થયેલા જોઈને બારોટે બિરદાવલીના દુહાનો ઘા કર્યો.

*'ચતુરાઈ ચારણતણી, ઠા રાજપૂતા;*
*વરણચકોર વાણિયો, કો'કો' અવધૂતા'*

દૂહો સાંભળી ચાંપશી મહેતાનો માંહ્યલો કૉળી ઊઠ્યો. એના અંતરમાં આનંદનો અબીલ ગુલાલ ઊડવા મંડાણો. મૉજના તુર્રા છૂટતાં નગરશેઠે પોતાના ગળામાં પહેરેલી સાચા મોતીની માળા કાઢીને બંભ બારોટની ડોકમાં પહેરાવી દીધી. આ જોઈને મહાજન રાજી થયું પણ સાદુલખાં બળીને ખાખ થઈ ગયો. ઉતાવળા પગે કચેરીમાં જઈને બેગડાના કાન ભંભેરતા કહ્યું, 'જહાંપનાહ! આપણા આ રાજકવિ જાગીર તમારી ખાય ને વખાણ ઓલ્યા વાણિયાના કરે? એવું કેવું? તમારી બિરદાવલિયું ગાવાને બદલે ઓલ્યા નગરશેઠને ભલું મનવે છે. નગરમાં નિમકહરામનો થોડો જ તૂટો છે?'

આટલી વાત સાંભળીને બેગડાનું ચિત્તેય ચકડોળે ચડ્યું. એણે મનોમન નગરશેઠનું પાણી માપી લેવાનો મનસૂબો કર્યો. ત્યાં ચાંપશી મહેતા અને મહાજન કચેરીમાં આવી પહોંચ્યા. વાંહોવાહ બારોટજી પણ આવી ચડયા. સૌએ બાદશાહને સલામ ભરી પોતપોતાના આસન લીધાં. **પ્રાસ્તાવિક વાતો પછી મહમૂદશાહ બેગડાએ ગંભીર બનીને વાતનું મંડાણ કર્યું. 'રાજમાં દુકાળ ડાકલાં વગાડે છે. માનવી અનાજ પાણી વગર ટળવળે છે. પ્રજાની પીડા મારાથી જોવાતી નથી. ચાંપાનેરનું મહાજન જીવદયાપ્રેમી કહેવરાવે છે. નગરના વણિકો 'શાહ' કહેવરાવે છે. બારોટજી એમની બિરાદવલિયું ગાય છે. રાજમાં લોકો મુઠ્ઠી ધાન માટે તરફડીને મરે છે. બારોટજી! સામે બેઠેલા શ્રેષ્ઠીઓને કહી દ્યો કે ચાંપાનેરનું મહાજન રાજની પ્રજાને દુકાળ પાર કરાવે નંઈતર 'શાહ' લખવાનું છોડી દ્યે. મહિનાની મહેતલ આપું છું. આઠ દિ'ની અવધિમાં મને તમારો નિર્ણય જણાવો. બેમાંથી સારું ઈ તમારું?**

ગુજરાતમાંથી 'શાહ'નો શિરપાવ ઝૂંટવી લેવાના બેગડાના ઈરાદાને પારખી બંભ બારોટે ઊભા થઈને એક દૂહો રમતો મૂક્યોઃ

*'રાજપૂત, ચારણને વાણિયો,*
*ચોથી નખરાળી નાર;*
*એ તા ભક્તિ ન ઉપજે,*
*ઉપજે તો બેડો પાર.'*

'ચાંપશી મહેતા, જરીકેય મૂંઝાશો મા! બાદશાહ સલામતનો પડકાર મોજથી માથે ચડાવો.' આ સાંભળી નીચી નજરે ભોં ખોતરતા શ્રેષ્ઠીઓમાં નવી હિંમત આવી. મહાજનના મોવડી ચાંપશી મહેતાએ રણટંકાર કરતાં કહ્યું :

'બાદશાહ સલામત! આપ રાજવી છો. દુકાળનું દુઃખ અમારાય કાળજાં કોરી ખાય છે. રાજ જો પ્રજાને દુકાળમાંથી ન ઉગારી શકતું હોય તો અમારું મહાજન આ પડકાર ઝીલી લે છે. આપ સૌ મારી વાત સાથે સંમત છોને? મહાજનમાં આવેલા શ્રેષ્ઠીઓએ માથા હલાવીને પોતાનો મૂંગો સૂર પુરાવ્યો. ત્યારે બેગડાએ એટલું જ કહ્યું : 'મોટાઈના પારખામાં જો પાર નઈં ઉતરો તો બારોટજી પહેલા તમને અને પછી તમે જેમની મોટાઈના અહર્નિશ ગુણલા ગાવ છો એ બધાને દેશવટો દઈ દઈશ.'

'બાદશાહ સલામત! યુદ્ધે ચડેલા સૈનિકોને મોતની બીક હોતી નથી. રાજનો પડકાર માથે ચડાવીએ છીએ. રાજની પ્રજાને દુકાળમાંથી પાર નઈં ઉતારીએ તો અમારો 'શાહ'નો સરતાજ છોડી દઈશું.'

'હવે પારોઠના પગલાં ભરીએ તો આ બારોટને પેટમાં કટારી ખાઈને મરવા સિવાય બીજો આરોવારો નઈં રિયે.' બારોટે મહાજનને

*જેને કિંચિત્‌માત્ર પણ મારાપણું નથી, તે 'સંન્યાસી.'*

પેટછૂટી વાત કરી. બાદશાહ બેગડો, બારોટ અને મહાજન વચ્ચે થયેલી વડછડની વાત કચેરીમાંથી વહેતી વહેતી નગરમાં સૌ કોઈના હૈયે ને હોઠે રમવા મંડાણી. મહાજને યુદ્ધના ધોરણે કામગીરી આરંભી. ચાંપાનેરના સૌ વણિકો ભેગા થયા. ખબર પડતાં અડખેપડખેના વણિક વાણિયાઓની નવ નાત ભેગી થઈ. સૌનો એક જ સૂર હતો. ભલે ધનના ભંડાર ખાલી થઈ જાય પણ લાખ વાતેય 'શાહ'નો સરતાજ જાવા નથી દેવો. બેગડાની મમત અને વણિકોની પ્રતિષ્ઠા વચ્ચે જંગ ખેલાણો.

**ચાંપાનેરના મહાજને દુકાળના ખરડામાં ચાર મહિના લખાવ્યા. અડખેપડખેના વાણિયાઓએ પોતાના ગજા પ્રમાણે બે મહિના લખાવ્યા.** બાકીના ૬ મહિનાની જોગવાઈની ટીપ કરવા માટે ચાંપાનેરનું મહાજન ઘોડે ચડીને ચાલી નીકળ્યું. એક નગર મૂકે છે ને બીજું ઝાલે છે. એમ કરતાં કરતાં સૌ પાટણ પોગ્યા. **પાટણના મહાજને બે મહિના માથે લીધા,** ત્યાં તો વીસ દનૈયા ભાંગી ગ્યા. હજુ ચાર મહિનાની જોગવાઈ કરવાની બાકી હતી. દસ દિવસ બાકી રહ્યા હતા. મહાજનના મોવડી ચાંપાશી મહેતાને મૂંઝવણનો પાર નહોતો. કોલ ન પળાયો તો ગુજરાતભરના વાણિયાઓએ 'શાહ'નું બિરુદ છોડી દેવું પડશે. મહાજનને માથે કાળી ટીલી બેસી જશે. બારોટ આપઘાત કરીને મરશે તો પાપનો ભાર નહીં વેંઢારાય. હવે તો હરિ કરે ઈ ખરી.

આમ ચિંતાના ભારનું પોટલું માથે લઈ ચાંપશી મહેતા અને મહાજન પાટણથી અમદાવાદ આવી ધોળકા ધંધૂકા તરફ જવા નીકળ્યા. ભાલ નળકાંઠાની ધરતી માથે ઘોડાના ડાબલાની બઘડાટી બોલતી જાય છે. જાતાં જાતાં લાખેણી લાડીના લલાટે શોભતા ચાંલ્લા જેવુ હડાબા (ભાલ) નામનું નાનું એવું ગામ આપ્યું. ચાંપાનેરનું મહાજન દુકાળની ટીપ કરવા ધંધૂકા ભણી જાય છે. ચાંપશી મહેતા એના મોવડી છે એ વાતની જાણ થતાં મેલાંઘેલા, લઘરવઘર લૂંગડા પહેરેલો એક માણસ મારગ માથે આડો ફરીને ઊભો રહ્યો ને બે હાથ જોડી કાકલૂદી કરતો બોલ્યો : 'ચાંપશી શેઠ : ઘડીસાત ઊભા રિયો ને મારી એક અરજ સાંભળતાં જાઓ.'

'અરે ભલા માણસ! અટાણે અરજ સાંભળવાનો વખત નથી. મોટું મોટું નામ સાંભળીને ગામડાંના લોકો મારી રાહે ધનની માગણી કરતાં આવે છે. હું જ ધન ભેગું કરવાની વિમાસણમાં છું. ગુજરાતની પ્રજાને દુકાળ તરાવવા મહાજનનો મોભી બનીને નીકળ્યો છું. અટાણે પૈસોય આપવાનું મને પોહાય એવું નથી. ઠાલી મફતનો મારો વખત નો બગાડો.'

'નગરશેઠ! હું તમારી પાસે પૈસાની ભીખ માગવા નથી આવ્યો. હુંય વણિક છું. સાધર્મિક છું. તમારી ટેકની વાત મેં સાંભળી છે. ભલા થઈને મારે ઘેર છાશું પીવા (રોટલા જમવા) પધારો એવી અરજ ગુજારવા આવ્યો છું.'

ચાંપશી મહેતા થોડા ઢીલા પડ્યા ને બોલ્યા, 'તમારું નામ?'

લોકો મને ખેમા દેદરાણી તરીકે ઓળખે છે. મહાજન મારા આંગણે પગલાં કરી આંગણું પવિતર કરતાં જાય એટલી મારી અરજ છે. મેંય સાંભળ્યું છે કે જૈન શ્રેષ્ઠીઓ દુકાળના ટાણે જગતને જીવાડવા નીકળ્યું. છે. શ્રેષ્ઠીઓએ પોતાના ભંડાર ખોલી નાંખ્યા છે. ગરીબ ખેડૂતો કણમાંથી અર્ધોકણ આલે છે. મોટા મનના મહાજનો કણને મણ માની એનો સ્વીકાર કરે છે. મનેય કંઈક આપવાનો ભાવ છે. ઘૈડિયાની પુનઈના પ્રતાપે યશાશક્તિ આપની ટહેલમાં કંઈક આપવું છે પણ આપ સૌ એકવાર મારા આંગણે પધારો.'

આમ બોલતો ખેમો દેદરાણી મહાજનના પગમાં પાઘડી ઉતારી સૌને પોતાના ઘરે લઈ ગયો. દેદરાણીના ડહેલામાં મહાજને મુકામ કર્યો. ઓસરીમાં રાતી જાજમ સાથે ગાદલાં ને તકિયા નંખાઈ ગયા. ઓતરિયા ગામના કુંભારે બનાવેલા માટીના ગોળામાંથી ટાઢાબોળ પાણીના કળશ્યા આવ્યા. હાથ મોં ખંગાળી શેઠિયાઓને જામા ને પાઘડિયું ખીંટીએ ટાંગ્યાં. ચા પાણી પીને સૌ દુકાળિયા મલકના માનવીઓની કઠણાઈની વાતોએ વળગ્યા. ત્યાં તો ગામના શેઠિયાઓ આવી ગયા. રસોઈ તૈયાર થતાં સૌ જમ્યાં. એ પછી ચાંપશી મહેતાએ ટીપ કાઢીને મંઈ નામ માંડ્યું : 'ખેમા દહેરાણી હડાળા ભાલ.' અને રકમ ભરવા ટીપ દેદરાણીના હાથમાં મૂકી.

સોનારૂપાની વાટકિયુંમાં દૂધ પીને મોટા થયેલા ખેમા દેદરાણીના બાપુ જીવા દેદરાણી ખાટલામાં બેઠા બેઠા હોકો ગગડાવે છે. નેવું વરહના કાળના ઝપાટા ખમીને બેઠેલા નવકારસી ધામ બેઠા બેઠા નવકાર મંત્ર જપે છે. ખેમા દેદરાણીએ આવીને બાપને ટીપ બતાવીને એટલું જ કીધું, 'બાપુ! દેશમાં દુકાળ ડાકલા વગાડે છે. ભૂખના દુઃખે માનવી રીબાઈ રીબાઈને કાળનો કોળિયો થઈ જાય છે. ભૂખનું દુઃખ દુનિયામાં ભારે ભૂંડું છે. ભૂખે મરતાં માનવીઓને બચાવવા બેગડાએ બે હાથ જોડીને મહાજનને વિનંતી કરી છે. મહાજન ગામોગામ જઈને અનાજ અને ઢોર ઘાસચારો એકઠો કરવા અરજ ગુજારે છે. આ બધા શ્રેષ્ઠીઓ આજ આપણે આંગણે પધાર્યા છે. બાપુ! આપણે ટીપમાં શું લખાવવું છે?'

મોં પર આનંદની રીંછડી રમાડતા તપસી બાપ એટલું જ બોલ્યા : 'દીકરા ખેમા! જરૂર કરતાં વધુ ધનના ઘરમાં ઢગલા કરીએ તો આપણે ન ઈચ્છીએ તો પણ અધરમ થાય, અન્યાય થાય. લખમીને પૂન્યદાનમાં ન વાપરીએ તો એ બુરા કામ કરાવે. ધન્ય ઘડી ધન્ય ભાગ્ય કે મહાજન આપણા આંગણે આશા લઈને આવ્યું છે. આપણી સાત પેઢી તરી જાય એવો આ ઊજળો અવસર આવ્યો છે. મહાજન આગળ આપણા કણના સંધાય કોઠાર ઉઘાડા મેલી ઘો. માનવતાને સાદ પડે ત્યાં આપણાથી મૌન કેમ બેસાય? 'જીવો અને જીવાડો'નું પુણ્ય આપણા ધરમમાં મોટું મનાયું છે. આપણા પૂ. સુરીશ્વરજી મ. સાહેબે આજથી પાંચ વર્ષે પૂર્વે કોઠારો બનાવી એમાં કણ (અનાજ) સંઘરવાનો આદેશ આપ્યો હતો, જેથી કાળ દુકાળે ભૂખ્યાં માનવીઓને જીવાડી શકાય. મેં અઢળક દ્રવ્ય ખરચીને કણના કોઠારો ભર્યાં છે. ગુરુદેવની આગમવાણી આજ સાચી પડી છે.

**ખેમા દેદરાણીએ મહાજનને બે હાથ જોડીને એટલું જ**

*અજ્ઞાનનો સ્વીકાર, એ જ સાચો જ્ઞાનમાર્ગ.*

**કહ્યું, 'આજથી ટીપ બંધ કરો. રાજની પ્રજાને દુકાળ તરવા જે જોઈશે ઈ તમામ ખર્ચ હું આપીશ. અનાજ અને ઘાસચારાનોય બંદોબસ્ત હું કરીશ. આપ ચિંતામુક્ત બનીને ચાંપાનેર પાછા પધારો અને બેગડાને કહો દુકાળની કોઈ ચિંતા ન કરે.'**

આટલું બોલીને ખેમા દેદરાણીએ હૈયા કપાટ સરખા સઘળા અનાજ અને દ્રવ્યના ભંડારા સંઘને સમર્પિત કરી દીધા. મહાજને જોયું તો જીવા દેદરાણીએ પોતાના એકસોને આઠ મકાનોના મધ્ય ભાગમાં ઊંડા કૂવા જેવા કોઠારો કરાવેલા. એમાં ઘઉંનું કુલંબ ભરી વચ્ચેના ભાગમાં ઘઉં ભરી રાખેલા. અનાજ સંઘરવાની આવી સૂઝને કારણે પાંચપાંચ વરસના વહાણાં થયાં પછીયે અનાજનો એકેય દાણો સડયો નહોતો. સઘળા કોઠાર ઘઉંથી છલોછલ ભર્યા હતા.

મહાજનના જૈન શ્રેષ્ઠીઓ મેલાઘેલા માનવીની દિલાવરી દેખીને આશ્ચર્યચકિત થઈ ગયા. ચાંપશી મહેતાને મોટાઈનું અભિમાન ઓસરી ગયું. ગામડાગામના વણિકને મહાજન વંદન કરી રહ્યું. સૌની આંખમાંથી હરખના આંસુડાં વહ્યાં જાય છે. ભૂખ્યા લોકોને માટે ગાડામાં અનાજ ભરાવા માંડ્યું. પોઠિયા, ગાડાં અને એકાની હકડેઠઠ હાર્યય લાગી ગઈ. **આ સમાચાર કાસદ મારફતે મહમૂદશાહ બેગડાને પહોંચ્યા. એનાથી એટલું બોલી જવાયું, 'અલ્લાહ પરવર દિગાર! તેરા અહેસાનમંદ હું.'**

ઈતિહાસના પાના ઉઘાડતાં જણાય છે કે મહમુદશાહ અર્થાત્ મહંમદ બેગડાએ ખેમા દેદરાણી અને એના બુઢ્ઢા તપસ્વી બાપાને ચાંપાનેર તેડાવ્યા. દરબાર ભરીને બેગડાએ દાનવીર બાપ-દીકરાનું, ચાંપશી મહેતા અને મહાજનના સૌ શ્રેષ્ઠીઓનું ઉમળકાથી સન્માન કર્યું. **એ વખતે બેગડાએ પ્રજાજનોને જાહેરમાં કહ્યું કે 'ગુજરાતમાં આજથી પ્રથમ 'શાહ' વાણિયા અને બીજો શાહ સુલતાન બેગડો!' બસ ત્યારથી જૈન વણિકોને 'શાહ' શબ્દનો શિરપાવ મળ્યો. દુષ્કાળમાં જગ જીવાડનારા જૈનોનો જય જયકાર થયો. આ પૂર્વે માત્ર રાજદરબારમાં 'શાહ' શબ્દ રાજ્યના અધિકારી કે સુલતાનને માટે જ વપરાતો હતો. આ દિવસથી 'શાહ' શબ્દ સમગ્ર વણિકોની નાતને માટે વપરાતો થયો.** એની કહેવત લોકજીભે રમતી થઈ :

*'પ્રથમ શાહ વાણિયા,*
*બીજા શાહ સુલતાન.'*

આમ દાનેશ્વરી વાણિયાની કીર્તિ જગમાં અમર થઈ ગઈ.

*ગુજરાત લોકકલા ફાઉન્ડેશન*
*૨, પ્રોફેસર્સ કોલોની, અમદાવાદ. મો. ૯૮૨૪૦ ૨૮૩૨૬*

## શિવમંદિરના મહંત

ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લાના એક નાના ગામમાં ૫૮ વર્ષના રમાશંકર કુશવાહા છે જે ત્યાંના શિવમંદિરના મહંત છે. પરંતુ તેઓ દર મહિનાના ૧૫ દિવસ જિલ્લાભરમાં પોતાના શિષ્યો સાથે ભીખ માંગવા નીકળે છે. આ રીતે મળેલી રકમમાંથી ગરીબ, બેસહારા, દલિત છોકરીઓના લગ્ન શિવમંદિરના જ સંકુલમાં કરાવી આપે છે. છેલ્લા ૫ વર્ષમાં આ સંત-ભિખારીએ ૬૦૦ જેટલી દલિત-આદિવાસી ગરીબ કન્યાઓનાં લગ્ન કરાવી આપ્યા છે.

*'સાધના', ૪-૧૨-૧૦ના અંકમાંથી, પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

# વસિયતનામાનું મહત્ત્વ સમજો!

• મુકેશ પટેલ •

## 'વીલ' બનાવવાનું અત્યંત સરળ, ન બનાવ્યું હોય તો અનેક પ્રશ્નો!

- **વસિયતનામું ન બનાવ્યું હોય તો?**

વસિયતનામું બનાવ્યા વગર વ્યક્તિનું અવસાન થાય તેવા કેસમાં ઉપર જણાવ્યા મુજબ વ્યક્તિને લાગુ પડતા સંબંધિત 'લૉ ઓફ ઇન્ટેસ્ટેટ સક્સેશન'ના આધારે તેની મિલકતની વહેંચણી કરવાની રહે. દૃષ્ટાંત સ્વરૂપે, હિંદુઓના કેસમાં હિંદુ સક્સેશન એક્ટની જોગવાઈઓના આધારે કોઈ હિંદુ પુરુષનું 'ઇન્ટેસ્ટેટ' અવસાન થાય, તો આ કાયદાની કલમ-૯ ના આધારે તેની મિલકત તેના 'ક્લાસ વન' હેઠળ નિર્દિષ્ટ કરેલા વારસદારો હયાત હોય તો તેમની વચ્ચે સરખે હિસ્સે વહેંચવાની રહે. 'ક્લાસ વન'ના વારસદારોમાં પુરુષ વ્યક્તિની વિધવા-પત્ની, પુત્રો, પુત્રીઓ, માતા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. હિંદુ પુરુષના અવસાન બાદ મિલકતની વહેંચણી અંગે આપણા સમાજમાં પ્રવર્તતો સામાન્ય ખ્યાલ અને વ્યવહાર એ હોય છે કે મરનારની મિલકત તેની વિધવા તેમજ પુત્રો વચ્ચે જ વહેંચવામાં આવે. પરંતુ કાયદાકીય જોગવાઈઓ અનુસાર, મરનારની પુત્રીઓ (પરિણીત તેમજ અપરિણીત) તથા માતાને પણ તેની વિધવા તથા પુત્રો જેટલો જ સરખો હિસ્સો મળવાપાત્ર રહે. જો વાસ્તવમાં મિલકતની આમ વહેંચણી કરવામાં ન આવે તો કૌટુંબિક મનદુઃખ તથા ક્લેશ થવાની પૂરી શક્યતાઓ રહે. વ્યક્તિએ જો પોતાના વારસદારો વચ્ચે પોતાની મિલકતની સ્પષ્ટ વહેંચણી દર્શાવતું વસિયતનામું બનાવ્યું હોય તો, આવી નાજુક પરિસ્થિતિઓ અને તેમાંથી ઉદ્‌ભવતી સમસ્યાઓ નિવારી શકાય. વળી વ્યક્તિની અમુક પ્રકારની સ્થાવર-જંગમ મિલકતો તેના અવસાન બાદ તેના વારસદારોના નામે ચઢાવવાની હોય તેવા સંજોગોમાં પણ વસિયતનામાના આધાર વગર તેમ કરવાનું ઘણું મુશ્કેલ બને. આવા સંજોગોમાં વારસદારોએ સિવિલ કોર્ટમાંથી 'સક્સેશન સર્ટિફિકેટ' મેળવવાનું રહે, જેની કાર્યવાહી ઘણી ખર્ચાળ અને સમય માંગી લે તેવી છે.

- **વસિયતનામા વિશે કેટલાક પ્રાથમિક ખ્યાલ :**

કોઈપણ પુખ્તવયની તેમજ સ્વસ્થ મગજ ધરાવતી વ્યક્તિ પોતાની મિલકત સંબંધી વીલ યાને વસિયતનામું કરી શકે છે. વ્યક્તિ પોતાની તમામ સ્વ-ઉપાર્જિત મિલકત પોતાના વસિયતનામા હેઠળ જેને ચાહે તેને આપવાનું ઠરાવી શકે. આનો એકમાત્ર અપવાદ એ છે કે 'મુસ્લિમ લૉ'ની જોગવાઈઓ અનુસાર કોઈપણ મુસલમાન પોતાની મિલકતનો માત્ર એક તૃતિયાંશ ભાગ જ વસિયતનામા હેઠળ આપી શકે. 'હિન્દુ લૉ' ની જોગવાઈ અનુસાર હિંદુ હોય તેવી પુરુષ વ્યક્તિ, પોતાની સ્વ-ઉપાર્જિત મિલકત ઉપરાંત હિંદુ અવિભક્ત કુટુંબમાંથી મિલકતમાં પોતાના હક્ક કે હિત સંબંધી વસિયતનામું કરી શકે છે. વ્યક્તિએ પોતાના વસિયતનામાં હેઠળ પોતાની મિલકતની જે કાંઈ વહેંચણી કે વ્યવસ્થા કરાવી હોય તેનો અમલ તેના અવસાન પછી જ થાય છે અને તેથી પોતાની હયાતી દરમિયાન તે જેમ ચાહે તેમ તેનો ઉપભોગ કરી શકે છે. વળી, પોતાના જીવનકાળ દરમિયાન વ્યક્તિ ચાહે તેટલીવાર પોતાનું વસિયતનામું બદલી શકે છે. નવું વસિયતનામું બનાવવામાં આવે ત્યારે જૂનું વસિયતનામું સ્વયં રદબાતલ થયેલું ગણાય છે. વ્યક્તિનું અવસાન થાય ત્યારે તેણે બનાવેલું છેલ્લામાં છેલ્લું વસિયતનામું અમલી ગણાય. વ્યક્તિએ અગાઉ વસિયતનામું બનાવ્યું હોય અને જો તે સંપૂર્ણતઃ નવું વસિયતનામું બનાવવાને બદલે તેમાં કેટલાક સુધારાવધારા કે પુરવણી કરવા માગતી હોય, તો આવા સંજોગોમાં તે પૂરક કે વધારાનું વસિયતનામું તૈયાર કરી શકે જેને 'કોડીસીલ' કહેવામાં આવે છે. 'કોડીસીલ' બનાવવામાં આવી હોય ત્યારે 'વીલ' અને 'કોડીસીલ' બંને સંયુક્ત અને એકબીજાને પૂરક દસ્તાવેજો બની રહે છે.

**વસિયતનામું સાદા કાગળ ઉપર પણ કરી શકાય છે અને તે માટે કોઈ 'સ્ટેમ્પ પેપર' કે 'લીગલ પેપર'ની જરૂર નથી.**

- **વસિયતનામું બનાવતી વખતે શું ખ્યાલમાં રાખશો :**

કોઈપણ વ્યક્તિ માટે પોતાનું વીલ કે વસિયતનામું બનાવવું સરળ છે. વસિયતનામું બનાવવાના સંદર્ભમાં નીચે જણાવેલા મુદ્દા ધ્યાનમાં રાખવા જેવા છે.

૧. વસિયતનામું સાદા કાગળ ઉપર કરી શકાય છે અને તે માટે કોઈ 'સ્ટેમ્પ પેપર' કે 'લીગલ પેપર'ની જરૂર નથી.

૨. વસિયતનામું તૈયાર કરવા માટે કોઈ કાયદાકીય ભાષાના પ્રયોગની જરૂર નથી. વસિયતનામું બનાવનાર વ્યક્તિની ઈચ્છા સ્પષ્ટ અને સમજી શકાય તેવી સાદી અને સરળ ભાષામાં રજૂ કરવામાં આવે તે ઈચ્છનીય છે.

૩. વસિયતનામું તૈયાર કરવા સંબંધી સૌથી મહત્ત્વની બાબત એ છે કે

*'પોતાના' આધારે જીવે તે 'પરમાત્મા' અને 'પુદ્‌ગલ'ના આધારે જીવે તે 'જીવાત્મા.'*

વસિયતનામાના અંતમાં વસિયત બનાવનાર વ્યક્તિએ 'એટેસ્ટેશન' સ્વરૂપે બે સાક્ષીઓની ઉપસ્થિતિમાં પોતાની સહી કરવી જોઇએ. સાક્ષીઓએ સહી કરતી વખતે વસિયતનામાની વિગતો જાણવી કે વાંચવી જરૂરી નથી. વસિયતનામા હેઠળ જેને લાભ મળવાનો હોય તેવી વ્યક્તિની સાક્ષી તરીકે સહી ન લેવામાં આવે તો તે સલાહભર્યું ગણાય.

૪. વસિયતકાર વસિયતનામાના દરેક પાનાની નીચે પોતાની સહી કરે તે સલાહભર્યું બની રહે. આ ઉપરાંત જો વસિયતનામામાં સુધારા-વધારા કે છેકછાક કરવામાં આવે તો આવા સ્થળે અથવા સામે માર્જિનમાં વસિયતકાર તેમજ સાક્ષીઓએ ટૂંકમાં સહી કરવી જરૂરી છે. અલબત્ત, જો વસિયતનામામાં વધારે પડતી છેક-છાક કે સુધારા-વધારા કરવા જરૂરી હોય, તો તે સંજોગોમાં વસિયતનામું નવેસરથી તૈયાર કરાય તે હિતાવહ ગણાય. ઉપર જણાવ્યા મુજબ વ્યક્તિ પોતે ચાહે તેટલીવાર પોતાનું વસિયતનામું બદલી શકે છે અને નવું વસિયતનામું બનાવવામાં આવતાં, જૂનું આપોઆપ રદ થયેલું ગણાય છે.

૫. વીલ યા વસિયતનામું 'રજિસ્ટ્રેશન' અર્થાત નોંધણી કરાવવી જરૂરી નથી. અલબત્ત, વસિયતનામાની કાયદેસરતા પડકારવામાં આવે તેવા સંજોગો ઊભા થવાનો વસિયતકારને સંશય હોય, ત્યારે વીલનું 'રજિસ્ટ્રેશન' અથવા નોટરી પબ્લિક સમક્ષ 'નોટરાઇઝેશન' કરાવવાનું વિચારી શકાય. આવા સંજોગોમાં વીલનાં અંતમાં સાક્ષીઓની સહી ઉપરાંત, વ્યક્તિના ફેમિલી ડૉક્ટરની સહી અને વ્યક્તિનાં તન અને મનની દુરસ્તતાનું પ્રમાણપત્ર આવરી લેવામાં આવે તો તે સલાહભર્યું બની રહે.

૬. વસિયતનામાનો અમલ વ્યક્તિના અવસાન બાદ થનાર હોઇ, વસિયતકારે પોતાની મિલકતની વહેંચણી કે વ્યવસ્થા સંબંધી જે યોજના કરી હોય, તેનો અમલ કરવા માટે વીલમાં 'એક્ઝિક્યુટર્સ' યાને વહીવટકર્તાની નિમણૂક કરવી જરૂરી બને છે. વસિયતકારે પોતાની વિશ્વાસુ હોય તેવી એક અથવા વધુ વ્યક્તિઓની વીલમાં 'એક્ઝિક્યુટર્સ' તરીકે નિમણૂક કરવી જોઇએ અને વીલમાં તેનો ઉલ્લેખ કરવો જોઇએ.

૭. એકવાર તૈયાર કરેલ 'વીલ'માં અમુક મુદ્દાઓની પુરવણી કે કેટલાક સુધારા-વધારા કરવાનું જરૂરી બને, તો તે સંજોગોમાં પૂરક દસ્તાવેજ રૂપે 'કોડીસીલ' તૈયાર કરી શકાય. 'કોડીસીલ' તૈયાર કરવા માટે 'વીલ' બનાવવા સંબંધી ઉપરોક્ત મુદ્દાઓ ખ્યાલમાં રાખવા જોઇએ. 'કોડીસીલ' બનાવવામાં આવ્યું હોય, તો તેને 'વીલ' સાથે જ રાખવું સલાહભર્યું ગણાય. વસિયતકારે બનાવેલ 'વીલ' તેમજ 'કોડીસીલ'ની 'ઓરિજિનલ' વ્યવસ્થિત અને સુરક્ષિત સ્થળે મૂકી તેની જાણ પોતાના કુટુંબ કે નિકટના મિત્રોને કરવી જોઇએ. આ ઉપરાંત બંધ કવરમાં 'વીલ તેમજ કોડીસીલ'ની નકલો, વીલ હેઠળ નીમવામાં આવેલ 'એક્ઝિક્યુટર્સ' યાને વહીવટકર્તાઓને આપી શકાય તેમ હોય તો તે વ્યવહારિક સંદર્ભમાં સલાહભર્યું બની રહે.

***સાભાર : 'સંદેશ', તા. ૨૨-૧૧-૧૦***

## તમારા રોકાણોના સંદર્ભમાં આટલું જરૂર ખ્યાલમાં રાખશો!

*વ્યક્તિના અવસાન બાદ તેની મિલકત તેમજ રોકાણો તેના વસિયતનામા અનુસાર તેણે કરેલી જોગવાઈઓ મુજબ તેના વારસદારોને મળે છે. જો વસિયતનામું ન હોય તો વ્યક્તિને લાગુ પડતા 'લૉ ઓફ ઈન્ટેસ્ટેટ સકસેશન' મુજબ તેની મિલકતની વહેંચણી કરવાની રહે. આ સંદર્ભમાં વ્યક્તિએ જો નીચે જણાવેલી બાબતોનો ખ્યાલ અને કાળજી ન રાખ્યાં હોય, તો તેના વારસદારોને તેની મિલકતો કે રોકાણોનો લાભ મેળવતાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.*

*૧. તમામ બેંક એકાઉન્ટ, ફિક્સ્ડ ડિપોઝિટ, શેર, ડિબેન્ચર વગેરેનાં રોકાણો તમારાં પત્ની, પુત્ર-પુત્રી કે નજીકનાં સંબંધી સાથે સંયુક્ત (જોઈન્ટ) નામે રાખવાની ખાસ તકેદારી લેશો. એમાંનું કોઈ પણ રોકાણ તમારા એકલાના (સીંગલ) નામે હોય તો તમારા અવસાન સમયે તમારા વારસદારોને આવું રોકાણ તેમના નામે કરાવતાં કે તેનો ઉપયોગ કરવા માટે સિવિલ કોર્ટ પાસેથી 'પ્રોબેટ' કે 'સકસેશન સર્ટિફિકેટ' મેળવવાનું રહે. જેની વિધિ સારો એવો ખર્ચ તેમજ સમય માંગી લે તેવી હોય છે.*

*૨. તમારી જીવન વીમા પોલિસી, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ એકાઉન્ટ વગેરે અન્ય રોકાણો, જેને સંયુક્ત નામે રાખવાની સુવિધા નથી, તેવાં રોકાણોના સંદર્ભમાં 'નોમિનેશન'ની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. આવું 'નોમિનેશન' તમારા કોઈ પણ વારસદારની તરફેણમાં કરી શકાય. એ ખ્યાલમાં રાખવું જરૂરી છે કે 'નોમિની', તમારા અવસાન બાદ આવી મિલકત કે રોકાણની રકમ પ્રાપ્ત કરવાને હક્કદાર બને છે, પરંતુ તેનો આપોઆપ માલિક બનતો નથી. આવી મિલકત કે રોકાણનો માલિકી હક્ક તો તમારા વસિયતનામામાં ઠરાવ્યા મુજબ અથવા વારસાગત હિત મેળવનાર સંબંધિત વ્યક્તિ કે વ્યક્તિઓનો જ રહે છે.*

## ખરીદ-વેચાણમાં પાઘડી

ઘણા વર્ષોથી આપણા દેશમાં દુકાન-ઓફિસ વગેરેના ખરીદ-વેચાણ વખતે 'પાઘડી'ની લેવડ દેવડ થતી- થાય છે- તે જાણીતી વાત છે. હવે જાણવા મળે છે કે સરકારે 'પાઘડી'ને કાયદેસર-લીગલ-કરી છે. હવે 'પાઘડી'ની રકમ ચેકથી લઇ શકાય, ઘરધણીને પણ તેનો હિસ્સો ચેકથી આપી શકાય.

***- રવીન્દ્ર સાંકળિયા***
***(ભૂમિપુત્ર, તા. ૧-૧૧-૧૦, પાના નં.-૨૯)***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*કલેશ રહિતનું મન થયું તે 'મોક્ષ', કલેશ સાથેનું મન તે 'સંસાર.'*

# વીતેલા વર્ષ (૨૦૧૦)માં વિવિધ રાજ્યોના રાજકીય ફેરફાર પર સિંહાવલોકન

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

**• પ્રાસ્તાવિક :**

આગલા બે વર્ષોની સરખામણીમાં ૨૦૧૦ દરમ્યાન ઓછા રાજકીય ફેરફારો થયા છે. ૨૦૦૮માં અને ૨૦૦૯માં સાત, જ્યારે ૨૦૧૦માં ફક્ત એક રાજ્ય (બિહાર)માં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. ત્યાં વર્તમાન શાસન અને સુકાની ચાલુ રહ્યા છે. વર્ષ દરમ્યાન ચાર રાજ્યોના મુખ્યપ્રધાનો અને આઠ રાજ્યોના રાજ્યપાલો બદલાયા છે. આપણે તેની રાજ્યવાર સમીક્ષા જોઈએ.

**• મેઘાલય : રાજકીય અસ્થિરતા**

૨૦૦૯માં કોંગ્રેસ પ્રેરિત ડોનકુપર રોયની સરકાર પડી ભાંગતાં લગભગ બે માસના રાષ્ટ્રપતિ શાસન બાદ કોંગ્રેસ - યુડીપી ગઠિત 'મેઘાલય યુનાઈટેડ એલાયન્સ'ના નેજા તળે ૧૩મી મે, ૨૦૦૯ના ડી.ડી. લેપાંગે સત્તા સંભાળી હતી.

ટૂંકા કાર્યકાળમાં એમણે નાયબ મુખ્ય પ્રધાન ફ્રોઈંડ લિંગડોહને બીજા મુખ્યમંત્રી તરીકે નીમીને (૩૧-૧-૧૦) 'એક રાજ્યમાં બે મુખ્યપ્રધાનો' જેવો પહેલો રાજકીય બનાવ સર્જ્યો હતો. સત્તા ટકાવવાના આ દેખીતા પ્રયાસ છતાં અઢી મહિનામાં જ પક્ષીય બળવાનો સામનો કરવો પડ્યો.

એક મહિના ચાલેલી અસંતુષ્ટિ લડતના પગલે લેપાંગે ૧૮-૪-૧૦ના રાજીનામું આપ્યું અને ૨૦-૪-૧૦થી મુકુલ સંગમા મેઘાલયના સુકાની બન્યા છે. રાજ્યના ૩૮ વર્ષના ઈતિહાસમાં બનેલી આ ૨૨મી અને છેલ્લા ૧૦ વર્ષમાં બનેલી ૧૧મી સરકાર છે!

**• ઝારખંડ : ભવાઈ ચાલુ છે!**

આવી જ રાજકીય અસ્થિરતા ઝારખંડ પણ ભોગવી રહ્યું છે. ૨૦૦૯ની ચૂંટણીઓમાં ખંડિત પરિણામો પછી ફરી ઝામુમો - ભાજપ મોરચા સરકાર આવી અને શિબુ સોરેન ત્રીજી વખત મુખ્ય પ્રધાન (૩૦-૧૨-૦૯) બન્યા, પણ અગાઉની જેમ જ અલ્પ સમય રહ્યા.

૨૭-૪-૧૦ના લોકસભામાં વિપક્ષ પ્રેરિત કાપ દરખાસ્ત વિરુદ્ધ સોરેને મત આપતાં ૨૪-૫ના ભાજપે ટેકો પાછો ખેંચ્યો અને વિશ્વાસમત પહેલાં જ તેમણે રાજીનામું (૩૦-૫-૧૦) આપતાં સવા મહિનાની રાજકીય ભવાઈના અંતે ૧-૬-૧૦થી ત્યાં પણ રાષ્ટ્રપતિ શાસન લદાયું હતું.

તે પછી વારાફરતી સત્તા ભોગવવાની સમજૂતીના પગલે ભાજપના અર્જુન મુંડાની નેતૃત્વ તળે ૧૦-૯-૧૦ના નવી સરકાર રચાઈ છે. સોરેનની જેમ તેઓ પણ ત્રીજી વખત મુખ્યમંત્રી બન્યા છે. ઝારખંડની સ્થાપનાના પૂરા એક દાયકામાં આ આઠમાં સુકાની છે! પણ કોઈએ પોતાનો કાર્યકાળ પૂરો કર્યો નથી.

**• મહારાષ્ટ્ર - આંધ્ર : નેતૃત્વ પરિવર્તન**

૨૦૦૮માં મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલા પછી વિલાસરાવ દેશમુખને વિદાય થવું પડેલું. તેમ ૨૦૧૦માં આદર્શ ગૃહમંડળ કૌભાંડના પગલે અશોક ચવ્હાણને પણ મહારાષ્ટ્રની ગાદી ગુમાવવી પડી. કારગિલ શહીદો માટેની આ સોસાયટીમાં કથિત ગેરરીતિનું પ્રકરણ ખૂબ ચગ્યું હતું. પરિણામે ૯-૧૧-૧૦ના રાજીનામું આપી પદત્યાગ કર્યો.

તેમના સ્થાને કેન્દ્રીય પ્રધાન પૃથ્વીરાજ દાજીસાહેબ ચવ્હાણની પસંદગી કરાતાં ૧૧-૧૧-૧૦થી મહારાષ્ટ્રના ૨૧મા મુખ્યપ્રધાન તરીકે પદસ્થ થયા છે. આમ, આદર્શ કાંડના પગલે 'આદર્શ સુકાની'ની શોધમાં રાજ્યમાં 'ચવ્હાણના સ્થાને ચવ્હાણ' બિરાજ્યા છે. વિદર્ભ ક્ષેત્રના આ ટેકનોક્રેટ રાજકારણી રાજકારણમાં 'ડાર્ક હોર્સ' (દલિત ચહેરો) છે. કરાડ બેઠક પરથી ત્રણ વખત (૧૯૯૧, ૯૬, ૯૮) લોકસભામાં અને બે વખત (૨૦૦૨, ૨૦૦૮) રાજ્યસભામાં ચૂંટાયા છે.

બીજી બાજુ આંધ્રપ્રદેશમાં ઝડપી ગતિએ નેતૃત્વ પરિવર્તન થયું છે. હજુ ગયા વર્ષે જ રાજશેખર રેડ્ડીના અચાનક અવસાન પછી કે. રાસૈયાહ તેમના અનુગામી બનેલા. પણ રાજ્યમાં રેડ્ડીના પુત્ર જગમોહનની બંડખોર પ્રવૃત્તિઓ અંકુશમાં રાખી ન શકતાં તેમને જવું પડ્યું. તેમના સ્થાને વિધાનસભા અધ્યક્ષ કિરણકુમાર રેડ્ડી ૨૫-૧૧-૧૦થી આંધ્રના ૧૬મા મુખ્યમંત્રી તરીકે આરુઢ થયા છે.

**• બિહાર : શાસન-સુકાની બરકરાર**

આ વર્ષે યોજાયેલી એકમાત્ર બિહાર વિધાનસભા ચૂંટણીમાં 'ત્રિપાંખિયા જંગ' પછી શાસક જેડીયુ-ભાજપ જોડાણ સત્તારુઢ થયું છે અને નીતિશકુમાર રાજ્યના ૩૧મા મુખ્યમંત્રી તરીકે ચાલુ રહ્યા છે. ગુજરાતમાં પાલિકા-પંચાયતોની ચૂંટણીઓમાં 'મોદી મેજિક' ચાલ્યો તેમ બિહારમાં પણ પ્રજાએ 'નીતિશરાજ'પર મહોર લગાવી છે!

૨૦૦૦ અને ૨૦૦૫ પછી તેમણે ૨૬-૧૧-૧૦ના ત્રીજી વખત મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા છે. ચૂંટણી દરમ્યાન રાજદ નેતા લાલુપ્રસાદ યાદવ પોતે ફરી બિહારના મુખ્યમંત્રી બનવાનો હુંકાર દર્શાવતા રહ્યા હતા, પરંતુ પરિણામોએ બાકીના બંને હરીફોને માન્ય વિપક્ષપદે પણ રહેવા દીધા નથી!

**• કર્ણાટક : 'કર-નાટક'માં ફેરવાયું?**

કર્ણાટકના ૨૫મા મુખ્યપ્રધાન તરીકે ૩૦મી મે, ૨૦૦૮થી બિરાજિત બી.એસ. યેદિયુરપ્પા સામે ૨૦૦૯ની જેમ ૨૦૧૦ માં પણ આંતરિક વિરોધ ચાલુ રહ્યો. મહારાષ્ટ્રના

*જે ભગવાન પાસે ક્યારેય પણ, કોઈ પણ જાતની માંગણી ના કરે, તે સાચો ભક્ત.*

પદચ્યુત ચવ્હાણની જેમ તેઓ પણ કથિત ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. ૬-૧૦-૧૦ના ભાજપના ૧૫ અને અપક્ષ ૫ સહિત ૨૦ ધારાસભ્યોએ ટેકો પાછો ખેંચતા 'દક્ષિણ ભારતની પહેલી ભાજપ સરકાર' અસ્થિર બની હતી.

રાજ્યપાલના આદેશ મુજબ વિશ્વાસમત લેવાય તે પૂર્વે જ અધ્યક્ષે ૧૬ અસંતુષ્ટ સભ્યોને ગેરલાયક ઠેરવી દઈ યેદિ માટે માર્ગ મોકળો કરી આપ્યો. એટલી સંખ્યા બાકાત થઈ જતાં ૧૧-૧૦-૧૦ અને ૧૪-૧૦-૧૦ના બે વખત વિશ્વાસમત 'જીતી' શકાયેલો. આ ઘટના સાથે રાજ્યના ૫૮ વર્ષીય સંસદીય તવારીખમાં સૌથી વધુ (ચાર) વખત વિશ્વાસમત માંગવાનો વિક્રમ પણ યેદિના નામે નોંધાઈ ગયો છે!

આ બધું છતાં 'પોતાના ઉત્તરાધિકારી પોતે જ' (૨૧-૧૧-૧૦) કહેવા સાથે યેદિએ રાજીનામાના નકાર અને મુદત પૂરી કરવાના વલણ સાથે પોતાના વિદ્રોહી મિજાજનો પણ પરચો આપી દીધો હતો. છેલ્લે મોવડીમંડળે પણ તેમને ચાલુ રાખવાનો નિર્ણય (૨૪-૧૧-૧૦) લેતાં દક્ષિણની ડગુમગુ ભાજપ સરકાર હાલ તુરંત બચી ગઈ છે.

- **તામિલનાડુ : નિવૃત્તિની વાત કેવી?**

૨૯મી મે, ૨૦૦૯ના પુત્ર કે. સ્ટાલિનને નાયબ પ્રધાન બનાવ્યા બાદ તામિલનાડુના મુખ્યમંત્રી મુથ્થુવેલ કરુણાનિધિએ ૨૦૦૯ના અંતે એવી જાહેરાત કરેલી કે પોતે ૨૦૧૦ના મધ્યમાં રાજકારણમાંથી નિવૃત્ત થશે. પણ ૨૦૧૦ની ૨૪મી માર્ચે જ એમણે 'પોતે તરતમાં નિવૃત્ત થવાના નથી' કહીને ફેરવીને તોળ્યું હતું! તેઓ ૨૦૧૧માં યોજાનારી વિધાનસભા ચૂંટણી જીતી છઠ્ઠી વખત સત્તા કબજે કરવા ઈચ્છે છે. ગત્ વર્ષે એમને એસ.એસ.એસ. દ્વારા હત્યાની ધમકી મળ્યાના સમાચાર (૧૫-૧૦-૧૦) પણ પ્રસિદ્ધ થયેલા.

વીતેલ વર્ષ દરમ્યાન એમના સંબંધી ત્રીજી ઘટના થોડી રસિક છે. આપણે ત્યાં રાજકીય નેતાઓમાં મહાત્મા ગાંધી (પોરબંદર ઉપરાંત ઘણા સ્થળે), માજી વડાપ્રધાન અટલબિહારી વાજપેયી (ગ્વાલિયર) અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી (ભોજપુર, તા. વાંકાનેર) નાં મંદિરો નિર્માણ પામ્યા છે. આ પરંપરામાં હવે કરુણાનિધિનો પણ ઉમેરો થાય છે. ૩જી જુલાઈના સમાચાર મુજબ તામિલનાડુમાં વેલોર જિલ્લાના સમીરેડ્ડીપલ્લી ગામે 'કરુણનિધિ મંદિર' તૈયાર થયું છે!

એમ તો ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન માયાવતીનું પણ બુંદેલખંડ ક્ષેત્રમાં મંદિર બનશે એવા સમાચાર (૩-૪-૧૦) આ વર્ષે આવ્યા હતા. અત્રે તેનાથી આગલા વર્ષનો બનાવ પણ નોંધવા જેવો છે. બિહારમાં લાલુ-રાબડીના સમર્થકે માર્ચ, ૨૦૦૯ માં તેમનું મંદિર બાંધવા કરેલો પ્રયાસ ચૂંટણીના લીધે અટકાવાયો હતો.

- **પંતપ્રધાનો સંબંધી અન્ય પ્રસંગોઃ**

કોઈ અદાલતી દાવામાં વડાપ્રધાનને હાજર રહેવું પડ્યું હોય એવા પ્રથમ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી છે. તેમ કોઈ રાજ્યના મુખ્યપ્રધાનને અદાલતી કાર્યવાહીમાં ઉપસ્થિત થવું પડ્યું હોય એવા દેશમાં પ્રથમ મુખ્યપ્રધાન ગુજરાતના નરેન્દ્ર મોદી છે. ગોધરા કાંડ (૨૦૦૨) બાદ રાજ્યમાં થયેલાં કોમી તોફાનોની તપાસ માટે સર્વોચ્ચ અદાલતે નીમેલી વિશેષ તપાસ ટુકડી (સિટ) સમક્ષ તેઓ ૨૭મી માર્ચ, ૨૦૧૦ના પૂછપરછ માટે હાજર થયા હતા.

૨૦૦૨-૦૭ દરમ્યાન પંજાબના ૨૯મા મુખ્યપ્રધાન પદે રહેલા કેપ્ટન અમરેન્દ્રસિંહની વિધાનસભામાંથી કરાયેલી બરતરફીને સર્વોચ્ચ અદાલતે ૨૬-૪-૧૦ના ગેરકાનૂની ગણાવી એમના સભ્યપદને પણ બહાલ રાખતો ચુકાદો આપ્યો હતો.

આગળ જોયું તેમ વર્ષ દરમ્યાન ચાર રાજ્યો (આંધ્રપ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, મેઘાલય)ના મુખ્યમંત્રીઓ બદલાયા છે. એમ એક કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટકર્તા/પ્રશાસક (એડ્મિનિસ્ટ્રેટર) પણ બદલાયા છે. ચંડીગઢમાં એસ.એફ.રોડ્રિગ્ઝના સ્થાને શિવરાજ પાટીલ નિમાયા છે.

- **વિધાનસભા સંબંધી કેટલીક બાબતો :**

વર્ષ દરમ્યાન મધ્યપ્રદેશ વિધાનસભાએ કદાચ સૌથી લાંબો જવાબ આપી વિક્રમ સર્જ્યો છે. રાજ્યમાં ઉદ્યોગોથી ફેલાતા પ્રદૂષણ સંદર્ભે જુલાઈ ૨૦૦૯માં પુછાયેલા એક સવાલનો પર્યાવરણ ખાતાએ માર્ચ, ૨૦૧૦માં ૮,૦૦૦ પાનાંનો જમ્બો જવાબ આપ્યો હતો! તેના કુલ ૧૫ બંડલો પ્રશ્નકર્તાને ઘેર પહોંચાડવામાં આવ્યા હતા.

વર્ષ દરમ્યાન મદ્રાસ ખાતે તૈયાર કરાયેલ તામિલનાડુ વિધાનસભા ભવન અને સચિવાલયના નૂતન સંકુલનું વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘના હસ્તે ૧૩મી માર્ચના ઉદ્‌ઘાટન થયું. તે સાથે 'વિશ્વની સૌપ્રથમ હરિત વિધાનસભા'નું ગૌરવ તામિલનાડુને મળ્યું છે. રૂ.૪.૫ અબજના ખર્ચે નવનિર્મિત આ પ્રકલ્પમાં સૂર્યપ્રકાશના મહત્તમ ઉપયોગ અને વીજળીનો બગાડ અટકાવવા માટે ખાસ ડિઝાઈન તૈયાર કરાઈ છે.

વર્ષ દરમ્યાન ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અશોક ભટ્ટનું ૨૯-૯ના અવસાન થયું. અમદાવાદની ખાડિયા બેઠક પરથી ચૂંટાઈને ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૮થી તેઓ આ પદે હતા. તેમના સ્થાને માણસાના ધારાસભ્ય અને અગાઉ પણ અધ્યક્ષ રહી ચૂકેલા પ્રો. મંગળદાસ પટેલ ૩૦-૯-૧૦થી કાર્યકારી અધ્યક્ષ તરીકે નિમાયા છે.

- **રાજ્યપાલોનાં સ્થાનોમાં ફેરફાર :**

વર્ષ દરમ્યાન આઠ રાજ્યોમાં રાજ્યપાલોના સ્થાનોમાં ફેરફાર (૧૬-૧-૧૦) કરાયા છે. જે પાંચ રાજ્યોમાં ગવર્નરોની નવનિયુક્તિ થઈ છે તેમાં પશ્ચિમ બંગાળમાં મૂળે ગોપાલકૃષ્ણ દેવદાસ ગાંધીની નિવૃત્તિ (૧૪-૧૨-૦૯) પછી કાર્યવાહક દેવઆનંદ કોન્વારના સ્થાને એમ.કે. નારાયણન્, પંજાબમાં એસ.એફ. રોડ્રિગ્ઝના સ્થાને શિવરાજ પાટિલ, હિમાચલ પ્રદેશમાં પ્રભા રાવના સ્થાને ઊર્મિલા સિંઘ, છત્તીસગઢમાં ઈ.એસ.એલ.નરસિંહના સ્થાને શેખર દત્ત અને ઝારખંડમાં કે. શંકર નારાયણનના સ્થાને એમ.ઓ.એચ. ફારૂક નિમાયા છે.

તો, જે ત્રણ રાજ્યોમાં રાજ્પાલોની ફેરબદલી કરાઈ છે તેમાં ઝારખંડના ગવર્નર કે. શંકર નારાયણનને મહારાષ્ટ્રમાં (એસ.સી. જમીરના સ્થાને) મૂકવામાં આવ્યા છે. જ્યારે

*નફામાંથી ખોટ જાય છે, મૂડીમાંથી નથી જતી, તેમ જાણવા છતાં લોક રડે છે. લોક તો નફાને જ મૂડી ગણે છે!*

રાજસ્થાનના ગવર્નર એસ.કે.સિંહાના અવસાન (૧-૧૨-૦૯) પછી હિમાલય પ્રદેશના પ્રભા રાવને મૂકવામાં આવેલ છે. તથા આંધ્રપ્રદેશના ગવર્નર એન.ડી.તિવારીના રાજીનામા (૨૬-૧૨-૦૯) પછી છત્તીસગઢના ઈ.એસ.એલ. નરસિંહન વધારાનો કાર્યભાર સંભાળતા હતા. તેઓને તેમના હવાલાવાળા રાજ્યમાં બદલીને પૂર્ણકાલીન નિમણૂક આપવામાં આવી.

વર્ષ દરમ્યાન રાજસ્થાનના રાજ્યપાલ પ્રભા રાવનું ૨૬-૪-૧૦ના નિધન થતાં ૨૮-૪-૧૦થી પંજાબના ગવર્નર શિવરાજ પાટિલને રાજસ્થાનની વધારાની જવાબદારી સોંપાઈ છે.

- **ગવર્નરો સંબંધી અન્ય પ્રસંગો :** આ વર્ષે પંજાબમાં રોડ્રિગ્ઝના સ્થાને માજી લોકસભા અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહપ્રધાન શિવરાજ વી. પાટિલની નિયુક્તિ થઈ તે સાથે બે દાયકા જેવા લાંબાગાળા પછી તેઓ પહેલી રાજકીય વ્યક્તિ બન્યા છે. (અત્યાર સુધી પંજાબમાં નિવૃત્ત લશ્કરી અફસરોને જ નીમવામાં આવતા હતા.)

રાજ્યપાલોની બરતરફી મુદ્દે ઘણા સમયથી કાનૂની વિવાદ ચાલી રહ્યો છે. આ બાબતે સર્વોચ્ચ અદાલતે ૭મી ઓક્ટોબર, ૨૦૦૯ના અનામત રાખેલો ચુકાદો ૭મી મે, ૨૦૧૦ના આપ્યો. તદનુસાર કેન્દ્રમાં શાસન બદલાતાં ગવર્નરોને મુદત અગાઉ દૂર કરવાની 'પ્રથા'ને અમાન્ય ગણાવી હતી. માત્ર અનિવાર્ય કારણસર જ આમ કરી શકાય.

- **ભારતમાં રાજ્યોની 'તાજા સ્થિતિ'**

વીતેલા વર્ષ ૨૦૧૦ દરમ્યાન રાજકીય કારણોસર ચાર રાજ્યોના મુખ્યપ્રધાન અને એક કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક બદલાયા છે. જ્યારે ત્રણ રાજ્યપાલોની ફેરબદલી અને પાંચ રાજ્યોની નવનિયુક્તિ કરવામાં આવી છે. આમ ઘણા રાજ્યોના વહીવટી અને બંધારણીય વડાઓ બદલાયા છે. આ બધા ફેરફારો બાદ અહીં નૂતન વર્ષારંભે ભારતનાં તમામ રાજ્યો અને સંઘપ્રદેશોના રાજ્યપાલો અને મુખ્યપ્રધાનોની એકસાથે 'તાજા સ્થિતિ' રજૂ કરી છે, જે આજના માહિતી તંત્રજ્ઞાનના યુગમાં તૈયાર સંદર્ભ તરીકે પણ ખપ લાગે એવી છે.

| ક્રમ | રાજ્ય | રાજ્યપાલ | મુખ્યપ્રધાન | પક્ષીય શાસન |
|---|---|---|---|---|
| ૧ | અરુણાચલ પ્રદેશ | જન.(નિવૃત્ત) જોગિન્દર જસવંતસિંઘ | ડોરજી ખાંડુ | ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ |
| ૨. | આસામ | જાનકી વલ્લભ પટનાયક | તરુણકુમાર ગોગોઈ | કોંગ્રેસ પ્રેરિત મોરચા સરકાર |
| ૩. | આંધ્રપ્રદેશ | ઈક્કાડુ શ્રીનિવાસન લક્ષ્મી નરસિંહન | કિરણકુમાર અમરનાથ રેડ્ડી | ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ |
| ૪. | ઉત્તરપ્રદેશ | બનવારીલાલ જોશી | કુ.માયાવતી પ્રભુદાસ જાટવ | બહુજન સમાજ પક્ષ |
| ૫. | ઉત્તરાખંડ | માર્ગારેટ આલ્વા | ડૉ. રમેશ પોખરિયાલ 'નિઃશંક' | ભારતીય જનતા પક્ષ |
| ૬. | ઓરિસ્સા | મુરલીધર ચન્દ્રકાન્ત ભંડારે | નવીનચંદ્ર પટનાયક | બીજુ જનતાદળ |
| ૭. | કર્ણાટક | હસંરાજ ભારદ્વાજ | બી.એસ.યેદીયુરપ્પા | ભારતીય જનતા પક્ષ |
| ૮. | કેરળ | રામકૃષ્ણ સૂર્યભાણજી ગવઈ | વી.એસ. અચ્યુતાનંદન | સીપીઆઈ (એમ) પ્રેરિત લેફ્ટિસ્ટ ડેમોક્રેટિક ફ્રંટ |
| ૯. | ગુજરાત | ડૉ.શ્રીમતી કમલા રામચંદ્ર બેનિવાલ | નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી | ભારતીય જનતા પક્ષ |
| ૧૦. | ગોવા | ડૉ. શિવિન્દરસિંઘ સિદ્ધુ | દિગમ્બર વી. કામત | કોંગ્રેસ પ્રેરિત જોડાણ |
| ૧૧. | છત્તીસગઢ | શેખરદત્ત | ડૉ.રમણસિંઘ વિઘ્નહરણસિંઘ | ભારતીય જનતા પક્ષ |
| ૧૨. | જમ્મુ-કાશ્મીર | નરેન્દ્રનાથ વોહરા | ઓમર ફારુખ અબ્દુલ્લાહ | નેશનલ કોન્ફરન્સ- કોંગ્રેસ યુતિ |
| ૧૩. | ઝારખંડ | એમ.ઓ.હસન ફારૂક મરિકાર | અર્જુન ગણેશ મુંડા | ભાજપ ઝારખંડ મુક્તિ મોરચાયુતિ |
| ૧૪. | તામિલનાડુ | સુરજિતસિંહ બરનાલા | મુથુવેલ કરુણાનિધિ | દ્રમુક પ્રેરિત ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ એલાયન્સ |
| ૧૫. | ત્રિપુરા | ડૉ. જ્ઞાનદેવ યશંવતરાય પાટીલ | માણિક સરકાર | સીપીઆઈ (એમ) પ્રેરિત લેફ્ટિસ્ટ ડેમોક્રેટિક ફંડ |
| ૧૬. | નાગાલેન્ડ | નિખિલકુમાર | નેઈફિયુ રીઓ | ડેમોક્રેટિ એલાયન્સ ઓફ નાગાલેન્ડ |
| ૧૭. | પશ્ચિમ બંગાળ | એમ.કે. નારાયણન | બુદ્ધદેવ ભટ્ટાચારજી | સીપીઆઈ (એમ) પ્રેરિત લેફ્ટિસ્ટ ડેમોક્રેટિક ફંડ |
| ૧૮. | પંજાબ | શિવરાજ વિશ્વનાથ પાટિલ | પ્રકાશસિંઘ રઘુરાજસિંઘ બાદલ | શિરોમણિ અકાલી દળ ભાજપ યુતિ |
| ૧૯. | બિહાર | દેવઆનંદ પદ્મકાંત કોન્વાર | નીતિશકુમાર | રાષ્ટ્રિય લોકતાંત્રિક મોરચો (જેડીયુ ભાજપ) |
| ૨૦. | મણિપુર | ગુરુબચ્ચન જગત | ઓકરામ ઈબોબીસિંહ | સેક્યુલર પ્રોગ્રેસિવ ફ્રન્ટ મિશ્ર સરકાર |
| ૨૧. | મધ્યપ્રદેશ | રામેશ્વર ઠાકુર | શિવરાજસિંહ ચૌહાણ | ભારતીય જનતા પક્ષ |
| ૨૨. | મહારાષ્ટ્ર | કટીકલ શંકર નારાયણન | પૃથ્વીરાજ દાજીસાહેબ ચવ્હાણ | કોંગ્રેસ - એન.સી.પી. ડેમોક્રેટિક ફ્રન્ટ |
| ૨૩. | મિઝોરમ | લેફ.જન.મોહન લાખેડા | લાલ થાનહાવલા | ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ |

*છેતરાઈને આવજો, પણ છેતરીને ના આવશો. છેતરાવાથી કોઈક વાર મહાન પુરુષ મળી આવશે.*

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪. | મેઘાલય | રણજિતશેખર મૂશાહારી | ડૉ. મુકુલ એમ. સંગમા | કોંગ્રેસ યુડીપી (મેઘાલય યુનાઈટેડ અલાયન્સ) |
| ૨૫. | રાજસ્થાન | શિવરાજ વી. પાટિલ (કાર્યવાહક) | અશોક ગેહલોત | ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ |
| ૨૬. | સિક્કિમ | વાલ્મીકિપ્રસાદ સિંહ | પવનકુમાર ચામલિંગ | સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ |
| ૨૭. | હરિયાણા | જગન્નાથ પહાડિયા | ચૌધરી ભૂપેન્દ્રસિંહ હુડ્ડા | ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ |
| ૨૮. | હિમાચલ પ્રદેશ | ઊર્મિલા સિંઘ | પ્રો. પ્રેમકુમાર ધુમાલ | ભારતીય જનતા પક્ષ |

## સંઘ પ્રદેશોના શાસકો

૧. આંદામાન-નિકોબાર : ઉપરાજ્યપાલ - લેફ.જન.ભૂપિન્દર સિંઘ

૨. ચંડીગઢ : વહીવટકર્તા - શિવરાજ વિશ્વનાથ પાટિલ

૩. દમણ અને દીવ : વહીવટકર્તા - સત્ય ગોપાલ

૪. દાદરા-નગરહવેલી : વહીવટકર્તા - સત્ય ગોપાલ

૫. દિલ્હી : ઉપરાજ્યપાલ - તેજિન્દરસિંહ ખન્ના
: મુખ્યપ્રધાન - શીલા દીક્ષિત (ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ)

૬. પોંડિચેરી : ઉપરાજ્યપાલ - થિરુ ઈકબાલ સિંહ
: મુખ્યપ્રધાન - વી. વૈદ્યલિંગમ
(કોંગ્રેસ પ્રેરિત ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ એલાયન્સ)

૭. લક્ષદ્વીપ મિનિકોય : વહીવટકર્તા - જે.કે. દાદૂ

## કેટલાક રાજ્યોના નાયબ મુખ્ય પ્રધાનો

૧. જમ્મુ કાશ્મીર : તારાચંદ શર્મા

૨. ઝારખંડ : હેમંત સોરેન / સુદેશ માહતો

૩. તામિલનાડુ : એમ.કે. સ્ટાલિન

૪. પંજાબ : સુખબીરસિંઘ બાદલ

૫. બિહાર : સુશીલકુમાર મોદી

૬. મહારાષ્ટ્ર : અજિત પવાર

૭. મેઘાલય : બીએસ. લેનોંગ

*(The information updated upto November, 2010)*

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,
વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.
ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*કોઈ પણ ઈચ્છા ના થાય અને કોઈનુંય અવલંબન ના લેવું પડે, તે સુખની વ્યાખ્યા છે.*

# ગુજરાત આ મહિલાઓનું સદા ઋણી!

• બેલા ઠાકર •

ગુજરાત રાજ્યે ૧ મે, ૨૦૧૦ ના રોજ તેનો પચાસમો સ્થાપના દિન ઊજવ્યો. પચાસ વર્ષોમાં ગુજરાતે આર્થિક અને સામાજિક ક્ષેત્રે જે ઝડપી અને નોંધપાત્ર વિકાસ સાધ્યો છે, તેનાથી તેનું સ્થાન દેશનાં અગ્રણી પાંચ રાજ્યોમાં સામેલ થઇ ચૂક્યું છે. જ્યારે જ્યારે ગુજરાતના વિકાસની કે આધુનિક વલણની વાત આવે ત્યારે ગુજરાતની સ્ત્રીઓનો ખાસ ઉલ્લેખ થાય. અન્ય રાજ્યોના લોકો જ્યારે ગુજરાતમાં આવે ત્યારે મોડી રાત્રે નિર્ભિક્તાથી એકલી સ્કૂટર હંકારી ઓફિસથી ઘેર જતી યુવતીને કે જાતે કાર પુલ કરી પાંચ-છ ટાબરિયાંઓને ઘેરથી સ્કૂલે અને સ્કૂલેથી ઘેર લઇ આવતી મમ્મીઓને જોઇ અચંબામાં પડી જાય. ગુજરાતની નારી – ચાહે તે ગૃહિણી હોય કે વર્કિંગ વુમન - સાચા અર્થમાં 'સ્વનિર્ભર' છે. તે ઘરનું બજેટ જાતે બનાવે છે, શોપિંગ મોલમાં જઇ જાતે પોતાના માટે અને પરિવાર માટે ખરીદી કરે છે, સ્કૂટર કે કાર હંકારી નોકરી જાય છે, સંતાનોને 'હોમવર્ક' કરાવે છે, સાંજે ઓફિસેથી છૂટતાં મોડું થાય તો પતિને મોબાઇલ ફોનથી રસોઇની થોડી તૈયારી કરી લેવા વિનંતી કરે છે, વેકેશનમાં ક્યાં ફરવા જવું તે નક્કી કરે છે. એટલું જ નહિ, પતિ વ્યસ્ત હોય તો જાતે બુકિંગથી માંડી તમામ વ્યવસ્થા પણ સંભાળી લે છે. અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતની સ્ત્રીઓ વિચારો અને રહેણીકરણીમાં મોડર્ન છે, પ્રગતિશીલ છે અને જીવનસાથીથી માંડી કરિયરની પસંદગી પણ તે આજે જાતે જ કરી રહી છે. શિક્ષણ, રાજકારણ, કાનૂન, મોડેલિંગ, એક્ટિંગ- કોઇ ક્ષેત્ર એવું નથી જેમાં ગુજરાતી નારીએ પ્રવેશ કર્યો નથી કે સિદ્ધિ નથી મેળવી. **ગુજરાતની સ્ત્રીઓ આજે વિકાસના પથ પર મક્કમતાથી કદમ માંડી રહી છે તેનું શ્રેય જાય છે આજથી પાંચ-છ દાયકા પૂર્વે કેટલીક વિશિષ્ટ મહિલાઓએ ભારે જહેમત અને સંઘર્ષથી કરેલાં સામાજિક જાગૃતિ અને સામાજિક ઉત્થાનના પ્રયત્નોને.** આજે ગુજરાતમાં અન્ય રાજ્યોની સરખામણીમાં મહિલાઓની પરિસ્થિતિ ઘણી સારી છે અને ગુજરાતની સ્ત્રીઓ પ્રમાણમાં વધુ સ્વતંત્ર, શિક્ષિત અને આગળ છે તેનું શ્રેય જાય છે ગુજરાતના ગાંધીયુગના કેટલાક અગ્રણી મહિલા સામાજિક કાર્યકરોને. ગુજરાતના સામાજિક વિકાસમાં આ મહિલાઓનો સિંહફાળો છે. ગુજરાતની સુવર્ણજયંતી આ મહિલાઓને પોંખવાનો પણ એક રૂડો અવસર છે.

સહુપ્રથમ યાદ કરીએ **મૃદુલાબહેન સારાભાઇ**ને. અમદાવાદના અગ્રણી ઉદ્યોગપતિ શેઠ અંબાલાલ સારાભાઇ અને તેમના કુટુંબના સભ્યો ગાંધીજીના ચુસ્ત અનુયાયી હતાં. ગાંધીજીના સૂચનથી અંબાલાલભાઇનાં દીકરી મૃદુલાબહેન સારાભાઇએ ગુજરાતમાં સ્ત્રીજાગૃતિનું કામ ઉપાડી લીધું હતું. તે સમયે ગુજરાતની સ્ત્રીઓનું જીવન, ઘરની ચાર દીવાલો વચ્ચે કેદ હતું. ખૂબ ઓછી સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ પામી શકતી. વિધવા અને ત્યક્તા નારીઓની સ્થિતિ કફોડી હતી. ના તો તેમને ખાસ કોઇ અધિકારો મળતા, ના ગૌરવપૂર્ણ જીવન જીવવાની તક. સ્ત્રીઓને વિવિધ વિષયોનું જ્ઞાન અને માહિતી મળે, અભ્યાસ ઉપરાંત તેમને સિવણ, ભરતગૂંથણ અને અન્ય હસ્તકલાઓની તાલીમ મળે અને તેઓ રૂઢિવાદી વલણ છોડી સ્વનિર્ભર બને તે આશયથી મૃદુલાબહેને ગાંધીજીના આશીર્વાદ સાથે અમદાવાદમાં ૪ એપ્રિલ, ૧૯૩૪ના રોજ 'જ્યોતિસંઘ' નામની મહિલા સંસ્થાની સ્થાપના કરી. ધીરેધીરે અહીં અનેક સ્ત્રીઓ શિક્ષણ અને તાલીમ લેવા આવવા માંડી. સામાજિક અન્યાય, અત્યાચાર, બળાત્કાર અને કૌટુંબિક ક્લેશનો ભોગ બનેલી મહિલાઓ પણ 'જ્યોતિસંઘ'ના ઉંબરે આવવા માંડી. આવી મહિલાઓને સામાજિક ન્યાય અપાવવાનું, તેમનામાં આત્મવિશ્વાસ જગાવી તેમને આર્થિક રીતે પગભર કરવાનું કામ પણ જ્યોતિસંઘ દ્વારા ઉપાડી લેવામાં આવ્યું. 'જ્યોતિસંઘ' આજે ગુજરાતની અગ્રણી મહિલા સંસ્થા છે. તાજેતરમાં જ આ સંસ્થાએ તેનાં ૭૫ વર્ષની પૂર્ણાહુતિની ઉજવણી કરી. 'જ્યોતિસંઘ'ને ગુજરાતની મહિલાઓ માટે આશીર્વાદરૂપ બનાવવામાં મૃદુલાબહેનનો અનન્ય ફાળો રહ્યો છે.

આજે 'જ્યોતિસંઘ' દ્વારા સ્ત્રીઓ માટે હસ્તકલાઓ ઉપરાંત કોમ્પ્યુટર અને કોલ સેન્ટરમાં કામ કરવાની તાલીમ આપતા વર્ગો પણ ચલાવવામાં આવે છે.

**મૃદુલાબહેનના બહેન અનસૂયા સારાભાઇ મજૂર સંગઠનનાં અગ્રણી હતાં, તો નાનાં બહેન લીના સારાભાઇએ શિક્ષણ ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું છે.**

સ્ત્રીઓના ઉત્થાન માટે આજીવન પ્રયત્નશીલ રહેનાર અન્ય અગ્રણી સામાજિક કાર્યકર હતાં **પુષ્પાબહેન મહેતા.** આજથી સાઠ વર્ષ પહેલાં જ્યારે ભારતના રૂઢિવાદી પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીનું કોઇ જ સ્થાન નહોતું ત્યારે પુષ્પાબહેને જણાવ્યું હતું કે 'સ્ત્રી એ વ્યક્તિ છે. તે કોઇ દયાનું પાત્ર નથી. વ્યક્તિ તરીકે સ્વતંત્ર રીતે વિચારવાનો, રહેવાનો અને જીવવાનો તેને અધિકાર છે. તેના વ્યક્તિત્વને કચડવાનો કે દબાવવાનો કોઇને અધિકાર નથી. તે પણ ભારતની એક સ્વતંત્ર નાગરિક છે.' વિચાર કરો, એ જમાનામાં આવા વિચારો ધરાવવા બદલ તેમને કેવા મોટા વિરોધનો સામનો કરવો પડ્યો હશે! માત્ર ૨૬ વર્ષની વયે વિધવા થનાર પુષ્પાબહેને કારમો ઘા ઝીલી પતિની ઇચ્છાને માન આપી આગળ અભ્યાસ ચાલુ રાખ્યો. ૧૯૩૪માં તેઓ ગ્રેજ્યુએટ થયાં અને પછી પોસ્ટ ગ્રેજ્યુએટ પણ થયાં. ત્યારબાદ તેઓ ગર્લ્સ હાઇસ્કૂલમાં શિક્ષિકા તરીકે જોડાયાં. આ દરમિયાન તેમનો પરિચય મૃદુલાબહેન સારાભાઇ સાથે થયો. અને તેઓ શિક્ષિકાની

*સમર્પણ એટલે પોતાની પાસે કશું જ રહે નહિ, 'અહમ્' પણ રહે નહિ, તે 'સમર્પણ.'*

નોકરી છોડી 'જ્યોતિસંઘ'માં કાર્યકર્તા તરીકે જોડાયાં. 'જ્યોતિસંઘ'માં સ્ત્રીઓને તાલીમ અને સલાહ આપવામાં આવતી. અહીં આવતી ઘણી સ્ત્રીઓ ગૃહક્લેશને લીધે ઘર છોડીને આવતી. પુષ્પાબહેનને થયું કે આવી સ્ત્રીઓ માટે એક આશ્રયસ્થાન હોવું જોઇએ. આ વિચારથી ૧૯૩૭માં તેમણે અને મૃદુલાબહેને અમદાવાદમાં 'વિકાસગૃહ'ની સ્થાપના કરી. તે જ રીતે પછી તો વઢવાણમાં 'વિકાસ વિદ્યાલય', હળવદમાં 'પંચોલી પ્રગતિગૃહ', રાજકોટમાં 'કાન્તા સ્ત્રી વિકાસગૃહ', જૂનાગઢમાં 'શિશુમંગલ' એમ નારીગૃહો અને અનાથાશ્રમોની હારમાળા રચાઇ.

પુષ્પાબહેને આઝાદીની લડતમાં પણ ઘણો સક્રિય ભાગ લીધો અને આઝાદી પછી સામાજિક કાર્યોની સાથે રાજકીય ક્ષેત્રે પણ લાંબા સમય સુધી કામ કર્યું. ૧૯૫૪થી ૧૯૬૪ સુધીના સમયગાળામાં પુષ્પાબહેન સૌરાષ્ટ્ર, બૃહદ મુંબઇ અને ત્યાર પછી ગુજરાત રાજ્યના સમાજકલ્યાણ સલાહકાર બોર્ડનાં અધ્યક્ષ રહ્યાં. ૧૯૬૬થી ૧૯૭૨ સુધી તેઓ રાજ્યસભાનાં સભ્યપદે પણ રહ્યાં હતાં. **સમાજક્ષેત્રે અને રાજ્ય ક્ષેત્રે ઉદાત્ત કાર્ય કરવા બદલ ૧૯૫૫માં ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ'થી સન્માનિત કર્યાં. ૧૯૮૩માં ઉત્તમ સામાજિક સેવા કરવા બદલ તેમને જાનકીદેવી બજાજ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો.**

પુષ્પાબહેનના કેટલાક વિચારો તો આજે પણ ક્રાંતિકારી લાગે તેવા છે. આજથી પચાસ વર્ષ પહેલાં તેમણે દેશમાં સહુના માટે એકસરખો સિવિલ કોડ હોવો જોઇએ તે વાતની સખત હિમાયત કરી હતી. ૧૯૫૭માં તેમણે વિધાનસભામાં કુંવારી માતાઓની સમસ્યા હલ કરવા ગર્ભપાતને કાનૂની બનાવવાનો પ્રસ્તાવ મૂકેલો. છેવટે ૧૯૭૨માં ગર્ભપાતને કાનૂની બનાવવામાં આવ્યો. આજે નારીમુક્તિ અને નારીવાદનો પવન ફૂંકાયો છે, પણ પુષ્પાબહેન જેવી નારીવાદની પ્રખર હિમાયતી અને નારીકલ્યાણના ક્ષેત્રે આવું નક્કર કામ કરનારી મહિલા આજ સુધી ગુજરાતને સાંપડી નથી. ગુજરાત જેમને માટે હંમેશા ગૌરવ લઇ શકે એવી આ મહિલાનું ૧૯૮૮ની બીજી એપ્રિલે અવસાન થયું.

અન્ય એક વીરલ સામાજિક કાર્યકર મહિલા યાદ આવે છે અને તે છે **વીરબાળાબહેન નાગરવાડિયા.** અમદાવાદના નારણપુરા વિસ્તારમાં 'જીવનસંધ્યા' નામે એક વૃદ્ધાશ્રમ છે. જીવનની સંધ્યાએ પહોંચેલા લગભગ ૨૫૦ જેટલાં વૃદ્ધ સ્ત્રી-પુરુષો અહીં આખાયે આયખાનો થાક ઉતારી રહ્યાં છે. કોઇક પોતાનાં જ સંતાનોથી ત્યજાયેલાં છે, તો કોઇક સાવ એકલાં-અટૂલાં-નિરાધાર છે. આ બધાંને અહીં આશ્રય ઉપરાંત ભોજન, સ્વાસ્થ્ય સુવિધા, પુસ્તકો, મનોરંજન, અંગત દેખરેખ, કાળજી અને હૂંફ સાંપડે છે. **આ વૃદ્ધાશ્રમનાં સંસ્થાપક હતાં. સ્વ. વીરબાળાબહેન નાગરવાડિયા.** કરાંચીમાં જન્મેલાં વીરબાળાબહેનનાં લગ્ન અમદાવાદનાં રતિલાલ નાગરવાડિયા સાથે થતાં તેઓ અમદાવાદ આવ્યાં. પતિની સાથે તેમણે પણ આઝાદીની લડતમાં ઝુકાવ્યું. મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો, વિદેશી માલની દુકાનો અને દારૂનાં પીઠાંઓ પર જઇને પિકેટિંગ કર્યું. ૧૯૩૬માં વીરબાળાબહેન અખિલ હિંદ મહિલા પરિષદ, અમદાવાદ શાખાનાં મંત્રી બન્યાં. ૧૯૫૬માં તેમણે મહાગુજરાતની ચળવળમાં પણ ભાગ લીધો. ૧૯૬૩માં તેઓ અખિલ હિંદ મહિલા પરિષદ, ગુજરાતનાં પ્રમુખ બન્યાં અને ગુજરાતની મહિલાઓના આર્થિક અને સામાજિક ઉત્કર્ષનાં અનેક કામો હાથ ધર્યાં. ગુજરાતમાં સહુપ્રથમ અમદાવાદમાં વ્યવસાયી બહેનો માટે હોસ્ટેલ બાંધવાની કામગીરી તેમણે હાથ ધરી, જેમાં ગામડાંની કે અન્ય શહેરની મહિલાઓ અમદાવાદમાં નોકરી કરવા આવે તો તેમને એક સુરક્ષિત આશ્રયસ્થાન મળી રહે. ૧૯૮૭માં તેમને મહિલાઓ તેમજ વૃદ્ધોની સેવાઓ બદલ લેડી વિદ્યાગૌરી નીલકંઠ સુવર્ણચંદ્રક એનાયત થયો.

મહિલાઓ સાથેના સઘન સંપર્ક અને મહિલા ઉત્કર્ષના ક્ષેત્રે તેમણે કરેલી નોંધપાત્ર પ્રવૃત્તિઓના કારણે ગુજરાત રાજ્યે તેમને મહિલા સુરક્ષા સમિતિનાં સભ્ય બનાવ્યાં હતાં. મહિલાઓના અપમૃત્યુ, દહેજના પ્રશ્નો જેવી અનેક સમસ્યાઓ પર તેમણે સઘન અભ્યાસ કરી તેના નિરાકરણ માટે પગલાં ભર્યાં હતાં.

અમદાવાદનાં જ વતની એવાં **ચારૂમતીબહેન યોદ્ધા**એ પણ મહિલા ઉત્થાનના કાર્યમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે, તો **હંસાબહેન જીવરાજ મહેતા**એ સમાજસેવામાં આખી જિંદગી ખર્ચી નાખી. તેમને ૧૯૫૯માં 'પદ્મશ્રી' પુરસ્કારથી નવાજવામાં આવ્યાં હતાં.

પ્રથમ મહિલા ગુજરાતી સ્નાતક એવાં વિદ્યાગૌરી નીલકંઠ અને તેમનાં દીકરી **વિનોદિની નીલકંઠે** પણ સ્ત્રીજાગૃતિના ક્ષેત્રે ઘણું કામ કર્યું હતું. ખાસ કરીને ગુજરાતની સ્ત્રીઓને શિક્ષણ લેતી કરવામાં તેમનો ઘણો ફાળો રહ્યો છે. વિનોદિનીબહેને ગુજરાતના અગ્રણી અખબાર 'ગુજરાત સમાચાર' માં દાયકાઓ સુધી 'ઘરઘરની જ્યોત' શીર્ષકથી સાપ્તાહિક મહિલાલક્ષી કોલમ લખી, જેણે સ્ત્રીઓના માનસ પર, તેમના અભિગમો પર, વિચારો પર વ્યાપક પ્રભાવ પાડ્યો અને સ્ત્રીઓમાં શિક્ષણ, સ્વવિકાસ, આર્થિક સ્વતંત્રતા વગેરે અંગે ઘણી જાગૃતિ આવી.

આ ઉપરાંત **સૌદામિનીબહેન પંડ્યા, પૂર્ણિમાબહેન પકવાસા, અરુણાબહેન દેસાઇ, શાંતાતાઇ દેસાઇ, વસુબહેન ભટ્ટ** જેવી અનેક મહિલાઓએ સ્ત્રીશિક્ષણ અને મહિલા ઉત્કર્ષના ક્ષેત્રે ખૂબ જ મહત્ત્વનો ફાળો આપ્યો છે. 'સેવા'નાં સંસ્થાપક **ઇલાબહેન ભટ્ટ**નું નામ આજે આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતું છે. Self Employed Women's Association - ટૂંકમાં SEWA - આજે ભારતમાં સહુથી વધુ સંખ્યાબળ ધરાવતું કામદારમંડળ છે. જેની સભ્યસંખ્યા બે લાખથી પણ વધુ છે. **'સેવા' થકી બે લાખ જેટલી સ્વાશ્રયી મહિલાઓને સંગઠિત કરી તેમના જીવનમાં આમૂલ પરિવર્તન લાવનાર ઇલાબહેનને મેગ્સેસે એવૉર્ડ ઉપરાંત 'પદ્મશ્રી' અને 'પદ્મભૂષણ'થી પણ નવાજિત કરવામાં આવ્યાં છે. તેમને 'ગૂર્જરરત્ન' અને 'વિશ્વગૂર્જરી' એવૉર્ડ પણ પ્રદાન કરવામાં આવ્યા છે.**

આ ઉપરાંત ગુજરાતની સ્ત્રીઓના વિકાસમાં અનેક મહિલાઓએ નોંધપાત્ર ફાળો આપ્યો છે. સ્થળસંકોચના કારણે એ તમામનો ઉલ્લેખ થઇ શક્યો નથી. ગુજરાતની નારીશક્તિની પ્રતીક સમી આ બધી મહિલાઓ આજની ગુજરાતી નારી માટે દીવાદાંડી બની તેમના પથને રોશની પ્રદાન કરી રહી છે, તેમના માટે વિકાસનો માર્ગ ખોલી આપ્યો છે.

ગુજરાત અને ગુજરાતની નારીઓ સદા માટે ગુજરાતના ગૌરવસમી આ વિશિષ્ટ નારીરત્નોની ઋણી રહેશે.

***'સાંવરી' માસિકના સૌજન્યથી***

*પ્રવૃત્તિમાં નિવૃત્તિ, તેનું નામ જ મોક્ષમાર્ગ. જગતનાં લોકો નિવૃત્તિમાં પ્રવૃત્ત હોય છે!*

ઉમંગ અને ઉલ્લાસના ઉત્સવો

# મકર સંક્રાંતિ અને પોંગલ

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

ભારત તહેવારોની ભૂમિ છે અને ભારતીયો ઉત્સવપ્રિય પ્રજા છે! તેમાંના ઘણા તહેવારો અહીંના લોકોની કૃષિ સંબંધી પારંપરિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. આમાં ૧૪મી જાન્યુઆરીના દિવસે આવતા મકર સંક્રાંતિ અને પોંગલ પર્વોનો પણ સમાવેશ થાય છે.

**• મહત્ત્વની ખગોળીય ઘટના :**

ખગોળ વિજ્ઞાનની દૃષ્ટિએ આ એક મહત્ત્વપૂર્ણ કાળચક્ર છે. કેમકે આ સમયમાં જ સૂર્ય ઉત્તર ગોળાર્ધમાં પ્રવેશ કરે છે. વિષુવવૃત્તની ઉત્તરે કે દક્ષિણે આવેલી બે સમાંતર રેખાઓના સૌથી દૂરના બિંદુ (૨૩° ૨૭' અક્ષાંશ) સુધી પહોંચવાની છ-છ માસની ગતિને 'સૂર્યનો અયનકાલ' (સોલ્સ્ટિસ) કહે છે.

૧૪ જાન્યુઆરીથી ૧૪ જુલાઈ સુધી સૂર્ય વિષુવવૃત્ત (ભૂમધ્યરેખા) ઓળંગીને દક્ષિણ ગોળાર્ધના મકરવૃત્તથી ઉત્તર ગોળાર્ધના કર્કવૃત્ત તરફ મુસાફરી કરે છે. જેને ઉત્તરાયણ, મકર સંક્રાંતિ કે ગ્રીષ્મ અયનકાલ કહે છે. જ્યારે તેનાથી વિપરીત પરિસ્થિતિ દક્ષિણાયન, કર્ક સંક્રાંતિ કે શીત અયનકાલ કહેવાશે. ખગોળ અને જ્યોતિષમાં મકર સંક્રાંતિ અને કર્ક સંક્રાંતિ મહત્ત્વના દિવસો ગણાય છે.

આ તહેવાર શિયાળાના ઈશાન ખૂણામાંથી વાતા મોસમી પવનોના પાછા ફરવાનો પણ દ્યોતક છે. પંચાંગની દૃષ્ટિએ સિંહ રાશિના ચંદ્રમાં, મઘા નક્ષત્રમાં, આયુષ્યમાન યોગમાં અને બવ કરણમાં રહેલો સૂર્ય આજે મકર રાશિ (પૃથ્વી તત્ત્વ)માં પ્રવેશે છે. આમ, આ પર્વ સૂર્ય સંબંધિત હોવાથી સૂર્ય પૂજનનું પર્વ બને છે.

**• તલ તર્પણનો મહિમા :**

મકર સંક્રાંતિ દાનદક્ષિણા આપી પુણ્ય કમાવાનો અવસર ગણાય છે. સંક્રાંતિ દરમ્યાન 'તલ'નું વિશેષ મહત્ત્વ રહેલું હોવાથી કેટલાંક સ્થળે આ દિવસને 'તિલ સંક્રાંતિ' પણ કહે છે. કારણ કે આજના દિવસે તલના લાડુ અને તલસાંકળી રૂપે તલનો આહાર, તલનું અભ્યંગ, તલનો હોમ, તલનું દાન, તલ મિશ્રિત જળનું પાન અને સ્નાન કરવાનો મહિમા રહ્યો છે. કેટલીક જગ્યાએ 'કુંભદાન' કરાય છે. એટલે કે એક માટલીમાં તલના લાડુ કે તલસાંકળી, શેરડીના કટાકા, બોર, સોપારી, મગ, ચોખા વગેરે મૂકીને દાન કરવામાં આવે છે.

મકર સંક્રાંતિના દિવસે શ્રાદ્ધ-તર્પણને પુણ્યકર્મ ગણ્યું છે. તેથી પુષ્કર (રાજસ્થાન), કુરુક્ષેત્ર (હરિયાણા), નાસિક (મહારાષ્ટ્ર) સોમનાથ (ગુજરાત), ઉજ્જૈન (મધ્યપ્રદેશ), ગંગાસાગર (પશ્ચિમ બંગાળ) જેવાં તીર્થસ્થાનોમાં પિતૃતર્પણ માટે લાખો લોકો એકત્રિત થાય છે અને મોટા મેળાઓ યોજાય છે. શીખ લોકો પિતૃશ્રાદ્ધમાં માનતા નથી. પરંતુ પંજાબમાં મુક્તસરનો મહામેળો આજે યોજાય છે, જેમાં લાખો શીખ લોકો ભાગ લે છે.

વળી, પ્રયાગ-અલ્હાબાદ (ઉત્તરપ્રદેશ)ના ગંગા-જમુના-સરસ્વતીના ત્રિવેણી સંગમ સ્થાને દર વર્ષે માઘમેળો, દર છ વર્ષે અર્ધકુંભ મેળો અને દર બાર વર્ષે કુંભમેળો યોજાય છે. જેનો સામાન્યતઃ પ્રારંભ પોષી પૂનમથી થાય છે. પરંતુ જો કોઈ વર્ષે પૂનમ પહેલાં મકર સંક્રાંતિ આવે તો આ મેળાઓનો પ્રારંભ મકર સંક્રાંતિથી થાય છે.

**• સમગ્ર ભારતનો તહેવાર :**

ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં મકર સંક્રાંતિની વિવિધ રીતે ઉજવણી કરવામાં આવે છે. **સૌરાષ્ટ્ર**માં મકર સંક્રાતિને 'ખીહર' (અર્થાત્ ખીચડી) કહે છે. બહેન-દીકરીઓને આ પ્રસંગ નિમિત્તે રોકડ રકમ કે વસ્ત્રો સ્વરૂપે 'સંકરાતનો ખીચડો' મોકલાય છે. તો, **ઉત્તર પ્રદેશ**માં પણ આ તહેવાર 'ખીચડી' તરીકે જ ઓળખાય છે. કેટલાંક સ્થળોએ 'સાત ધાનનો ખીચડો' બનાવવામાં આવે છે. વૈષ્ણવ મંદિરમાં પણ સૂકા મેવા મિશ્રિત ખીચડી બનાવાય છે.

**સિંધી** લોકો આજના દિવસે ભોજનમાં તલ અને મૂળાને પ્રાધાન્ય આપતા હોવાથી તેઓ આ દિવસને 'તલ-મુરી' કહે છે. **બંગાળ**માં આજથી માઘ માસ શરૂ થાય છે. **બંગાળ**ના કેટલાંક પરગણાંમાં તથા **તામિલનાડુ**ના કેટલાક પ્રદેશોમાં આજથી નવું વર્ષ શરૂ થાય છે.

તો, **કેરળ**માં શબરીમાલાના ભગવાન અય્યપ્પાની યાત્રાનો આજે છેલ્લો દિવસ હોય છે. ભારતભરમાંથી યાત્રાળુઓ દક્ષિણના આ તીર્થધામે ઉમટી પડે છે. **આસામ**માં આ પર્વ 'માઘબિહુ' તરીકે ઉજવાય છે. આમ, મકર સંક્રાંતિ સંપૂર્ણ ભારતનો તહેવાર છે.

**• પોંગલ પર્વનો પણ પ્રારંભ :**

મકર સંક્રાંતિની સાથે આજે તામિલનાડુમાં તો પોંગલનો મહોત્સવ શરૂ થાય છે. પોંગલનો તહેવાર માત્ર હિંદુઓ પૂરતો જ મર્યાદિત નથી રહ્યો, ત્યાં તમામ ધર્મ અને વર્ગના લોકો આજે પોંગલ મહોત્સવ ભારે ઉમંગથી ઉજવે છે. પોંગલ પૌરાણિક પર્વ નથી પરંતુ દ્રવિડ સંસ્કૃતિનો આમ જનતાએ સ્વીકારેલો સર્વમાન્ય ઉત્સવ છે.

'પોંગલ' વિશેષતઃ દક્ષિણમાં તમિળ લોકોના સૌથી મહત્ત્વના તહેવારો પૈકીનો એક છે, જે ખેતીના સારા પાક બદલ પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના પ્રગટ કરતો એક ધાર્મિક સંસ્કાર છે અને તે જણ-જણ દ્વારા અતિ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવે છે.

*માણસના વિરોધી થવાની જરૂર નથી, પણ અજ્ઞાનના વિરોધી થવાનું છે. 'લોકોની સાથે વેર નથી, પણ તેમના અજ્ઞાન સાથે વેર છે.''*

આ પર્વ સૌર વર્ષને અનુસરતું હોવાથી દર વર્ષે તે સમાન દિવસે જ (અર્થાત્ ૧૪મી જાન્યુઆરીના) મનાવાય છે. માંગલિક પ્રસંગો સાથે પોંગલની વાસ્તવિક ઉજવણી ૧૩મી જાન્યુઆરીથી શરૂ થઈ જાય છે અને તે ચાર દિવસો સુધી ચાલે છે.

● **પહેલો અને બીજો દિવસ :**

પોંગલ પર્વના **પ્રથમ** દિવસ (૧૩ જાન્યુઆરી) ને **'ભોગી'** કહેવામાં આવે છે. આ દિનની વિશેષતા 'બોનફાયર' (હોળી) છે, જેમાં ધાબળા, પાથરણાં, કાગળો, કપડાં વગેરે જેવી જૂની વસ્તુઓ અગ્નિને હવાલે કરાયે છે. જે નવી જિંદગીની શરૂઆતનું પ્રતીક છે.

**બીજો** દિવસ (૧૪ જાન્યુઆરી) **'પોંગલ'** ગણાય છે. સૌથી મહિમાવંત મનાતા આ દિવસે સૂર્યને અત્યંત મહત્ત્વ આપવામાં આવે છે. મહિલાવૃંદ દ્વારા સામાન્યતઃ ચોખાના લોટ વડે ફરસ પર 'કોલમ' નામે ઓળખાતી આકર્ષક રંગોળીઓ દોરવામાં આવે છે. વહેલી સવારે જ પરિવારના બધા સભ્યો પોતપોતાના ઘરોની સામે એકઠા થાય છે અને માટીનાં વાસણોમાં 'પોંગલ' તરીકે ઓળખાતા મીઠા ભાત રાંધે છે.

આ પ્રક્રિયામાં વાસણમાંથી ઉભરાતા ભાતને સમૃદ્ધિ અને ખુશાલીનો શુભ સંકેત માનવામાં આવે છે. બધા લોકો હર્ષોલ્લાસથી એક સ્વરમાં 'પોંગલ-ઓ-પોંગલ'નું સામૂહિક ગાન કરે છે. આ દિવસની ખાસ વાનગીઓમાં 'વેનપોંગલ' (ખારા પકવાન) અને 'ચક્કરઈ પોંગલ' (ગોળથી બનેલ પકવાન) નો સમાવેશ થાય છે. પોંગલના સમય સાથે જ ભારતના અન્ય ભાગોમાં મકર સંક્રાંતિનું પર્વ માનવામાં આવે છે.

● **ત્રીજો અને ચોથો દિવસ :**

પોંગલ તહેવારના **ત્રીજા** દિવસ (૧૫ જાન્યુઆરી) ને **'માટ્ટુ પોંગલ'** કહે છે, જે પશુધનને સમર્પિત હોય છે. પશુઓને માળાઓ, ઘંટડીઓ અને ફૂલોથી ઉલ્લાસપૂર્વક શણગારવામાં આવે છે, તેનાં શીંગડાને રંગીને તેના પર આછા ચમકતા ધાતુના પતરાં ચઢાવવામાં આવે છે. પશુઓનું સરઘસ કાઢવામાં આવે છે ત્યારે લોકો તેને ફળો અને બીજી સારી વસ્તુઓ ખવડાવે છે.

જો કે ઘણી જગ્યાએ આ દિવસનું મુખ્ય આકર્ષણ આખલાની લડાઈ (જલ્લીકટ્ટુ) છે, જેમાં યુવાનો પોતાના સાહસ અને કાબેલિયત દાખવવા ખૂબ ઉમંગ સાથે ભાગ લેતા હોય છે. આ રમતનો મુખ્ય ઉદ્દેશ આખલાઓના શીંગડા પર કપડામાં બાંધેલ ઈનામ પ્રાપ્ત કરવાનો હોય છે.

આ તહેવારનો **ચોથો** અને છેલ્લો દિવસ (૧૬ જાન્યુઆરી) **'કાનુમ પોંગલ'** છે. આટલા બધા દિવસ આનંદોલ્લાસ મનાવ્યા બાદ લોકો આ દિવસે વિશ્રામ કરે છે. કાનુમ પોંગલ સાથે જોડાયેલી વિધિઓમાં પશુઓ અને માનવના ભેદભાવ વિના બધા સાથે ભાગીદારીની ભાવનાનું મૂર્ત રૂપ જોવા મળે છે.

રક્ષાબંધન ઉત્તર ભારતીય તહેવાર સમાન, જેમાં બહેન પોતાના ભાઈના કાંડે સ્નેહના પ્રતીક રૂપે રાખડી બાંધે છે અને બદલામાં ભાઈ તેનું રક્ષણ કરવાનું વચન આપે છે, બરાબર તે રીતે કાનુમ પોંગલનો દિવસ પણ ભાઈ-બહેન વચ્ચેના પ્રેમબંધન રૂપે મનાવવામાં આવે છે.

● **પોંગલ ફેસ્ટિવલ સ્ટેમ્પ :**

ટૂંકમાં, પોંગલના અનુષ્ઠાનો આપણાં પરિવારોનાં પરંપરાગત મૂલ્યોને અને સહકારની ભાવનાને મજબૂત બનાવવાનાં પ્રતીકો છે. ઉલ્લાસના પોંગલ પર આપણા ટપાલ વિભાગે ત્રણ વર્ષ પહેલા ૨૦૦૬માં પોંગલ પ્રારંભની પૂર્વસંધ્યાના દિવસે ૧૨મી જાન્યુઆરીના પાંચ રૂપિયા મૂલ્યની એક બહુરંગી ખાસ ટપાલ-ટિકિટ પણ બહાર પાડી છે.

તેના પર હળધારી ખેડૂત, ચોખા વાવતી મહિલા, ચોખાનું ડૂંડું, શેરડીના સાંઠા, શણગારેલા પશુઓ, ગાય-વાછરડું, માટલામાં ઉભરાતા ભાત, થાળીમાં પૂજાપો, ચોખાના દાણા, સૂર્ય, રંગોળીના રંગો વગેરે જેવી આ તહેવાર સંબંધી લાક્ષણિક્તાઓ કલાત્મક ઢબે આલેખવામાં આવી છે.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## સનદી અધિકારીની સેવા

સનદી અધિકારીઓમાં ગરીબો અને વંચિતો પ્રત્યે સહાનુભૂતિ રાખનારા અને એ માટે પ્રયત્નો કરનારા બહુ જ ઓછા હોય છે. આંધ્રપ્રદેશના આવા જ એક ગરીબોના બેલી એવા સમાજ કલ્યાણ ખાતાના સચિવ શ્રી એસ.આર. શંકરન્ હતા જેમનું ૮-૧૦-૧૦ના રોજ અવસાન થયું.

તેઓ ગરીબોની તરફદારી કરતા તે વાત તે સમયના આંધ્રના મુખ્ય સેવકને પસંદ ન હતી. મંત્રીમંડળની બેઠકમાં શંકરન્‌ની હાજરીમાં - મુખ્ય સેવકે જણાવ્યું કે 'શંકરન્ સરકારની કામગીરીમાં નડતર રૂપ છે, કારણકે તેઓ એક ગામથી બીજે ગામ જાતે જઇને, ગરીબ લોકોની વચ્ચે, ઝાડ નીચે, ભોંય પર બેસીને સભાઓ ભરે છે અને તેઓના હક્કને માટે સૌને જાગૃત કરે છે.'

શંકરને ત્યાંજ મુખ્ય સેવકને જણાવ્યું કે તેઓ પોતાની બંધારણીય ફરજના ભાગ રૂપે જ આમ કરે છે.

પણ મુખ્ય સેવક તો (તેઓ કેવા હોય છે તે તો આપણે બધા જાણીએ છીએ) ગુસ્સે ભરાઈને મંત્રી મંડળની બેઠકમાં જ શંકરનને જણાવ્યું કે 'મારી સરકારમાં તમારા જેવા અધિકારીનું કોઇ સ્થાન નથી.'

શંકરન તરત જ લાંબી રજા ઉપર ઉતરી ગયા અને આંધ્ર સરકારના સચિવપદેથી મુક્ત થઇ ત્રિપુરાના કેબીનેટ સેક્રેટરી તરીકે જોડાઇ ગયા. ત્રિપુરામાં પણ તેમણે ગરીબો અને વંચિતોના હિત માટે ખૂબ પ્રયત્નો કર્યા- જીવનના અંત સુધી.

***'દલિત અધિકાર', તા. ૫-૧૧-૧૦ના અંકમાંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

★ ***બે મુખ્ય કારણોથી જીવનમાં નિષ્ફળતા મળે છે : (અ) જ્યાં આપણે વિચાર્યા વગર કાર્ય કરીએ છીએ, (બ) જ્યારે આપણે માત્ર વિચારતા જ રહીએ છીએ પણ કાર્ય નથી કરતા.***

★ ***નિષ્ફળતાથી ગભરાશો નહીં. તે આપણા જીવનના પુસ્તકનું અંતિમ પાનું નથી. તે એક અસ્થાયી સ્થિતિ છે. જો આપણે મહેનત કરવાનું છોડી ન દઈએ તો.***

*'સ્વ' અને 'પર'નું સંપૂર્ણ ભાન રહે, તેને 'સમાધિ' કહેવાય.*

# જીવનની ઊર્ધ્વગતિ કરતું પર્વ ઉત્તરાયણ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ •

અનેકાનેક ચઢિયાતા પર્વોની પરંપરામાં ભારત વિશ્વમાં એક સમૃદ્ધ દેશ છે. લગભગ ૨૨મી ડિસેમ્બરથી આકાશમાં પતંગો લહેરાવાની શરૂઆત થઈ જાય અને ૧૪મી જાન્યુઆરીએ તો વિવિધ પ્રકારના, વિવિધ રંગોના પતંગોથી આકાશની સુંદરતામાં ચાર ચાંદ લાગી જાય. તેમાંય વળી રાત્રે પતંગની દોરી પર ઝૂલતા તુક્કલ તો આબાલ, વૃદ્ધ સૌને ચકિત કરી દે છે.

સૂર્યની દક્ષિણ ગોળાર્ધની ગતિ ૧૪મી જાન્યુઆરીએ પૂર્ણ થાય છે. અને એ ઉત્તર તરફ ગતિ કરવા લાગે છે. ઉત્તર તરફ અયન એટલે જવું એટલે જ ઉત્તરાયણ. આપણે ઉત્તર ગોળાર્ધમાં રહીએ છીએ એટલે સૂર્ય વધુ નજીક આવવાને કારણે આ દિવસથી ગરમીની શરૂઆત થાય છે. પોષ માસમાં સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ થતો હોવાથી જ આને મકર સંક્રાંતિ કહે છે. સંક્રાન્તિનો અર્થ છે સમ્યક્ ક્રાન્તિ. આ પર્વ ચીન, જાપાન, કોરિયા, બેંગકોક, તાઈવાન, મલેશિયા જેવા અનેક દેશો ઉજવે છે. હવે તો અમેરિકા પણ પતંગોત્સવ ઉજવે છે. ઉત્તરાયણના દિવસથી રાત્રિ ટૂંકી થતી જાય છે.

ઈતિહાસ સાક્ષી પૂરે છે કે ઈ.સ. પૂર્વે ૬૧૮થી ૯૦૭ દરમ્યાન ચીનમાં તાંગ વંશના રાજાઓના શાસનમાં પતંગ ઊડાવવાની સ્પર્ધા એક રાષ્ટ્રીય રમત બનવા પામેલી. ચીનમાં એક એવી માન્યતા પણ છે કે રાતના સમયે જે મકાન પરથી પતંગ ઊડાવામાં આવે તો કોઈ ભૂત પ્રેતનો પડછાયો પણ તે મકાન પર પડતો નથી. ચીનમાં તો નવમાં મહિનાના નવા દિવસને પતંગ ઊડાવવાના દિવસ તરીકે માનવામાં આવે છે. પતંગને ચીની ભાષામાં "બરગોન" કહે છે. કેટલાંક મીટર લાંબો "ડ્રેગન કાઈટ" ચીનમાં ખૂબ જાણીતો છે. કોરિયામાં પણ પતંગનો ખૂબ જ મહિમા છે.

સૂર્ય, વિમાન, કાચબા, ગરૂડ, પતંગિયા, ઘોડાની નાળ આદિ આકારના અનેક પતંગો બનાવી ઊડાવવામાં આવે છે. કાચનો ભૂકો, સરસ, ભાત તથા રંગના મિશ્રણની લુગદી બનાવી, તેને કાચા દોરા પર ઘસી દોરાને મજબૂત બનાવવામાં આવે છે. ભગવાન રામે પણ પતંગ ચગાવ્યો હોવાની વાતો કથાકારો કરતા હોય છે. દિલ્હી, હૈદ્રાબાદ, આગ્રાના નવાબો પણ પતંગોત્સવ મનાવતા. વૈજ્ઞાનિકોમાં પણ પતંગ એક આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. આકાશમાં વિહરતા વાદળોનું ઉષ્ણતામાન પતંગની દોરી સાથે થર્મોમીટર બાંધીને ઈ.સ. ૧૯૪૯માં સ્કોટલેંડના એલેકઝાંડર વિલ્સે માપ્યું હતું. નૈસર્ગિક વીજળીમાં વિદ્યુતશક્તિ રહેલી છે તેનો પ્રયોગ ઈ.સ. ૧૭૫૨ના જૂન માસમાં કરવામાં આવ્યો હતો. પતંગ અને વિજ્ઞાન ઊંચે ગતિ કરતા રહ્યા છે.

ભારતમાં આ તહેવાર અનેક રાજ્યોમાં વિવિધ રીતે ઉજવવાની પ્રણાલિકા છે. આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટકના કેટલાક ભાગોમાં લોકો મકર સંક્રાતિના દિવસે સાંજે નદી કિનારે જઈને દીપ પ્રગટાવી પૂજા સામગ્રી સાથે નાની નાની હોડીઓ જેવા તરતા સાધનો નદીમાં વહેતા મૂકે છે. અસંખ્ય દીવડાઓ નદીમાં તરતા નીરખવા એ તો જીવનનો લહાવો મનાય છે. જ્યારે પૂર્વ બંગાળમાં સાગર નામના ટાપુ પર વિરાટ મેળો ભરાય છે. બંગાળના મહાસાગરને જ્યાં માતાગંગા મળે છે એ પવિત્ર સંગમ સ્થાનમાં આ દિવસે લોકો પવિત્ર સ્નાન કરે છે. કેરળમાં હિંદુઓ પોતપોતાના ઘર પાસે રંગબેરંગી સાથિયા આ પવિત્ર દિવસે પૂરે છે.

આ તહેવાર દક્ષિણ ભારતમાં કાપણીના તહેવાર તરીકે આજે પણ ઉજવાઈ રહ્યો છે. પોંગોલનો તહેવાર પણ સૂર્ય જ્યારે ઉત્તરમાં પ્રસ્થાન કરે ત્યારે જ આવે છે. અર્થાત્ ઉત્તરાયણ સમયે જ આવે છે. શેરડી, ડાંગર, આદિનો પાક પૂર્ણ થાય ત્યારે ઉત્સવ યોજાય છે. નવા માટીના દેગડામાં દૂધ ઉકાળવામાં આવે છે. ઉકળતા દૂધમાં ગોળ તથા ખેતરમાંથી આવેલા નવા ચોખા ઉકાળવામાં આવે છે. ઉકળી ઘટ્ટ બને ત્યારે જાયફળ ઈલાયચી નાંખવામાં આવે છે. આ વાનગી સ્વાદિષ્ટ બને છે. આને "સરક્કારાઈ" પોંગલ કહેવાય. જે દેગડામાં પોંગલ ઉકળે તેને "પોંગોલ પનાઈ" કહે છે.

સામાન્ય રીતે અહીં આ પર્વ ખેડૂતોનો પર્વ મનાય છે. ખેડૂતો આ દિવસે તેમના પશુઓને કપાળે હળદર ચોપડે છે, કંકુ-ચોખાનું તિલક કરે છે, ગળામાં પુષ્પની માળા પહેરાવે છે. તે પશુઓને ખેડૂતો પોંગોલ ખવડાવે છે. બળદોને તેના માલિકો શણગારે છે. તેમના ગળામાં પૈસા ભરેલી થેલી લટકાવી દોડાવે છે. જે શક્તિશાળી જન, આ દોડતા બળદને પકડી કાબૂમાં લઈ શકે તે આ નાણા ભરેલી થેલી મેળવવા પાત્ર બને છે. આમ આ પર્વને લોકો અહીં માણે છે.

પરમાત્માના આશીર્વાદથી માનવીના સ્વપ્નોરૂપી પતંગો ઊડીને વિશાળ ગગનમાં વિહરી શકે છે. સ્વઆદર્શ, સ્વપુરુષાર્થ તથા ઈશ કૃપા ત્રણનો સહયોગ માનવીને ઊર્ધ્વગામી બનાવી શકે છે. વાસ્તવમાં ઉત્તરાયણ પર્વ એ માત્ર એક દિવસનું પર્વ નહીં આપણા જીવનનું ઊર્ધ્વીકરણ કરવાનું પર્વ બની જવા પામે છે. આમ આપણા હૃદયના સુંદર ભાવો અને હૃદયની મીઠાશ, ભીનાશની આપણા સમાજમાં વહેંચણી કરી, ભ્રાતૃભાવ, સહકાર પ્રાપ્તિનું આ પર્વ છે. મકર સંક્રાંતિના દિવસે દાન આપવાનો અપાર મહિમા શાસ્ત્રોક્ત છે.

*સહજાનંદ, ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

***જ્ઞાનીનું બધું જ ના માને તોય વિરોધ ના થાય, પણ 'મારું જ ખરું છે' તેમ માને તો જ 'વિરોધ' થાય.***

સમાજ દર્પણ

# શ્રેષ્ઠતાના ૧૦ નિયમો

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

શ્રેષ્ઠતા એમ ને એમ નથી આવતી. એના માટે વ્યક્તિએ ઘણા બધા નીતિ નિયમોનું પાલન કરવું પડે છે. શ્રેષ્ઠતા મળવી - મેળવવી સરળ નથી. અહીં નીચે શ્રેષ્ઠતા માટેના ૧૦ નિયમો - દસ સૂત્રીય કાર્યક્રમ આપવામાં આવ્યો છે, જે તમને શ્રેષ્ઠતા તરફ દોરી જાય છે.

**૧. જીદ છોડો - સ્વાભિમાની બનો :**

સૌ સજીવોમાં એક મનુષ્ય જ વિવેકબુદ્ધિ ધરાવે છે અને આને પરિણામે એની અંદર જુદી જુદી સમજણ અને વિચારો ઉપજે છે. જીવનની શ્રેષ્ઠતાનો અર્થ મનુષ્ય જ શોધે છે. મનુષ્યમાં સ્વાભિમાન વિક્સે તો તે ઉત્તમ છે અને જીદે ભરાય તો સ્વયંને પણ નષ્ટ કરી દે છે. વિવેક મનુષ્યને શિષ્ટાચાર શીખવે છે. આથી એ એવા પ્રયાસ કરે છે કે એનું જીવન પ્રકૃતિ સાથેની અથડામણમાં ન વીતે પણ પ્રકૃતિના ભાગરૂપે દેખાય અને વિકસે. માનવી પ્રકૃતિના રહસ્યોને ઉકેલવાની કોશિશ કરે છે.

**૨. સંયમની ભાષા - લાગે સૌથી મીઠી :**

મનુષ્ય બધાનું શ્રેષ્ઠત્તમ પોતાનામાં ઉતારવા માંગે છે. સંયમિત માનવીય વિકાસ એક ઉમદા નાગરિક તૈયાર કરે છે. મનુષ્યે શ્રેષ્ઠતાના માપદંડો નક્કી કર્યા છે. તે સિંહ જેવું શૌર્ય ઈચ્છે છે, હાથી જેવી મદમાતી મદમસ્ત ચાલે ઈચ્છે છે. આંખો તેને હરણની ગમે છે અને પોતાનો ચહેરો ફૂલની માફક ખીલેલો જોવા ઈચ્છે છે. આ બધા રૂપકો કુદરતમાં વિચરી રહેલા મનુષ્યેતર અંશો છે. વ્યક્તિગત જીવનમાં સંયમ એક સર્વશ્રેષ્ઠ નિયમ તરીકે ઉપસે છે.

**૩. આકાશને આંબતી ભાષા :**

આશા મનુષ્યને આગળ ને આગળ ધપાવે છે. એનું લક્ષ્ય આકાશને આંબવાનું છે. માનવી, સૃષ્ટિના નવા નવા અનુભવોથી તૃપ્ત નથી થતો અને એના અરમાનો એને ભવિષ્યના લક્ષ્યો નક્કી કરવા પ્રેરે છે. જેની પાસે આશા નથી, એની પાસે ઉદ્દેશ નથી અને ઉદ્દેશ વિના વિકાસ અશક્ય છે. મનુષ્ય જ જ્ઞાન અને માહિતીના બેવડા હથિયારોથી આશાને આંબવા - પૂર્ણ કરવા આગળ વધે છે અને જેમાં સફળતાનો સંતોષ સામેલ હોય એ આશાઓમાં જ શ્રેષ્ઠતા છૂપાયેલી હોય છે.

**૪. સમય કાઢશો તો સમય મળશે :**

લોકોની હંમેશાં એક ફરિયાદ રહે છે કે 'સમય નથી મળતો.' પણ જેઓ યોજનાબદ્ધ વિચાર કરે છે તેઓ સમય મેળવી શકે છે. સમય વહેતી નદી જેવો છે. વહેતા પાણીમાં આંગળી નાખતા આંગળી પાણીમાં પોતાની જગ્યા બનાવી લે છે. એવી જ રીતે આંગળી બહાર કાઢતા પાણી પાછું પહેલા જેવું થઈ જાય છે. આ સત્યને જેઓ પચાવી જાણે છે, તેઓ જ સમયનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરી શક્યા છે. સમય કાઢનાર પોતાની વય પ્રતિભા અને સાહસ વચ્ચે નવો સંબંધ રચી શકે છે અને પોતાના સ્વપ્ન સાકાર કરી શકે છે.

**૫. પ્રેમનો દેખાડો :**

મનુષ્યનો સૌથી શ્રેષ્ઠ ગુણ કોઈ હોય તો તે પ્રેમ છે. પ્રેમને આધારે તેની પોતાની મર્યાદા નક્કી થાય છે. પ્રેમ એની અંદર સંવેદના જગાડે છે. પોતા ઉપરાંત બીજાની પણ પરવા કરે છે. તમારી ઈચ્છાઓની પૂર્તિ એવી રીતે થવી જોઈએ કે બાકીનાઓને ઈજા પણ ન થાય. પ્રેમનો દેખાડો આભાસી - જુઠ્ઠો ન હોય તો પરસ્પર પ્રગાઢ મજબૂતી બક્ષે છે. એ વ્યક્તિને ઉદાર પણ બનાવે છે. પ્રેમની ભાગીદારી મજબૂત કરવા પ્રેમનું પ્રદર્શન આત્માની અનુભૂતિને આમંત્રિત કરે છે.

**૬. છોડવાની કળા**

એક રસપ્રદ વાત એ છે કે સમૃદ્ધિ અને સફળતાને જ સુખનું સૌથી મોટું કારણ માનવામાં આવે છે. પણ હકીકતમાં વસ્તુને છોડવી, એનાથી પણ મોટો ગુણ છે. સંતોની કથાઓ - સુફીઓના કિસ્સાઓ કે તપસ્વીઓની સાધનાના ઉદાહરણો ત્યાગનો અર્થ સમજાવવા માટે જ આપવામાં આવે છે.આપણે આ દુનિયામાં આવવાનું, મળેલા ઉદ્દેશ પૂરા કરવાના અને અંતમાં સર્વે મૂકી સંતુષ્ટ થઈને આનંદથી પાછા ફરવાનું છે. અને આમાં જ શ્રેષ્ઠતા છે.

**૭. સુખ માટે ઝઘડો :**

વિવાદો કે ઝઘડા આમ તો ખરાબ ગણાય છે છતાં હળવા થઈ જીવવું એક કળા છે. વ્યવહારુ જીવનમાં નીતિમૂલ્યો સાથે જીવવું એ જ મોટી જીત છે. નાના નાના ઝઘડા પ્રેમ વધારે છે. એમાં સ્નેહ છુપાયેલો હોય છે. કોઈ ગાંઠ નથી રહેતી. આવું ન હોય તો જીવન નીરસ બની જાય અને નીરસતા સાથે શ્રેષ્ઠતાને કોઈ જ સંબંધ નથી. કંટાળો તમને બેચેન બનાવે છે. બેચેની હતાશામાં ફેરવાઈ જાય છે. જીવનમાં તો રસ જોઈએ અને રસની સૃષ્ટિ માનવીના મનની અંદર હોય છે. નાના નાના ઝઘડા પ્રેમ અને અધિકારનું સુખ આપે છે.

**૮. અપેક્ષા... ઉપેક્ષા ન બને :**

અપેક્ષા કરવી અને અપેક્ષા રાખવી, એ એકદમ સહજ છે. પણ અપેક્ષા એવી અને એની પાસે જ રખાય, જે એને પૂરી કરી શકે. જરૂરિયાતથી વધુ અપેક્ષા રાખનાર ઉપેક્ષાનો શિકાર બની જાય છે. અને ઉપેક્ષા માણસથી સહન થતી નથી. એનાથી તાણ અને મુશ્કેલી

*'કરકસર' રસોડામાં ના પેસવી જોઈએ. ઉદાર કરકસર હોવી જોઈએ. રસોડામાં કરકસર પેસે તો મન બગડી જાય.*

વધે છે. આ દૂર કરવા તમારી ભૂમિકા વધુ સારી રીતે નિભાવતા રહો. યોજનાઓ બનતી રહેશે. તેમાં ઉતાર ચઢાવ આવ્યા કરશે. તમારી પોતાની પણ એક મર્યાદા છે. એને ઓળખીને શ્રેષ્ઠ બનો. જાત પાસે પણ નકામી વધુ પડતી અપેક્ષા ન રાખો. પ્રેમ કોઈનો ઓછો નથી હોતો, માત્ર આપણી અપેક્ષાઓ જ વધુ હોય છે.

### ૯. કંઈક છે... જે બદલાતું નથી

એક વાત ખૂબ જ અગત્યની અને મહત્ત્વની છે કે સદીઓથી લોકો શ્રેષ્ઠ બનવાની કોશિશ કરી રહ્યા છે પણ આખી દુનિયા બદલાઈને શ્રેષ્ઠ નથી બની શકી. અને એ પણ એટલું જ સાચું છે કે તમામ તકલીફો હોવા છતાં પણ આ દુનિયા એટલી તો ખરાબ નથી કે જેમાં રહેવું શક્ય ન હોય. સુખ સગવડના સાધનો બદલાયા છે અને બદલાઈ શકે પણ સરળતા ક્યારેય આઉટ ઓફ ફેશન નથી થઈ શકતી. દુનિયા - સમાજ વ્યક્તિઓ તમને મળ્યા છે તો એને થોડી વધુ સારી બનાવો અને એનો આનંદ લો.

### ૧૦. ચારિત્ર્યની પૂંજી

વ્યક્તિગત રીતે તમે તમારું ચારિત્ર્ય એકલા જ નથી ઘડતા પણ પરિસ્થિતિ અને સામાજિક બીબું એમાં એટલું જ યોગદાન આપે છે. ચારિત્ર્ય હંમેશાં એક જરૂરી પૂંજી રહ્યું છે. સારા અને ખરાબ અનુભવો મેળવ્યા પછી જીવનના વાસ્તવિક સૌંદર્યને જાણનારા સારા ચારિત્ર્યના માપદંડ બનાવી ગયા છે. જોકે સમયાંતરે એમાં પણ વાદ-વિવાદ થતા જ રહે છે પણ યાદ રહે કે સદ્‌ચારિત્ર હોવાનો અર્થ એટલો સીમિત પણ નથી કે અભિવ્યક્તિના અધિકાર સમાપ્ત થઈ જાય અને તમારે તો માત્ર એટલું જ નક્કી કરવાનું છે કે તમે વધુમાં વધુ કેટલા લોકોને સુખ પહોંચાડી શકો છો અને બીજાને ન નડે તે જ વધુ સુખ આપી શકે છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## ગાંધીજી

એ દિવસે રવિવાર હતો. રવિવારે રાતે ગાંધીજીનું મૌન શરૂ થાય જે સોમવારની સાંજ સુધી ચાલે. રાત્રે સૂવા જતી વખતે આશ્રમમાં નવા આવેલા છોકરા સોમા વિશે ઈશારાથી વિજયાબહેનને પૂછ્યું. વિજયાબહેને બધી વ્યવસ્થા થઇ ગઇ છે એમ જણાવ્યું.

છતાં ગાંધીજી વિજયાબહેનને લઇને સોમો સૂતો હતો તે ઓરડામાં ગયા. ખીંટી ઉપર લટકતી પોટલી ઉતારવા વિજયાબહેનને ઈશારાથી જણાવ્યું. પછી પોટલી ખોલાવી.

પોટલીમાં જૂના ધોતિયાંના ટુકડાઓ હતા. એમાંથી એક ગડીબંધ થપ્પી લઇને ઓશરીમાં આવી ઘસઘસાટ ઊંઘતા સોમાનું માથું હળવેકથી ઊંચું કરીને એના માથા નીચે પેલી ગડીબંધ થપ્પીનું ઓશિકું બનાવીને ગોઠવી દીધું.

પછી પોતે સૂવા ગયા. આવા હતા ગાંધીજી.


*'કુમાર' નવેમ્બર-૨૦૧૦ માંથી*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

**વ્યક્તિ વિશેષ**

સેવાકીય ભાવનાના રંગે રંગાયેલા

# શ્રી મહેન્દ્ર સંઘોઇ

• અશોક મહેતા •



**શ્રી મહેન્દ્ર સંઘોઇ**

કહેવાય છે કે સફળ પુરુષ પાછળ કોઇ એક સ્ત્રીનો હાથ હોય છે. આ કહેવતને ચરિતાર્થ કરતી એક ઘટના અહીં રજૂ કરવામાં આવેલ છે.

એ સ્ત્રી એટલે મંજુલાબહેન અને મંજુલાબહેને જેમને સફળ બનાવ્યા છે એ પુરુષ છે શ્રી મહેન્દ્ર સંઘોઇ. આજે તો મુંબઇના શ્રી ક.વી.ઓ. સમાજમાં ભાગ્યે જ કોઇ વ્યક્તિ એવી હશે કે જેઓએ મહેન્દ્ર સંઘોઇનું નામ ના સાંભળેલ હોય.

એક સમયની વાત છે. પંદર વર્ષની ઉંમરનો ગામડાનો છોકરો. તેણે અનાજ-કરિયાણાનો ધંધો શરૂ કર્યો. મુંદ્રા તાલુકાના પોતાના ગામ ટોડામાં દુકાન શરૂ કરી. મુંદ્રામાં પણ શરૂ કરી. વ્યાપાર કરવા લાગ્યો. એ સમયે મેટ્રીક પાસ કરીને આગળ ભણવાનું શક્ય ના જણાતા કામધંધે લાગ્યા. આ રીતે પાંચેક વર્ષ ધંધો કર્યા બાદ ૧૯૭૮માં મુંબઇ નસીબ અજમાવવા આવ્યા. બાંધકામ ક્ષેત્રે વપરાતા રેતી, કપચી, ઇંટો વગેરેના ટ્રાન્સપોર્ટેશનનું કામકાજ શરૂ કર્યું. નસીબે યારી આપી. ધંધો જામવા લાગ્યો. પ્રોપર્ટી લાઇનમાં ડગ માંડ્યા. એ લાઇનમાં શરૂઆત કરી-ના કરી, ત્યાં તો સિમેન્ટ બ્લોક્સ બનાવવાના શરૂ કર્યા. ૧૯૮૮માં શરૂ કરેલ આ ઉત્પાદન પ્રક્રિયાને સખત મજૂરી, ખંત અને ચીવટથી આજે ભારતભરનાં આ પ્રકારના પ્લાન્ટોમાં ટોચે બિરાજમાન કરી દીધેલ છે. ૧૦૦ જેટલા કારીગરોની મદદથી દરરોજના ૨૦,૦૦૦ સિમેન્ટ બ્લોક/પેવર બ્લોક / ચેકર્ડ ટાઇલ્સ બનાવી તેનું વિતરણ કરવું એ એક મોટા ઉદ્યોગ બરાબર જ છે.

૧૯૯૫થી 'ડેવલપર' તરીકેના કાર્યમાં વધુ ધ્યાન આપ્યું. આજ સુધી દહીંસર અને તેની આજુબાજુના વિસ્તારમાં ૫ થી ૭ બિલ્ડિંગ ડેવલપ કરેલ છે. અને એજ રીતે ૫ થી ૭ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ઊભા કરેલ છે. આ બધાજ પ્રકારની પ્રવૃત્તિઓ સ્ટાફ સિવાય એકલા હાથે પાર પાડનાર મહેન્દ્રભાઇની કેપેસીટીનો આનાથી વધુ દૃષ્ટાંત શું હોઇ શકે. તેઓ પોતાની ધંધાકીય પ્રવૃત્તિઓ શરૂથી જ રામદેવ ગ્રૂપના નામે કરતા આવેલ છે. તેઓશ્રી પોતાની ધંધાકીય કારકિર્દીથી બે પાંદડે સુખી પણ થયેલ છે.

તેઓએ કચ્છના મુંદ્રા શહેરમાં ૫ એકર જમીન સંપાદિત કરી એક નવા જ પ્રકારનો પ્રોજેક્ટ હાથ પર લીધેલ છે. આ એક એવી યોજના છે કે જેમાં કમર્શિયલ રીતે બંગલા પણ બનાવવામાં આવેલ છે અને સામાજિક સ્વરૂપે ધર્મસ્થાનક, વડીલ વંદના જેવા આયોજનો પણ ગોઠવવામાં આવેલ છે. અત્યાર સુધી તેઓશ્રીએ આ ક્ષેત્રે એકલે હાથે સારું એવું રોકાણ કરી દીધેલ છે.

શ્રી મહેન્દ્રભાઇ સામાજિક ક્ષેત્રે પણ નાનપણથી તેટલા જ પ્રવૃત્તિશીલ રહેતા આવેલ છે.

તેઓશ્રીએ ૧૯૮૧થી એટલે કે પોતાની માત્ર ૨૪ વર્ષની ઉંમરથી જ પોતાના વિસ્તારના મંડળોમાં સક્રિયપણે કાર્યરત રહેવાનું શરૂ કર્યું. ૧૯૮૪માં દહીંસર ખાતે 'એંકરવાલા જૈન ધર્મસ્થાન'ના નામે સ્થા. જૈન ઉપાશ્રયનું નિર્માણ કાર્ય કરવામાં અગ્રીમ ભાગ ભજવ્યો. ૨૦૦૦ ચો. ફૂટના આ હોલમાં સાધુ-સાધ્વીજીના વૈયાવચ્ચ અંગેની પ્રવૃત્તિઓ પણ શરૂ કરી.

પોતે તથા શ્રી નેમજીભાઇ ગંગર જેના ફાઉન્ડર ટ્રસ્ટી રહ્યા તેવા **'શ્રી ક.વી.ઓ. જૈન માનવ કલ્યાણ કેન્દ્ર'**ના બાંધકામની શરૂઆત દહીંસર ખાતે ૧૯૮૬માં કરી. ૧૯૯૧માં તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આજે ત્યાં ૧૫૦થી વધુ એમ.ડી. કક્ષાના ડૉક્ટરો પોતાની

*આ જગતમાં તમારું કયું? તો કે જે ના માંગ્યુ, એ તમારું ને માગ્યું તે તમારું ના હોય.*

સેવા આપી રહ્યા છે અને દરરોજના ઓ.પી.ડી. વિભાગમાં લગભગ ૮૦૦થી વધુ સંખ્યામાં દર્દીઓ લાભ લઇ રહ્યા છે. અહીં મેડિકલ વિભાગની લગભગ ૪૦ જેટલી બ્રાંચો કાર્યરત છે. ત્યાંની મુલાકાત લેતા આખું કેન્દ્ર ધમધમતું દેખાય. ખરેખર આ એક અદ્વીતીય સેવાકેન્દ્ર કોઇપણ નાત-જાતના ભેદભાવ વગર-દહીંસર તથા તેની આજુબાજુના વિસ્તારની જનતા માટે સાબિત થઇ ચૂકેલ છે. અહીંના પરીક્ષણના તથા તપાસણીના ચાર્જિસ ખૂબજ કિફાયત રાખવામાં આવેલ છે કે જેથી સમાજનો નબળામાં નબળો વર્ગ પણ તેનો ફાયદો ઉઠાવી શકે.

ત્યારબાદ ૨૫ બેડની **'નવનીત હોસ્પીટલ'** વર્ષ ૨૦૦૦માં શરૂ કરવામાં આવી કે જેની સેવા સમાજના કોઇપણ વર્ગ માટે અનુકૂળ બની રહે છે.

ત્યારબાદ દહીંસર વિભાગમાં વર્ષ ૨૦૦૭થી ૭૫ બેડની કેપેસિટીવાળી શ્રી ક.વી.ઓ. જૈન માનવ કલ્યાણ કેન્દ્ર સંચાલિત **'નવનીત હાઇટેક હોસ્પિટલ'** પણ શરૂ કરવામાં આવી.

આ બધીજ પ્રવૃત્તિઓમાં શ્રી મહેન્દ્રભાઇ સંઘોઇએ અગ્રીમ ભાગ ભજવેલ હતો. તેઓશ્રી ભાયંદર ખાતેની ૨૦૦ એકરમાં સ્થાપીત **"કેશવસૃષ્ટિ"** ગૌશાળાના ટ્રસ્ટી તરીકે પણ પોતાની સેવા આપી રહેલ છે. અહીં ૩૦૦ જેટલી ગાયોને રાખવામાં આવેલ છે.

## ઍંકરવાલા અહિંસાધામ

પ્રેરક શ્રી જાદવજી રવજી ગંગર-સમાઘોઘાએ ૫ એકર જમીનનું દાન આપી આ સંકુલ ઊભું કરવામાં પૂરતો સહયોગ આપ્યો કે જેનું ભૂમિપૂજન ૧૯૯૦માં કરવામાં આવ્યું. આજે તો આ અહિંસાધામ વિકસીને લગભગ ૬૦૦ એકર જમીનમાં ફેલાઇ જવા પામેલ છે.



ઍંકરવાલા અહિંસાધામ - મુખ્ય બિલ્ડિંગ

અહિંસા ધામની સ્થાપનાના સમયે મુંબઇમાં અનેક લોકો એકત્રિત થઇ તે અંગેના આયોજનો ગોઠવતા કે જેમાં સ્વ. કાનજી કાંતિલાલ મહેતા તથા સ્વ. પ્રાણલાલભાઇ પણ સામેલ હતા. ઍંકરવાલા અહિંસાધામનો મુખ્ય હેતુ બીમાર પશુઓની ગૌશાળા બનાવવાનો હતો. શ્રી રમેશભાઇ ગાલા (પ્રતાપપર), શ્રી જયંત ગોગરી (ભુજપુર), શ્રી લીલાધર ગડા (બાડા), શ્રી લખમશી છેડા (કુંદરોડી) તથા અન્યો મળી અંદાજિત ૧૫ જેટલી સંખ્યામાં મુંબઇમાં આજે પણ દર ગુરુવારે મિટિંગ ભરી નવા નવા આયોજનો વિચારતા થઇ જાય છે. ઍંકરવાલા અહિંસાધામમાં ૧૧ કારોબારી સભ્યો તથા ૧૦ જેટલા ટ્રસ્ટી મળી તેનો કારોબાર ચલાવે છે. શ્રી મહેન્દ્રભાઇ સંઘોઇ છેલ્લા ૨૦ વર્ષથી પ્રમુખની જવાબદારી નિભાવી રહેલ છે.

ઍંકરવાલા અહિંસાધામના મુખ્ય વિભાગો નીચે મુજબ છે.

- ભારતમાં સહુથી મોટી **વેટરનરી હોસ્પિટલ** તરીકે પ્રખ્યાત છે.
- ચાર વેટરનરી ડોક્ટરની ટીમ **ઑપરેશન થિયેટર** સંભાળે છે.
- વાર્ષિક અંદાજિત ૫૦૦ પશુની ચિકિત્સા કરવામાં આવે છે.
- અહીં હાલે ૨૮૦૦ પશુ છે કે જેમાં ૧૦૦૦ અપંગ પશુઓનો પણ સમાવેશ થયેલ છે. આ બધા જ પશુઓ આવ્યા ત્યારે બીમાર હતા કે જે ક્રમે ક્રમે સારા થતા જાય છે.
- અહીં ૧૦૮ પશુઓના બેડનું **આઇ.સી.યુ.** છે.
- ૨૫૦૦ ચો. ફૂટના હોલમાં ચિત્ર પ્રદર્શની છે કે જેને **વિનેષાલય મ્યુઝિયમ** કહેવામાં આવે છે.
- ૯૦ વ્યક્તિની કેપેસિટીવાળા **'નવનીત ઑડિટોરિયમ'**માં પશુને લગતી ૨૦ મિનિટની ફિલ્મ બતાવવામાં આવે છે.
- અહિંસાના પ્રચાર માટે અથવા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ૫૦૦ સીટની કેપેસિટીવાળું અન્ય એક **'ઓડીટોરિયમ'** છે.
- ૩ વર્ષ સુધી સતતપણે વરસાદ ના પડે તો પણ પશુઓ તથા પક્ષીઓને પીવા માટે કામ આવે તેવું ૩૫ એકરમાં પથરાયેલ વિશાળ **'નંદી સરોવર'** છે.

*જો મૂંઝવે તો તેને ધર્મ કેમ કહેવાય? આપણે કાંતીએ અને એકુય પૂણી પૂરી ના થાય તો તેને રેંટિયો જ કેમ કહેવાય?*




વૃક્ષ અભયારણ્ય



આયુર્વેદિક વન

- ૨૦૦ એકર જમીનમાં **'વૃક્ષ અભયારણ્ય'** ફેલાયેલ છે.
- ૨૦ એકર જમીનમાં **"આયુર્વેદિક ઔષધાલય"**ના ઝાડો ઉગાડવામાં આવેલ છે.
- ૪ એકર જમીનમાં આંધળા તથા લંગડા પશુ મુક્તપણે હરી ફરી શકે તે માટે **'પશુ મુક્ત અભયારણ્ય'**નું ઉદ્‌ઘાટન જાન્યુઆરી-૨૦૧૧ ના પ્રથમ અઠવાડિયામાં કરવામાં આવનાર છે.
- ૪ એકર જમીનમાં રાષ્ટ્રીય પક્ષ મોરનું **'મોર અભયારણ્ય'** ટૂંક સમયમાં બનાવવામાં આવનાર છે.
- ખૂબ જ મોટા શીંગડા માટે અહીંના **'ગોપાલ બળદ'** ને 'ગીનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ'માં સ્થાન મળેલ છે.
- આ કેન્દ્રને અનેક સંસ્થાઓ તરફથી અનેક **'એવૉર્ડો'** પ્રાપ્ત થઇ ચૂકેલ છે.

આ પ્રોજેક્ટના પશુની ખાધા ખોરાકી તથા વૈદકીય સારવારનો વાર્ષિક ખર્ચ અંદાજિત રૂા. ૨ કરોડ જેટલો થવા જાય છે. જ્યારે અન્ય ૧ કરોડ રૂપિયા નવા ડેવલપમેન્ટ પાછળ વાપરવામાં આવે છે.



ગોપાલ બળદ

- ગૌરક્ષાના વિષયે શ્રી મહેન્દ્રભાઈ ભારતભરની ગૌશાળા સાથે સંકળાયેલા રહી તેઓના જરૂરી કાર્યો કરતા આવેલ છે.

***વિશેષમાં ખાસ નોંધ લેવા જેવી હકીકત એ છે કે ઍંકરવાલા પરિવારના શ્રી દામજીભાઇ તથા શ્રી જાદવજીભાઇ સતતપણે આ સંસ્થા સાથે સંકળાયેલા રહ્યા છે.***

## કચ્છી જૈન ફાઉન્ડેશન

શ્રી મહેન્દ્રભાઈ સંઘોઇ કચ્છી જૈન ફાઉન્ડેશનના ફાઉન્ડર ટ્રસ્ટી છે. ફાઉન્ડર ટ્રસ્ટી, દાતા ટ્રસ્ટી તથા અન્ય ટ્રસ્ટીઓ મળીને અંદાજિત ૨૦ ટ્રસ્ટીઓનું જૂથ અહીં કાર્યરત છે.

શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશને મુંબઈમાં જરૂરિયાતવાળા લોકો માટે **'આવાસ યોજના'**નું કામ હાથ પર લીધેલ છે. અંદાજિત ૩૦૦૦ આવાસો બનાવવાની ગણના છે. ૫૦૦ ચો.ફૂટના એક આવાસની અંદાજિત કિંમત રૂા. ૧૦ થી ૧૨ લાખ જેટલી થવા જાય છે. તૈયાર થતા આવાસની ૨/૩ કિંમત સંસ્થા ભોગવે છે. જ્યારે ૧/૩ જેટલી



મેનકા ગાંધી - ઍંકરવાલા અહિંસાધામની મુલાકાતે

*આ તો બધાં 'હસબન્ડ' થઈને બેઠાં છે ને 'વાઈફ' સાથે પોલીસનું વર્તન રાખે છે. "હસબન્ડ એટલે વાઈફના વાઈફ!"*

કિંમત લાભાર્થીએ ચૂકવવાની રહે છે.

અત્યાર સુધી ૪૦૦ આવાસ બંધાઇ ચૂકેલ છે. અન્ય ૪૦૦ આવાસો આવતા એક-બે મહિનામાં તૈયાર થઇ જાય તેવી ગણના રાખવામાં આવેલ છે. અન્ય આવાસોના આયોજનો પણ ચાલુ છે.

**વિશેષ નોંધ :**

મુંબઇમાં અનેક કચ્છી મહારથીઓ પોતપોતાના ક્ષેત્રે સેવા કરતા રહે છે.

આજે આપણે શ્રી મહેન્દ્રભાઇ સંઘોઇની સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લીધી.

તેઓશ્રી દહિંસર ખાતે મેડિકલ ક્ષેત્રે, પ્રાગપર ખાતે પશુ રક્ષા ક્ષેત્રે, કચ્છી જૈન ફાઉન્ડેશન- મુંબઇમાં જરૂરિયાતવાળા લોકો માટે આવાસ બનાવવાના ક્ષેત્રે મુખ્યત્વે કાર્યરત છે કે જેની વિગતો જાણી.

વિગતો વાંચ્યા-સમજ્યા પછી શ્રી મહેન્દ્રભાઇને ‘સેલ્યુટ’ કરવાની ઇચ્છા કોને નહીં થાય!

શ્રી મહેન્દ્રભાઇની સેવાકીય ભાવનાને નત મસ્તકે વંદન!

ગૌરક્ષાના વિષયે શ્રી મહેન્દ્રભાઇ ભારતભરની ગૌશાળા સાથે સંકળાયેલા રહી તેઓના જરૂરી કાર્યો કરતા આવેલ છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

★ ડાયેટિંગનો અર્થ ઓછું ખાવું, એવું નથી.
★ વજન ઘટાડવા માટે જમ્યા અગાઉ બે ગ્લાસ પાણી પીવાથી ફાયદો થાય છે.
★ ફક્ત રોટલી પર ઘી લગાડવાનું બંધ કરતાં વર્ષાંતે પાંચ કિલો જેટલું વજન ઓછું થઈ શકે છે.
★ વજન ઘટાડવા દરરોજ અડધા કલાક સુધી ઝડપથી ચાલવું જોઈએ.
★ વોકિંગથી આત્મવિશ્વાસમાં વધારો કરી શકાય છે.
★ વોકિંગ, યોગ્ય કસરત અથવા સ્વિમિંગથી રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.
★ દારૂ, તમાકુ અને જુગાર શરીરને નુકસાનકર્તા થઈ શકે છે.
★ શરીરમાં લોહી ઓછું હોય તો પાલક, ગોળ, સોયાબીન, ખજૂર, કાળી દ્રાક્ષનો ઉપયોગ કરવાથી ફાયદો થાય છે.

*જે મારી નાખવાનો વિચાર કરે છે, તે ભગવાનનો ગુનેગાર છે; ને જે મારી નાખે છે તે જગતનો ગુનેગાર છે.*

# પુરુષ પ્રધાન વ્યવસાયમાં કચ્છી નારીનો દબદબો

• ગિરીશ જોશી •

મોટા મોટા ઉદ્યોગપતિઓને હંફાવીને કચ્છી નારીએ મહાનગરી મુંબઈમાં વસ્ત્રનિર્માણ ક્ષેત્રે એક મોટું કાઠું કાઢ્યું છે. નાનપણથી જ પુરુષ સમોવડી બનવાના સપનાં જોતાં હેતલબહેન શેઠિયાએ અનેક વેપારીઓની હરીફાઈમાં ઝંપલાવીને સતત પ્રગતિના સોપાન સર કર્યાં છે.

દેશના બંધારણમાં પણ સ્ત્રીને સમાન હક્ક આપવાની વાતો થઈ રહી છે ત્યારે કચ્છના એક નાનકડા વડાલા જેવા ગામની કન્યા છેક મુંબઈ પહોંચી ૨૪ કલાક ધમધમતા મહાનગરમાં વ્યાપારક્ષેત્રે પગ માંડ્યા છે એવા હેતલ શેઠિયાની વાત કરવી છે.

સવારે વહેલા ઊઠી ઘરની રોજની કામગીરી પૂર્ણ કરી રોજ સવારે ૧૧ વાગ્યે પોતાની શર્ટની ફેક્ટરીએ પહોંચી જતી કચ્છની મહિલા સાથે વાત કરતા તેમણે પોતાની પરિશ્રમની દાસ્તાન સંભળાવી હતી.

મુંબઈ નહીં મહારાષ્ટ્રમાં 'ફેન્જીના' શર્ટના નામે જાણીતી બનેલી કચ્છી સ્ત્રીએ બચપણમાં કચ્છમાં જ વડાલા ખાતે ધોરણ ૮ સુધી અભ્યાસ કર્યો હતો. પરંતુ આટલામાં તેમને સંતોષ નહોતો. કંઈક કરવાની મનમાં સતત ધગશ હતી. પુરુષોની કામગીરી જોઈ, જાણે અદેખાઈ આવતી હોય તેમ હરીફાઈમાં ઉતરવાની ઈચ્છા સતત સતાવતી હતી.

આઠમા ધોરણ બાદ સંજોગ તેમને મુંબઈ ખેંચી ગયા હતા. ત્યાં અર્થશાસ્ત્રમાં સ્નાતક થઈ યુનિયન બેંકમાં નોકરી કરી હતી. ૧૧ વર્ષ સુધી ફરજ બજાવી ચૂકેલી આ કચ્છી નારીના બે સંતાન થયા હતા. પુત્ર ફેનીલ અને પુત્રી જીનલનો જન્મ થતાં ત્રણ વર્ષ નોકરી છોડી દીધી હતી.

આવા સમયે પરિવારમાં આવેલા એક વળાંકને ધ્યાનમાં લઈ પોતાના રેડીમેડ કાપડના શોખમાં ઝંપલાવવાની શરૂઆત કરી હતી. વસ્ત્ર વ્યવસાયનો અનુભવ ન હતો. શું કરવું તેની મૂંઝવણ સતાવ્યા બાદ તેમણે જાહેર ખબર દ્વારા વર્કિંગ પાર્ટનરની શોધ કરી હતી.

ખમીસ બનાવનાર અનુભવી પાર્ટનર મળી જતાં ૧૯૮૯માં નાના પાયે શરૂઆત કરી હતી. શાંતાક્રુઝમાં એક નાના ઓરડામાં ત્રણ મશીન વડે પોતાના વ્યવસાય માટે કિસ્મત અજમાવવા પહેલ કરેલ. હેતલબહેનની કામની ધગશે સફળતા અપાવી હતી. તે વખતે દરરોજ ૨૫ શર્ટ બનાવતા હતા.

સતત અનુભવ અને મોટા વેપારીઓના સંપર્ક વધતા હતા ત્યાં કોલાબા ખાતેના રેડીમેડના એક મોટા વેપારી સાથે મુલાકાત થઈ હતી. સ્ત્રી સાહસ જોઈ તેમણે પોતાની શરતોના આધારે શર્ટ ખરીદવાની તૈયારી બતાવી હતી. છ અઠવાડિયાની તાલીમ, માલની ગુણવત્તા, સુંદરતા અંગે માર્ગદર્શન આપતા ત્રણ વર્ષ સુધી એક મોટી સિદ્ધિ મળી હોવાનું ખુદ હેતલબહેને કહ્યું હતું.

પુરુષપ્રધાન મુલકમાં વસ્ત્ર વ્યવસાય ક્ષેત્રે ઝંપલાવીને કચ્છી નારીને અનુભવ તો મળ્યો પણ તેનાથી સંતોષ ન થતાં પોતાના નામ સાથે માલ વેચવાનો વિચાર આવતાં ૧૯૯૯માં પુત્ર ફેનિલના નામને જોડતી 'ફેન્જીના' નામથી ઉત્પાદન શરૂ કર્યું હતું. ૨૫ શર્ટ તૈયાર કરનારા હેતલબહેન આજે દૈનિક ૪૦૦ શર્ટનું ઉત્પાદન કરી રહ્યાં છે.

શાંતાક્રુઝ અને જોગેશ્વરી ખાતેની પોતાની બે ફેક્ટરીઓમાં દરરોજ ૭૦ જણને રોજગારી આપી રહ્યા છે. ૧૦-૧૫ હજાર મહિને પગાર મેળવનારી આ નારી આજે ૭૦ જણને મહિને લાખો રૂપિયા પગાર ચૂકવે છે. હવે તો પુત્ર મોટો થઈ ગયો છે છતાં ૬૦ વર્ષની ઉંમરે પોતે તમામ પ્રકારનું કામ કરી લે છે અને ફેક્ટરીએ પહોંચીને સતત દેખરેખ રાખી રહ્યાં છે.

જો કે હવે બહારની માર્કેટિંગને લગતી કામગીરી પુત્રને સોંપી દીધી છે. છતાં જ્યાં જરૂરત પડે ત્યાં પોતે પહોંચી જાય છે. ઘર અને વ્યવસાયની રોજિંદી જવાબદારીમાં ક્યાંય પાછીપાની કરતા નથી અને પોતાના વતન પ્રત્યે લાગણી પણ એટલી જ રાખે છે. વર્ષમાં એકવાર આવવાનું ચૂકતા નથી.

પ્રારબ્ધ પર આધાર રાખી પુરુષાર્થ કરી અને 'સપના દેખો સપના સાકાર કરો' ના સૂત્રને કંઠસ્થ કરી નારીશક્તિ ધારે તે પરિણામ લાવી શકે છે, એમ કહીને તેઓ સ્વાતંત્ર્યતા મેળવે છે પણ તેનો સાચા અર્થમાં ઉપયોગ કરવાની સલાહ આપે છે.

ખમીસમાં પણ ખાસ કરીને સફેદ શર્ટમાં તેમનું નામ છે. કોટન આધારિત શર્ટની માંગ સતત રહેતી હોવાથી તેને પહોંચી વળીએ છીએ. મુંબઈમાં બોરીવલીમાં બજારા, કાલબાદેવીમાં મહાવીર મેન્સ, ઘાટકોપરમાં શ્રીમાન, કાંદીવલીમાં જેકલીન સહિત ૫૫ થી વધુ તૈયાર વસ્ત્રોની મોટી મોટી દુકાનોમાં 'ફેન્જીના'નું વેચાણ સતત રહે છે. તેમ છતાં મહારાષ્ટ્રમાં અને ગુજરાતમાં પણ માલની માંગ રહેતી હોવાનું તેમણે કહ્યું હતું.

મુંબઈ તો મોટું શહેર છે અને સમગ્ર ભારત ઉપરાંત વિદેશી વ્યક્તિઓ પણ અનેક વ્યવસાયમાં જોડાયેલી હોય છે. તમારા ત્રીસેક વર્ષના આ ધંધામાં ક્યાંય કોઈ ખરાબ અનુભવ થયો છે? સવાલ સામે તેમણે સહજતાથી ના પાડી હતી. મેં હંમેશા મહેનત કરી છે અને આજે ફળ મળે છે, પાછળની પેઢીને પણ મળશે. પોતાના માલ પ્રત્યે વફાદાર છું. સારી વસ્તુ વેચવાની ધગશ છે. કોઈની સામે હાથ

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૦ ઉપર)

*જ્ઞાન એટલે સમજ નહિ, 'જ્ઞાન' એટલે 'પ્રકાશ.'*

જીવન ચરિત્ર

શતાબ્દી વંદના

# ઉમાશંકર જોશી

• 'અભિપ્રેત' •

*ગુજરાતના રાષ્ટ્રવાદી કવિ શ્રી ઉમાશંકર જોશીનું આ જન્મ શતાબ્દી વર્ષ હોવાથી તેમને ભાવાંજલિ રૂપે એમની એક જાણીતી રચના "ભોમિયા વિના..." અને બીજી કૃતિ - "થાય તે થવા દે"નો રસાસ્વાદ કરાવે છે 'અભિપ્રેત.' તેને માણીએ.*

*– મુખ્ય તંત્રી*

*સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે*
*મનનું માન્યું ગાણું ગાવા દો!*

સ્વતંત્ર મિજાજ, આંતરિક ખુમારી, લોક-પ્રમાણ કરતાં આત્મ-પ્રમાણ ઉપર જ વિશ્વાસ, મુક્ત-મુગ્ધ વિચરણ, કંઇક બેપરવાઇ - આ બધાં પણ ઉમાશંકરના વ્યક્તિત્વનાં કેટલાંક વિશેષ પાસાં છે. એમના કવનમાંયે આ બધું પ્રગટ થયું છે. કેટલાંક કાવ્યો એમની નિજી ઓળખ રૂપ બની ગયાં છે. કેટલાંકની પ્રથમ પંક્તિ લોકજીભે ચઢી ગઇ છે.

'ભોમિયા વિના' આવું એક કાવ્ય છે. તેમાં નજાકતભર્યું કાવ્યતત્ત્વ છે, યુવાહૃદયની મુક્ત-મુગ્ધ ભ્રમણની ઝંખના છે, સ્વ-નિર્ભરતાની ખુમારી છે, સાથે જ લોકાભિમુખતા પણ-

*ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,*
*જંગલની કુંજ કુંજ જોવી હતી;*
*જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,*
*રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.*

ભમવું તો હતું, પણ ભમતાં-ભમતાં 'રોતાં ઝરણાંની આંખ લ્હોવી' પણ હતી - દીનદુખિયાં જનોની દેખભાળ પણ લેવી હતી. કવિ સ્વ-નિષ્ઠ જ નથી, લોક-નિષ્ઠ પણ છે. પ્રેય ને શ્રેય - બેઉ પાંખે એમને ઊડવું છે.

મુક્ત-મુગ્ધ ભ્રમણ કવિને ક્યાં-ક્યાં લઇ જાય છે!-

*સૂના સરવરિયાની સોનેરી પાળે*
*હંસોની હાર મારે ગણવી હતી;*
*ડાળે ઝુલંત કોક કોકિલાને માળે*
*અંતરની વેદના વણવી હતી.*

હંસોની હાર ગણતાં-ગણતાં પણ કવિ નીર-ક્ષીર વિવેક ચૂકતા નથી. એક બાજુ સુંદર જ સુંદર છે, પણ તે સુંદર વાસ્તવિક સત્યને વિસરી જઇ કેમ શકે? જે અ-સુંદર છે, તેનેય સુંદર બનાવીને જ તે જંપે. અને તો જ સઘળું શિવમય બને. આ ન સધાય, ત્યાં સુધી અંતરની વેદના કાયમ રહે.

આ કોઇ સમાજ-સેવકની નહીં, નખશિખ કવિ-હૃદયની અભિવ્યક્તિ છે. એટલે જ રોતું ઝરણું, કોકિલાનો માળો, હંસોની હાર વગેરે આવ્યું છે.

પરંતુ આદર્શઘેલા હૃદયને દુનિયાદારીનો ફટકો પડ્યો. યુવાહૃદયને હતું કે અસુંદરને ભૂંસવાની મારી વાતને પ્રતિસાદ મળશે, મારા અંતરના બોલના પડઘા પડશે. પણ તેને બદલે સામે તો તેને રૂંધી નાખવાના કારસા જોવા મળ્યા-

*એકલા આકાશ તળે ઊભીને એકલો,*
*પડઘા ઉરબોલના ઝીલવા ગયો;*
*વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,*
*એકલો અટૂલો ઝાંખો પડ્યો.*

'એકલા અટૂલા' પડી જવાનો અનુભવ થયો. (આ કાવ્ય પહેલાં 'અટૂલો' નામથી જ પ્રગટ થયેલું.) આનાથી આઘાત જરૂર લાગ્યો, ભ્રમ-નિરસન થયું- 'ઝાંખો પડ્યો.' પરંતુ આ તો લોક-પ્રમાણ ઉપર નહીં, આત્મ-પ્રમાણ ઉપર શ્રદ્ધા રાખનારા કવિ. એ એમ દુનિયાદારીથી પોતાના કાન ભંભેરવા ન દે, નાસીપાસ ન થાય, હાર ન માની લે. એ તો બેવડા ઉત્સાહ ને સંકલ્પ સાથે ફરી કમર કસે. પોતે જે કરવા નીકળ્યો છે, એ જ સત્ય છે, શિવ છે, સુંદર છે- એવી અવિચળ પ્રતીતિ એને છે. એટલે સ્તો 'ડુંગરિયા ભમવાનું' ને 'આંખડી લ્હોવાનું' એ છોડતો નથી. ફરી એવી જ દઢતાથી ને એવી જ મસ્તીથી એ લલકારે છે-

*આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,*
*જંગલની કુંજ કુંજ જોવી ફરી;*
*ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,*
*અંતરની આંખડી લ્હોવી જરી.*

'ભોમિયા વિના' જ નહીં. 'ભોમિયા ભૂલે એવી' અને જોવી 'ફરી' તથા 'આંખડી તો લ્હોવાની' જ. અસલ નિરધારને દ્વિગુણિત ભાવે ફરી ઘૂંટ્યો. ચાર કડીમાં કવિ એક ચિરંજીવ કાવ્ય આપી ગયા છે.

આ કાવ્યના સંદર્ભમાંયે કવિએ એક મજાનો કિસ્સો નોંધ્યો છે : "વિલે પાર્લે રાષ્ટ્રીય શાળામાં એક સવારે કવિ-સંમેલન હતું. તેમાં મેં 'ભોમિયા વિના' રજૂ કર્યું. પછી બીજા કોઇની કૃતિ રજૂ થતી હતી, ત્યારે બ.ક. ઠાકોરે મને બોલાવ્યો અને કાનમાં એમના હોઠ

*'પર-ધર્મ' એટલે દેહનો ધર્મ અને 'સ્વ-ધર્મ' એટલે આત્માનો ધર્મ.*

ફફડાવી જાડા અવાજે પૂછ્યું, તેં તારા ગીતમાં 'કોકિલાને માળે' કહ્યું, તે કદી તેં કોયલનો માળો જોયો છે ખરો? હું તો બરોબરનો સપડાયો! આવી મુશ્કેલીમાં મુકાઇશ એની કદી કલ્પના પણ નહીં આવેલી. પણ હોઠ સાજા તો ઉત્તર ઝાઝા. મેં ધીરેથી એમને કહ્યું, બલુકાકા, કાવ્યમાંની વ્યક્તિ એવી અસંભાવ્ય વસ્તુઓ પાછળ પડેલી હતી. તેઓ હસી પડ્યા. અને જા, જા, કરીને મને કાઢી મૂક્યો.''

ખરે જ, આ માણસ ખોંખારીને કહી શકતો કે હું 'અસંભાવ્ય વસ્તુઓ' પાછળ પડેલો છું. આવો જ ખોંખારો એમના બીજા એક કાવ્યમાંયે સંભળાય છે. એ કંઇક ઓછું જાણીતું, છતાં ચોંટડૂક ને અંતરમાં ઉતારી લેવા જેવું કાવ્ય છે. એમાંનો બેતમા લલકાર આપણા માનવ્યના, આપણા નિજત્વના રખોપા માટે અનિવાર્ય છે -

*થાય તે થાવા દો,*
*મને મારું મનનું માન્યું ગાણું ગાવા દો.....*
*કામ નથી કાંઇ મારું હાટે,*
*મને મારી આ વિજન વાટે,*
*અંતરના અવિરામ ઉચાટે*
*એકલ જાવા દો...*
*કોઈને અહીં કામ ન કોનું,*
*સહુમાં શોધે છો સહુ સોનું!*
*ભૂલી વૃથા એ નીર-વલોણું*
*સહુને ન્હાવા દો..*
*આવશે આવી ન વેળા ફરીને, જતી કરાય એ કેમ કરીને?*
*મને તો મારે હૈયું ભરીને પ્રેમ વધા'વા દો....*

થાય તે થાવા દો! મનનું માન્યું ગાણું ગાવા દો! ડુંગરિયા ભમવા દો! આંખડી લ્હોવા દો!

*- અભિપ્રેત*

***ભૂમિપુત્ર, તા. ૧૬-૧૨-૧૦માંથી સાભાર***

## પુરુષ પ્રધાન વ્યવસાયમાં કચ્છી નારીનો દબદબો

**(અનુસંધાન : પાના નં.-૫૭ ઉપરથી ચાલુ)**

લાંબો કરવો નહીં અને વ્યવહારમાં નીતિથી ચાલવાની પોતાની માતાના આદર્શો આજે કામ લાગ્યા હોવાનું કહ્યું હતું.

નાનાપણમાં જ પિતાજીના અવસાન બાદ બહેન અને પરિવારની જવાબદારી નિભાવવાની સાથે જીવનના સંઘર્ષની શરૂઆત થઈ હતી એમ તેઓ ઉમેરે છે.

વસ્ત્રશૈલી અંગે વાત કરતા હેતલબહેન કહે છે કે કાપડથી માંડી દોરા, બટન, કેનવાસની ખરીદી, અવનવી ડિઝાઈન, સમયની માંગ તમામ બાબતોને ધ્યાને રાખવી પડતી હોવાથી તે પોતે ચોક્સાઈથી ધ્યાન રાખે છે. એટલે જ બજારમાં નામ મળતું થયું છે.

***'કચ્છ મિત્ર'ના સૌજન્યથી***

***પ્રેષક : ઘનશ્યામભાઈ ઠક્કર***

## આઇનસ્ટાઇનની નિસ્પૃહતા

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇનસ્ટાઇન એટલે સાદગીનો જીવંત નમૂનો. તેઓ જ્યારે કીર્તિની ટોચે પહોંચ્યા હતા ત્યારે પણ તેમની પાસે માંડ પાંચ જોડી કપડાં હતાં. તેઓ એક સાદા ઘરમાં રહેતા હતા. ઈસ્ત્રી વગરના, કોથળા જેવાં કપડાં અને અસ્તવ્યસ્ત મસ્તકના વાળની એમણે કદી લઘુતા અનુભવી ન હતી.

એકવાર અત્યંત ધનવાન ઉદ્યોગપતિ નેલ્સન રોકફેલરે કોઇકના કહેવાથી આઇનસ્ટાઇનને મદદરૂપ થવાના ઇરાદાથી અને આ મહાન વૈજ્ઞાનિક સુખશાંતિથી રહી શકે તે માટે ૪૫૦૦૦ ડોલરનો ચેક એમને મોકલી આપ્યો. સાથે એક ટૂંકો પત્ર હતો જેમા રોકફેલરે લખેલું ''જેમનાં જૂતાં ઉંચકવા જેટલીય મારી લાયકાત નથી એવા મહાન વૈજ્ઞાનિક આઇનસ્ટાઇનને નમ્ર ભેટ''

આઇનસ્ટાઇનને ચેક અને પત્ર મળી ગયા. પત્ર તો તેમણે વાંચીને ફાડી નાખ્યો (સાચવી ન રાખ્યો) અને ચેક વટાવ્યા વગર પુસ્તકોના ઢગલામાં રાખ્યો. કોઇ પુસ્તક વાંચતી વખતે એ જ્યાં અધૂરું રહે ત્યાં નિશાની તરીકે- બુકમાર્ક તરીકે- તેઓ એ ચેકનો ઉપયોગ કરતા! એ ચેક તેમણે જિંદગીમાં કદી પણ વટાવ્યો નહીં.

આવા પણ માણસો હોય છે.

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*આત્મા માટે જીવ્યા તે પુણ્ય છે ને સંસાર માટે જીવ્યા, તે નર્યું પાપ છે.*

# કચ્છ રાજ્યના રાજકવિ અને ચારણી સાહિત્યના વિદ્વાન : શંભુદાનજી ગઢવી

• સંજય પી. ઠાકર •

ચારણી સાહિત્યના પ્રકાંડ પંડિત, મહારાવ લખપતજી વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય અને કચ્છના રાજકવિ શંભુદાનજી ઈશ્વરદાનજી ગઢવી (રત્નુ) નો જન્મ ચારણ કવિકુળમાં સંવત ૧૯૬૬ના પોષ સુદ-૫, રવિવાર (૧૬મી જાન્યુઆરી, ૧૯૧૦) ના રોજ ભુજ તાલુકાના રાયધણપર ગામે થયો હતો. પિતા ઈશ્વરદાનજી લાંગીદાસજી અને માતા કલાંબાઈના તેઓ એકમાત્ર સંતાન હતા. મોસાળ વિંગડિયા ગામે ઈશ્વરદાસજી અખેરાજજી રોહડિયા. શંભુદાનજીએ રાયધણપરની ગામઠી શાળામાં ત્રણેક ગુજરાતીનો અભ્યાસ કર્યો. દસ વર્ષની ઉંમરે ભુજની સુખ્યાત વ્રજભાષા પાઠશાળામાં દાખલ થયા.

એ સમયના કાવ્યશાળાના શિક્ષક રાજકવિ હમીરજી પચાણજી ખડિયા પાસે કાવ્યશાસ્ત્રનો બંધારણીય અને તે પૂર્ણ યાને 'સભા પ્રકાશ' સુધી અભ્યાસ કર્યો અને નિયમ મુજબ કાવ્ય રચના દ્વારા પરીક્ષા આપી, સં. ૧૯૮૨માં કવિ તરીકેની માન્યતા મેળવી. યાને 'કવિ' તરીકેનું પ્રમાણપત્ર મેળવ્યું. વિદ્યાર્થી અવસ્થાથી જ તેમની કાવ્યસર્જન શક્તિનો પરિચય તેમણે આપ્યો હતો. વડીલો સાથે રાજદરબારમાં તેમને જવાનું અનારનવાર થતું. પ્રસંગોચિત રાજભક્તિના સ્તુતિ કાવ્યો બનતા રહેતા. સૌપ્રથમ ઈ.સ. ૧૯૨૧માં મહારાવ ખેંગારજી ત્રીજા 'લીગ ઓફ નેશન્સ'માં રાજવી મંડળ તરફથી સફળ ભાગ લઈ કચ્છ પધાર્યા ત્યારે કચ્છની જનતા તરફથી તેમનું જાહેર બહુમાન થયું. એ પ્રસંગે શુંભદાનજીએ બાર વર્ષની ઉંમરે તેમનું સ્તુતિ કાવ્ય રજૂ કરી સૌનું ધ્યાન ખેંચ્યું.

અભ્યાસ પૂર્ણ કર્યા પછી, સ્થિર થતાં પહેલાં, થોડોક વખત પોતાના પરંપરાગત ખેતી વ્યવસાયમાં મદદ કરી, અને તે પછી સને ૧૯૩૨માં સ્ટેટના બાગખાતામાં દાખલ થયા. બાગખાતાની તેમની ફરજની સાથે સાથે તેમનો ઊર્મિપ્રધાન જીવ, મા શારદાની વધુને વધુ આરાધના કરતો રહ્યો. પરિણામે સને ૧૯૩૯માં મહારાવ વિજયરાજજીએ તેમની કાવ્યશક્તિની કદર કરી રાજકવિ પદે સ્થાપ્યા. જ્યારે બીજી બાજુ બાગખાતાની ફરજ પર પણ તેમને બઢતી આપી ઈન્સ્પેક્ટર બનાવ્યા. એટલું જ નહી પરંતુ એ અરસાથી કરી અંતિમ રાજવી મદનસિંહજી સાથે શરદ બાગ પેલેસમાં બિરાજવા લાગ્યા. પરિણામે રાજકુટુંબ સાથે ઘરોબો વધ્યો. પછી તો તેઓ કચ્છના રાજકુટુંબમાં પરિવારના સભ્ય જેટલું જ માન-પાન અને સ્થાન પામ્યા હતા.

કલામર્મજ્ઞ અને સ્વયં કવિ એવા મહારાવ લખપતજી દ્વારા ભુજ મધ્યે સને ૧૭૪૯માં સ્થાપવામાં આવેલી વ્રજભાષા કાવ્યશાળા માત્ર કચ્છને જ નહિ, હિંદી સાહિત્ય ક્ષેત્રને મળેલો એક ઉત્તમ સાંસ્કૃતિક વારસો હતો. ગુજરાતના મહાકવિ ન્હાનાલાલ દલપતરામનું ટાંકીએ તો 'કચ્છ રાજ્યનું સિંહાસન ભુજિયો છે, પણ તેનો કીર્તિમુગટ તો ભુજની વ્રજભાષા પાઠશાળા છે. **કવિઓ સર્જવાની આ અનોખી કાવ્યશાળા કદાચ, દુનિયાભરમાં અદ્વિતીય હશે.'** આ કાવ્યશાળાના પ્રથમ આચાર્યપદે જૈનાચાર્ય કનકકુશળજી રહ્યા હતા. સાત વર્ષનો અભ્યાસક્રમ રખાયો હતો. વધુ સઘન તાલીમ માટે વિદ્યાર્થીઓને દસ વર્ષ રહેવાની પણ છૂટ હતી. અંતિમ પરીક્ષામાં ઊત્તીર્ણ થનારને યોગ્ય ઈનામ, પોશાક અને કવિની સનદ અપાતી, જેના આધારે ગમે તે રાજદરબારમાં એ રાજકવિમાં પદ પર નિયુક્ત થઈ શકતો, એવી કીર્તિ આ કાવ્યશાળાની વિવિધ રાજ્યોમાં હતી. કાવ્યશાળાના અંતિમ આચાર્ય તરીકે સને ૧૯૪૬થી રાજકવિ અયાચી શંભુદાનજી રહ્યા હતાં. આઝાદી બાદ આ પાઠશાળાના અંત પછી તેમણે ફરી ભાગ ખાતામાં અધીક્ષક તરીકે પોતાની જૂની ફરજ સંભાળી લીધી હતી.

તેમની પાસે પોતાનો પુસ્તક સંગ્રહ હતો અને વ્રજભાષા પાઠશાળાના વિદ્યાર્થીઓએ છપાવેલા પુસ્તકો સચવાયા હતાં. તેઓ, પાઠશાળાના વિકાસાર્થે હિંદી કાવ્ય સાહિત્યના વિશેષ અભ્યાસ માટે મથુરા ગયા અને કાશીની મુલાકાતે રાજ્ય તરફથી મોકલવામાં આવેલા, ત્યારે એકબાજુ મહારાવ વિજયરાજજીનો દેહવિલય થયો. મહારાવ મદનસિંહજી ત્રણ મહિના જેટલા ટૂંકા ગાળા માટે ગાદીએ બિરાજયા અને કચ્છ રાજ્યનું સ્વતંત્ર ભારતમાં વિલીનીકરણ થયું. **ત્યારબાદ કચ્છના ચીફ કમિશનર દેસાઈએ બે સદી જૂની આ અનુપમ સંસ્થાને તાળાં મારી દીધાં અને તે માત્ર સ્મૃતિશેષ બની ગઈ!** શંભુદાનજીએ નવ વર્ષની વયે કાવ્યશાળામાં સાત વર્ષ અભ્યાસ કરીને કવિની સનદ મેળવી હતી અને વિલીનીકરણ વખતે એના એ પાઠશાળાના આચાર્યપદે હતા અને એને વિકસાવવાના મનોરથ સાથે પ્રવાસે નીકળ્યા હતા. એમના પ્રયત્નો છતાં પાઠશાળા ફરી શરૂ થઈ શકી નહી એ કચ્છની અને હિંદી સાહિત્ય જગતની

કરુણતા નહિ તો બીજું શું?

શંભુદાનજીએ સાહિત્યક્ષેત્રે પ્રસ્તાવિક કાવ્યોની સાથે સાથે પ્રાસંગિક રચનાઓ પણ રચી હતી. તેમણે યુવાન વયમાં રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને ગાંધીજીની વાણી સાંભળીને, ભારત આઝાદ થતાં ભાવનામય બની જઈને ભારતના રાષ્ટ્રધ્વજનું ચિત્રકાવ્ય 'રાષ્ટ્રધ્વજ વંદના' બનાવ્યું હતું અને એને મીનાકારી અંકિત ચાંદીની ફ્રેમમાં મઢાવીને પ્રથમ પંતપ્રધાન પં. નહેરુને કચ્છની મુલાકાત વખતે ૧૦મી જાન્યુ., ૧૯૫૨ના ભેટ આપ્યું હતું. આ કાવ્ય અને એનું વિવરણ ઉપરાંત કાવ્યશાળા બાબત દર્દભરી અપીલ સાથેની પુસ્તિકા પ્રગટ કરીને, કાવ્યશાળા માટે ભંડોળ એકત્ર કરવાની ટહેલ નાખી હતી પણ એ બધા પ્રયત્નો સફળ થયા નહિ.

વ્રજભાષા પાઠશાળામાં અભ્યાસ કરી ગયેલા ચારણ વિદ્વજનોને સન્માનવા 'શ્રી શંભુદાનજી અને અન્ય ચારણ વિદ્વાન સન્માન સમિતિ'ની રચના કરવામાં આવી હતી. હિંદીના ખ્યાતનામ સર્જક અને 'સારિકા' પત્રિકાના સંપાદક કમલેશ્વરજીના અધ્યક્ષસ્થાને મોરઝર (તા. નખત્રાણા) ખાતે ૨૦મી ઓગસ્ટ, ૧૯૭૭ના રોજ એક લોકમેળો યોજી તેમાં શંભુદાનજીનું ગૌરવપૂર્ણ સન્માન કરાયું હતું. શંભુદાનજીને રાજ્ય કુટુંબની ચાર પેઢીની સંપર્કમાં આવવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. ખેંગારજી બાવાથી લઈને પ્રાગમલજી ત્રીજા (તત્કાલીન યુવરાજ પૃથ્વીરાજજી) સુધી તેઓ આદરના અધિકારી બન્યા હતા. તેમની સામાજિક સેવાઓ પણ નોંધનીય છે. તેઓ 'અખિલ કચ્છ મારૂ ચારણ સભા' ના વર્ષો સુધી મંત્રીપદે રહ્યા હતા અને ત્યાર પછી 'અખિલ કચ્છ ચારણ સભા'ના પ્રમુખપદે રહી જ્ઞાતિની ઉલ્લેખનીય સેવા કરી છે.

સૌપ્રથમ સં. ૧૯૮૩માં અને તે પછી ૧૯૮૬માં એમ બે વખત તેમના લગ્ન થયાં. તેમનાં સંતાનોમાં ચાર પુત્રો અને એક પુત્રી થયેલાં. તેમાં ત્રીજા પુત્ર પુષ્પદાનભાઈ ભુજના નગરપતિ, ભુજ મતવિભાગના ધારાસભ્ય અને ચાર ટર્મ સુધી કચ્છના સંસદસભ્ય રહી ચુક્યા છે.

કચ્છના લોકસાહિત્ય અને કવિતા સાહિત્યનો અલભ્ય ખજાનો શંભુદાનજીને કંઠસ્થ હતો અને તેથી જ તેના રસિયાઓને તેમની પાસેથી એ ખજાનાનો ખૂબ લાભ મળ્યો હતો. કચ્છના લોકસાહિત્યને પુસ્તક દેહ આપનાર કેટલાક મહાનુભાવોએ તેમની પાસેથી ઘણું મેળવ્યું હતું. વ્રજભાષા પાઠશાળા સંબંધે જે ત્રણેક શોધ નિબંધ-મહા નિબંધ તૈયાર થયાં તેમાં તેમના કંઠસ્થ જ્ઞાન ભંડાર તેમજ સાહિત્ય સામગ્રી પૂરી પાડીને તેમણે ઉચિત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સાહિત્ય સંસ્કારમાં યત્કિંચિત ફાળો આપીને કચ્છના ગદ્ય, પદ્ય, ડીંગળ અને પીંગળ સાહિત્યને સમૃદ્ધ કર્યું છે અને કચ્છનું ગૌરવ વધાર્યું છે. વિદ્વતા અને વિનયનું એમનામાં મિલન જોવા મળતું હતું. કચ્છ રાજ્યના ઈતિહાસની અપ્રગટ વાતો અને તેમના જીવન-કવન વિશેનો ગ્રંથ 'કચ્છ દર્શન' સને ૧૯૭૮માં પ્રગટ થયો હતો. એમની આ નિર્વ્યાજ સેવા અર્વાચીન માતૃભૂમિ કચ્છને માટે યશોદાયી છે. સંતશ્રી મોરારિબાપુની પ્રેરણાથી સને ૨૦૦૬નો કવિશ્રી દુલા કાગ લોકસાહિત્ય ઍવૉર્ડ શંભુદાનજીને (મરણોત્તર) અર્પણ કરવામાં આવ્યો છે.

કચ્છના ઈતિહાસના અભ્યાસુ, પાઠશાળાના અંતિમ આચાર્ય અને કચ્છના રાજકવિ શંભુદાનજી ગઢવીનું ૨૬મી ડિસેમ્બર, ૧૯૮૪ના ૭૫ વર્ષની વયે ભુજ ખાતે નિધન થયું હતું. તેમનો જન્મ શતાબ્દી મહોત્સવ ભુજ ખાતે તા. ૧૬/૧૭ જાન્યુ.'૧૦ના યોજાઈ ગયો. આ પ્રસંગે ડીંગળ સાહિત્ય શોધ સંસ્થાન, નવી દિલ્હી દ્વારા 'કચ્છ દર્શન'ની સંવર્ધિત આવૃત્તિ તથા તેમના સ્મૃતિગ્રંથનું વિમોચન થયું તે સાથે ચારણ અસ્મિતા, વ્રજભાષા પાઠશાળા અને શંભુદાનજી વિશે વિદ્વાન વકતાઓના વ્યાખ્યાનો, સાંસ્કૃતિક કાર્યક્રમ બે દિવસ દરમિયાન યોજાયા હતા.

*(વિશેષ સહયોગ :*
*પુષ્પદાનભાઈ શં. ગઢવી-ભુજ)*
*લેખકનાં પુસ્તક*
*'કચ્છની શતાબ્દી પ્રતિભાઓ'માંથી*






મને તો એમ હતું કે તેઓ વીજળી, પાણી, રહેઠાણ વિગેરેની માંગણી મુકી પરેશાન કરી મૂકશે.... તેને બદલે તેઓએ તો અલગ જિલ્લો આપવાની માંગણી મૂકતાં..... આપણને "હાશ" થયું...




*આ જગતમાં એવું કોઈ નથી કે જેનો આગ્રહ કરવા જેવો હોય! જેનો આગ્રહ કર્યો, એ સત્ય જ નથી.*

# કોઈનો લાડકવાયો
## વિન્સેન્ટ વાનઘોઘ

• ગિરીશ વીછીવોરા •

વિન્સેન્ટ વાનઘોઘને યાદ કરતા ઝવરેચંદ મેઘાણીને એમનું સદાબહાર ઉત્તમ સર્જન યાદ આવે – 'કોઈનો લાડકવાયો' ('Somebody's Darling') અણપ્રીછેલો, અણજાણ, (અજાણ) એકલવાયો બધા વિશેષણો વાનઘોઘના વાઘા પર શોભે. મરતી વખતે કોઈના લાડકવાયાની જેમ એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા નહોતી આવી. પાછળથી જગમશહૂર થયેલા અને કળા જગતમાં સર્વોત્તમ સર્જક તરીકે વીસમી સદીમાં છવાઈ ગયેલા આ સર્જકની સ્મશાનયાત્રામાં પૂરા નવ ડાઘું હતા. એનો આજીવન સંગાથી, સુખદુઃખનો સાથી, માર્ગદર્શક, ઓલવાતા કોડિયાની વાટ સંકોરી, તેલ પૂરી પ્રજ્વલિત રાખનાર અને સહોદર ભાઈ થીઓ. બીજા બધા વહાલા હતા. આખી જિંદગી, જે બહુ તવિલ નહી હતી, પ્રેમ માટે રવરવનાર એને કોઈ પ્રેમપાત્ર ન મળ્યું ત્યારે એ દુન્યવી વિટંબણાઓથી અળગો થઈ ગયો હતો. પેરિસથી બહુ દૂર નહિ એવા નાના ગામમાં કબ્રસ્તાનમાં એ પોઢી ગયો. 'Here rests his head upon the lap of earth, A youth to fortune and to Fame unknown.' થોમસ ગ્રે જેવી શોકાંતિકા પણ કોઈએ ન લખી. છેલ્લા પચાસેક વર્ષમાં એ અસામાન્ય બની ગઈ છે. કલાકારો અને કલા પારખુઓનું યાત્રાધામ બની ગઈ છે. પેરિસ પહોંચીને પણ એ તીર્થસ્થાનની યાત્રા ન થઈ શકી એનો રંજ હૃદયને વિહવળ કરતો રહ્યો છે.

કલાકારો ધૂની હોય છે. આ ભાઈ માટે શું કહીશું? મહાધૂની, પાગલ, સ્વપ્નદૃષ્ટા, સર્જનનું જીવંત સ્વરૂપ, કરુણામૂર્તિ, દરિદ્રનારાયણ, પ્રેમની હૂંફ માટે જીવનભર વલવલાટ કરનાર, તરછોડાયેલ, તિરસ્કૃત, હમદર્દી માટે અહીં તહીં ભટકતો, ભૂખ્યો, તરસ્યો ચિંથરેહાલ ને છતાં પોતાનામાં મસ્તરામ રહેનાર આ અર્ધપાગલ પોતાની પાછળ આખી દુનિયાને પાગલ કરતો ગયો છે.

પિતાની જેમ એને પાદરી બનવું હતું. છેવાડેના લોકોના આંસુ લૂછવા હતાં. ધર્મનો ઝંડો લહેરાવવો હતો. કાચીવયને કારણે પાદરીપદ માટે અયોગ્ય ઠર્યો. છતાં કોલસાની ખાણોમાં કામ કરતા ખાણિયાઓ સાથે એમનાથી પણ બદતર હાલતમાં એમની વચ્ચે રહ્યો. બરફના ગાઢ સ્તરો વચ્ચે ભીષણ ઠંડીના ચમકારા વચ્ચે, એક કંતાનથી બનાવેલી કુટિરમાં એકલો અટૂલો જ રહ્યો. ખાણિયાઓના દુઃખ જોયાં. બોલી ઉઠ્યો, બાઈબલનો મુખ્ય સિદ્ધાંત 'પ્રકાશ જે અંધારાને ઉલેચી શકે છે. તેની સમજ અને અસર આ ખાણિયાઓ પર થાય છે, એટલી કોઈના પર થતી નથી. કારણ કે, ખાણિયાઓ અંધારામાં પૃથ્વીના પેટાળમાં ચાલે છે ત્યારે આ શબ્દોની બહુ અસર થાય છે. આ શબ્દોમાં તથ્ય છે તેની એમને ખાતરી થાય છે. કારણકે એવું બધું તેઓ પ્રત્યક્ષ અનુભવે છે. કાળી મજૂરી કરી સૂકો રોટલો ખાતા આવા કામદારો માટે એને અતિશય અનુકંપા હતી. એણે થોડાં ચિત્રો અને ડ્રોઈંગ ત્યાં કર્યાં. એના ઉત્તમોત્તમ ચિત્રોનું એક 'પોટેટો ઈટર્સ' બટાટા ખાતા કામદારો બનાવતાં એણે બુલંદ સ્વરે પોકાર્યું, મારે આ ચિત્રમાં બતાવવું છે કે જે હાથથી તેઓ બટાટા ખાય છે તેજ હાથોએ ભૂમિ ખોદી છે. એ ચિત્રમાંથી જાત મહેનતનો ધ્વનિ અને પોતાનું ખાવાનું તેઓએ કેટલી પ્રામાણિક્તાથી મેળવ્યું છે તે હુબહુ ઉપસે છે.

ફક્કડ, અતડો, એકલપંથી ઉગ્ર મિજાજી, ધૂની, લાપરવાહી અને સામેથી કજિયા નોતરનાર. ચિત્રો વેચતી દુકાન માટે નોકરી ક્યાં સુધી કરી શકે? ઘરાકની ચિત્રોને મુલવવાની લાયકાતને જ પડકારે! ઈંગ્લેન્ડ બદલી થઈ. લંડનમાં રહ્યો. એ જ્યાં રહેતો તેનું ઠેકાણું હમણાં ૧૯૭૭માં જડ્યું. ૮૭, હેકફોર્ડ રોડ. અંગ્રેજી સાહિત્યને બ્લેક એન્ડ વ્હાઈટ ચિત્રોની એના પર બહુ અસર થઈ. ભાઈસાહેબ લેન્ડલેડીની છોકરીના પ્રેમમાં પડ્યા. સખત અણગમા સાથે એ ઑફર નકારાઈ. પ્રેમની નિષ્ફળતાએ એના જીવન પર બહુ અસર કરી.

ઈંગ્લેન્ડ છોડી પેરીસ ગયો. બે ભાઈઓમાં મોટો વિન્સેન્ટ, નાનો થીઓ. બચપણથી જ બન્ને ભાઈઓએ જીવનપર્યંત એકબીજાને સાથ સહકાર આપવાનું નક્કી કર્યું. થીઓએ જિંદગીભર એને મદદ કરી, પાળ્યું. વિન્સેન્ટ હંમેશાં મુફલીસ રહેતો. થીઓએ એને તન, મન ધનથી મદદ કરી. થીઓને પોતાના ભાઈ પ્રત્યે અપાર પ્રેમ અને લાગણી હતી. એટલે વિન્સેન્ટના મૃત્યુબાદ છ મહિનામાં થીઓનું પણ અવસાન થયું. થીઓના દીકરાનું નામ પણ વિન્સેન્ટ રાખેલું. થીઓની પત્ની જોહાનાએ બહુજ મહેનત કરી વિન્સેન્ટને મોટાગજાના કલાકાર તરીકે સ્થાપિત કર્યો.

છતાં, વિન્સેન્ટના થીઓ પરના પત્રો થોડીક ચાડી ખાઈ જાય છે. કદાચ થીઓ જે કળાનો ખાસ્સો જાણકાર હતો, ને એના ભાઈના ચિત્રોનું ભવિષ્ય કેટલું ઊજળું છે એનો અંદેશો પણ હતો, એટલે એને પ્રમાણમાં ઓછી મદદ કરી, એના ચિત્રો વેચવાની કડાકૂટ પણ ન કરી. જે લોકો ન સમજી શકે એવા લોકોને ચિત્રો બતાવી ખોટી છાપ ઊભી કરી. વિન્સેન્ટને સાવ અસહાય દરિદ્ર દશામાં રાખ્યો. વિન્સેન્ટ તો સાવ ઓલિયો હતો. છતાં ક્યારેક એ મુદ્દા પર ગરમાગરમી થતી. વિન્સેન્ટ પોતાના એક પત્રમાં લખે છે, 'તેં મારું સસ્તું કે મોંઘું એક પણ ચિત્ર વેચ્યું નથી. હકીકતમાં તેં આવો પ્રયત્ન કર્યો જ નથી. હું હવે આવું વધુ વખત ચલાવી નહિ લઉં.' બીજા એક પત્રમાં લખે છે, 'મને બીજો સ્ટુડિયો લેવો છે.' ત્યારના એના સ્ટુડિયોની ભૂગોળ લખતાં કહે છે, 'કોલસાની દુકાનની બાજુમાં, સામે

*ખુદા થવા માટે હથિયારોની જરૂર નથી, 'ખુદ'ને પિછાનવાની જરૂર છે. 'ખુદ'ને જાણે તે 'ખુદા!'*

વહેતી ગટર અને બીજી બાજુ છાણ નાખવાનો મોટો ખાડો!'

મા-બાપ ધાર્મિક વૃત્તિવાળા જુનવાણી. આ ફક્કડ ભાઈનું કોઈ સાથે જામે નહીં. વરસતા બરફ અને કડકડતી ઠંડીમાં રસ્તામાંજ ક્યાંક ભૂખ્યા તરસ્યા સૂઈ રહેવું, ને સમાજથી તિરસ્કૃત થવું. આ બધાથી એના મનમાં એક ગભરાટ પેસી ગયો જે છેવટે પાગલપણામાં વિરમ્યો.

પીળો રંગ એને બહુ ગમતો. એક ઘર લીધું, જેને બહારથી પીળા રંગે રંગી નાંખ્યું. નાના બાળક સાથેની તરછોડાયેલી વેશ્યા પર દયા આવી. ઘરમાં રાખી એનું ચિત્ર દોર્યું 'Sorrow.' જગમશહૂર ચિત્રોમાંનું એક.

૩૦ માર્ચ, ૧૮૫૩ જન્મ - હોલેન્ડમાં. મૃત્યુ ૨૯ જુલાઈ, ૧૮૯૦. આયુષ્ય ૩૭ વર્ષનું. ૩૦ વર્ષની ઉંમરે એણે ભાખેલું કે એણે કામ ઘણું મોડું શરૂ કર્યું છે. એણે સ્પષ્ટ કહ્યું કે હું લાંબું જીવી નહિ શકું. એની સાથે સાથે એ પણ કહ્યું કે ૩૦ વર્ષ સુધી આ ધરતી પર હું ચાલ્યો છું. મારે કંઈક કરવું જ જોઈએ, જેથી કરીને આ ધરતીનું ઋણ અદા કરી શકું. એ બહુ જ ઝડપી ચિત્રકાર હતો. પંદર દિવસમાં ૧૦-૧૨ ચિત્રો બનાવતો. અલબત્ત ગાંડપણનો હુમલો આવે ત્યારે એને સાંકળથી બાંધી દેવો પડતો. પડોશીઓ હેરાન થતા ને પોલીસમાં ફરિયાદ કરતા.

આરલેમાં એ કુલ ૪૪૪ દિવસ રહ્યો. તે દરમિયાન એણે ૨૦૦ ચિત્રો, ૧૦૦ ડ્રોઈંગ્સ અને ૨૦૦ પત્રો લખ્યા. છેવટ પર્યંત ચિત્રકામ કરતો રહ્યો. સદ્‌ભાગ્યે જેમને ત્યાં એ રહેતો હતો તે કુટુંબે એને સધિયારો આપ્યો. એના ડૉક્ટર ગેસે એના મિત્ર જેવા હતા. જિંદગીનાં છેલ્લા દિવસોમાં એણે થોડાંક અદ્‌ભુત ચિત્રો બનાવ્યા. તેમાં 'સ્ટેરીનાઈટસ', આઈરીસીસ, ડૉ. ગેસેનું પોર્ટ્રેઈટ (હતાશા), વ્હીટફિલ્ડસ એન્ડ ક્રો વગેરે છે. અગાઉ એણે સનફલાવર્સ, પોટેટો ઈટ્સ, સેલ્ફ પોટ્રેઈટસ વગેરે બેનમૂન ચિત્રો બનાવેલા ડૉ. ગેસેની દીકરી માર્ગરેટ જેનું એણે ચિત્ર બનાવેલું તેને વિન્સેન્ટ માટે પ્રેમ હતો. વિન્સેન્ટના મૃત્યુ બાદ એનું જીવન બહુજ ડહોળાઈ ગયેલું.

૨૭ જુલાઈ, ૧૮૯૦ના દિવસે બપોરના જમતા જમતા એ ટેબલ પરથી ઊઠી ચાલ્યો ગયો. સાંજ સુધી પાછો ન ફર્યો. રાત્રે ડગુમગુ થતો આવ્યો. પોતાના રૂમ પર ગયો. યજમાન રેવો એને અનુસર્યા. બેફિકરાઈથી એણે કહ્યું, મેં મને ગોળી મારી. ડૉ. ગેસે ટ્રીટમેન્ટ આપી. થીઓને સંદેશો મોકલ્યો. આવું કેમ કર્યું? થીઓના સવાલના જવાબમાં કહ્યું, મારી દુઃખિયારી જિંદગી પૂરી કરવા. થીઓને દુઃખી ન થવાનું કહ્યું અને એને હેરાન કરવા બદલ માફી માગી. થીઓના બાહુમા જ રહેલા વિન્સેન્ટે ૨૯ જુલાઈ, ૧૮૯૦ રાતના એક વાગે દેહ છોડ્યો. છ મહિના માંડ વિત્યા કે થીઓ મોટાભાઈને અનુસર્યો.

થીઓનો દીકરો જેનું નામ પણ વિન્સેન્ટ પાડેલું, તેણે ૧૯૭૩માં આમ્સડામમાં વાનઘોઘના ખાસ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે વિન્સેન્ટ વાનઘોઘ વીસમી સદીના અપ્રતિમ કલાકાર તરીકે જગવિખ્યાત થઈ ગયો હતો. વિધિની વક્રતા તો જુઓ, પોતાના ચિત્રો પર ફક્ત 'વિન્સેન્ટ' લખતો. વાનઘોઘ નામ પર એને નફરત હતી. મ્યુઝિયમમાં વાનઘોઘ નામ કોણ ભૂંસે?

જિંદગીના છેલ્લા દસ વર્ષ એની સર્જકતાનો સુવર્ણકાળ હતો. અર્ધ પાગલ ક્યારેક સંપૂર્ણ, એવી દશામાં એણે કંઈ કેટલાય બેનમૂન ચિત્રો બનાવ્યા. જેમાનાં ઘણાંનું ગૂઢ રહસ્ય હજી પણ વણ ઉકેલાયેલું છે. સમયથી એ બહુ આગળ હતો એટલે જ અન્ય કલાકારો એને સમજી ન શક્યા અને પાગલ કહી ધુત્કારી કાઢ્યો. ફક્ત બે જ વ્યક્તિ — જે. જે. ઈઝાકસન અને આલબર્ટ ઓરીઅર એના ચિત્રોને થોડું સમજી શક્યા. પોકારી ઊઠ્યા, આ ચિત્રો ભવિષ્યની પેઢીઓ માટે છે. તેઓ એને સમજશે ને વિન્સેન્ટ વાનઘોઘ જગતનો એક મહાન ચિત્રકાર બની જશે. ગાલીબની જેમજ એને ગળા સુધી ખાતરી હતી એના ચિત્રો અપ્રતિમ છે.

વિન્સેન્ટ ફક્ત ચિત્રકાર હતો? હરગીઝ નહિ. પ્રથમ એ માનવતાવાદી હતો. ગરીબ, કંગાળ બેહાલ લોકોની દશા જોઈ એનું દિલ દ્રવી ઊઠતું. પોતે ચિંથરેહાલ હોવા છતાં અન્યને શક્ય એટલી મદદ કરતો.

એ મહાન ચિત્રકારની કલમ એટલી જ તેજ હતી. ઘરઆંગણે ગુલામ મહમદ શેખ જેવા ચિત્રકારો આપણને મળ્યા છે જે અચ્છા કલમ કસબી પણ છે. વિન્સેન્ટે હાજારો પત્રો લખ્યાં. વધુ એના ભાઈ થીઓને. પત્રલેખન એવી નિજી શૈલી છે, જે વ્યક્તિનું આંતરમન જાણવા માટે બહુ મહત્ત્વની કડી છે. જ્યોર્જ બર્નાર્ડ શૉ અને સ્ટેલા કેમ્પબેલના પત્રો એવાજ વિશ્વની ઘણી વિભૂતિઓના પત્રોની જેમજ વિન્સેન્ટના પત્રો એનું આંતરમન ઉઘાડી આપે છે.

એની દૃષ્ટિ કેટલી વેધક હશે? આપણને જ્યાં બધું લાલ, ગુલાબી કે જાંબલી દેખાય ત્યાં એને એ રંગોની અસંખ્ય ઝાંય દેખાતી ને એ બધાનું એણે આબેહૂબ વર્ણન કર્યું હતું. 'આકાશ ચોખ્ખું, સુવાળું ચોક્કસ નહિ કહી શકાય એવા લીલાક રંગનું, સફેદ સાથે ઝાંખો રાતો, બ્લુ અને પીળો જે દરેક ઠેકાણે દેખાય છે.... આ આખું દૃશ્ય નાજુક ભૂરું રંગીન સ્વરસપ્તક સાથે એકરાગ થઈ જાય છે.

નિસર્ગનો ગજબનો રસિયો. કુદરતમાં મહાલવું, એને હૃદયમાં ઠાંસી ઠાંસી ભરવું. ચિત્રો તો એણે બનાવ્યા પોતાની કલમથી પણ ઉમદા શબ્દ ચિત્રો દોર્યા છે. ''મકાઈનું ઠણક છોડ બહુજ નાજુક ને એકલું અટૂલું વર્તાય છે. નાના બાળકને સૂતેલું જોતાં જ લાગણી ઉભરાય છે. તેવું જ આ છોડને જોઈને થાય છે. રસ્તાકોરે ઊભેલું જરા કચડાયેલું ઘાસ, ઝૂંપડપટીના લોકોની જેમજ થાકેલું ને ઉત્સાહ વગરનું ભાસે છે.'... 'ઇંગ્લેન્ડમાં ચર્ચની આજુબાજુ રહેતી કાંટાળી વાડના કાંટા કે ગુલાબના ફૂલના કાંટા હોય. કાંટાનો શોખ હોય એ એક સારી વાત થઈ છતાં, જિંદગીમાં લોકોના ભલા ખાતર કાંટાળો તાજ પહેરીએ તો ઈશ્વર જરૂર રાજી થશે....' ... 'બહુજ રમણીય સવાર છે. ઊંચા શરૂના ઝાડ વચ્ચેથી ચળાઈને તડકો મેદાનમાં પથરાય છે અને બગીચાના પેલે પાર આવેલા મકાનોના બારી બારણા પર ચળકે છે. સવારની મીઠી ઠંડીમાં ભૂલકાઓ ગરમાટો મેળવવા અહીં તહીં દોડી રહ્યાં છે....' 'વહેલી સવારે હારવિકથી લંડન જતી ટ્રેનમાંથી કાળપભર્યાં ખેતર, લીલાંછમ જંગલ, ખેતરમાં ઘેટાંને એના લવારાં ક્યાંક કાંટાળી ઝાડી.... સૂર્ય પ્રકાશમાં ઘાસ પરના ઝાકળબિંદુ મોતીની જેમ ચમક્યાં, છતાં આપણે છૂટાં પડ્યાં ત્યારનો રાખોડી રંગનો પ્રકાશ મને વધુ ગમ્યો હતો...'

*૫૦, રામસદન, માટુંગા, મુંબઈ.*

*'સિન્સિયારિટી' અને 'મોરાલિટી' હશે તો ધંધાને કંઈ પણ આંચ નહિ આવે.*

તંદુરસ્તી

# નબળાઇ : મનોદૈહિક લક્ષણ

● ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ●

૫૪ વર્ષના કાનજીભાઇને (નામ બદલ્યું છે) એકાદ વર્ષથી નબળાઇ રહેતી હતી. થોડુંક પણ કામ કરવાથી કે ચાલવાથી થાક લાગતો હતો. ભૂખ ઓછી થઇ ગઇ હતી. વજન પણ પાંચેક કિલો ઘટી ગયું હતું. ઘણી વખત તાવ જેવું લાગતું હતું. પરંતુ થર્મોમીટરમાં શરીરનુ તાપમાન નોરમલ આવતું. માથું ભારી ભારી લાગતું હતું. શરીર આખું દુઃખતું હતું તથા શરીરમાં કળતર રહેતી હતી.

શારીરિક વૈદ્યકીય તપાસ (નાડીના ધબકારા, બ્લડ પ્રેશર, હૃદય, ફેફસાં, પેટ વગેરે) નોર્મલ હતી. લેબોરેટરી તપાસ- (લોહી, હિમોગ્લોબીન, બ્લડ સુગર, કોલેસ્ટોરોલ વગેરે) પેશાબ, સંડાસ નોરમલ હતા. થાઇરોઇડની તપાસ ($T_3$, $T_4$ TSH) પણ નોર્મલ હતી. કાર્ડિયોગ્રામ, સ્ટ્રેસ ટેસ્ટ નોર્મલ આવ્યું.

સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરનો અભિપ્રાય લીધો. ટોનિક, વિટામીન બી-૧૨ ના ઇંજેકશનો લીધા. ઉપર્યુક્ત લક્ષણોમાં બહુ ફરક ન પડ્યો. પેટના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરનો (ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટનો) અભિપ્રાય લીધો. પેટની સોનોગ્રાફી કરાવી જે નોર્મલ આવી. પેટની દૂરબીન વડે (ગેસ્ટ્રોસ્કોપી) કરી. બધું જ નોર્મલ આવ્યું.

આ દરમ્યાન લક્ષણો વધવા લાગ્યા. રાત્રે ઊંઘ મોડેથી આવવા લાગી. સવારના ઉઠવાનું મન ન થતું. પથારીમાં પડ્યા રહેતા. સવારના ભાગમાં સ્ફૂર્તિ ન રહેતી. સ્વભાવ ચીડિયો થઇ ગયો હતો. નાની નજીવી બાબતમાં કાનજીભાઇ ગુસ્સે થઇ જતા હતા (જે એમના સ્વભાવમાં ન હતું). આ ગુસ્સા બાબત પાછળથી કાનજીભાઇને પસ્તાવો થતો.

કુટુંબીજનોની સલાહથી કાનજીભાઇ બે મહિના બહારગામ રહી આવ્યા. શરૂઆતમાં સારું લાગ્યું. પરંતુ મહિના બાદ ફરીથી ઉપર્યુક્ત લક્ષણો ચાલુ રહ્યા.

છએક મહિના પહેલાં એક હિતેચ્છુએ કાનજીભાઇને મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી હતી. કાનજીભાઇ તથા પત્નીને થયું કે કાનજીભાઇની નબળાઇ હકીકતમાં છે, કાનજીભાઇ કલ્પના નથી કરતા. વજન પણ ઓછું થઇ ગયું છે. "નબળાઇને મન જોડે શું સંબંધ?" એટલે એ સમયે હિતેચ્છુની સલાહ ન માની.

છ મહિના બાદ હિતેચ્છુ ફરીથી પત્નીને મળ્યા તથા સલાહ આપી કે મનોચિકિત્સકનો અભિપ્રાય લઇ એકાદ મહિનો સારવાર કરવામાં નુકસાન નથી. સારવારથી ફરક ન પડે તો સારવાર બંધ કરી દેજો. પત્નીને થયું કે આમ પણ તકલીફ તો છે જ. છેલ્લા ઉપાય તરીકે મનોચિકિત્સકનો અભિપ્રાય લઇએ.


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઇ.પી.એસ.

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,*
*એમ.આઇ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


લેખકનો અભિપ્રાય લીધો. ઉપર્યુક્ત શારીરિક લક્ષણો જોડે મનના લક્ષણો વિશે ઊંડાણમાં તપાસ કરી. નીચે પ્રમાણેના મનના લક્ષણો કાનજીભાઇમાં હતા.

- **ભાવનાત્મક તથા બુદ્ધિજન્ય લક્ષણો**
**(Cognitive Symptoms) :-**

સવારના ઊંઘમાંથી ઉઠ્યા બાદ સ્ફૂર્તિ રહેતી ન હતી તથા ચીડિયો સ્વભાવ ઉપર વર્ણવેલ છે. અન્ય લક્ષણો આ પ્રમાણે હતા. કામમાં મન લાગતું ન હતું તથા કામમાં ધ્યાન કેન્દ્રિત કરી શકાતું ન હતું. એકધારું કામ થઇ શકતું ન હતું (Conginous). કામ કરવાની ઝડપ ઓછી થઇ ગઇ હતી (speed of work). પહેલાં જે કામ અડધા કલાકમાં થઇ જતું હતું તે જ કામને હવે દોઢથી બે કલાક લાગતા હતા. બધું જ કામ ખૂબ જ મોટું લાગતું હતું. જે કામ પહેલા સહજથી થઇ જતું હતું એ કામ પણ "મારાથી નહીં થાય" એવું લાગતું હતું. પરંતુ એ કામ કરવાનો પ્રયત્ન કાનજીભાઇ જયારે કરતા ત્યારે એ કામ વ્યવસ્થિત થઇ જતું. ફક્ત સમય વધારે લાગતો હતો. જેટલું કામ કાનજીભાઇ કરતા એ કામમાં બિલકુલ ભૂલ થતી ન હતી. બધું વ્યવસ્થિત હોવા છતાં વિના કારણે ચિંતા રહેતી હતી કે ભવિષ્યમાં શું થશે? ભવિષ્ય નકારાત્મક લાગતું હતું.

- **સામાજિક લક્ષણો :**

કાનજીભાઇએ વ્યવહારિક તથા સામાજિક પ્રસંગોમાં જવાનું ખૂબ જ ઓછું કરી દીધું હતું. ન છૂટકે, પરાણે આ પ્રસંગોમાં હાજરી આપતા. પ્રસંગોમાં પહેલાં હોંશે હોંશે હાજરી આપતા હતા. હાજરી ન આપવાનું એમનો સ્વભાવ ન હતો. ત્રણેક મહિના પહેલાં સમાજના એક કાર્યક્રમમાં જવાબદારી લેવાની હતી. ગયા વર્ષે એમણે આવું જ કામ સુંદર રીતે સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. આ વર્ષે જવાબદારી લીધી જ નહીં. આયોજન કમિટીની પૂર્વ મિટિંગમાં હાજરી જ ન આપી જેથી એમના પર દબાણ પણ ન આવે.

- **નકારાત્મક વિચારો :**

કાનજીભાઇને થતું હતું કે મને અસાધ્ય બીમારી છે. ડૉક્ટરો મને કહેતા નથી. આ જીવલેણ બીમારી છે. હું આમાંથી બચવાનો

*પ્રવૃત્તિમાં નિવૃત્તિ, એ જ સાચી પ્રવૃત્તિ છે!*

નથી.

"મારે લીધે કુટુંબના સભ્યો દુઃખી થાય છે." "હું એમને તકલીફ આપું છું, હેરાન કરું છું" "હું નહીં હોઉં તો કુટુંબીજનો સારી રીતે જીવી શકશે." "ભગવાન મને મોત આપે તો સારું" (guilt feeling)

જીવનનો અંત લાવવાના વિચારો કાનજીભાઇને વારંવાર આવતા હતા. જીવનનો અંત કેવી રીતે લાવવો એ વિશેનું આયોજન પણ કરતા હતા. (suicidal ideas)

- **નિદાન :**

રોગીના લક્ષણો તથા વૈદ્યકીય તપાસ પરથી નિદાન થાય છે. જરૂર પડે ત્યાં લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી, સીટીસ્કેન વગેરે નિદાન માટે મદદરૂપ થાય છે. મનના રોગના નિદાન માટે પણ આ જ પદ્ધતિ અપનાવાય છે. (૧) લક્ષણો (શારીરિક તથા મનના), (૨) વૈદ્યકીય તપાસ (શારીરિક તપાસ તથા મનની વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ-વિચાર, વાણી વર્તણૂક, લાગણી, યાદશક્તિ-તાજેતરની તથા ભૂતકાળની વગેરે), (૩) લેબોરેટરી તપાસ તથા મનની તપાસ (વ્યક્તિત્વની તપાસ, આંતરિક મનના વિચારો માટેની તપાસ, રોશાક ટેસ્ટ, બેન્ડ જેસ્ટાલ્ટ ટેસ્ટ, બુદ્ધિઆંક વગેરે) જરૂરત પ્રમાણે કરાય છે.

આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ (ICD-10 તથા DSM IV)મુજબ હતાશાની બીમારીના લક્ષણો નીચે મુજબ છે.

૧. હતાશા (Depressed mood)
૨. કામમાં મન ઓછું લાગવું / ન લાગવું. (Diminished interest or pleasure)
૩. વજન ઓછું થવું (Weight loss of 5% or more of body weight)
૪. અનિદ્રા (loss of sleep, insomnia)
૫. અશક્તિ, નબળાઇ (fatigue, loss of energy)
૬. અપરાધભાવ (inappropriate guilt)
૭. એકાગ્રતા ઓછી થવી (Diminish ability to think or concentrate)
૮. મરવાના વિચારો (recurrent thoughts of death)

ઉપરોક્ત લક્ષણોમાંથી (અ) પાંચ કે તેનાથી વધારે લક્ષણો હોય, (બ) એક સાથે હોય, (ક) બે અઠવાડિયાથી વધારે સમય માટે હોય, (ડ) બીજી કોઇ શારીરિક બીમારીને લીધે ન હોય તો હતાશાની બીમારીનું નિદાન થાય છે.

કાનજીભાઇના કિસ્સામાં ઉપરોક્ત લક્ષણો છે તથા ઉપરોક્ત મુદ્દાઓ પરિપૂર્ણ થાય છે. આથી આ હતાશાની બીમારીનો કેસ છે.

- **સારવાર :**

કાનજીભાઇના કિસ્સામાં હતાશાની બીમારી એક વર્ષથી વધારે સમયથી હતી તથા પ્રમાણ પણ વધારે હતું. હતાશા પ્રતિરોધક દવાઓ શરૂ કરી. બીજી દવાઓ બંધ કરી.

હતાશાની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં રાસાયણિક ફેરફાર થાય છે. ન્યુરોટ્રાન્સમીટર ઓછા થાય છે જેને લીધે જ્ઞાનતંતુઓના કામકાજમાં ખલેલ પહોંચે છે તથા વિવિધ લક્ષણો ઉત્પન્ન થાય છે. હતાશા પ્રતિરોધક દવાઓ દ્વારા આ ન્યુરોટ્રાન્સમીટરનું માત્રા નોર્મલ થાય છે. જેથી જ્ઞાનતંતુઓ પૂર્વવત કામ કરતા થાય છે અને રોગના લક્ષણો પર કાબૂ મેળવાય છે. હતાશા પ્રતિરોધક દવાઓ ઊંઘની દવાઓ નથી. એનાથી ઊલટું ઊંઘ નોર્મલ થાય છે.

કાનજીભાઇમાં ધીમે ધીમે સુધારો થવા માંડ્યો. બે અઠવાડિયાની સારવારથી ફરક જણાયો. ત્રીજા અઠવાડિયામાં તો બપોર પછી કામ પર જતા થઇ ગયા તથા કામમાં મન લાગવા માંડ્યું. વજનમાં કાંઇપણ સુધારો ન થવા છતાં કામમાં એકાગ્રતા વધવા લાગી.

છ અઠવાડિયાની સારવાર બાદ સંતોષજનક ફરક પડ્યો. વજન ઘટતું બંધ થયું. ભૂખ નોર્મલ થઇ. ધંધામાં પહેલાંની જેમ સવારથી કાનજીભાઇ જવા લાગ્યા. કામમાં રુચિ વધી, એકાગ્રતા વધી. કામની ઝડપ પણ વધી. વજન નોર્મલ ન થવા છતાં થાક નહિવત્ લાગતો હતો.

દવાઓની સાથે કોગ્નીટિવ બીહેવિયર થેરાપી તથા કાઉન્સેલિંગની પદ્ધતિ સારવારમાં અપનાવી. માનસિક તણાવનો સામનો કરવાની પદ્ધતિ (Stress Management) તથા અભિગમ બદલાયો. કાનજીભાઇ તથા કુટુંબીજનોએ યોગ્ય સહકાર આપ્યો.

છ મહિનાની સારવાર બાદ હતાશાની બીમારીના બધા લક્ષણો કાબૂમાં આવી ગયા. વજન બે કિલો વધ્યું હતું. નબળાઇ કે અશક્તિ બિલકુલ લાગતી ન હતી.

- **મનના રોગ અને શારીરિક લક્ષણોઃ**

વૈદ્યકીય ક્ષેત્રે છેલ્લા બે દાયકામાં ખૂબ જ સંશોધનો થયા છે. મનના રોગો વિશે છેલ્લા બે દાયકામાં થયેલા સંશોધનોએ મનના રોગ વિશેનું ચિત્ર બદલી નાખ્યું છે.

મગજમાં આવેલા લિમ્બિક સીસ્ટમ, એમીગડેલા, હાઇપોથેલામસ, ફ્રિફન્ટલ કોરટેક્ષ, હિપોટેમપસ વગેરે ભાગ મનના અવયવો છે. મનના રોગથી આ અવયવોના જ્ઞાનતંતુમાં કદ, રચના, રસાયણો તથા કાર્યશક્તિમાં ફેરફારો નોંધાયા છે. આ ફેરફારોથી સ્ટ્રેસ હોરમોન્સ-તાણના રસાયણો-ઉત્પન્ન થાય છે. સ્ટ્રેસ હોરમોન્સની અસર લોહી દ્વારા આખા શરીરમાં ફરે છે અને શારીરિક અવયવો પર અસર કરે છે. શારીરિક અવયવોના કાર્યોમાં ખલેલ પહોંચે છે. આથી શારીરિક લક્ષણો ઉત્પન્ન થાય છે. શારીરિક લક્ષણો સ્ટ્રેસ હોરમોન્સને લીધે થવાથી વૈદ્યકીય તપાસ તથા લેબોરેટરી તપાસ નોર્મલ આવે છે.

મનની સારવાર કરવાથી મનના અવયવોમાં થયેલા ફેરફારો પૂર્વવત પ્રમાણે નોર્મલ થાય છે. સ્ટ્રેસ હોરમોન્સ પેદા થતા નથી. આથી શરીરના અવયવોના કાર્યોમાં ખલેલ પહોંચતી નથી. શરીરના અવયવો પૂર્વવત પ્રમાણે નોર્મલ કાર્ય કરી શકે છે તથા શારીરિક લક્ષણો પર કાબૂ મેળવાય છે. (કાનજીભાઇનો કેસ)

(૧) દર્દી શારીરિક લક્ષણોની ફરિયાદ કરે, (૨) વૈદ્યકીય તપાસ નોર્મલ હોય, (૩) લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી વગેરે નોર્મલ હોય ત્યારે મનની તપાસ કરવી અગત્યની છે. મનના લક્ષણો, મનની વૈજ્ઞાનિક તપાસ તથા જરૂરત પ્રમાણે મનની ટેસ્ટ કરાવી મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી યોગ્ય સારવાર કરવી જરૂરી છે. આવા કિસ્સાઓમાં મનની સારવારથી શારીરિક લક્ષણો પર કાબૂ મેળવાય છે તથા રોગી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે. ■

*આ દુનિયામાં છેતરાય કોણ? 'લાલચું!' જો લાલચુ ના હોય તો ભગવાન પણ તેને છેતરી ના શકે.*

પ્રવાસ

# સાંપડની સફર

• અશોક શાહ •

શિયાળામાં ચોમાસાનો અનુભવ. ઝરમર વરસાદ અને વાદળછાયા વાતાવરણમાં મારા મિત્રે સાંપડ જવાની દરખાસ્ત મુકતાં જ ટૂંકા અંતરે જવાનું હોવાથી લાંબું વિચાર્યા સિવાય સંમત થયો. સાંપડની મારી પ્રથમ સફર હતી. તેથી જિજ્ઞાસા હતી કે સ્થળ કેવું પવિત્ર અને રમણીય હશે? મારા મિત્રે એટલું જ કહેલું કે અહીં મહાકાળી માતાનું મંદિર છે. વિશેષ ત્યાં ગયા પછી તમે જાતે આનંદ મુલવશો. તારીખ ૧૭-૧૧-૧૦ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે બસ દ્વારા સડક માર્ગે ગાંધીનગરથી આશરે ૩૫ કિ.મી. દૂર આવેલ પ્રાંતિજ પહોંચ્યા. અહીંથી નેશનલ હાઈવે પરથી સાંપડનું કનેકશન મળી રહેતું હોઇ અમે નેશનલ હાઈવે પર ઉતરી ગયા. અહીંથી શટલ રિક્ષામાં (રૂા. ૧૦) માં ૯ કિ.મી. દૂર આવેલ સાંપડ જવા પ્રયાણ કર્યું. આ રસ્તાની બંને બાજુ લીલાછમ ફલાવરનાં ખેતરો અને ઢગલાબંધ તૈયાર થયેલા ફલાવર લણવાનું કામ પણ ખેતમજૂરો કરી રહ્યા હતા. વળતા આ તાજી શાકભાજી લઈ જવાનો નિર્ધાર કરી સાંપડ પહોંચ્યાં. સાંપડ પહોંચ્યા ત્યાં જ તેનું વિશાળ કમાનકાર કલાત્મક દરવાજો ભક્તજનોને આવકારતો હોય તેમ લાગ્યું.

મંદિર તથા એની આસપાસનો કેમ્પસ ઘણો મોટો છે. મંદિરમાં પ્રવેશતાં જ સામે ગર્ભગૃહમાં બિરાજમાન મહાકાળી માતાજી દૃશ્યમાન થાય છે. સુખડીનો પ્રસાદ ધરાવી તેને ન્યાય આપ્યો. મંદિરની જમણી બાજુ ચમત્કારિક વાંસના વૃક્ષો છે. થોરી લોકો વાંસની ભારીઓ કાપી વર્ષો પહેલાં અહીંથી પસાર થતા રાત રોકાઈ ધમાલ કરે. ત્યારે ગામલોકોએ વિરોધ કરવા છતાં તેઓ માન્યા નહીં અને ગામલોકોને પડકાર ફેંક્યો કે તમારા માતાજી સાચા હોય તો સૂકા વાંસને પર્ણો ફોડી બતાવે. માનો યા ન માનો, બીજા દિવસે થોરી લોકો ઊઠ્યા ત્યારે વાંસની બે ભારીઓ જમીનમાં ઊગી ગઈ હતી તથા તેને લીલા પર્ણો ફૂટેલા. વાંસના એ વૃક્ષો આજેપણ સાક્ષીરૂપ હયાત છે. રમ્ય પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે ૬૦૦ વર્ષ પુરાણું અને અતિ ચમત્કારિક ગણાતું મહાકાળી માતાનું મંદિર અલૌકિક તીર્થ સમું છે. આ મંદિરનો ઈતિહાસ કંઈક એવો છે કે ૧૬મી સદીમાં ઈડરના રાણારાવ બધી વાતે સુખી હતા પણ નિઃસંતાન હોવાથી બેચેન હતા. તેમણે એક દિવસ રાજ્યના જ્યોતિષોને બોલાવી પૂછાવ્યું કે મારા નસીબમાં સંતાન સુખ છે કે નહીં? તમારો જવાબ જો સાચો પડશે તો ન્યાલ કરી દઈશ નહીં તો તલવારથી માથું ધડથી જુદું કરી દઈશ. બધા જ્યોતિષો મૌન હતા. તેવામાં એક વૃદ્ધ જ્યોતિષ દેવજીભાઈ ભટ્ટ બોલ્યા, 'રાજન આપને પુત્ર પ્રાપ્ત થશે અને જે બાળક જન્મશે તેના બન્ને હાથે છ - છ આંગળીઓ હશે.' દેવજી ભટ્ટે બીજી સવારે ગામ છોડી વિદાય લીધી. સમય જતાં રાણીના કુખે પુત્ર જન્મ થયો અને રાજાને જ્યોતિષની આગાહી પ્રમાણે કુંવરના બંને હાથે છ આંગળીઓ હતી. રાજાએ શોધખોળ કરી જ્યોતિષ દેવજી ભટ્ટને બોલાવી સન્માન કર્યું તથા જે જોઈએ તે માંગવા કહ્યું. જવાબમાં જ્યોતિષે સાંપડ ગામે મહાકાળી માતાનું મંદિર બનાવી આપવા કહેતાં રાજાએ ત્યાં ભવ્ય મંદિર બંધાવ્યું. આ મંદિરનો કેમ્પસ મોટો છે. અહીં પીપળાના અતિ ઊંચા ઝાડને ફરતે લૉન તથા ઓટલો આ જ પ્રકારે વડની આજુબાજુ બેસવાના બાંકડા, પ્રવાસીઓને વિશ્રામ માટે બનાવેલ છે. બાજુમાં જ સુંદર નાનો ઉદ્યાન છે. મંદિરના જમણા ભાગમાં એક મોટું સરોવર છે તથા વનરાજી છે. અહીં ઠેર ઠેર વૃક્ષો પર બિરાજમાન વાંદરાઓ દૃશ્યમાન થયાં. મોર તથા પોપટો ઊડાઊડ કરી પોતાના કંઠથી વાતાવરણને વધુ આહ્‌લાદક બનાવતા હતા. મંદિરની નજીકમાં નદીના કોતરો તરફ નજર કરી અને થયું કે વર્ષો પહેલાં જ્યારે સાબરમતી છલોછલ હશે ત્યારે આ દૃશ્ય કેવું રમણીય લાગતું હશે. દર રવિવારે તથા પૂનમે અહીં ભાવિકો ઊમટી પડે છે. અહીંથી મહુડી પણ નજીક હોવાથી જઈ શકાય છે. પ્રકૃતિમાં ઓતપ્રોત થયા પછી ત્યાંથી જવાની ઈચ્છા ન હતી પણ સમયનું બંધન ડગલે આવી જાય છે.

ઘર તરફ એક અલૌકિક તીર્થના પ્રવાસની યાદો લઈ પરત ફર્યા ત્યારે ગાંધીનગરમાં વર્ષાના અમીછાંટણા અમારું સ્વાગત કરતા હતા.

*સેક્ટર નં.-૨૭, બ્લોક નં. ૧૦૯૧*
*સ્વસ્તિક સોસાયટી,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૮.*

★ ***મારા જીવનમાં બહુ જ સમસ્યાઓ છે. પરંતુ મારા હોઠ કેવળ હસવાનું જ જાણે છે. તમે જરૂર હસતા રહેશો જો ઈશ્વર પાસે શક્તિ માંગશો તો.***

★ ***જે પરિસ્થિતિઓને તમે પસંદ નથી કરતા, તેમાં તમે કેવો વ્યવહાર કરો છો તેનાથી તમારી યોગ્યતાની કસોટી થઈ જશે કે તમે તેમાં ક્યાં છો.***

વાર્તા

વાર્તા

# ધર્મના માર્ગે વેપાર

• દિલીપ રાણપુરા •

ભુજના દરબારમાં બધાના ચહેરા પર વિમાસણના ભાવ હતા. રા'બાવા તેમના પરિવાર અને રસાલા સાથે અડસઠ તીરથની જાત્રાએ જવાનું વિચારતા હતા. પણ મૂંઝવણ એ હતી કે તેમના રસાલાની ગામે ગામ જમવાની રસોઈ કોણ કરે? રા'બાવાને આખા ભારતમાં બધા ઓળખે એવું બને નહિ ને અડસઠ તીરથની જાત્રા એટલે એક વરસ તો થાય જ. એક વર્ષ ચાલે તેટલું અનાજ કરિયાણું સાથે લઈ જઈ શકાય નહી. ને વાટમાં એની વ્યવસ્થા કરે એવો ભુજમાં કોઈ મોટો વેપારી નહી... બસ આ જ મૂંઝવણ હતી.

રા'બાવા તેમની સફેદ દાઢી પર હાથ પસવારી રહ્યા હતા અને કચ્છ કાઠિયાવાડમાં જેમની શાખ હતી તે મોટા મોટા વેપારીઓ વિમાસણમાં હતાં કે આપણે બહુ બહુ તો ગુજરાત, રાજસ્થાન સુધી રસોઈ કરી શકીએ. બાકી બાર બાર મહિના આખા રસાલાને બે ટંક, તેઓ તૃપ્ત થાય તેવું ભોજન કઈ રીતે તૈયાર કરીને પૂરું પાડી શકીએ? સૌ કંઈક માર્ગ કાઢવાના વિચાર કરતા હતા. આ વાત પાછી બધે ફેલાઈ ગઈ હતી. ને જો રા'બાવાના સંઘની આટલી રસોઈ સાચવી શકે તેઓ કોઈ જણ ન નીકળે તો રા'બાવાનું તો ઠીક, કચ્છ આખાના વેપારીઓનું હીણપણું દેખાય તેમ હતું. આંકડા મંડાયા હતા. રા'બાવા ગમે તેટલો ખર્ચ થાય તે આપવા તૈયાર હતા. આગોતરા કોરીઓના કોથળાઓ એણે ભરી રાખ્યા હતા.

'ઘણી ખમ્મા રા'બાવા!' એક વજનદાર રણકતો છતાં મીઠાશથી ભર્યો અવાજ સંભળાયો.

દરબારીઓએ દોઢી તરફ જોયું. એક જણ ઊભો હતો. ચોરણી ને કેડિયું પહેર્યાં હતાં. માથે પાઘડી હતી. પગમાં ઓખાઈ પગરખાં, ને હાથમાં લાકડી.

'આવો...' કારભારીએ કહ્યું.

જણ આગળ આવ્યો. લાકડી એક કોર મૂકી ઊભો રહ્યો ને કમ્મરેથી ઝૂકી, માથું નમાવી રા'બાવાને માન આપ્યું.

'ક્યાંથી આવો છો?' કારભારીએ પૂછ્યું.

'વારાહીથી.'

'પણ કચ્છના નથી લાગતા!'

'હું કચ્છનો જ છું... મારી ત્રણ પેઢીઓ વારાહીમાં વીતી પણ મૂળ તો કચ્છનો...'

'શું કામ પડ્યું?'

'રા'બાવા માને અને કચ્છ-ભુજના વેપારીઓ માઠું ન લગાડે તો એક વાત કરવી છે.'

'બોલો'.

'રા'બાવા જાત્રાએ જવા માંગે છે એવું સાંભળ્યું છે.'

'સાચું સાંભળ્યું છે.'

'વાટમાં સંઘને જમવાની વપત ન પડે, તેના ભાણાં બરાબર સચવાય તેવી રસોઈ કરવાની છે ને?'

'હા.'

'તો એ કામ હું માથે લઉ છું.'

'તમારું ગજું નહિ. ને તમારી ઓળખાણ તો આપો.'

'ઓળખાણ તો તમે કો' એટલી આપું. મારું નામ જેઠો ભગત. ઠક્કર છું. ને ગજું છે એટલે તો આવ્યો છું. જો વેપારી હા પાડે તો મારી હંધીય તૈયારી છે.'

'એક-બે મહિનાની આ વાત નથી; એક વરહની છે. પાંચ-પચીસ માણસને નથી જમાડવાના, આખો સંઘ છે. ને સંઘમાં કેટલા માણસ હોય, વાટમાંથી કેટલા ભળે તેનું કાંઈ નક્કી નહી, ને તેમાંય પાછા રા'બાવાનું ભાણું સાચવવું. જેવું તેવું કામ નથી.

'બધીય બાજુનો વિચાર કરી જોયો છે.'

'આગોતરી કેટલી કોરી જોઈશે?'

'એકપણ નહિ.'

'ત્યાં લગણ તમે ભોગવશો બધો ખર્ચ?'

'હા, એટલું ગજું તો છે મારું. સંઘ કચ્છથી પ્રયાણ કરે, ને હેમખેમ પાછો કચ્છ આવે પછી આપણે હિસાબ કરશું.'

કારભારી અને રા'બાવાએ એકબીજાની સામે જોયું. વેપારીઓ અને દરબારીઓ પણ આ સાંભળી અચંબામાં પડી ગયા.

'તો એમ કરો જેઠા ભગત' કારભારીએ કહ્યું : 'કાલે સવારે આવો મારી કને. ને તમે કઈ રીતે કેવી તૈયારી કરવાના છો એ સમજાવો. પછી વાતનો નેઠો બંધાય.'

'ઠીક, તંઈ કાલ આવીશ' કહીને જેઠો ભગત નીકળી ગયા. બધા વેપારીઓના ચહેરા વિલાઈ ગયા.

બીજે દિવસે બધી વાત કરી. કારભારીને સંતોષ થયો. તેમણે કહ્યું : તમે આગોતરી થોડી કોરી લો, કારણકે ખરચ ઘણું છે.

'જેટલું ખરચ છે, તેટલી જેઠા ઠક્કરની શાખ પણ છે.' આટલા શબ્દોમાં તેની શાખનો વિશ્વાસ રણકતો હતો.

'કારભારી જેઠા ઠક્કરને રા'બાવા પાસે લઈ ગયા. થોડી વાતો કરીને સંઘના પ્રયાણની તિથિ નક્કી થઈ.

રા'બાવાના સંઘે જે તિથિએ જાત્રાએ જવા પ્રસ્થાન કર્યું તેના બે દિવસ પહેલાં જેઠા ઠક્કરનાં અગિયાર ગાડાં નીકળી ચૂક્યા હતાં. તેઓ આગોતરી બધી વ્યવસ્થા કરતા હતા. ક્યાંય કશી ઊણપ જણાતી નહોતી. રા'બાવા સહિત સંઘમાં જોડાયેલા બધા યાત્રીઓ જેઠા ઠક્કરની વ્યવસ્થાનાં વખાણ કરતા હતા.

*આરાધના ના થાય તેનો વાંધો નથી, પણ વિરાધના ના કરશો.*

જેઠો ઠક્કર ગામોગામ વેપારીઓને મળે. સીધું સામાન ખરીદે ને પોતાના તરફથી વેપાર પણ કરતો જાય ને ધરમાદો પણ કરે.

આખું વરસ ઋતુઓના પલટાઓ, બોલીના ફેરફારો, નવા પરિચયો, નવાં સ્થળો, કશી અડચણ વગર પાર કરીને સંઘ ભુજ પાછો ફર્યો.

દરબાર ભરાયો. જેઠા ભગતને હિસાબ રજૂ કરવા રહ્યું. તેમણે તૈયાર રાખેલો હિસાબ કારભારીના હાથમાં આપ્યો. કારભારીએ ઝીણી નજરે બધી વિગતો તપાસ્યા પછી ભુજના વેપારીઓને તે કાગળો જોવા માટે આપ્યા.

ભુજના વેપારીઓએ વારાફરતી તે કાગળો જોયા.

તેમના મોં પર વિસ્મયના ભાવ પથરાવા લાગ્યા.

કોઈ કશું બોલી શક્યા નહીં.

દરેકની આંખમાં પ્રશ્નાર્થ છે, ને ચહેરા પર વિસ્મય.

કારભારી અને રા'બાવા આ બધું જોઈ માપી રહ્યા છે.

'કાં શેઠિયાવ' આખરે કારભારીએ કહ્યું.

'જોયા હિસાબ?' 'હા'

'કાંઈ ભૂલચૂક છે? હોય તો બેધડક કે જો'

'ના, ભૂલચૂક નથી. પણ આવો હિસાબ કરનારો તો પહેલી વાર જોયો.' એક આગેવાન વેપારીએ બધા વતી કહ્યું.

'આવો એટલે કેવો?' રા'બાવાએ પૂછ્યું.'

'અમને તો કાંઈ સૂઝતું જ નથી કે...' વેપારી આગળ બોલતાં અટકી ગયાં.

'ન સૂઝતું હોય તેની સમજણ જેઠા ભગત પાડશે.' કહીને રા'બાવાએ જેઠા ઠક્કર સામે જોતાં આગળ કહ્યું : 'તમે સમજાવો.'

'મારો હિસાબ અઠ્ઠાવન હજાર, ત્રણસો ને સાત કોરીનો થાય છે.'

'બરોબર છે?' રા'બાવાએ કારભારી સામે જોઈને પૂછ્યું.

'હા.'

'આપણે પહેલાં કેટલો ખર્ચ માંડેલો?'

'લગભગ અઢી લાખ કોરીનો. એટલો ખર્ચ થાય જ. વેપારીઓના આંકડામાં ફેર પડે તો હજાર - બે હજાર કોરીનો, પણ આ તો.

'હા, રા'બાવા અમને નવાઈ જ એની છે.' આગેવાન વેપારીએ કહ્યું.

'તમારી કાંઈ ભૂલ તો નથી થતી ને?'

'ના, જરાય ભૂલ નથી થતી.'

'બાવા, મેં માણસના પેટના ને તેની પાચનશક્તિનાં માપ કાઢ્યાં તાં ને રસોઈયાઓને પણ એ પ્રમાણે જ સીધું અપાતું હતું. કોઈની કશી રાવ નથી આવી. બધા તૃપ્ત થતા હતા. બસ, આ માપ કાઢવાની મારી કોઠાસૂઝે આટલો ખર્ચ થયો. ને મેં આમાંથી એક કોરીનો નફો નથી કર્યો તોય હું વીસેક લાખ રૂપિયા કમાયો છું.

આ સાંભળી આખો દરબાર સ્તબ્ધ થઈ ગયો. વીસ લાખ રૂપિયા આ જેઠો ઠક્કર સંઘને જમાડવાનું કામ રાખવામાંથી કઈ રીતે કમાયો.

જેઠો ઠક્કકર બધાનો આ પ્રશ્ન પામી ગયો. તેણે કહ્યું 'બાવા, જે જે ગામ અમે આગળ જતા ત્યાંના બજાર વિશેની માહિતી મેળવતા. ક્યાં કઈ ચીજ - જણસની અછત છે તે જાણી લેતો ને પછી એનાં ગાડાં ભરાવી લેતો, પોઠો મોકલાવી દેતો ને એમાંથી રળી લેતો. વેપાર અમારો ધરમ. મેં ધરમાદોય કર્યો છે. બસ આ રીતે હું રળ્યો.'

બધા એમની વાત સાંભળી રહ્યા.

'કચ્છમાં વેપાર કરવો હોય તો તમે શાનો વેપાર કરો?'

'રા બાવા' જેઠા ઠક્કરે કહ્યું : 'બધા ગામને પાદર કંઈ બધું સરખું નથી હોતું. ક્યાંક વોકળો હોય, ક્યાંક ખાતરું હોય, ક્યાંક તળાવ હોય, કૂવા હોય તો ક્યાંક વાવ પણ હોય, એટલે પાણી તો હોય જ. એમ બધા ગામે ડુંગરા ન હોય. રેતી ન હોય. ક્યાંક કંઈક વધુ હોય તો ક્યાંક કંઈક ખૂટતું હોય. ક્યાંક હાથિયા થોર હોય તો ક્યાંક આકડો હોય. ક્યાંક કેસૂડાં હોય તો ક્યાંક આંબા હોય. એટલે જે ન હોય તેનો વેપાર કરું.'

'પણ શું નથી 'કચ્છમાં?'

'ખજૂર અને ખારેક'

'તો જાવ કરો ખજૂર - ખારેકનો વેપાર.... ને હું તાંબાના પતરે લખત કરી આપું છું કે તમારા વંશવારસોના ખજૂર ખારેકના વેપાર પર દાણ નહિ લેવાય.

***પ્રેષક : મણિલાલ કે. છેડા - ડોંબીવલી (ઈસ્ટ)***

## રવીન્દ્રનાથ ટાગોરની ઈચ્છા

રવીન્દ્રનાથ ટાગોર તા. ૭-૮-૪૧ના રોજ અવસાન પામ્યા. ડૉક્ટરોની સખત મનાઈ છતાં છેલ્લી ઘડીએ એક ગીત ગણગણવા લાગ્યા. એક બહેન તેમની સેવામાં હતા તેમણે એ ગીત નોંધી લીધું. શું હતું એ ગીતમાં?

"હે મારા પ્રભુ, મારી એકજ ઈચ્છા તારે ચરણે મૂકું છું. મને ખાતરી છે કે મને બીજો જન્મ મળશે પણ મને ગરીબમાં ગરીબના ઘેર જન્મ આપજે જેથી તેમના દુઃખો હું અનુભવી શકું."

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***



મહિલા વિશ્વ

# રેસીપી – જૈન વાનગી માટે

• સુરભિ નીરવ વસા •

## સીઝલર

શિયાળાની કડકડતી ઠંડીમાં ગરમા ગરમ સીઝલર આપણા સૌની મનપસંદ ડિશ છે. અત્યાર સુધી કદાચ રેસ્ટોરન્ટમાં જ તેનો આનંદ માણી શકતા હતા, પરંતુ આ મંગલ મંદિરના અંકમાં તમને તેની ઇઝી રેસીપી આપું છું જેથી તમે પણ ઘરે સરળતાથી બનાવી તેનો સ્વાદ માણી શકો.

સીઝલરની શરૂઆત યુરોપ જેવા ઠંડા પ્રદેશમાંથી થઇ છે. ખૂબ જ ઠંડીને કારણે યુરોપિયન લોકો તેમનું ભોજન હોટ પ્લેટ પર રાખે છે અને સર્વ કરે છે. જેથી તે ગરમ જ રહે અને સાથે સાથે સીઝલિંગ ઈફેક્ટ પણ મળે.

સીઝલર પ્લેટને ફાસ્ટ ગેસ પર મિનિમમ પોણોથી એક કલાક ગરમ કરીને પછી જ અરેન્જ કરવું. આ રીતે કરવાથી તેના પર અરેન્જ કરેલ વાનગીમાં એક સીઝલિંગ ઈફેક્ટ આવશે અને તેની ફલેવર ચોતરફ ફેલાશે.

સીઝલર વિવિધ પ્રકારના બને છે. જેમાંથી આજે હું "વેજિટેબલ સીઝલર" ની રેસીપી આપી રહી છું.

સીઝલર પ્લેટમાં આવતી વાનગી

૧. ફલેવર વેજિટેબલ્સ

૨. મિન્ટી રાઈસ

૩. સીમોલીના કટલેશ

૪. મેરીનેટેડ પનીર

૫. સ્પાઈસી સોસ

૬. ફીંગર ચીપ્સ

સૌ પ્રથમ સીઝલર પ્લેટને ગેસ પર ગરમ કરવા રાખવી.

### ૧. ફલેવર વેજિટેબલ્સ :

*સામગ્રી :* ૧. ટે. સ્પૂન બટર, બાફેલ અને લાંબી સમારેલ ફણસી, બેબીકોર્ન, લાંબા સમારેલ કેપ્સીકમ, બાફેલ ફલાવરના મોટા ટુકડા ૧ કપ, ૨ સ્પૂન બોઇલ અમેરિકન કોર્ન, ૧/૨ ટી. સ્પૂન મીક્ષ હર્બ્સ, ૧/૪ ટી. સ્પૂન મરી પાવડર, મીઠું સ્વાદ અનુસાર.

*રીત :* સૌ પ્રથમ એક પૅનમાં બટર લઇ તેમાં ૧ કપ બાફેલા વેજિટેબલ્સ ઉમેરી ૨ મિનિટ સાંતળો. (વેજિટેબલ્સ બાફતી વખતે ઓવરકૂક ન થઇ જાય તેનો ખાસ ખ્યાલ રાખવો.) હવે તેમાં મીઠું, મરી પાવડર, અને મીક્ષ હર્બ્સ ઉમેરી મીક્ષ કરી એક બાઉલમાં કાઢી લો.

### ૨. મિન્ટી રાઇસ :

*સામગ્રી :* ૧ ટે. સ્પૂન બટર, ૨ સ્પૂન ઝીણો સમારેલો ફુદીનો, ૧/૨ કપ રાંધેલો બાસમતી ભાત, ૧/૪ ટી. સ્પૂન મરી પાવડર, મીઠું સ્વાદ અનુસાર

*રીત :* એક પૅનમાં બટર લઇ તેમાં રાઈસ ઉમેરી તરત જ ફુદીનો, મીઠું, મરી પાવડર ઉમેરી સરસ રીતે મીક્ષ કરી ૧-૨ મિનિટ પકાવો.

### ૩. સીમોલીના કટલેસ

*સામગ્રી :* ૨ સ્પૂન આદુ-મરચાંની પેસ્ટ, ૧ નાની વાટકી રવો, ૧/૨ સ્પૂન ખાંડ, ૧ સ્પૂન લીંબુનો રસ, મીઠું સ્વાદ અનુસાર ૨ ગણું પાણી.

*રીત :* સૌ પ્રથમ રવાને એક પૅનમાં કોરો શેકીને બાઉલમાં રાખો. હવે એક પૅનમાં પાણી ગરમ મૂકી તેમાં આદુ-મરચાંની પેસ્ટ, મીઠું, ખાંડ, લીંબુનો રસ અને પાણી ઉકળતા છેલ્લે રવો ઉમેરી હલાવતા રહો. મિશ્રણ એકદમ ઘટ્ટ થાય એટલે તેમાં ૨ ચમચી કોથમીર ઉમેરી મીક્ષ કરી મિશ્રણને ઠંડું પડવા દેવું. ઠંડું પડતાં હાથેથી કટલેસ જેવો શૅપ આપી તેને બટરમાં સેલોફ્રાય કરવું અથવા તળવું.

### ૪. મેરીનેટેડ પનીર

*સામગ્રી :* ૫૦ ગ્રામ પનીર (સ્ક્વેર કટ કરેલ - ડાઈસ કરેલ), ૨ ચમચી ચીલી સોસ, ૨ ચમચી સોયાસોસ, ૧ સ્પૂન ટમેટો સોસ, મીઠું, મરી પાવડર.

*રીત :* એક બાઉલમાં પનીર સિવાયની બધી સામગ્રી મીક્ષ કરવી. હવે તેમાં ડાઈસ કરેલ પનીર ઉમેરી, મીક્ષ કરી મેરીનેશન માટે ૧/૨ કલાક રહેવા દેવું. જેથી મસાલાનો ટેસ્ટ પનીરમાં આવશે. ત્યારબાદ આ પનીરના પીસને તવી પર શેકવા યા તો ઑવનમાં રોસ્ટ કરવા.

### ૫. સ્પાઇસી સોસ :

*સામગ્રી :* ૧ સ્પૂન આદું-મરચાંની પેસ્ટ, ૧ ટી. સ્પુન સોયાસોસ, ૨ ટી. સ્પુન ચીલીસોસ, ૨ સ્પુન પાણીમાં ઓગાળેલ કોર્નફ્લોર, ૧ સ્પુન ઝીણી સમારેલ સેલેરી (અથવા કોથમીરના કુણા ડાઠા)

*રીત :* ૧ ચમચી તેલ મુકી તેમાં આદું-મરચાંની પેસ્ટ સાંતળી તેમાં એક બાઉલમાં મીક્ષ કરેલ સોયા સોસ, કોર્નફ્લોરનું પાણી, ચીલી સોસ ઉમેરો. તેમાં મીઠું તથા સેલેરી ઉમેરી મીક્ષ કરો. સોસ ઘટ્ટ થાય ત્યાં સુધી હલાવતા રહો.

*તારે જો મોક્ષ જોઈતો હોય તો 'જ્ઞાની પુરુષ'ની પાસે જા અને સંસારમાં સુખ જોઈતું હોય તો મા-બાપની ને ગુરુની સેવા કરજે.*

**૬. ફીંગર ચીપ્સ :**

કાચા કેળાના લાંબા ફીંગર જેવા પીસ કરી તેના પર મીઠું છાંટી તળવું.

ઉપરની બધી વાનગી તૈયાર થાય એટલે હવે સીઝલરને અરેન્જ કરીએ. આ માટે ગેસ પર મુકેલ આયર્ન પ્લેટને વુડનની પ્લેટમાં ગોઠવી તેના પર કોબીના મોટા પાન ગોઠવવા. હવે તેના પર એક સાઇડ મિન્ટી રાઇસ અને પ્લેટની વચ્ચે મેરિનેટેડ પનીર ગોઠવવા. તેની બાજુમાં ફ્લેવર્ડ વેજિટેબલ્સ અને કટલેસ ગોઠવી આજુબાજુ ૧૦-૧૨ નંગ ફીંગર ચીપ્સ ગોઠવી રાઇસ અને કટલેસ પર સ્પાઇસી સોસ રેડવું. આ બધી પ્રોસીજર ફાસ્ટ કરવી.

હવે સીઝલિંગ ઇફેક્ટ માટે ફ્રીઝમાં રાખેલ બટરના ૩-૪ ટુકડા અને આઇસ ક્યુબ (૩-૪ નંગ) કોબીના પાનની નીચે હોટ પ્લેટ પર ચારેબાજુ ગોઠવી ગરમા ગરમ પીરસો. તૈયાર છે વેજિટેબલ સીઝલર.

*એ/૩, નિર્માણ ફ્લેટ, વ્રજરાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

## મહિલા મંડળ

એનું નામ વિદ્યા શીંદે. મુંબઇના થાણા વિસ્તારમાં પોતાની આસપાસની ગરીબ મહિલાઓની સ્થિતિ જોઇને એણે એક નાનકડા મહિલા મંડળની સ્થાપના કરી.

વિદ્યાએ નગરપાલિકાના કમિશનરને મળીને માંગણી કરી કે ટોઇલેટની સફાઇનું કામ અમને સોંપો. નગરપાલિકા દર શીફ્ટના એકસો રૂપીયા આપતી હોવાથી ૪૦ મહિલા આ કામ માટે તૈયાર થઇ. આ મહિલાઓનું કામ સૌને ગમવા લાગ્યું ને નગરજનો પ્રશંસા કરવા લાગ્યા.

લોકમાન્ય નગરની મહિલાઓએ આજ રીતે સડક સાફ કરવાની જવાબદારી લીધી. વિદ્યાએ આ મંડળીને યુનિફોર્મ તથા આઇડેન્ટિટી કાર્ડ અપાવ્યા.

હવે વિદ્યાએ આસપાસની ઝૂંપડપટ્ટીના લોકો માટે કામ શરૂ કર્યું. ત્યાંનો ભીનો અને સૂકો કચરો જુદો પાડવાનું કામ શરૂ કર્યું. આ ગ્રીન કેમ્પેનની વાત બધી મહિલાઓને ગમી. કચરો વીણનારી તથા તેનું વિભાજન કરનારીના આરોગ્ય માટે વિદ્યાએ ૮૦૦ જેટલી મહિલાઓને ઍપ્રન તથા ગમબૂટ અપાવ્યા.

પછી વિદ્યાએ કચરામાંથી ખાતર બનાવવાનો પ્રોજેક્ટ શરૂ કર્યો. મહિલાઓનું સેલ્ફ ગ્રૂપ ઊભુ કર્યું. પાપડ અને સિલાઇ માટેના મશીનો અપાવ્યા. આજે ૩૦૦ મહિલાઓ એમાંથી રોજીરોટી રળે છે.

એના ગ્રૂપમાં હવે વકીલો પણ છે જે આ મહિલાઓને કાનૂની સહાય પૂરી પાડે છે. આ મહિલાઓએ ઉત્પાદન કરેલી ચીજોના વેચાણ માટે હવે તેણે 'આધાર' કેન્દ્રો બનાવ્યા છે, જે અનેક મહિલાઓ માટે જીવનનો આધાર બની ગયા છે.

માત્ર બારમું ધોરણ સુધી ભણેલી આ વિદ્યા શિંદેએ અનેકના જીવનમાં અજવાળું ફેલાવ્યું છે.

***'સર્વોત્તમ કારકિર્દી માર્ગદર્શન', ઓક્ટોબર-૨૦૧૦માંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજી સોસાયટી જે નાકે તે જુકો ભિખારી વ્યેતો સે પંઢજી જગ્યાતે તોરણ બંધે આય, ફૂલહાર બંધે આય અને સુવર્ણ જયંતી ઉત્સવ ઍડો બોર્ડ લગાય આય. જે જરા તપાસ ત કર, કુરેજી સુવર્ણ જયંતી આય?

બચુડો : (તપાસ કે ને ચેં) અધા ભિખારી ચેં ક આંઉ કતરા વરે થ્યા હી જગ્યાતે વેને જ ભીખ મંગાતો. ને હણે અજકાલ કંઈધે અનકે પંજા વરે પૂરા થીંધા. તેમેં આંઉ સુવર્ણ જયંતી મહોત્સવ ઍડો બોર્ડ લગાયો આય.

## ખિલજા મ ભલા

શિક્ષક : આદિત્ય, કહે તો મુંબઈની વચ્ચે શું છે?

આદિત્ય : સાહેબ, 'બ.'

☺ ☺ ☺ ☺ ☺

ધનંજય : અરે જ્યોતિષીજી, આ વરસે હું ૩૨ વર્ષનો થઈશ પણ હજી મારો પરણવાનો યોગ આવતો નથી. તો કુંડળી જોઈને કહો કે મને શું નડે છે?

જ્યોતિષ જમનાજી : (બે ત્રણ કાગળ પર આડી અવળી ગણતરી કરી કુંડળીઓમાં જુદા જુદા આંકડા લખી કહ્યું) અરે ધનંજય, લગ્ન ન થવા પાછળનું કારણ તારી કુંડળીના ગ્રહો એવા છે કે જેનાથી તારી આખી જિંદગીમાં સુખ લખેલું દેખાય છે.

☺ ☺ ☺ ☺ ☺

એરહોસ્ટેસ : સર, ડ્રિંક પ્લીઝ?

કડકાસીંગ : (એક સાથે બે ગ્લાસ ઉપાડી લીધા.)

એરહોસ્ટેસ : સર, આઈસ?

કડકાસીંગ : હોવે, હવે તો તું કહે ત્યાં આઈશ.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : અરે મોન્ટેકસીંગ, તમારી પત્નીને ગંભીર બીમારી છે. હવે તે માત્ર અઠવાડિયાની મહેમાન છે.

મોન્ટેકસીંગ : કાંઈ વાંધો નહીં. ૩૦ વર્ષ જયાં પસાર કરી નાખ્યા, ત્યાં અઠવાડિયું ક્યાં વધુ છે!

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : લાડી અને બિલાડી વચ્ચે શું તફાવત છે?

ચીન્ટુ : 'બિ'નો.

☺ ☺ ☺ ☺ ☺

મલ્લીકા : એઈ, પ્યાલા બરણીવાળી....

પ્યાલાબરણીવાળી : શું છે?

મલ્લીકા : આ મારા ૨૦-૨૫ ડ્રેસ નવા જ છે, પણ ટૂંકા પડે છે. લઈ જા... પણ શું આપીશ?

પ્યાલા બરણીવાળી : બે ચમચી.

☺ ☺ ☺ ☺ ☺

મોહનીસ : આમ તો તું બધી વસ્તુઓની લગ્ન સાથે સરખામણી કરતો હોય છે. પણ પીપરમીન્ટ વિશે તારે શું કહેવું છે?

ચીટનીસ : કુંવારાઓ માટે આલ્પેનલીબેન છે (જી લલચાયે, રહા ન જાયે) જ્યારે પરણેલા માટે ક્લોરમિન્ટ છે (દુબારા મત પૂછના.)

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : બોલો, ક્યાં રમી આવ્યા રાસ?

પતિ : દાદરા ચડવામાં તો આંટા આવી જાય છે ને તું રાસની વાત કરે છે? હવે કાંઈ રાસ રમવાની ઉંમર છે?

પત્ની : તમે તો વિટામિનની ગોળીઓ લઈ રાસ રમી આવો એવા છો.

પતિ : ડાર્લીંગ, બ્લડ પ્રેશરની ગોળીઓ ગળતો હોય તેને ડૉક્ટરો રાસ રમવાની ના પાડે છે.

☺ ☺ ☺ ☺ ☺

નાનકડો ઉંદરઃ (સિંહણને) મારી સાથે લગ્ન કરીશ?

સિંહણ : અલ્યા, તારી સાઈઝ તો જો.

ઉંદર : સાઈઝને રહેવા દે. મારો આત્મવિશ્વાસ - કોન્ફીડન્સ જો.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : અલ્યા, તે હાથમાં ફળ પકડ્યું કે દારૂનો ગ્લાસ?


ચીન્ટુ : જોતો નથી, હું જામ-ફળ ખાઈ રહ્યો છું....

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*નવું નકોર પ્રભાત પણ જૂનું જૂનું લાગે,*
*ને શીતળ શરબત પણ ઊનું ઊનું લાગે!*
*તો જાણજો, આ બેચેની જ્ઞાનપિપાસા છે,*
*જો તમને પુસ્તક વગર સૂનું સૂનું લાગે.*

*મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'*

*વેપારમાં ધર્મ હોવો ઘટે, પણ 'ધર્મ'માં વેપાર ના હોવો ઘટે!*




### પ્રતિભાવનો પ્રતિસાદ

મારા સપ્ટેમ્બરના અંકમાં આવેલ ચેતના વિશેના લેખના પ્રતિભાવમાં શ્રી મગનલાલ સંઘવીએ કેટલાક પ્રશ્નો કર્યા હતા. એમના થોડા પ્રશ્નોના ઉત્તર પછીના લેખોથી મળી ગયા હશે. બાકી રહેતા પ્રશ્નોના ઉત્તર આપવાની અત્રે કોશિશ કરી છે.

૧. બધા સજીવોને મશીન માનવાની વાત ક્યાં પણ નથી. પુનર્જન્મ હોય કે ન હોય, સજીવ ક્યારે પણ મશીન ન બની શકે. મશીન નિર્જીવ છે. સજીવ-નિર્જીવ વચ્ચેનો ફરક જાણીતો છે.

૨. આપણા બાળકો આપણે ત્યાં ન જન્મે તો બીજે ક્યાં જન્મે? સવાલ જ પૂર્વગ્રહયુક્ત છે. એમાં માની લીધું છે કે જન્મનાર બાળક, ક્યાં જન્મ લેવો તે પોતે નક્કી કરે છે. વાસ્તવમાં જન્મનાર બાળક નહિં પણ માતા-પિતા જન્મનાર બાળકના નિર્ણાયક છે. કોઇ દંપતીને શિશુજન્મની સફળતાની સો ટકા ખાતરી નથી પણ બાળકને જન્મ ન આપવો હોય તો કોઇ આત્મા પરાણે આપણે ત્યાં જન્મ ન લઇ શકે. ચોખ્ખા શબ્દોમાં કહેવું હોય તો સ્ત્રીને આપોઆપ ગર્ભ રહેતો નથી. એ માટે સ્ત્રી ઉપરાંત પુરુષના યોગદાનની પણ જરૂર છે. એ નિર્ણય સ્ત્રી-પુરુષ બન્નેના હાથમાં છે. કોઇ ભટકતા આત્માના હાથમાં નથી. આ વિષયમાં હજી ઘણું લખી શકાય જે ફરી ક્યારેક લેખ સ્વરૂપે.

૩. મરણ સાથે આપણા મગજમાં સંઘરાયેલ હોય એટલું જ નષ્ટ થાય છે. બીજાને આપેલું જ્ઞાન / અનુભવ નષ્ટ નથી થતા. એ મેળવનાર એનું શું કરે છે તે એના પર આધાર રાખે છે. બાકી જીવનભર કરેલી મથામણ આ જીવન આનંદથી પસાર કરવા ઉપરાંત કુટુંબ, સમાજ, દેશ અને સમગ્ર સૃષ્ટિના ભલા માટે પણ કરી શકાય છે. જેની જેટલી પહોંચ. આ જીવનનું મહત્ત્વ ઓછું ન આંકવું જોઇએ. પરભવની વાતો ઘણા કરે છે પણ ખાતરી કોઇ નથી આપી શકતું.

૪. ભારતમાં અવતારવાદનું એક ઓબ્સેશન છે, માનસિક વળગાડ છે. બીજો કોઇ આવીને આપણા પ્રશ્નો હલ કરી આપશે એ આશામાં બધા બેઠા રહે છે. એમ શા માટે ન વિચારીએ કે આપણે બધા સાથે મળી કટકે કટકે અઘરા પ્રશ્નોના ઉત્તર મેળવી શકીએ. બીજા બધા ક્ષેત્રો (વિજ્ઞાન, મેડિસિન, ગણિત...) એ રીતે જ વિકસે છે. આ લેખોથી શરૂઆત થઇ છે. એને હકારાત્મક રીતે સ્વીકારીને, ગળે ઉતરે એવા, વધારે યોગ્ય ખુલાસા શોધીએ.

૫. કોઇ એક વ્યક્તિની બુદ્ધિની સીમા બહાર ઘણું હોઇ શકે છે. (મહાપુરુષો પણ અપવાદ નથી.) પણ માનવસમાજની સામૂહિક બુદ્ધિની સીમા બહાર કશું નથી. સવાલ માત્ર સમયનો છે. જે ઝડપે રહસ્યો ઉકેલાઇ રહ્યા છે એ જોઇને એમ કહી શકાય કે આપણા નહિં પણ આપણા પુત્ર કે પૌત્રોના જીવનકાળ દરમિયાન ઘણા રહસ્યો ઉકેલાઇ ગયા હશે. બાકી કોઇ અવતારી પુરુષની રાહ જોઇને બેસી રહીશું તો એ ક્યારેય બનવાનું નથી. મહાપુરુષો સદાય જન્મતા આવ્યા છે. એમને ઓળખવામાં આપણે ઊણા ઊતરીએ છીએ. જે ઓળખાય છે એમને અવતારી પુરુષ બનાવી દઇએ છીએ.

શ્રી શાંતિલાલભાઇ સંઘવીએ ડિસેમ્બરના અંકમાં પૂછેલ પ્રશ્નોના લોજિકલ (તાર્કિક) ઉત્તર તો છે જ, પણ અત્યારે આપવા શક્ય નથી. હાલમાં જે "સત્યની શોધ અને સ્વીકાર" લેખમાળા ચાલે છે એમાં યોગ્ય સમયે એમના બધા પ્રશ્નોનું સમાધાન થશે. જો કે આ પત્રની શરૂઆતમાં એમના પ્રશ્નોનું આંશિક સમાધાન કરાયું છે.

અહીં એક અન્ય ખુલાસો કરવો જરૂરી લાગે છે. 'મંગલ મંદિર'ના છેલ્લા ચાર અંકોમાં અતિ સંવેદનશીલ વિષય પર મારા જે લેખ છપાયા છે એ બધા લેખ અન્ય સામયિકમાં પણ છપાયા હતા. ત્યાં એમના વિશે ઉગ્ર વિરોધી પ્રતિભાવ આવ્યા છે. જ્યારે મંગલ મંદિરમાં આવેલ પ્રતિભાવ મુખ્યત્વે જિજ્ઞાસાવાળા છે. આ તફાવત નોંધપાત્ર છે. શું કારણ હોઇ શકે?

*મૂરજી ગડા - વડોદરા*

• • • • •

### ઉત્તમ તંત્રીલેખ

ભ્રષ્ટાચાર એ આજનો રોગ નથી. 'ભારતમાં અંગ્રેજી રાજ્ય' ગ્રંથમાં પંડિત સુંદરલાલજીએ જણાવેલ છે કે વર્ષ ૧૮૧૭માં મુંબઇના ગવર્નરે (મિ. એલ્ફિન્સ્ટન ઘણું કરીને) લંડનની પોતાની સરકારને લખી જણાવેલ કે "આ દેશમાં કિંમત આપીને કોઇને પણ ખરીદી શકો છો." અંગ્રેજો આપણને કેટલા જલદી ઓળખી ગયા હતા? ગાંધીજીના ડેસ્ક ઉપર અબ્દુલ કલામ આઝાદે માઉન્ટબેટનને લખેલો પત્ર પડ્યો હતો. ગાંધીજીએ મૌ. આઝાદને પૂછ્યું કે તમે આવો પત્ર લખેલ છે? ત્યારે જે ગાંધીજીની સામે તેમના દુશ્મનો પણ ખોટું બોલી શકતા નહીં, તે ગાંધીજી સામે મૌલાનાએ પોતે તેવો કોઇ પત્ર લખેલ નથી એમ કહ્યું. આ આખીયે વાતની નોંધ ગાંધીજીના સંદેશવાહક સુધીર ઘોષે નોંધેલ છે. જ્યાં સુધી આપણું રાષ્ટ્રીય ચારિત્ર્ય બદલે નહીં ત્યાં સુધી ભ્રષ્ટાચાર ઘટવાનો નથી. જ્યાં મોટામોટા સાધુ સંતો પણ પૈસા પાછળ પડેલા છે ત્યાં આવા હલકી મનોવૃત્તિવાળા રાજકારણીઓ પાસે શી આશા રાખી શકાય? સાંભળ્યું છે તે જો સાચું હોય તો આપણા દેશના મોટા મોટા સાધુ-સંત-મહાત્માઓના કરોડો રૂપિયા શેરબજારમાં જુદા જુદા નામે ફરે છે. કોનો વાંક કાઢશો ને કોના વખાણ કરશો?

*'શ્રદ્ધા'માં માંગણી ના હોય. કંઈ પણ લાલચ રાખે છે તે 'અંધશ્રદ્ધા.'*

એક પ્રજા તરીકે આપણી પોતાની હાલત દયાજનક છે. આપણા પોતાનામાં જ સાચા મૂલ્યો કોને કહેવા અને ખોટા મૂલ્યો કોને કહેવા તેની સમજ નથી.

ખાતરી કરવી છે? શાળાના નહિ પણ કૉલેજના વિદ્યાર્થીઓને સવાલ પૂછજો કે આપણા દેશના મહાન ક્રાંતિકારીઓ એવા ફક્ત ૧૨ જણના નામ આપો (૧૮૫૭થી ૧૯૪૭ સુધીના ૯૦ વર્ષમાં ૬ લાખ દેશભક્તોએ પોતાના પ્રાણોની આહુતિ આપી છે) મારા સાહેબ, નહિ આપી શકે. ૫-૬ સુધી પહોંચતામાં તો હાંફી જશે.

બીજો સવાલ પૂછજો કે આપણા દેશભક્તો જેને આંદામાનમાં કાળાપાણીની સજા કરવામાં આવેલી તેવા મહાન દેશભક્તોના માત્ર ૫ નામ આપો.

મારા સાહેબ, નામ નહીં આપી શકે. બે-ત્રણમાં જ હાંફી જશે (મારી પાસે ૪૭૬ નામ છે)

યુવાનોની વાત થોડીવાર જવા દઇએ. તેમના મા-બાપોને આ સવાલ પૂછી જોજો અને કેટલા સફળ થાય છે તે જોજો.

બીજી બાજુ સિનેમાના નર-નારીઓ વિશે પૂછશો તો આખી વંશાવલી બોલી બતાવશે.

તો આ છે આપણા સંસ્કાર અને આ છે આપણું શિક્ષણ. જ્યાં કૂવામાં જ નથી તો હવાડામાં આવશે ક્યાંથી?

આપણે ગુજરાતની જ વાત કરીએ તો કેટલા લોકો ઓળખે છે નરસિંહ મહેતા, મીરાંબાઇ, દયારામ, ગંગાસતી વગેરેને? પણ બચ્ચનને તથા ખાન બંધુઓને બધા ઓળખે છે.

કોને આવડે છે આપણા સંત કવિઓની એક આખી કવિતા-ભજન?

આપણે પોતે જ લગભગ બધી જ બાબતોમાં કાચા છીએ. વિદ્યા પ્રત્યે આપણને પ્રીતિ જ નથી. લોહીના છેલ્લા ટીપાં સુધી મહેનત કરવાની વૃત્તિ જ નથી. બધું જોઇએ છે અને જલદી જોઇએ છે. પોતાની નબળાઇ અને ભૂલનો સ્વીકાર કરવાની દાનત જ નથી. વહેમ અને અંધશ્રદ્ધા છોડવી નથી. જુદા વિચાર પ્રત્યે આદર નથી. ભિન્ન મત પ્રત્યે સહનશીલતા નથી. એકપણ ક્રાંતિકારી વિચાર સ્વીકારવાની માનસિક તૈયારી નથી.

કોણ દૂર કરશે ભ્રષ્ટાચાર? ભીંત સાથે માથું પછાડનારાના માથામાં જ ઢીમણું પડે.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

• • • • •

## મંગલ મંદિરનો એક અંશ હોવાનો મને ગર્વ છે

મારી કૃતિઓ મંગલ મંદિરમાં છપાય છે તે વાંચી અહીંના વાચકોએ મને કે મારી પત્નીને મુખોન્મુખ આનંદ વ્યક્ત કર્યો છે. કચ્છમાંથી પણ થોડા સાહિત્યિક મિત્રોએ વધામણાં કર્યા છે.

ટૂંકમાં 'મંગલ મંદિર'એ એકાદ વર્ષમાં ગજબનું ગજું કાઢ્યું છે. આવા સામયિકનો એક અંશ હોવાનો મને ગર્વ છે.

***ડૉ. ગિરીશ વીછીવોરા - મુંબઇ***

• • • • •

## મંગલ મંદિર માત્ર કચ્છીઓ માટે સીમિત નથી

મંગલમંદિર અંક એટલે આજના યુગનો નિર્દોષ, કોઇની ટીકા વગરનો અંક. દરેક પાને પાને કંઇક નવું. દર મહિનાની ૭ યા ૮ તારીખે જેની ટપાલની રાહ જોવાતી હોય તે આ અંક. આ અંક માત્ર કચ્છીઓ માટે સીમિત નથી. અમારે ઘેર મંગલમંદિર અંક આવે એટલે અમારા આડોશ પાડોશ અંક લઇ જાય અને જીવન જીવવાની જડીબુટ્ટી આ અંક બતાવે. ખરેખર અમદાવાદ શહેર તથા સમગ્ર કચ્છી જૈન સેવાનો આ મહામૂલો અંક શાન છે. આન-બાન, શાન સાથેનો અંક.

***મહેન્દ્ર ભવાનજી ગોસર - વડોદરા***

• • • • •

## 'મંગલ મંદિર'માં કાવ્યો

તંત્રીશ્રી, આ વખતે મારે તમારી ફરિયાદ તમને જ કરવાની છે.

આ વર્ષ કવિવર રવિન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મજયંતી વર્ષ તરીકે ભારતભરમાં ઉજવાઈ રહ્યું છે. આ ઉપરાંત આપણા કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મ શતાબ્દી પણ ગુજરાતમાં ઉજવાઈ રહી છે.

આવા ખાસ પ્રસંગે આ બંને મહાકવિઓના માત્ર ૧-૧ કાવ્યો પ્રસંગ પૂરતાજ મંગલ મંદિરમાં પ્રગટ કરવાનો મારો અનુરોધ આપે સ્વીકાર્યો નહી અને કાવ્યો નહિ છાપવાના તમેજ નક્કી કરેલા નિયમને વળગી રહ્યા.

શું છાપવું એ નક્કી કરવાનો આપનો અધિકાર સ્વીકારવાની સાથે આવા અગત્યના પ્રસંગે પણ અપવાદ ન કરવાની આપની જીદ બિલકુલ યોગ્ય નથી લાગી, જેની નોંધ લેવા વિનંતી.

અન્ય વાચક મિત્રો પણ પોતાનો અભિપ્રાય આપશે તો આભારી થઈશ.

***મગનલાલ સંઘવી - અમદાવાદ***

*'મંગલ મંદિર'માં કાવ્યો પ્રસારિત ના કરવા તેવો નિર્ણય લેવાઈ ગયા બાદ કોઈને કોઈ કારણસર તેમાં છુટછાટ મૂકવી યોગ્ય નથી. એક વ્યક્તિના મતે એક પ્રસંગ અગત્યનો હોય તો બીજી વ્યક્તિના મતે બીજો પ્રસંગ અગત્યનો હોઈ શકે. એક વખત છુટછાટ સ્વીકારાય તો દરેકના મતને ન્યાય આપવો પડે, જે સ્વીકારી શકાય નહીં.*

*મુરબ્બી શ્રી મગનભાઈએ જણાવેલ કે કવિવાર રવિન્દ્રનાથની ૧૫૦મી જન્મજયંતી પ્રસંગે આપણે તેમને યાદ કરવા જોઈએ. તેઓનું કાવ્ય ના લઈ શકાય તો લેખ પણ લઈ શકાય તેવું તેમણે જણાવેલ હતું. ત્યારબાદ મુરબ્બીશ્રીએ કવિવર રવિન્દ્રનાથ ટાગોરે લખેલ વાર્તા 'કાબુલીવાલા' મોકલી આપી કે જે મંગલ મંદિરના ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ છે. છતાં મુરબ્બીશ્રીને સંતોષ થયેલ હોય તેવું જણાતું નથી. તેઓશ્રીની વાત ન સ્વીકારવા બદલ અમે ખેદ વ્યક્ત કરીએ છીએ.*

***– મુખ્યતંત્રી***

• • • • •

*'દીક્ષા' એટલે 'જ્ઞાન'ને 'જ્ઞાન'માં બેસાડવું અને 'અજ્ઞાન'ને 'અજ્ઞાન'માં બેસાડવું તે.*

### શ્રવણનો પુનઃજન્મ શક્ય ખરો?

શરદભાઈ હરિલાલ શાહનો લેખ વાંચ્યો. ખરેખર સમયસર લેખ લખ્યો છે. એના અનુસંધાનમાં આજે એ શ્રવણ જેવો તો કોઈ નહિ થઈ શકે. પરંતુ ક્યાંક એવો પુત્ર હશે, જે મા-બાપની પ્રેમથી સેવા કરતો હશે. આજનો યુગ જો આપણાં ઉપર દુઃખના ડુંગર તૂટે તો પોતાના પણ પારકા થઈ જાય. સગાંવહાલાં અને પાડોશી રાજીના રેડ થઈ જાય. માણસોના સંબંધો તો હવે પૈસાથી નક્કી થાય છે. લાગણીની કિંમત નથી. ખાલી ભપકા દેખાય છે. શ્રીમંત હોય તેની દુનિયામાં વાહવાહ થાય છે. પરંતુ ગરીબ ઉપર થૂ થૂ થાય છે. આ જમાનામાં પૈસા માટે મારામારી અને લૂંટફાટ થાય છે. આ ભયંકર મોંઘવારીમાં પૈસો જ પરમેશ્વર છે. નારાયણ કરતાં લક્ષ્મીની પૂજા થાય છે. જુઓ છો તમે નેતાઓના ભ્રષ્ટાચારથી તેમની તિજોરીઓ કેવી ભરાઈ જાય છે. સત્યવાનને ડફણાં અને જુઠાણાંની જય. આ સંસારમાં માયાના તમાશા છે. બેટા વહુઓનો મા-બાપ અને વડીલો પર પ્રેમભાવ દિવસે દિવસે ઓછો થતો જાય છે. જુવાનની પૃચ્છા થાય છે પણ ઘડપણ આવ્યું તો હડહડ થાય છે. આજના યુગમાં ઈશ્વરને ભૂલી પૈસાની પૂજા થાય છે. હવે નથી લાગતું કે, કળીયુગનો વાયરો વાવા લાગ્યો છે. ચેતશે તે જીવી જશે. નહિતો ફસાઈને હેરાન થશે. જરૂર છે શ્રવણકુમારની.

*દેવજી એચ. સાલિયા - મુલુંડ, મુંબઈ*

• • • • •

### 'મંગલ મંદિર' દીપોત્સવી અંક

દિવાળી અંક મોડો વંચાયો એટલે પ્રતિભાવ પણ મોડો અપાય છે. દરમિયાન એ અંક માટે પ્રશંસાના ઘણા સંદેશાઓ આવી ગયા એટલે પુનરોક્તિ ન કરતાં એ પ્રશંસામાં મારો પણ સૂર પુરાવું છું. કેટલાય પ્રખ્યાત લેખકોના લેખ, મુરજીભાઈ ગડાનું મૌલિક ચિંતન, ગ્લોબલાઈઝેશન ઉપર દામજીભાઈ માણેક, ખારેક ઉપર નવીનભાઈ સોદાગર, જળક્રાંતિ ટ્રસ્ટ ઉપર કમલભાઈ જોશી, પરમાત્મા અને ધર્મ ઉપર શાંતિભાઈ, તેમજ ડૉ. વીજળીવાળા તથા પૃથ્વી શાહના હૃદયસ્પર્શી લખાણો નોંધપાત્ર રહ્યા.

મુંદ્રાના વતની હોવાના નાતે ભાઈશ્રી અશ્વિનભાઈના લખાણે ખાસ ધ્યાન ખેંચ્યું. કંઈક મેળવવા માટે કંઈક ગુમાવવું પડે છે એ ઉક્તિ હાલના મુંદ્રા માટે સાચી પડી રહી છે. ભૂતકાળમાં જીવન શાંત હતું, પર્યાવરણના કોઈ પ્રશ્નો ન હતા, સરસ મજાના હવા પાણી હતા. વાડીઓ હતી, તાજાં શાકપાન, ફળફૂલ હતા, પણ સામે કામધંધાના અભાવે મનીઑર્ડર ઉપર જ નિભાવ થતો. કુટુંબો બહાર વસતા થયા અને એક વખત મુંદ્રાને શહેરના બદલે ગ્રામ પંચાયત મળી હતી. એટલી વસતિ ઓછી થઈ ગઈ હતી. આજે મુંદ્રા પાસે ઉપરની બાબતો સિવાય બધું જ છે! જે ગુમાવ્યું છે એ પાછું મેળવવાનું કામ ભવિષ્યની પ્રજા કરશે એવી આશા રાખી શકાય. મુંદ્રાના વહીવટકર્તાઓ અને ધનવાનો (જે હાલ સારા પ્રમાણમાં છે) જો માત્ર ભૂખી નદી, જે હાલ ઉકરડો બની ગઈ છે, એને પૂર્વવત સ્વચ્છ કરી આપે તો પણ બહુ મોટી વાત ગણાશે.

શ્રી શાંતિભાઈ શાહે ઈઝરાયલના એક પરાક્રમ વિશે જાણકારી આપી. ઉપરાંત ઈઝરાયલ શરૂથી જ એવા પરાક્રમો ઢોલ પીટ્યા સિવાય કરતું આવ્યું છે. બીજા વિશ્વયુદ્ધના ગુનેગાર નામીઓને દુનિયાભરમાંથી પકડીને સજાઓ કરી હતી. મ્યુનિક ઓલિમ્પિકમાં રમતવીરોના હત્યારાઓને શોધી શોધીને માર્યા હતા. સામે આપણી સરકારની તો વાત જ કરવા જેવી નથી.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

### 'મંગલ મંદિર' દીપોત્સવી અંક

'મંગલ મંદિર'નો દીપોત્સવી અંક વાંચીને આનંદ થયો. આ અંકમાં મારા લેખ 'પત્ની આસન'ને સ્થાન આપ્યું છે તે બદલ હું આપની અત્યંત આભારી છું. 'મંગલ મંદિર'માં મારા લેખને સ્થાન મળતું રહેશે એવી આશા વ્યક્ત કરું છું.

*સૌ. પૂનમ શાહ - નાગપુર*

• • • • •

### 'મંગલ મંદિર' દીપોત્સવી અંક

દીપોત્સવી અંક અને તે પણ 'મંગલ મંદિર'નો એટલે કંઈક વિશેષ મેળવવાની, અંધારે અટવાયેલી અને વણઉકેલ રાજકીય, સામાજિક, સાંસારિક અને શારીરિક સમસ્યાનાં ઉકેલ આપતું માસિક, એવી ભાવનાનું પ્રતિબિંબ પાડતું માસિક અને ખરેખર મંગલ મંદિર આવી અપેક્ષાઓને વાચા આપવામાં કદી ઊણું ઊતરતું નથી.

દીપોત્સવી અંકની સામગ્રી પૈકી, કચ્છની આમજનતાને પૂર્ણપણે સજાગ થઈ મનોમંથન, વિચાર અને જરૂર જણાય તો તીવ્ર આંદોલન કરવા લાયક જો કોઈ લેખ હોય, તો તે શ્રી અશ્વિન ઝિંઝુવાડિયાનો લેખ 'ઔદ્યોગિકીકરણના ખપ્પરમાં પરંપરાગત વ્યવસાયનો બલિ.' આ લેખ કોઈપણ બુદ્ધિશાળી કચ્છી અને કચ્છનાં હિતનું ઉજાગર કરતા કચ્છીને જરૂરથી વિચારવા જોગ અને ઉદ્યોગોની લ્હાયમાં કચ્છી પરંપરાગત ખેતીના મૂળ વ્યવસાયને મૃતઃપ્રાય સ્થિતિમાં મૂકી દઈ ગરીબ ખેડૂતને ક્યાંયનો ન રહેવા દે અને બેહાલ અને નિઃસહાય બનાવી મૂકે એ હકીકત સામે આંખ આડા કાન કરવા કોઈપણ સંજોગોમાં પોષાય તેમ નથી. દરેક કચ્છીએ આ લેખનો મર્મ સમજી લઈ, જાગૃત થઈ યોગ્ય આંદોલન કરી અને કચ્છનાં લોક સેવકોને સાથે રાખી આ બાબતમાં સત્ય અને વાસ્તવિક્તાનું ભાન સરકારશ્રીને કરાવવાની તાતી જરૂર છે.

અંકના અન્ય લેખોમાં શ્રી પૃથ્વી શાહ, શ્રી હરેશ ધોળકિયા, ડૉ. ચંદ્રકાંત મહેતા, ડૉ. વીજળીવાલા, કાંતિભાઈ શ્રોફ, શ્રી પુષ્પદાન ગઢવી, પ્રા. સૂર્યકાંત ભટ્ટ વગેરે લેખકોના લેખ કંઈક આપી જવાની પ્રેરણાવાળા છે. આમ તો 'મંગલ મંદિર'ના તમામ લેખો મનનીય અને સમગ્રતયા નાવીન્યપૂર્ણ અને બૌદ્ધિક જ હોય છે. 'મંગલ મંદિર', પીરસાતી સામગ્રીની પરંપરા જાળવી રાખે એવી શુભેચ્છા સાથે.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*

*પોતાના કષાયનો નિકાલ કરવો એ સાધુપણું.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનો માસિક અહેવાલ

### ડિસેમ્બર-૨૦૧૦

- **ગુરુવાર, તા. ૨-૧૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતાએ દહીંસર - મુંબઈ ખાતે શ્રી મહેન્દ્રભાઈ સંઘોઈની મુલાકાત લીધેલ હતી અને ભુજની આર્કિટેક્ચરલ કૉલેજ માટે જરૂરી ચર્ચા કરેલ હતી. તેઓએ કૉલેજના પ્લાનિંગમાં જરૂરી સૂચનો કરેલ હતા. કૂપન અંગે આર્થિક સહયોગ આપવાની જાહેરાત પણ કરેલ હતી.

- **શુક્રવાર, તા. ૩-૧૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતાએ મુલુંડ - મુંબઈ ખાતે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની મુલાકાત લીધેલ હતી અને ભુજ ખાતેની આર્કિટેક્ચરલ કૉલેજ અંગે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી. મુખ્યત્વે કૉલેજના મુખ્ય નામ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. તેઓએ આ બાબતે અન્યત્ર પ્રયાસ પણ કરેલ હતા.

- **રવિવાર, તા. ૫-૧૨-૨૦૧૦**

☆ આજરોજ સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર શ્રી મુકેશભાઈ ઝવેરી સાથે ફોન પર ચર્ચા કરવામાં આવેલ હતી. તેઓના જણાવ્યા અનુસાર કચ્છ બ્રાંચ કેનાલના ૧૯૦ કિ.મી. સુધીના એટલે કે ભચાઉ સુધીના ટેન્ડરોની 'પ્રાઈસ બીડ' ઑપન કરી દેવામાં આવેલ છે.

- **મંગળવાર, તા. ૭-૧૨-૨૦૧૦**

☆ ભુજ ખાતેની આર્કિટેક્ચરલ કૉલેજના પ્લાનિંગમાં કેટલાક જરૂરી ફેરફાર કરવા આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી કે.આર. શાહ તથા આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ મળેલ હતા. બિલ્ડિંગ આગળની તરફથી પાછળની બાજુ લઈ જવા, પ્લે ગ્રાઉન્ડ આગળના ભાગે લાવવા, કે.ડી.સી.ની ઓફિસ પણ આ સંકુલમાં બનાવવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૦**

☆ ભુજ ખાતેની આર્કિટેક્ચરલ કૉલેજના બ્રોચર નંગ-૧૦૦૦ તથા કવર નંગ-૫૦૦ છપાઈને આજરોજ મળી ગયેલ છે.

- **સોમવાર, તા. ૨૦-૧૨-૨૦૧૦**

☆ આજરોજ હૈદ્રાબાદથી શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાનો ફોન હતો. તેઓએ આર્કિટેક્ચરલ કૉલેજની વિગત 'મંગલ મંદિર' દ્વારા જાણેલ હતી. કૂપનમાં સહયોગ આપવાની તેઓશ્રીએ ખાતરી ઉચ્ચારેલ હતી. અન્ય નકરામાં સહયોગ આપવાનું પણ તેઓશ્રીએ જણાવેલ હતું.

- **શુક્રવાર, તા. ૨૪-૧૨-૨૦૧૦**

આજરોજ મુંબઈથી શ્રી ગુણવંત મગનલાલ શાહનો ફોન હતો. ભુજ ખાતેની આર્કિટેક્ચરલ કૉલેજનું બ્રોચર તેમને મળી ગયાની તેમણે જાણ કરેલ હતી. પોતાના સહયોગ અંગે વગર વ્યાજની રૂા. ૨૫ લાખની લોનની ઑફર તેમણે કરેલ હતી. ■

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના મહત્ત્વના ઉપક્રમો

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ દ્વારા તાજેતરમાં કેટલાક મહત્ત્વના કાર્યો હાથ પર લેવાયા છે તેની આજે થોડી ચર્ચા કરીએ.

- **કચ્છના ઇતિહાસનું આલેખન :**

કચ્છનો ઇતિહાસ જુદા જુદા સમયના લેખકો દ્વારા જુદા જુદા વિષયો પર ત્રુટક ત્રુટક ઉપલબ્ધ થાય છે. પરંતુ એક જ સ્થળે એક જ પુસ્તકમાં કચ્છને સ્પર્શતા તમામ વિષયોના ઇતિહાસનું આલેખન થયું નથી. કચ્છના સર્વાંગી ઇતિહાસનું આલેખન ગ્રંથસ્થ કરવા કાઉન્સિલે છેલ્લાં દોઢેક વર્ષથી જુદા જુદા વિષયના ૩૫ જેટલા તજજ્ઞ ઇતિહાસ લેખકોનો સંપર્ક કરી કામગીરી શરૂ કર્યા બાદ અત્યારે લગભગ ૭૫ ટકાથી વિશેષ વિષયો તૈયાર થઇ ગયા છે, જેનું સંપાદનકાર્ય શરૂ થયું છે. બાકીનું કામ ડિસેમ્બર આખર સુધી પૂરું કરવા અને ત્યારબાદ તેનું સંપાદન કરી ગ્રંથસ્થ કરવાની કામગીરી હાથ પર લેવામાં આવનાર છે. ઇતિહાસ આલેખન માટે જુદા જુદા ત્રીસેક વિષયોને આવરી લેવાયા છે. જે પૈકી ૨૦ જેટલા વિષયો તૈયાર થઇ ગયા છે.

જુદા જુદા વિષયો અંગે માહિતી માટે અગાઉ પ્રસિદ્ધ થયેલા કેટલાક જૂના અને અપ્રાપ્ય પ્રકાશનોની ઝેરોક્ષ કરાવીને તે પણ લેખકોને ઉપલબ્ધ કરાવાયા છે.

- **કચ્છના ગેઝેટોની સી.ડી.**

ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી અને અતિ જૂની કહી શકાય તેવી વિગતો મેળવવા કે અભ્યાસ કરનારા માટે એક મહત્ત્વનું અને મુશ્કેલ એવું કાર્ય કાઉન્સિલે પાર પાડ્યું છે. સન ૧૮૭૭થી ૧૯૫૫ સુધીના ૭૮ વર્ષના

*જે શિષ્ય થાય તે જ પોતાનો ગુરુ થશે. માટે ચેતીને ચાલ. ગુરુપણું કરી બેસશો નહિ.*

સમયગાળાના કચ્છના સરકારી ગેઝેટના ૫૯ વોલ્યૂમ જેના દરેક વોલ્યૂમના અંદાજે ૩૦૦ પાના થાય તે તમામનો સંગ્રહ એક સી.ડી. સ્વરૂપે કરવામાં આવ્યો છે. આ સી.ડી.માં આશરે ૧૮૦૦૦ પાનાઓની માહિતી સંગ્રહવામાં આવી છે. આ સી.ડી. કાઉન્સિલની અમદાવાદ ઓફિસેથી ઈચ્છુકોને મળી શકે છે.

**• આર્કિટેક્ચરલ કૉલેજ**

કચ્છને એક મહત્ત્વનું સોપાન આપવાના પ્રયાસ રૂપે તા. ૨૧-૧૧-૧૦ ની મિટિંગમાં કાઉન્સિલે તેની લાખોંદ ખાતેની ૫૦૦૦ ચો.વાર જમીન ઉપર એક આર્કિટેક્ચરલ કૉલેજ સ્થાપવાનો નિર્ણય કર્યો છે. દર વર્ષે ૫૦ વિદ્યાર્થીઓની બેચ દ્વારા ચાર વર્ષના કોર્સમાં ૨૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી આ કૉલેજ શરૂ કરવાનું આયોજન છે. અંદાજે ૩૬૦૦૦ ચો. ફૂટનું બાંધકામ કરવામાં આવશે જેમાં વિવિધ સગવડો ઉપલબ્ધ કરવામાં આવશે. આ કૉલેજને કચ્છ યુનિ. સાથે સંલગ્ન કરવા અરજી પણ કરી દેવામાં આવી છે. આર્થિક જરૂરિયાતને પહોંચી વળવા દાનની યોજના પણ વિચારાઇ છે જેનું બુકિંગ પણ શરૂ થયેલું છે. મુખ્ય નામ માટે રૂપિયા પાંચ લાખની એક એવી ૧૦૮ કૂપનો રખાશે. ડ્રોમાં જેનો નંબર આવશે તેમના કહેવા મુજબ કૉલેજ પર મુખ્ય નામની તકતી મુકાશે. કચ્છમાં આ પ્રકારની કૉલેજ પ્રથમ વખત જ સ્થપાતી હોવાથી અને કચ્છના વિદ્યાર્થીઓને તેનો ઉપયોગ કરવાની બહોળી તક મળી રહે તે હેતુથી સહુ વિદ્યાપ્રેમી ગૃહસ્થો, વેપારીઓ અને ઉદ્યોગપતિઓ તથા સંસ્થાઓને સક્રિય આર્થિક સહાય આપવા અપીલ કરવામાં આવી છે. દાન આવકવેરા માટે કલમ ૮૦-જી હેઠળની મુક્તિપાત્ર રહેશે.

**• પુરાતત્ત્વીય ઉત્ખનન**

કાઉન્સિલ દ્વારા એ બાબત પણ વિચારાઇ છે કે કચ્છમાં પુરાતત્ત્વની લગભગ ૧૨૨ જેટલી સાઇટો છે. જેમાંથી માત્ર ધોળાવીરાનું પુરાતત્ત્વ વિભાગ દ્વારા ઉત્ખનન થાય છે. સરકાર દ્વારા તેમના ધારાધોરણ અનુસાર ખાનગી પાર્ટીઓને પણ ઉત્ખનનની મંજૂરી અપાય છે. આ સંદર્ભે કચ્છની કોઇ એક આવી સાઇટની તપાસ કરી તેનું ઉત્ખનન કાર્ય હાથ પર લેવા કાઉન્સિલે સૈદ્ધાંતિક નિર્ણય લઇ આ અંગે દિનકર મહેતા અને ડૉ. પુલિન વસાને યોગ્ય સ્થળની તપાસ કરવા સૂચન કર્યું છે.

**• સંશોધન અને અધ્યયન કેન્દ્ર**

આવો જ એક બીજો અગત્યનો પ્રોજેક્ટ પણ વિચારણા ઉપર લેવાયો છે. અમદાવાદમાં જે રીતે ‘ગુજરાતી વિશ્વકોષ’ સંસ્થા સાહિત્ય સંશોધન કરે છે તેમજ અભ્યાસ ગ્રંથો બહાર પાડે છે તે રીતે ભુજ ખાતે એક સંશોધન અને અધ્યયન કેન્દ્ર ઊભું કરવા વિચારણા કરવામાં આવી હતી. આ માટે ભુજ આજુબાજુના વિસ્તારમાં પાંચથી દસ એકર જમીન કોઇ દાતા પાસેથી મળી શકે તો આ પ્રોજેક્ટ કચ્છને લાંબા ગાળે ખૂબ લાભદાયી નિવડી શકે. સૈદ્ધાંતિક રીતે આ પ્રોજેક્ટને મંજૂરી આપી તેની વિગતવાર હકીકતો તૈયાર કરવા નિર્ણય લેવાયો હતો.

**• નર્મદાનાં પાણી**

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની સ્થાપના થયા પછી સૌ પ્રથમ નર્મદાનાં પાણી કચ્છને વહેલામાં વહેલી તકે મળે તે માટે શિબિર, સેમિનાર, સત્તાવાળાઓ સાથે પરામર્શ અને તમામ નાની મોટી બાબતોનું સતત ફોલૉઅપ કાઉન્સિલ દ્વારા કરવાના પરિણામે કચ્છ કેનાલના કામ શરૂ કરવામાં પ્રગતિ થઇ છે. બ્રાન્ચ કેનાલના મુંદરા સુધીના ટેન્ડરો બહાર પડી ગયા છે તેની ચકાસણી નિગમમાં ચાલુ છે. મુંદરાથી માંડવી સુધીની લાઇનના સર્વે રિપોર્ટ બાકી છે. રાપર-ભચાઉમાં જમીન સંપાદનની કાર્યવાહીમાં ૬૦ ટકા જેટલી પ્રગતિ થઇ છે. વધારાના પાણીના આયોજન અંગે સર્વે કામગીરી માટે કન્સલ્ટન્સી કંપનીને સપ્ટેમ્બર ૨૦૧૦ માં કામ સુપરત કરાયેલું છે. તેને બાર માસનો સમય અપાયો છે. તે પૂરું થયા બાદ ટેન્ડરો બહાર પાડવા અને જમીન સંપાદન વગેરેના કારણે પાંચ વર્ષનો સમય જશે. મુખ્ય કેનાલના કામના પણ જુદા જુદા સાત ભાગ પાડી તેના ટેન્ડરો બહાર પાડી દેવાયા છે. આમ કાઉન્સિલના સતત પ્રયત્નોથી કામમાં વેગ આવ્યો છે તે સ્વયં સ્પષ્ટ છે.

**• વિવિધ પ્રશ્નો અંગે વિચાર વિમર્શ**

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની સ્થાપના બાદ સૌ પ્રથમ ઉદ્યોગોના પ્રશ્નો અંગે રતન જ્યોતના સેમિનાર, બાગાયતી પાકોને વ્યાપારિક ધોરણે વિકસાવવા અંગેના સેમિનાર અંગે વિચાર વિમર્શનો સેમિનાર, ત્યારબાદ પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ અંગેના પ્રશ્નોનો સેમિનાર, મિનરલ બેઝ ઉદ્યોગ વિકસાવવા સેમિનાર, નર્મદા યોજનાના કામો અંગે પ્રજાકીય પ્રતિનિધિઓ અને સરકાર તથા નિગમના સત્તાવાળાઓ સાથે વિચાર વિમર્શની સતત બેઠકોનું આયોજન કરીને કચ્છના મહત્ત્વના પ્રશ્નો તરફ સૌ સંબંધિતોનું ધ્યાન દોરી તેના ઉકેલ માટે સતત ફોલૉઅપ કરવાનું મહત્ત્વનું કાર્ય કાઉન્સિલે સુપેરે બજાવ્યું છે તેમ કહેવું અસ્થાને નથી.

આ તમામ પ્રવૃત્તિઓના મુખ્ય ચાલકબળ તરીકે સેવા આપતા કાઉન્સિલના પ્રમુખ અશોક મહેતા અને મંત્રી પ્રતાપ નારાણજી દંડને ખૂબ ખૂબ અભિનંદન.

*લેખક : શશીકાંત ઠક્કર*
*તા. ૧૪-૧૨-૧૦ના*
*‘કચ્છમિત્ર’ દૈનિકમાંથી સાભાર.*

## સ્વામી વિવેકાનંદ

શ્રી રામકૃષ્ણ પરમહંસના પ્રિય શિષ્ય સ્વામી વિવેકાનંદ હિમાલયના કોઇ એકાંત સ્થળે રહીને તપસ્યા કરવા ઈચ્છતા હતા. તેઓ ગુરુની આજ્ઞા લેવા ગયા ત્યારે પરમહંસદેવે વિવેકાનંદને કહ્યું, “વત્સ, આપણી આસપાસના પ્રદેશોના લોકો ભૂખે મરી રહ્યા છે. ચારે તરફ અજ્ઞાનનો અંધકાર વ્યાપેલો છે. અહીં લોકો રડતા-કકળતા હોય ત્યારે તું હિમાલયની કોઇ ગુફામાં સમાધિના આનંદમાં મગ્ન રહે તે વાત તારો આત્મા સ્વીકારી શકશે?”

આ સાંભળીને સ્વામી વિવેકાનંદે હિમાલય જવાનું માંડી વાળીને ગરીબોની અને દીન-દુઃખીયાઓની સેવામાં જોડાઇ જવાનું નક્કી કર્યું.

*‘સાંવરી’, તા. ૧-૭-૧૦ના અંકમાંથી*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*ચડસે ચઢવું એટલે પોતાનું સ્થાન છોડીને નીચે પડવું.*

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ

### ALL ABOUT HISTORY OF KUTCH, NOW WITHIN COVERS OF A BOOK

As a precious gift to the people of the region, the Kutch Development Council (KDC), an umbrella organisation of Kutchis in Ahmedabad, is all set to present, with the help of experts of the field, the entire history of the people of Kutch and its social and cultural development.

KDC, with the help of well known historians, archeologists and experts from the fields of economics, art and culture, geology and other such related areas, has taken upon itself the task of putting together the history of Kutch based on the evidence and ruins available.

"There has been literature which speaks about the history of Kutch, but it has been restricted either to a particular period or incident or place or personality.

"However, no effort has been done to encode the history of Kutch and its people. Realising this, we have decided to put down the process of evolution of society and Kutch under one head," Ashok Mehta, president of KDC said.

Elaborating on the task of recording the past for posterity; Mehta said, "the book that we will come up after research will touch all the aspect of the Kutchi's Life. It will include topics such as trade and its patterns, languages used in different parts of Kutch, communities of Kutch - their tradition and culture and origin – archeological history, cultural roots of the district, religious beliefs and its importance, geological history and much more."

The council has handed over the task of compiling the data to Kanti Gaur, who was the first vice chancellor of Kutch University. Gaur's job is to get the data from the experts and verify its contents factually and legally to avoid any complication. Several other experts such as Umiya Shankar Ajani, well known historian Dinakar Mehta, who is now retired and had been one of the top officials in the Archeological Survey of India and 41 other experts and professors from various fields have agreed to contribute to the task," Mehta added.

**"DNA Daily"** *અમદાવાદના સૌજન્યથી*

## શ્રી વાગડ વેલફેર સોસાયટી

### સી.ટી. સ્કેન સેવા અને ડિજિટલ એક્સ-રે નું ઉદ્‌ઘાટન

પૂર્વ કચ્છ-વાગડ વિસ્તારમાં માર્ગ અકસ્માતોના ભોગ બનેલાઓની અને હૃદય રોગીઓની જિંદગી બચાવવા જેની તાતી જરૂર હતી તે સી.ટી. સ્કેન મશીન અને ડિજિટલ એક્સ-રે વિભાગની સેવાઓ શ્રી વાગડ વેલફેર સોસાયટી હોસ્પિટલ-ભચાઉ ખાતે હવે કાર્યરત થઇ છે. સંસ્થાના ટ્રસ્ટીઓની જહેમતને લીધે દાન ઉપલબ્ધ થતાં આ સેવા પૂર્વ-કચ્છમાં હવે આશીર્વાદરૂપ પુરવાર થશે.

સંસ્થાના આમંત્રણને માન આપીને ગુજરાત રાજ્યના આરોગ્ય અને પર્યટન વિકાસ મંત્રી માનનીય શ્રી જયનારાયણ વ્યાસ તા. ૦૪-૧૨-૨૦૧૦ શનિવારે પધાર્યા હતા. તેમના શુભહસ્તે ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન થઇ હતી. આ સાથે ડિજિટલ એક્સ-રે વિભાગનું ઉદ્‌ઘાટન આર્થિક અને સામાજિક પછાતવર્ગ કલ્યાણમંત્રી શ્રી વાસણભાઇ આહિરના શુભ હસ્તે થયું હતું.

આ પ્રસંગે શ્રી બાબુભાઇ મેઘજી શાહ- ધારાસભ્ય- રાપર, તેમજ પ્રદેશના અન્ય મહાનુભાવો અને જનસમુદાય હાજર રહ્યા હતા.

*જો તમે કંઈક જાણકારી પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો દિમાગમાંથી થોડો કચરો નિકાળી દો.*

*પોતાની 'સેફ સાઈડ' માટે જૂઠું બોલો તો 'વચનબળ' ક્યાંથી રહે?*

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ નવેમ્બર-૨૦૧૦ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. પુસ્તકનું નામ 'ઓગણીસો ચોરાસી.' લેખકે ચિંતા દર્શાવી છે કે જગતભરમાં ઔદ્યોગિકીકરણનું આંધળું અનુકરણ માનવોની બેહાલી વધારશે. (પાના : ૨૩)

૨. ઈઝરાયેલ પર આક્રમણ કર્યું. પરિણામે બૂરા હાલે છ જ દિવસમાં હાર્યું. (પાના : ૨૬)

૩. માસ્ટરદા સૂર્યસેનનું નામ 'ચટ્ટગ્રામ વિદ્રોહ'ની સાથે જોડાયેલું છે. હેમ બરુઆ સમાજવાદી આગેવાન હતા. અનુરાધા બરુઆ અસમિયા સાહિત્યકાર હતા. (પાના : ૩૧)

૪. લેનીન, સ્ટેલીન તથા ટ્રોટસ્કી. (પાના : ૪૦)

૫. (૧) ગીર ગાય આપણે આંગણે રાખી ઉછેરવાનો પ્રચાર કર્યો.
(૨) જળ ક્રાંતિ યોજના બનાવી. (પાના : ૧૦૪)

૬. શેત્રુંજયની તળેટીમાં. મંત્રી વસ્તુપાળે. સંવત ૧૨૯૬ (પાના : ૧૩૩)

૭. ફાન ફિલીપ્સ. (પાના : ૧૭૬)

૮. અક્ષરદાન, જ્ઞાનદાનનો લાભ આપતી બુક બેંક યોજના. વિગત મોકલવાનું સરનામુ : વિમેશ જી. શાહ, (યુવા વિકાસ સમિતિ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ. (પાના : ૧૯૦)

*નવેમ્બર-૨૦૧૦ના અંકના બધા પ્રશ્નોના ખરા જવાબ આપનારની યાદી.*

૧. દક્ષાબહેન ડી. શાહ - અમદાવાદ
૨. કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ
૩. વર્ષાબહેન પારેખ - અમદાવાદ
૪. જ્યોત્સના અરવિંદ શાહ - અમદાવાદ
૫. નેહા બી. પારેખ - અમદાવાદ
૬. અલકા એ. સંઘવી - અમદાવાદ
૭. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૮. અમરકુમાર ઉમરશી રાંભિયા - નડિયાદ
૯. પદમણી મહેન્દ્ર ગોસર - વડોદરા
૧૦. રમણિકભાઈ ગોસર - અમદાવાદ
૧૧. મધુરીબહેન ગોસર - અમદાવાદ
૧૨. ઝરણા એચ. પારેખ - અમદાવાદ
૧૩. મીનાક્ષીબહેન પારેખ - અમદાવાદ
૧૪. મૈત્રી જયેશભાઈ શાહ - અમદાવાદ
૧૫. નયના એ. ગાલા - અમદાવાદ
૧૬. નવીનચંદ્ર શામજી લાલકા - ગદગ
૧૭. જ્યોતિ એલ. શાહ - અમદાવાદ
૧૮. જિતેન્દ્ર ચંદુલાલ શાહ - અમદાવાદ
૧૯. મૈત્રી કપીલભાઈ શાહ - અમદાવાદ

ભૂલ સુધાર

ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં, નવેમ્બરના ખરા જવાબ આપનાર નામની યાદીમાં સ્નેહલ શેઠની જગ્યાએ શ્રીમતી કામિની સ્નેહલ શેઠ વાંચવાનું છે.

★

માસ ઓક્ટોબર-૨૦૧૦ના પ્રશ્નોના પાછળથી આવેલ અને બધા સાચા જવાબો આપનાર

૧. યોગિની સી. શાહ - અમદાવાદ
૨. મહેન્દ્ર ડી. છેડા - અમદાવાદ

★

**★ માસ ડિસેમ્બર-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. ભૌતિકવાદના અતિરેકને કારણે કઈ સમસ્યા ઊભી થઈ છે? દુષ્કાળને કાયમ માટે દૂર કરવા કઈ પ્રવૃત્તિ ચાલુ કરવી પડશે?

૨. મહુવામાં બાળ લાઈબ્રેરી કોના પ્રયત્નથી થઈ? ભારતમાં જે કોઈ પુસ્તક પ્રકાશિત થાય તેની બે નકલો કાનૂનન અગર સ્વૈચ્છિક બંધનથી કઈ લાઈબ્રેરીને મોકલવી પડે છે?

૩. રામસિંહજી રાઠોડે કયા કલાકારને કયા કાર્યક્રમમાં પ્રથમવાર જાહેર મંચ પર લાવ્યા? એ કલાકારને કઈ સાલમાં રાજ્ય સરકારે કયો પુરસ્કાર આપી સન્માનિત કર્યા?

૪. જૂના મિત્રો જેને હાલમાં '૨૪ કેરેટ ગોલ્ડ' કહીને યાદ કરે છે, તે કોણ? તે વ્યક્તિ શાના માટે જાણીતા છે?

૫. 'ૐ' પર પીએચ.ડી.ની ડિગ્રી કોણે મેળવી?

૬. પ્રાણીજ પદાર્થમાંથી જે પ્રોટીન્સ મળે છે તેમાં કેટલા એમિનો એસિડ હોય છે? એને શું કહેવામાં આવે છે? શાકાહારીઓએ કયા પદાર્થોનો ખોરાકમાં વધારે ઉપયોગ કરવો જોઈએ જેથી ખોરાક સમતોલ બને?

૭. વિશ્વની સૌથી લાંબી નદી કયા દેશમાં છે? એની લંબાઈ કેટલા કિ.મી.ની છે? નદીનું નામ શું?

***નોંધ : ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે. જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૧-૨૦૧૧ છે.***

***જવાબો મોકલવાનું સરનામું :***
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

***આપના સહકાર બદલ ધન્યવાદ.***

***ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)***

## મહારાજ કે મહારાજા?

જૈન સાધુ મહારાજશ્રીઓના વિવિધ કાર્યક્રમો અને અનુષ્ઠાનોની જાહેરાતોમાં મહારાજશ્રી માટે 'મહારાજા' શબ્દનો ઉપયોગ થાય છે. વ્યાકરણ ન જાણતા ભક્તોને ખબર નથી કે 'મહારાજ' એ ઊંચેરો શબ્દ છે અને 'મહારાજા' એ ઊતરતી કોટિનો શબ્દ છે. ભક્તો પોતાના આચાર્યશ્રીનું પોતે જ અવમૂલ્યાંકન કરે છે એ વાતની જૈન ભક્તોને ખબર જ નથી. ઉત્સાહના અતિરેકમાં તેઓ ખોટો શબ્દ વાપરે છે. કોઈનું ધ્યાન જતું નહીં હોય? કે પછી કોઈ આખું વાંચતા જ નહીં હોય? વર્ષોથી આ ભૂલ ચાલી આવે છે, છતાં.....

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*સાચા દિલની પ્રાર્થના સંયોગ ભેગો કરી આપે.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*ડિસેમ્બર – ૨૦૧૦ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- કાનજીભાઈ જે. મહેશ્વરી — ગાંધીધામ, કચ્છ.
- વસંત વીજપાલ રાંભિયા — થાણા (વેસ્ટ), મુંબઈ
- જયંતીલાલ કોરશી ગાલા — વડોદરા
- જયેશ કેશવજી ગડા — વડોદરા
- ભૂપેન્દ્ર પી. પારેખ — વાપી (ગુજરાત)
- હંસકુમાર રાયચંદ શાહ — હૈદ્રાબાદ
- રાજેશકુમાર શાહ એન્ડ કાું. — ચેન્નાઈ

### ૩ વર્ષનું લવાજમ

- સતીશ પદમશી ગોસર — ઇંદોર (મધ્ય પ્રદેશ)
- ઉમરશી શામજી મેપાણી — વડાલા (વેસ્ટ), મુંબઈ
- લતાબહેન હરિલાલ સોની — અમદાવાદ
- ધનજી કલ્યાણજી ગડા — વડોદરા
- ધીરજલાલ ખીમજી રાંભિયા — વડોદરા
- ચંદ્રકાંત શિવજી શાહ — વડોદરા
- કલ્યાણજી કુંવરજી ખીમસરિયા — વડોદરા
- ચંદ્રકાંત એચ. શાહ — કુરનૂલ (આંધ્ર પ્રદેશ)
- શાહ દેવચંદ અરજણ લોડાયા — વાશી, નવી મુંબઈ

### ૫ વર્ષનું લવાજમ

- દામજી શામજી ગાલા — વરલી, મુંબઈ
- નવીનચંદ્ર સંઘવી — રાઉરકેલા, ઓરિસ્સા.

### આજીવન

- મહેન્દ્ર ભવાનજી ગોસર — વડોદરા
- મણિલાલ હંસરાજ શાહ — વડોદરા
- નીતિન નાનજી હરિયા — વડોદરા
- પ્રવીણ દેવજી વોરા — વડોદરા
- પ્રવીણ મૂરજી મારૂ — વડોદરા
- રસિકલાલ વીજપાર ગડા — વડોદરા
- પંકજ ધરમશી — બેંગ્લોર

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- પંકજ ધનજી ગડા — ચેન્નાઈ
- કાંતિભાઈ મીરાણી — ભુજ, કચ્છ
- વિજય ભાણજી છાડવા — મુંબઈ
- જયેશ કલ્યાણજી શાહ — દાદર (વેસ્ટ), મુંબઈ
- રોહિત જગદીશ વોરા — માટુંગા, મુંબઈ
- અતુલ માવજી સાવલા — ઉમરગામ
- પ્રવીણચંદ્ર ભાઈલાલ શાહ — થાણા (વેસ્ટ), મુંબઈ
- ગુણવંતી ભવાનજી છેડા — કોલાબા (વેસ્ટ), મુંબઈ
- દર્શના પ્રવીણ રાંભિયા — નાલાસોપારા (ઈસ્ટ), મુંબઈ
- દીપાલી ભાવેશ ગાલા — નવી મુંબઈ
- કાનજી ઘેલાભાઈ સાવલા — રામાણિયા, કચ્છ
- મણિલાલ માવજી ગાલા — થાણા (વેસ્ટ), મુંબઈ
- ચેતન રવિલાલ દોશી — નયા અંજાર, કચ્છ
- રમેશચંદ્ર મણિલાલ શાહ — નયા અંજાર, કચ્છ
- ડૉ. નવીન એલ. ગોગરી — માંડવી, કચ્છ
- ડૉ. કે. એમ. ચૈતન્ય — ગાંધીનગર
- સૂર્યકાંત જયંતીલાલ શાહ — ભુજ, કચ્છ
- જયેશ મહાદેવભાઈ મહેતા — ગાંધીધામ, કચ્છ
- નરેન્દ્ર સી. મહેતા — ગાંધીધામ, કચ્છ
- મુકેશ ટી. ભાટે — ગાંધીધામ, કચ્છ.

### ૩ વર્ષનું લવાજમ

- દાનાભાઈ એ. ઝાપડિયા — નખત્રાણા, કચ્છ
- માવજી કુંવરજી દેઢિયા — બોરીવલી (વેસ્ટ), મુંબઈ
- ડૉ. વી. એસ. ધ્રુવે — કોબા, ગાંધીનગર
- મયૂર પદમશી ફુરિયા — ગોરેગામ (વેસ્ટ), મુંબઈ
- શીવજી ધનતી લુઢિયા — ગ્રાંટ રોડ, મુંબઈ
- શામજી વેરશી નીસર — ફોર્ટ, મુંબઈ
- કમલેશ મનસુખભાઈ શાહ — ભુજ, કચ્છ

### ૫ વર્ષનું લવાજમ

- ચંદ્રકાંત વી. પટેલ — નાગપુર (મહારાષ્ટ્ર)
- જિતેન્દ્ર વી. પટેલ — નાગપુર (મહારાષ્ટ્ર)

### આજીવન

- સૌભાગ્યચંદ એસ. વોરા — ભુજ, કચ્છ
- બિપિનભાઈ મહેતા, આમય એક્સપ્રોર્ટ પ્રા.લિ. - નવી મુંબઈ

## 'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૧૦ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી

| ક્રમ | નામ | સ્થળ | કેટેગરી | ડિસેમ્બર-૧૦ | રિમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧. | હરિલાલ અમુલખ પૂજ | ગાંધીધામ | ગ્રાહક | પરત | "લેફ્ટ" |
| ૨. | હેમરાજ છેડા | મુંબઈ | કોમ્પ્લીમેન્ટરી | પરત | — |

# 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોનું લિસ્ટ

જે જે ગ્રાહકોના લવાજમ પૂરાં થઈ ગયેલ છે અને જેઓએ હજુ સુધી પોતાનાં લવાજમો રિન્યુ કરાવેલ નથી, એ ગ્રાહકોની નામાવલિ અત્રે આપેલ છે.

આથી નીચે મુજબના લિસ્ટના ગ્રાહકોને વિનંતી કે તેઓ પોતાના લવાજમો તાત્કાલિક રિન્યુ કરાવી લે. અગર હવે પછી ઓક્ટોબર-૧૦ અને નવેમ્બર-૧૦માં પૂરા થતા લવાજમના ગ્રાહકો પોતાના લવાજમ રિન્યુ નહીં કરાવે તો તેઓના નામ ડિસ્પેચ લિસ્ટમાંથી કમી કરવામાં આવશે. ફેબ્રુઆરી-૨૦૧૧થી એ ગ્રાહકોને 'મંગલ મંદિર' મોકલવામાં નહીં આવે તેની સહુએ નોંધ લેવા વિનંતી.

## ઓક્ટોબર-૨૦૧૦ દરમ્યાન પૂરાં થતાં લવાજમના ગ્રાહકોનું લિસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | વિશનજી જેઠાલાલ રાજગોર | ભુજ, કચ્છ |
| ૨. | દિલીપ સુરેશભાઈ સાવલા | ગાંધીધામ, કચ્છ |
| ૩. | જેસલ ચંદ્રકાંત દંડ | આદિપુર, કચ્છ |
| ૪. | ગિરીશ ડુંગરશી નાગડા | પ્રાગપુર જંકશન, કચ્છ |
| ૫. | કાંતાબહેન વસંતલાલ ઠક્કર | માંડવી, કચ્છ |
| ૬. | પ્રવીણ સી. સંઘવી | માંડવી, કચ્છ |
| ૭. | હીરેન ધીરેન્દ્ર સત્યા | અમદાવાદ |
| ૮. | જગદીશ શાંતિલાલ શાહ | અમદાવાદ |
| ૯. | અશ્વિન કલ્યાણજી ગડા | વડોદરા |
| ૧૦. | મહેન્દ્ર ગાંગજી ગોગરી | વડોદરા |
| ૧૧. | નીપા તુષાર દેઢિયા | સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ |
| ૧૨. | રાજેન કાંતિલાલ ગાલા | મલાડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | મહેન્દ્ર જાદવજી છેડા | દહીંસર (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | ચંદુલાલ હાથીભાઈ શાહ | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |

## નવેમ્બર-૨૦૧૦ દરમ્યાન પૂરાં થતાં લવાજમના ગ્રાહકોનું લિસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | કિશોર જીવરાજ સાયા | ભુજ, કચ્છ |
| ૨. | સૂર્યકાંત ભટ્ટ | ભુજ, કચ્છ |
| ૩. | વિનોદચંદ્ર લક્ષ્મીચંદ શાહ | ભુજ, કચ્છ |
| ૪. | વસંત જીવરાજ ગોસર | કોટડા રોહા, માંડવી |
| ૫. | મહેન્દ્ર સુરેશભાઈ મોદી | પાલનપુર (બનાસકાંઠા) |
| ૬. | મનાલી લલિતભાઈ જૈન | અંકલેશ્વર |
| ૭. | ડૉ. ઉદય કે. ગડા | માટુંગા, મુંબઈ |
| ૮. | કિશોર એમ. શાહ | માટુંગા, મુંબઈ |
| ૯. | રવીન્દ્ર સી. જૈન | માટુંગા, મુંબઈ |
| ૧૦. | જયેશ આર. દોશી | મલાડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૧. | નાગજી જેઠાભાઈ ગોસર | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૨. | મહેશ શામજી ડાઘા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | લક્ષ્મીકાંત શિવલાલ શાહ | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | કુંવરજી વિશનજી | કાંદિવલી (વેસ્ટ), મુંબઈ |
| ૧૫. | ભરત શાંતિલાલ શાહ | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૬. | પાસુભાઈ પી. શાહ | ઈંદોર (મ.પ્ર.) |
| ૧૭. | બંકીમ પ્રેમજી શિયાડ (શાહ) | ધમતરી (છત્તીસગઢ) |
| ૧૮. | શશીકાંત બી. ભણસાલી | બેંગ્લોર (કર્ણાટક) |
| ૧૯. | કસ્તુરીબાઈ હંસરાજ લોડાયા | કોચીન (કેરાલા) |

## ડિસેમ્બર-૨૦૧૦ દરમ્યાન પૂરાં થતાં લવાજમના ગ્રાહકોનું લિસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી અંકીબાઈ ઘમંડીરામ ગોવાણી ચેરિટેબલ ટ્રસ્ટ | પાલિતાણા |
| ૨. | એરીડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજીસ | ભુજ, કચ્છ |
| ૩. | હસમુખ ચમનલાલ શાહ | ભુજ, કચ્છ |
| ૪. | કમલેશ મનસુખભાઈ શાહ | ભુજ, કચ્છ |
| ૫. | દીપ્તિ નિરંજન લોડાયા | નવા અંજાર, કચ્છ |
| ૬. | મહેન્દ્ર જેઠાલાલ વોરા | ગાંધીધામ, કચ્છ |
| ૭. | મુકુંદ કે. મહેતા 'અલ્પ' | આદિપુર, કચ્છ |
| ૮. | રજનીશ રાજકુમાર મુરારકા | ગાંધીધામ, કચ્છ |
| ૯. | હેમેન્દ્ર જેવતલાલ શાહ | માંડવી, કચ્છ |
| ૧૦. | રાધિકાબહેન મોદી | માણેકબાગ, અમદાવાદ |
| ૧૧. | ભૂપેન્દ્ર પી. પારેખ | વાપી (ગુજરાત) |
| ૧૨. | મૂલચંદ શામજી સાવલા | દહીંસર (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | રામજી ઠાકરશી દેઢિયા | અંધેરી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૪. | દિનેશચંદ્ર કરમચંદ શેઠ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૫. | કમલેશ એમ. મોતા | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૬. | વિપુલ કલ્યાણજી દેઢિયા | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| ૧૭. | ભરત પી. ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૮. | દિનકર કે. ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૯. | ખીમજી હીરજી શાહ | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |

*સત્યાર્થની ઝંખના, એનું નામ પ્રાર્થના.*

| | | |
|---|---|---|
| ૨૦. | નવીન નરશી સાવલા | ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ |
| ૨૧. | ભરત એલ. ભુજપુરિયા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| ૨૨. | મુકેશ ઝુમખલાલ સંઘવી | ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૨૩. | હીરજી શામજી શાહ | જબલપુર (મ.પ્ર.) |

## જાન્યુઆરી-૨૦૧૧ દરમ્યાન પૂરાં થતાં લવાજમના ગ્રાહકોનું લિસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | નવીનચંદ્ર મૂલચંદ શાહ | પાલિતાણા |
| ૨. | સંદીપ કાંતિલાલ દોશી | ભુજ (કચ્છ) |
| ૩. | ઠક્કર એન.સી.પી. સ્કૂલ | અંજાર, કચ્છ |
| ૪. | સોમચંદ ધરમશી નાગડા | ગાંધીધામ, કચ્છ |
| ૫. | સ્વાશ્રય મહિલા મંડળ | ગાંધીધામ, કચ્છ |
| ૬. | હીરેન ખીમજી વીરા | આદિપુર, કચ્છ |
| ૭. | પ્રવીણ નારાણજી દંડ | આદિપુર, કચ્છ |
| ૮. | મનીષ કે. મોરબિયા | મુંદ્રા, કચ્છ |
| ૯. | મનીષ ભીમજી મહેશ્વરી | મુંદ્રા, કચ્છ |
| ૧૦. | શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર | જખૌ, કચ્છ |
| ૧૧. | પ્રવીણચંદ્ર નાનચંદ બાવીસી | પાલડી, અમદાવાદ |
| ૧૨. | નરેન્દ્ર મગનલાલ શાહ | પાલડી, અમદાવાદ |
| ૧૩. | પ્રકાશ ઉમાકાંત ગાંધી | સેટેલાઈટ, અમદાવાદ |
| ૧૪. | જનકબહેન શૈલેષભાઈ ભાલાણી | વસ્ત્રાપુર, અમદાવાદ |
| ૧૫. | કાંતિલાલ ભારમલ સાવલા | કતારગામ, સુરત |
| ૧૬. | દિનેશ હંસરાજ રાંભિયા | કાલબાદેવી, મુંબઈ |
| ૧૭. | લીલાધર લખમશી વિસરિયા | સાયન (ઈસ્ટ), મુંબઈ |
| ૧૮. | શિવજીભાઈ એન. શાહ | મહાલક્ષ્મી, મુંબઈ |
| ૧૯. | વિનોદ હીરજી વોરા | ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ |
| ૨૦. | કાંતિલાલ એમ. મહેતા | અંધેરી (ઈસ્ટ), મુંબઈ |
| ૨૧. | લાલજીભાઈ આર. શાહ | અંધેરી (ઈસ્ટ), મુંબઈ |
| ૨૨. | મહેશ રાઘવજી મૈશેરી | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| ૨૩. | ભરત ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૪. | કેસરબહેન પોપટલાલ ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૫. | મણિલાલ રામજી શાહ | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૬. | વસંતલાલ ડી. દેઢિયા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૭. | તલકશી દેવજી ગોસર | મલાડ (ઈસ્ટ), મુંબઈ |
| ૨૮. | લીલાધર આસુ વીરા | થાણા, મુંબઈ |
| ૨૯. | મણિલાલ કે. છેડા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| ૩૦. | મહેન્દ્ર એલ. શાહ | સિકંદ્રાબાદ (આંધ્ર પ્રદેશ) |
| ૩૧. | તિલકચંદ કે. લોડાયા | ચીલપૌક, ચેન્નાઈ |

*સંસાર હેતુ માટે મૌન લીધું હોય તો તે અમૌન છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧)** | **નવનીત પ્રકાશન - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો** | |
| ૧. | અબીલ ગુલાલ | સંજય વોરા |
| ૨. | અર્થશાસ્ત્ર | સંજય વોરા |
| ૩. | રાજકાજ | સંજય વોરા |
| ૪. | પ્રકૃતિરક્ષા | સંજય વોરા |
| ૫. | અર્થતંત્ર | સંજય વોરા |
| ૬. | ધનવૃષ્ટિ | સંજય વોરા |
| ૭. | જીવન દર્પણ | સંજય વોરા |
| ૮. | રાજયોગ | સંજય વોરા |
| ૯. | રાજપાટ | સંજય વોરા |
| ૧૦. | જીવન સૌંદર્ય | સંજય વોરા |
| ૧૧. | નિસર્ગ સંરક્ષણ | સંજય વોરા |
| ૧૨. | શતરંજ | સંજય વોરા |
| ૧૩. | તંદુરસ્તી | સંજય વોરા |
| ૧૪. | કેળવણી મંથન | સંજય વોરા |
| ૧૫. | ધર્મ સંસ્કૃતિ | સંજય વોરા |
| ૧૬. | વિચાર વલોણું | સંજય વોરા |
| ૧૭. | અહિંસાયાત્રા | સંજય વોરા |
| ૧૮. | વિચાર સૃષ્ટિ | સંજય વોરા |
| ૧૯. | રાજરમત | સંજય વોરા |
| ૨૦. | મેઘધનુષ | સંજય વોરા |
| ૨૧. | વિચાર વૈભવ | સંજય વોરા |
| ૨૨. | વિચારયાત્રા | સંજય વોરા |
| ૨૩. | રાજનીતિ | સંજય વોરા |
| ૨૪. | જીવનયાત્રા | સંજય વોરા |
| ૨૫. | ધનસંચય | સંજય વોરા |
| ૨૬. | સમાજ દર્પણ | સંજય વોરા |
| ૨૭. | પર્યાવરણ રક્ષા | સંજય વોરા |
| ૨૮. | પર્યાવરણ સંદેશ | સંજય વોરા |
| ૨૯. | પર્યાવરણ બોધ | સંજય વોરા |
| ૩૦. | ધર્મ મંગલ | સંજય વોરા |
| ૩૧. | સંસ્કૃતિ મર્મ | સંજય વોરા |
| ૩૨. | અર્થમંત્ર | સંજય વોરા |
| ૩૩. | શિક્ષણ વિચાર | સંજય વોરા |
| ૩૪. | નારી સંવેદના | સંજય વોરા |
| ૩૫. | જીવમૈત્રી | સંજય વોરા |
| ૩૬. | તબીબીકાંડ | સંજય વોરા |
| ૩૭. | આરોગ્ય વિચાર | સંજય વોરા |
| ૩૮. | સન્માર્ગાનુસારી | સંજય વોરા |
| ૩૯. | જીવદયા | સંજય વોરા |
| ૪૦. | સમાજ સંહિતા | સંજય વોરા |
| ૪૧. | શિક્ષણ ચિંતન | સંજય વોરા |
| ૪૨. | અર્થકારણ | સંજય વોરા |
| ૪૩. | આરોગ્ય મિમાંસા | સંજય વોરા |
| ૪૪. | અર્થાનુયોગ | સંજય વોરા |
| ૪૫. | આરોગ્યમંત્ર | સંજય વોરા |
| ૪૬. | શિક્ષણ રહસ્ય | સંજય વોરા |
| ૪૭. | સમાજકારણ | સંજય વોરા |
| ૪૮. | શિક્ષણ મંથન | સંજય વોરા |
| ૪૯. | ધર્મરક્ષા | સંજય વોરા |
| ૫૦. | અભયદાન | સંજય વોરા |
| **(૨)** | **નવીન વાડીલાલ મહેતા - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો** | |
| ૫૧. | કુળદેવતા | રસિક મહેતા |
| ૫૨. | રંગમોલના આંસુ | રસિક મહેતા |
| ૫૩. | ભવાની તલવાર ભાગ-૧ | રસિક મહેતા |
| ૫૪. | ભવાની તલવાર ભાગ-૨ | રસિક મહેતા |
| ૫૫. | આઈના મહેલ ભાગ-૧ | રસિક મહેતા |
| ૫૬. | આઈના મહેલ ભાગ-૨ | રસિક મહેતા |
| ૫૭. | ચાંદ ચકોરી | રસિક મહેતા |
| ૫૮. | એઈડ્સ | રસિક મહેતા |
| ૫૯. | Giant What do you Know | Hamlyu |
| ૬૦. | More Tell me Why | Hamlyu |
| **(૩)** | **દિગંત ભાઈલાલભાઈ શાહ - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો** | |
| ૬૧. | જીવનમાં વિજ્ઞાન (ડૉ. ફેઈનમેનની અનુભવકથા) | રાલ્ફ લેઈટન<br>સારાનુવાદક : પ્રજ્ઞા અનુપમ ભટ્ટ |
| ૬૨. | સિદ્ધાર્થ | હરમાન હેસ<br>અનુવાદક : માવજી કે. સાવલા |

*બધા જ દૃષ્ટિબિંદુને પોતે સમાવી લે તેનું નામ 'વીતરાગ ધર્મ.'*

# સાર સમાચાર

૧. ભારતના યોજના આયોગ અને ગ્રામીણ વિકાસ મંત્રાલયે બનાવેલ અર્જુન સેનગુપ્તા સમિતિએ જણાવ્યું છે કે દેશમાં ૧૫.૫૦ કરોડ કુટુંબો ગરીબીની રેખા નીચે જીવે છે. સક્સેના સમિતિએ જણાવ્યું કે ૧૦ કરોડ કુટુંબો અને સુરેશ તેંડુલકર સમિતિએ જણાવ્યું કે ૭.૪ કરોડ કુટુંબો ગરીબીની રેખા નીચે જીવે છે. (કોણ સાચું?)

૨. મુંબઈની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી પવઈના ઉત્તીર્ણ થયેલા ૭૩૫ વિદ્યાર્થીઓએ તેમની કમાણીનો ૧% ઉમદા કાર્યમાં ખર્ચવા માટે ભેટ આપવાનો નિર્ણય જાહેર કર્યો છે.

૩. ગુજરાતના કલોલ પાસે બંધાયેલા મધર મેરીના ખ્રિસ્તી મંદિરને ઊંટેશ્વરી દેવી મંદિરનું નામ આપવામાં આવેલ છે. ત્યાં ભોળાનાથ શંકરની જેમ ઈશુનાથ કહેવામાં આવે છે.

૪. ચીને પોતાના દેશના નાગરિકો પર બેરહેમ જુલમ ગુજારીને નિકાસ વધારી છે. માઓત્સે તુંગે ચાર કરોડ નાગરિકોની હત્યા કરાવેલી. આજે ચીન પાસે (૨૦૦૬માં) એક હજાર અબજ ડોલર વિદેશી હૂંડિયામણ જમા હતું. આજે ત્રણ હજાર અબજ જમા છે.

૫. આપણી લોકસભામાં રેલવે બજેટ વર્ષ ૨૦૦૪ તથા ૨૦૦૫ તથા ૨૦૦૬ - ૨૦૦૭ - ૨૦૦૮ સરાસરી ૨૦ મિનિટમાં આપણા (વિદ્વાન અને માનનીય) સંસદ સેવકોએ પસાર કરેલ. ૨૦૦૮-૦૯ની રેલવેની પૂરક માંગણી મંજૂર કરવા આ (વિદ્વાન અને માનનીય) સેવકોએ પૂરી એક મિનિટ જેટલો સમય લીધો હતો. ૨૦૦૪-૦૫ના વર્ષમાં જનરલ ગ્રાન્ટનો ખરડો પસાર કરવામાં તેમણે પૂરી સાત મિનિટ જેટલો સમય લીધો હતો!

૬. ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના વસો ગામે સરકારી ગ્રાન્ટના સાડા બાર લાખ રૂપિયાના ખર્ચે ગામના તમામ નાગરિકો માટે આધુનિક સ્મશાનગૃહ બનાવવામાં આવ્યું. સ્મશાન ગૃહના ઝાંપે પાટિયું મારવામાં આવેલ છે જેના નંબર ૫ મુદ્દે લખેલ છે "વણકર, રોહિત, વાલ્મીકિ, સેનવા, વાઘરી જેવી જ્ઞાતિના લોકોએ એમના મૃત સ્વજનોના દેહને તેમણે નક્કી કરેલી જગ્યાએ લઈ જવા. તેમણે આ સ્મશાનનો ઉપયોગ કરવો નહીં."

૭. બિહાર સરકારે ૪ વર્ષ પૂરા કર્યા ત્યારે અંગ્રેજી તથા હિંદી દૈનિકોમાં એક જ દિવસે એક કરોડ પંદર લાખ ચુમ્માલીસ હજાર રૂપિયાની જાહેરખબરો પ્રસિદ્ધ થઈ હતી. મીડિયાને પૂછતાં તેમણે જણાવ્યું કે 'ઈસી લિયે તો હમ સબ ચૂપ રહતેં હૈ."

૮. મુંબઈથી અમદાવાદ થઈ જયપુર થઈને દિલ્હી જતી 'ગરીબ રથ'નો જે-૩ નંબરનો ડબ્બો છેલ્લા કેટલાક સમયથી ગુમ થઈ ગયો છે. એ ડબ્બા માટેનું રિઝર્વેશન ચાલુ છે! મુસાફરોને જગ્યા હોય તો બીજે સમાવી લેવામાં આવે છે. જગ્યા ન હોય તો રિફંડ આપી દેવામાં આવે છે!

૯. વર્ષ ૨૦૧૦ની દિવાળી પ્રસંગે મુંબઈ શહેરની ૭૦ શાળાના છાત્રો કે જે દર વર્ષે એક કરોડ વીસ લાખ રૂપિયાના ફટાકડા ફોડતા હતા તેમણે ફટાકડા ન ફોડવાની પ્રતિજ્ઞા લીધી.

૧૦. વિશ્વની ખેતી અને કૃષિની ચિંતા કરતી મોટી સંસ્થા ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (એફ.એ.ઓ.)એ જાહેર કર્યું છે કે આવતા ૧૦ વર્ષ સુધી અનાજ અને ખાદ્યસામગ્રીના ભાવ વધતા રહેવાના છે. ઉપરાંત કુદરતી આપત્તિ પણ રહ્યા કરવાની છે. ભારત આ વિષયની ચિંતા કરવામાં પાછળ છે. જો ભારત પોતાની ખાદ્યાન્નની બાબતમાં સ્વાશ્રયી થાય તો વિક્સિત દેશોનું અનાજ આફ્રિકા તથા લેટિન અમેરિકા તરફ વાળી શકાય પણ જો ભારત અનાજની આયાત કરે તો દુનિયાના અન્ય ભાગોમાં ભારે ભૂખમરો સર્જાય.

૧૧. આ જ એફ.એ.ઓ.એ આપેલ આંકડા મુજબ વિશ્વમાં ૯૨.૫ કરોડ લોકો ભૂખ્યા સૂઈ જાય છે અને પ્રત્યેક ૬ સેકંડે એક બાળકનું ભૂખ તથા કુપોષણને કારણે મૃત્યુ થાય છે.

૧૨. લોકસભામાં ૧૩ ડિસેમ્બરે હુમલો થયો તે દિવસે સંસદમાં ૩૦૦ સેવકો (સાંસદો) હાજર હતા. પણ તેમના બચાવ ખાતર શહીદ થયેલા જવાનોની વરસી પ્રસંગે માત્ર ૧૩ સેવકો હાજર હતા.

૧૩. ગુજરાત પ્રદૂષણ બોર્ડે ૩૦ દિવસમાં આપવાની માહિતી ૩ વર્ષ સુધી ન આપી અને ૧૩ મોટી કંપનીઓ વિશે માહિતી બિલકુલ ન આપી.

૧૪. દક્ષિણ ગુજરાતમાં આજ સુધીમાં લેપ્ટો સ્પાયરોસીસના કારણે ૯૫૧ ખેત મજૂરોના મૃત્યુ થયા. માત્ર ચાલુ વર્ષે ૧૦૬ ખેત મજૂરોના મૃત્યુ થયા.

૧૫. ગુજરાતના ૭૦૦ નિવૃત્ત સરકારી ગ્રાન્ટેડ કૉલેજોના કર્મચારીઓને આજ સુધી પી.એફ. તથા ગ્રેજ્યુઈટીના એરિઅર્સના પૈસા મળેલ નથી.

૧૬. ગુજરાતમાં કૉલેજોમાં ૭૦ ટકા જેટલી શિક્ષકોની જગ્યા ખાલી છે. ગણિત અને વિજ્ઞાનના વ્યાખ્યાતા મળતા નથી.

૧૭. યુ.એન.ઓ.ના એક અહેવાલ મુજબ હાલમાં પાકિસ્તાનમાં આવેલા મહાપૂરમાં પૂરગ્રસ્ત જિલ્લાઓમાંથી ૩૪,૦૦૦ મહિલા અર્ધચિકિત્સકો ગૂમ થઈ ગઈ છે.

૧૮. તાજેતરમાં જ કલકત્તા હાઈકોર્ટે ઈદના દિવસે ગૌ હત્યા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

૧૯. આપણા દેશમાં લગભગ ૭૦,૦૦૦ જેટલા દૈનિક અને મેગેઝિન વગેરે પ્રગટ થાય છે. ૫૦૦ જેટલા હિંદી - અંગ્રેજી તથા અન્ય ભાષાઓમાં ટી.વી. ચેનલો ચોવીસે કલાક પ્રસારણ કરે છે. એમાં ૩૫૭ જેટલી ખાનગી ચેનલો છે. ૧૯૭ જેટલી ચેનલો સમાચાર પ્રસારિત કરે છે. ૨૪૮ જેટલા એફ.એમ. રેડિયો તથા ૧૭૧ જેટલા એ.આઈ.એર.ના એફ.એમ. પ્રસારણ કરે છે.

૨૦. ભીમજીની અણિયાળી (તા. ધંધૂકા, જિ. અમદાવાદ) ગામે મૂળજીભાઈ મુંધવા નામના એક ગરીબ દલિત યુવાનને સાઈકલ ચોરીના ખોટા આરોપસર પકડી, માર મારીને કસ્ટડીમાં જ મારી નાખવામાં આવ્યો. પોલીસનો બચાવ કરી રહેલા સરકારી વકીલને મા.જજે કેટલાક ધારદાર સવાલો પૂછ્યા. જેના જવાબમાં સરકારી વકીલે જણાવ્યું, 'મી.લૉર્ડ, કાયદો તો માણસે માણસે બદલાય છે!' ભર અદાલતમાં આવું કહેનાર વકીલને પાછળથી જજ બનાવવામાં આવેલ.

*(નયા માર્ગ, ભૂમિપુત્ર, નિરીક્ષક, લોક સ્વરાજ, સાધના, દલિત અધિકાર વગેરે વગેરેમાંથી)*

**શાંતિલાલ સંઘવી - અમદાવાદ**

*ભગવાનનો માર્ગ સમાધાનનો છે, મારી ઠોકીને બેસાડવાનો નથી.*

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

૧. ભારતના વિવિધ રાજ્યોમાં ઉત્તરાયણને શું કહે છે? – હિમાચલ પ્રદેશ, પંજાબમાં લોહડી અથવા લોહલી, બિહારમાં સંક્રાંતિ, આસામમાં ભોગાલી બિહુ, પશ્ચિમ બંગાળમાં અને ઓરિસ્સામાં મકર સંક્રાંતિ, ગુજરાત અને રાજસ્થાનમાં ઉત્તરાયણ, મહારાષ્ટ્રમાં સંક્રાંતિ, આંધ્ર પ્રદેશ, તેલુગુ, તામિલનાડુમાં પોંગલ, કર્ણાટકમાં સંક્રાંથી, સબરીમાલા મંદિરમાં મકલવલ્લાકુ ઉત્સવ.

૨. પતંગનો ઉત્સવ ૩૦૦૦ વર્ષ જેટલો જૂનો છે. આશરે ૩૦૦૦ વર્ષ પહેલાં ચીનમાં વાંસની ફ્રેમ અને રેશમના કાપડનો ઉપયોગ કરી પતંગ બનાવવામાં આવતા હતા. ચીનમાંથી ધીરે ધીરે પતંગ એશિયાના અન્ય દેશો અને યુરોપીય દેશોમાં પ્રચલિત થયો. આજે વિશ્વના મોટા ભાગના દેશોમાં પતંગોત્સવ ઉજવાય છે.

૩. શરૂઆતમાં માત્ર રેશમના ઝીણા કાપડમાંથી જ પતંગ બનાવવાનો રિવાજ હતો. પણ કાગળની શોધ થયા પછી પાતળા કાગળને પતંગ માટે શ્રેષ્ઠ માનવામાં આવતો. હવે તો પ્લાસ્ટિકના બનેલા પતંગ પણ બજારમાં મળે છે. પણ બીજી ખાસ વાત એ છે કે પતંગના પારંપરિકથી માંડી આધુનિક રૂપમાં પણ વાંસની ચીપ્સનો ઉપયોગ હંમેશાંથી થતો રહ્યો છે.

૪. પતંગને અન્ય વિદેશી ભાષામાં ચીનમાં પિયાંજી, સ્પેનમાં નેટાજ, મેક્સિકોમાં હુઇલા, ઇટાલીમાં એક્વિલોન, જાપાનમાં ટાકો, જર્મનીમાં ડ્રેગન, ફ્રાંસમાં સર્ફ વોલેન્ટ, કોરિયામાં યોઉન, સ્વીડનમાં ડ્રેક કહેવામાં આવે છે.

૫. બ્રિટનમાં દર વર્ષે ઉનાળામાં બ્રિસ્ટોલ ઇન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલનું આયોજન થાય છે. જેમાં દેશ વિદેશના લગભગ ૫૦,૦૦૦ જેટલા લોકો ભાગ લે છે. દુનિયાના કેટલાક સૌથી સુંદર કલાત્મક પતંગો આ ફેસ્ટિવલમાં જોવા મળે છે. આપણા ગુજરાતમાં પણ ઉત્તરાયણના આગળના બે દિવસ દેશ વિદેશના પતંગ શોખીનો કલાત્મક અને વિશિષ્ટ પતંગો ઉડાડવા માટે આવે છે. રાજ્ય સરકાર પર્યટનને પ્રોત્સાહન આપવા પતંગોત્સવ ઊજવે છે.

૬. વિશ્વનો સૌથી વિશાળ પતંગ ૬૩૦ ચોરસ મીટરનો છે. વિશ્વનો સૌથી દૂર ચગેલા પતંગની લંબાઈ ૧૦૩૪ મીટરની છે. પતંગની સૌથી ઝડપી ગતિ ૧૨૦ મીટરની પ્રતિ કલાક નોંધાઈ છે. વિશ્વમાં બાળકો કરતાં મોટા લોકો વધુ પતંગ ઉડાડે છે. અમેરિકાનો એક પતંગબાજ એક સાથે ૧૭૮ પતંગ ઉડાડીને રેકોર્ડ બનાવી ચૂક્યો છે.

થાઈલેન્ડમાં પતંગ ઉડાડવાના ૭૮ નિયમો છે.

એક લાઈનમાં પતંગ ઉડાડવાનો રેકોર્ડ જાપાનના પતંગ બનાવનારને નામે છે. તેમણે ૧૧,૨૮૪ પતંગને એક જ દોરી પર ઉડાડીને રેકર્ડ બનાવ્યો હતો.

૭. જાપાનમાં પુત્ર જન્મની વધામણી માટે પતંગ ઉડાડાય છે.

૮. ૧૮મી અને ૧૯મી સદીમાં પતંગ વડે આકાશના હવામાનનું નિરીક્ષણ કરવામાં આવતું હતું.

૯. ૧૯મી સદીમાં ડગ્લાસ આર્કીબાલ્ડે પતંગ વડે એનીમો મિટર આકાશમાં ચડાવીને સૌપ્રથમવાર આકાશના પવનની ઝડપ માપી હતી.

૧૦. ચીની ફિલ્મ નિર્માતા જિન-કર્ગોંગ અઠંગ પતંગપ્રેમી હતા. તેણે ૧૯૫૮માં પતંગ પર એક ફિલ્મ બનાવી હતી.

## શબ્દ રમત-૫૫નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિ | લે | ટી | ન | | સ | ફ | ર | જ | ન | | અ | સા | મા | ન્ય |
| રા | | | કો | થ | મી | ર | | ર | | હ | નુ | મા | ન | |
| ફ | ટી | ચ | ર | | પ | ક | ડ | દા | વ | | મા | ન | વ | તા |
| | મ | ર | ડો | | તા | | | લુ | ક | મા | ન | | ક | લ |
| પ | | ખો | | રા | | નિ | જ | | રો | ફ | | | લ્યા | |
| સં | ગે | | | મ | નો | રં | જ | ન | | ક | | છ | ણ | કો |
| દ | ર | અ | સ | લ | | જ | | ક | લા | | શૂ | લ | | રે |
| | લા | ખ | | ક્ષમ | | ન | વ | લ | ક | થા | | કા | | કો |
| ગ | ભ | રા | મ | ણ | | | | | ડી | | અ | વા | વ | રું |
| દ્દા | | | લ્હા | | થ | મ્સ | અ | પ | | લો | ઢી | | હે | |
| ર | | મા | ર | ફા | ડ | | મ | નો | ર | થ | | મા | લ | વ |
| | અં | ધ | | કા | કા | | રે | તી | | પો | ત | ડી | | ડ |
| સુ | ક | વ | ણી | | રો | ટ | લી | | ના | થ | | જા | | વા |
| કા | લ | | | દિ | | શ | | મ | તા | | આ | યો | જ | ન |
| ની | | અ | મ | લ | દા | ર | | હા | લ | ર | ડું | | ત | લ |

*ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં છપાયેલ*
*શબ્દ રમત-૫૫ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | ચંદ્રાબહેન મહેન્દ્ર શાહ | અમદાવાદ | બધા સાચા |
| ૨. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | અમદાવાદ | બધા સાચા |
| ૩. | સરલા ચંદ્રકાંત શાહ | અમદાવાદ | ૧ ભૂલ |
| ૪. | શાંતિલાલ વ. શાહ | અમદાવાદ | ૧ ભૂલ |
| ૫. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | ૧ ભૂલ |
| ૬. | મોના જિતેન્દ્ર શાહ | હૈદ્રાબાદ | ૧ ભૂલ |
| ૭. | કિશોર જે. શાહ | ભુજ | ૨ ભૂલ |
| ૮. | વર્ષાબહેન રવિલાલ પારેખ | અમદાવાદ | ૨ ભૂલ |
| ૯. | જયંતીલાલ વાલજી રાજગોર | ભુજપુર | ૨ ભૂલ |
| ૧૦. | જ્યોતિ એલ. શાહ | અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૧. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૨. | રૂપલ કેયૂર લોડાયા | વડોદરા | ૨ ભૂલ |
| ૧૩. | રશ્મિકાંત એસ. સાવલા | ભુજ | ૩ ભૂલ |
| ૧૪. | રોહિત આર. ગાંધી | અમદાવાદ | ૩ ભૂલ |
| ૧૫. | કાંતિલાલ રતનશી સાયા | અમદાવાદ | ૩ ભૂલ |
| ૧૬. | ઉષા નીતિન હરિયા | સાંભરાઈ | ૫ ભૂલ |

*સર્વ 'વ્યૂપોઈન્ટ'થી જોવું તેનું નામ જ્ઞાન.*

## શબ્દ રમત-૫૬

*સંકલન : સૂરજલાલ મહેતા*

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ | ૭ | ■ | ૮ | ૯ | | ૧૦ |
| | ■ | ૧૧ | | | ■ | | ■ | ૧૨ | | ૧૩ | ■ | | ■ | |
| ૧૪ | ૧૫ | | ■ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | | |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | | ■ | ૨૨ | | ■ | ૨૩ | | ■ | ■ |
| ■ | ૨૪ | | | ■ | | ■ | ૨૫ | | | ■ | | ■ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ■ | ■ | ૨૯ | ૩૦ | | ■ | | ■ | ■ | ૩૧ | | | | |
| ■ | ૩૨ | | | | ■ | ૩૩ | | ૩૪ | ૩૫ | | ■ | ■ | ૩૬ | |
| ૩૭ | | ■ | ૩૮ | | ■ | | ■ | ૩૯ | | | ■ | ■ | ૪૦ | |
| ■ | ૪૧ | ૪૨ | | ■ | ૪૩ | | | | ■ | | ■ | ૪૪ | ■ | ■ |
| ૪૫ | | | ■ | ૪૬ | | ■ | ■ | ■ | ૪૭ | ■ | ૪૮ | | | ૪૯ |
| ૫૦ | | ■ | ૫૧ | | | ■ | ૫૨ | ૫૩ | | ૫૪ | | | ■ | |
| ૫૫ | | ૫૬ | | ■ | ૫૭ | ૫૮ | | | ■ | ૫૯ | | ■ | ૬૦ | |
| | ■ | | ■ | ૬૧ | ■ | ૬૨ | | | ■ | ૬૩ | | ૬૪ | | |
| ૬૫ | | | ■ | ૬૬ | | | ■ | ■ | ૬૭ | ■ | ■ | ૬૮ | ૬૯ | |
| | ■ | ૭૦ | | | ■ | ૭૧ | | | | | ૭૨ | ■ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૨-૧-૨૦૧૧)*

### આડી ચાવીઓ

૧. મકર સંક્રાંતિ, પતંગોત્સવ (૫)
૫. ઋષિકપૂર અને જયાપ્રદાની એક ૧૯૭૯ની સંગીતમય ફિલ્મ (૪)
૮. મોટો અમલદાર (૪)
૧૧. ધણી, પતિ (૩)
૧૨. ઉપનયન સંસ્કાર કરવા, યજ્ઞોપવીત (૩)
૧૪. વશીકરણ (૩)
૧૬. ધીમે, હળવે, ધીરે (૨)
૧૭. ધીરું, ધીમું (૨)
૧૮. વિનંતી, પ્રાર્થના, માંગણી (૩)
૧૯. છૂટી, રુખસદ (૨)
૨૦. સૌરાષ્ટ્ર-વીરપુરના એક સંત (૪)
૨૨. ઉપર ઘુમ્મટ જેવા છત્રવાળું વાહન (૨)
૨૩. સૈકો (૨)
૨૪. લલાટ (૩)
૨૫. ભક્તિનું ગીત (૩)
૨૬. લડાઈનું એક હથિયાર-ભીમનું શસ્ત્ર (૨)
૨૯. કંગન (૩)
૩૧. ભારે મિષ્ટાન્ન (૫)
૩૨. પરભારું, વગર પૂછે કે કહ્યે કરે (૪)
૩૩. પારકાનું ભલું કરવું (૫)
૩૬. ચોકિયાત (૨)
૩૭. તાત્પર્ય, સારાંશ (૨)
૩૮. કાબેલ, પક્કો (૨)
૩૯. સાર્વજનિક, ધર્માદા (૩)
૪૦. નાનો પાતળો કકડો, ચીર (૨)
૪૧. છોડાં કાઢી નાખેલી દાળ (૩)
૪૩. સાગનું લાકડું (૪)
૪૫. આશ્ચર્ય, નવાઈ (૩)
૪૬. એ નામની લૂંટારાની એક જાત, ધૂતારો (૨)
૪૮. અન્નક્ષેત્ર, ગરીબોને અપાતું અન્નદાન (૪)
૫૦. ભાગ્યશાળી, ખાનદાન (૨)
૫૧. કોઠારનો ઉપરી (૩)
૫૨. મુશ્કેલીથી વળાવેલું (૬)
૫૫. રામની જીવનકથા (૪)
૫૭. યુક્તિ, કરામત (૪)
૫૯. વાણી, બોલી (૨)
૬૦. સ્થળ, ઠેકાણું (૨)
૬૨. ટીલું (૩)
૬૩. લૂગડાં સીવવાનો ધંધો કરનાર (૩)
૬૫. રીત, રિવાજ (૩)
૬૬. રાજી થવું, રાચવું (૩)
૬૮. વિના, સિવાય (૩)
૭૦. અંધારું, અંધકાર (૩)
૭૧. થડકો, બીક (૪)
૭૨. પેટનો નળ, અન્નરસ પચાવનાર (બહુવચન)(૪)

### ઊભી ચાવીઓ

૧. ભલું કરવું (૪)
૨. રાખનાર ઈશ્વર (૩)
૩. હા (અં.) (૨)
૪. અહીં 'ભલામણ' આડુંઅવળું છે (૪)
૫. મુખ્ય માર્ગ, જાહેર માર્ગ (૪)
૬. હાથી, લંબાઈ ભરવાનું માપ (૨)
૭. મનમાં ચાલતું મંથન (૫)
૯. વાદી, ફરિયાદ કરનાર (૪)
૧૦. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૧૩. મુસ્લિમોનો એક તહેવાર (૨)
૧૫. મશ્કરી, ટીખળ (૩)
૨૦. જલમય, બધે પાણી પાણી હોય એવું (૬)
૨૧. ભસ્મ, એવો રંગ (૩)
૨૨. ધૂળનો કળ, કતર (૨)
૨૩. મોજમજા, લહેર (૩)
૨૫. ભ્રમર, વમળ (૩)
૨૬. શરીરના અમુક ભાગમાં થતી અસર (૪)
૨૭. જબરદસ્તી, બળજોરી (૪)
૨૮. ગંધ, વાસ (૧)
૩૧. દ્વારા, વચમાં રાખીને (૪)
૩૨. અણબનાવ, વિરોધ (૬)
૩૩. મોટો ખાટલો (૩)
૩૪. વા, વહેતો વાયુ (૩)
૩૫. કાગડો, વાયસ (૨)
૪૨. મૂરખો, રાભો (૨)
૪૩. સાથી, સહાયક (૪)
૪૪. છૂટા પડવું, વળાવેલું (૩)
૪૫. ગરીબનું ભરણપોષણ (૬)
૪૬. મજાક, મશ્કરી (૨)
૪૭. પતિ, માલિક (૨)
૪૮. સારો આચાર-વર્તન (૪)
૪૯. પૂ.મોરારિબાપુનું વતનનું ગામ (૬)
૫૧. ખૂણો, પ્રશ્નાર્થ (૨)
૫૨. સનંદી કાયદાશાસ્ત્રી (૩)
૫૩. પાઠ, ધડો (૩)
૫૪. ચર્ચા, ઝઘડો (૩)
૫૬. સમજબુદ્ધિ અનુસાર (૪)
૫૮. કામદેવ (૪)
૬૧. કબૂલાત, ઠરાવ (૩)
૬૪. જીવિત, જીવતર (૩)
૬૭. મારી નાખનારો, જલ્લાદ (૨)
૬૯. ફળનો ગર્ભ (૨)

*'બંધન'માંથી મુક્ત કરવા, એનું નામ 'ધર્મ.'*

# સુડોકુ

– હરખચંદ સાવલા

સુડોકુ ક્રમાંક-૧૦૧૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૨-૧-૨૦૧૧ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સાચા જવાબો મોકલનારના નામ ફેબ્રુઆરી-૨૦૧૧ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :**

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

## ક્રમાંક - ૧૦૧૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૭ | | | | | | ૨ |
| ૫ | | ૨ | ૯ | | | ૮ | | |
| | | | | | ૩ | | | |
| | ૧ | | | ૪ | ૨ | ૯ | | |
| | | | | | | | | |
| | | ૮ | ૭ | ૯ | | | ૬ | |
| | | | ૬ | | | | | |
| | | ૩ | | | ૪ | ૧ | | ૮ |
| ૧ | | | | | | ૨ | ૭ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | ૭ | | | ૩ | |
| | | | | | ૪ | | | ૭ |
| | | | ૫ | | | ૯ | | |
| | ૧ | | | | | ૨ | ૭ | |
| | | ૫ | ૪ | | ૨ | ૧ | | |
| | ૮ | ૬ | | | | | ૪ | |
| | | ૩ | | | ૯ | | | |
| ૯ | | | ૩ | | | | | |
| | ૭ | | | ૧ | | | | ૮ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | ૭ | ૧ | | | ૪ | |
| ૪ | | ૬ | | ૩ | | ૧ | | |
| | | | | | | | | ૩ |
| | | | | | | ૫ | | |
| | | ૪ | | ૨ | | ૬ | ૭ | |
| | ૬ | ૯ | | | | | | |
| ૯ | | | | | | | | |
| | | ૭ | | ૫ | | ૪ | | ૨ |
| | ૩ | | | ૪ | ૧ | | ૬ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૯ | ૨ | | | ૮ | |
| ૨ | | ૯ | | ૮ | | ૪ | | |
| | | | | | | | | ૬ |
| | | | | | | ૬ | | |
| | | ૪ | | ૭ | | ૯ | ૩ | |
| | ૨ | ૩ | | | | | | |
| ૩ | | | | | | | | |
| | | ૨ | | ૯ | | ૩ | | ૭ |
| | ૯ | | | ૩ | ૬ | | ૫ | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૧૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૬ | ૩ | ૭ | ૧ | ૪ | ૨ | ૯ |
| ૩ | ૧ | ૯ | ૬ | ૪ | ૨ | ૮ | ૭ | ૫ |
| ૨ | ૪ | ૭ | ૮ | ૯ | ૫ | ૬ | ૩ | ૧ |
| ૧ | ૮ | ૫ | ૪ | ૨ | ૭ | ૯ | ૬ | ૩ |
| ૬ | ૨ | ૩ | ૫ | ૮ | ૯ | ૧ | ૪ | ૭ |
| ૭ | ૯ | ૪ | ૧ | ૩ | ૬ | ૫ | ૮ | ૨ |
| ૪ | ૭ | ૮ | ૯ | ૧ | ૩ | ૨ | ૫ | ૬ |
| ૯ | ૬ | ૨ | ૭ | ૫ | ૪ | ૩ | ૧ | ૮ |
| ૫ | ૩ | ૧ | ૨ | ૬ | ૮ | ૭ | ૯ | ૪ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૭ | ૯ | ૮ | ૬ | ૨ | ૫ | ૪ |
| ૬ | ૮ | ૫ | ૪ | ૩ | ૨ | ૯ | ૧ | ૭ |
| ૨ | ૯ | ૪ | ૧ | ૫ | ૭ | ૩ | ૮ | ૬ |
| ૪ | ૫ | ૬ | ૨ | ૧ | ૮ | ૭ | ૯ | ૩ |
| ૯ | ૭ | ૮ | ૩ | ૪ | ૫ | ૬ | ૨ | ૧ |
| ૩ | ૨ | ૧ | ૭ | ૬ | ૯ | ૮ | ૪ | ૫ |
| ૭ | ૪ | ૯ | ૫ | ૨ | ૩ | ૧ | ૬ | ૮ |
| ૮ | ૧ | ૨ | ૬ | ૭ | ૪ | ૫ | ૩ | ૯ |
| ૫ | ૬ | ૩ | ૮ | ૯ | ૧ | ૪ | ૭ | ૨ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૧ | ૬ | ૭ | ૨ | ૪ | ૯ | ૩ |
| ૨ | ૬ | ૯ | ૪ | ૧ | ૩ | ૭ | ૮ | ૫ |
| ૭ | ૪ | ૩ | ૯ | ૫ | ૮ | ૧ | ૬ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૫ | ૮ | ૯ | ૬ | ૩ | ૭ |
| ૩ | ૯ | ૫ | ૭ | ૬ | ૧ | ૨ | ૪ | ૮ |
| ૮ | ૭ | ૬ | ૨ | ૩ | ૪ | ૫ | ૧ | ૯ |
| ૬ | ૫ | ૪ | ૮ | ૯ | ૭ | ૩ | ૨ | ૧ |
| ૧ | ૨ | ૮ | ૩ | ૪ | ૫ | ૯ | ૭ | ૬ |
| ૯ | ૩ | ૭ | ૧ | ૨ | ૬ | ૮ | ૫ | ૪ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૪ | ૩ | ૨ | ૬ | ૧ | ૮ | ૫ | ૯ |
| ૧ | ૯ | ૮ | ૫ | ૪ | ૭ | ૬ | ૨ | ૩ |
| ૬ | ૨ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૧ | ૭ |
| ૨ | ૬ | ૯ | ૧ | ૭ | ૮ | ૫ | ૩ | ૪ |
| ૩ | ૧ | ૪ | ૬ | ૯ | ૫ | ૨ | ૭ | ૮ |
| ૫ | ૮ | ૭ | ૪ | ૨ | ૩ | ૧ | ૯ | ૬ |
| ૮ | ૫ | ૨ | ૭ | ૩ | ૪ | ૯ | ૬ | ૧ |
| ૪ | ૩ | ૧ | ૯ | ૫ | ૬ | ૭ | ૮ | ૨ |
| ૯ | ૭ | ૬ | ૮ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

### ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૧૨નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. ઉષા નીતિન હરિયા - વડોદરા

### ૧ ભૂલવાળાની નામાવલિ

૩. હર્ષિલ રસિક મહેતા - અમદાવાદ

## બગડેલું અનાજ

અનાજને જાણી જોઈને સડવા દઈને તે અનાજ દારૂ બનાવનારા મહાબદમાશોને વેચીને ઘર ભરનારાના નામો મંગલમંદિર નવેમ્બર અંક (પાના નં. ૧૩૪) માં જાણ્યા. હવે આગળ સાંભળો :

એક લીટર દારૂ બનાવવા માટે ૨.૮ કિ.ગ્રા. અનાજની જરૂર પડે. આ વર્ષે દારૂ બનાવનારી ચાલુ ફેકટરીઓ ૧૩ લાખ ટન સડેલા અનાજનો ઉપયોગ કરશે. વર્ષ ૨૦૦૬-૦૭માં પણ મહારાષ્ટ્રના અનાજના કુલ્લે ઉત્પાદન ૧૦૧ લાખ ટન હતું અને દારૂ બનાવનારાને ૧૩ લાખ ટન સડેલું અનાજ વેચવામાં આવેલ.

ત્યારબાદ ૨૦ લાખ ટન અનાજ વિદેશથી આયાત કરવામાં આવેલું.

આ રીતે ૧૨ ટકા સડેલું અનાજ દારૂવાળાને વેચીને એમાંથી કટકી મળી. ઉપરાંત ૨૦ લાખ ટન અનાજ આયાત કર્યું. એમાંથી પણ કટકી મળી. બન્ને તરફથી જલ્સા.

આવી છે આપણી સરકારો. સ્વાભાવિક જ છે કે બન્ને તરફની કટકીમાં નાના-મોટા ઘણાનો ભાગ તો હશે જ. આવનારી ચૂંટણીઓમાં આના આજ બદમાશો ફરી ફરીને ચૂંટાવાના છે. કોનો વાંક?

*'લોક સ્વરાજ', નવેમ્બર-૨૦૧૦ના આધારે*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*'પ્રેમસ્વરૂપ' થાશો ત્યારે લોકો તમારું સાંભળશે.*

## ભોપાલ ગેસકાંડ અને સતીનાથ

એક દંપતી છે સતીનાથ અને પત્ની રચના.

ડિસેમ્બર ૧૯૮૪ના ભોપાલ ગેસ દુર્ઘટના બની ત્યારે સતીનાથ ૨૯ વર્ષના હતા અને એન્જિનિયરિંગમાં પીએચ.ડી. કરી રહ્યા હતા. તે માટેના ફિલ્ડ વર્ક નિમિત્તે ફરતા રહેતા. ભોપાલથી ૮૦ કિ.મી. દૂરના એક ગામમાં હતા. એને સીધી રીતે ભોપાલકાંડ સાથે કશી નિસ્બત નહોતી. એ પોતાનું પીએચ.ડી. પૂરું કરીને સારી નોકરીમાં ગોઠવાઈને સુખી જિંદગી જીવી શક્યા હોત. છતાં એને થયું કે બસ, ભોપાલ જવું.

બે દિવસ પછી તે ભોપાલ પહોંચ્યા. જે દૃશ્ય ત્યાં તેણે જોયું તે ગમે તેવા પથ્થર દિલના માણસને પણ હચમચાવી મૂકે તેવું હતું. હજારો લાશ રખડતી હતી. હજારો લોકો ગેસની અસરથી પીડાતા હતા. વર્ણન કરવું અશક્ય જેવી પરિસ્થિતિ હતી. સતીનાથ આ જોઈને પોતાને ગામે ચાલ્યા ગયા હોત તો જઈ શકત. પણ તેઓ જે કાંઈ પોતાનાથી બની શકે તે કરવાના કામમાં એટલે કે શક્ય એટલા લોકોને કશીક સારવાર મળે તે માટે પ્રયત્ન કરવાના કામમાં ભોપાલમાં જ રોકાઈ ગયા. તેમણે પીડિતોને કાંઈક રાહત મળે તે માટે કોર્ટમાં ધા નાખી. નાના એવા ચાર સંગઠનોએ મળીને એક કેન્દ્ર ઊભું કર્યું અને લોકોના ફેફસામાં સોડિયમ થીઓસલ્લેટની કેવી અસર છે તે કોર્ટની મંજૂરી લઈને જાણવાનું અને નોંધ કરવાનું શરૂ કર્યું. લગભગ એકાદ હજાર અસરગ્રસ્તોની નોંધ કરી દર્દીઓની વિગતો મેળવી.

પણ રાત્રે પોલીસે રેડ પાડીને બધા નિઃસ્વાર્થ સેવા કરવાવાળા કાર્યકર્તાઓને ભગાડી મૂક્યા. દર્દીઓની જે વિગતો નોંધેલી તેના કાગળો પણ પોલીસ ઉઠાવી ગઈ. પોલીસના આ પગલાંથી પીડિતોના માત્ર આંખ અને ફેફસા જ નહીં પણ અન્ય અંગોને થયેલ નુકસાનની તે વિગતો પણ પોલીસ ઉઠાવી ગઈ. અને આ કારણે કોર્ટમાં પણ પીડિતોનો કેસ નબળો પડી ગયો કારણકે કશા પુરાવા તેમની પાસે રહ્યા ન હતા.

ઉપરથી મળેલ હુકમ મુજબ સતીનાથ તથા અન્ય કાર્યકર્તાઓને પોલીસે ૧૮ દિવસ સુધી જેલમાં પૂરી દીધા. પોલીસે આ બધાને કનડવાનું શરૂ કર્યું. સાથી કાર્યકર્તાઓ તો ત્રાસી ગયા અને સતીનાથને છોડીને પોતપોતાને સ્થળે ચાલ્યા ગયા.

પણ સતીનાથ ડગ્યા નહીં. જોકે સતીનાથ હજુ સ્વીકારે છે કે આ તમામ કાર્યકર્તા મિત્રો તેને સેવાના કાર્યમાં આજે પણ નાણાંકીય મદદ કરતા રહે છે પરંતુ પોલીસ કનડગતના કારણે જાતે દૂર રહે છે.

ત્યારથી સતીનાથ ભોપાલમાંથી ખસ્યા જ નથી. તેમણે 'સદ્ભાવના ટ્રસ્ટ'ની રચના કરીને પીડિતોનું સેવાકાર્ય ચાલુ જ રાખ્યું છે. પીડિતોને ન્યાય અપાવવા માટે સતત લડતા રહ્યા છે.

આ કામમાં એમના પત્ની રચના કે જે ૨૦૦૦ની સાલમાં મિશીગન બિઝનેસ સ્કૂલમાંથી ગ્રેજ્યુએટ થઈને અમેરિકામાં યુનિયન કાર્બાઈડ કંપનીમાં જ કન્સલ્ટન્ટ તરીકેની જોબ કરતી હતી તેણે યુનિયન કાર્બાઈડની નોકરી છોડી સતીનાથને પરણીને તેના કાર્યમાં જોડાઈ ગઈ છે.

બંને મળીને ભોપાલના ગેસ દુર્ઘટના પીડિતો માટે જે થઈ શકે તે તમામ પ્રયત્નો આજે ચાલુ જ રાખેલ છે. ન્યાય માટેની લડત ચાલુ છે.

***(વિગતો 'ન્યાયમાર્ગ' ૧૬-૮-૧૦ના અંકમાંથી)***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## અંતરનો આયનો

કોઈની નિંદા દ્વારા આનંદ માણતા અને મોટે મોટેથી ટીકા દ્વારા હલકા પ્રકારનો અપરસ પીતા કોઈ સંસારીજનને જુઓ તો જરૂર માની લેજો કે તે કર્મરાજાના ભયાનક ફાંસલામાં ફસાઈ રહ્યો છે. કોઈને નિષ્ઠુર રીતે ઉતારી પાડવો, કોઈના અવગુણ ગાવા કે કોઈના કુટિલગાન કરવા આમ જોવા જાવ તો સરળ છે પણ એથી છેવટે તો આવા નિંદકનું જ અકલ્યાણ થાય છે.

ટીકા કે નિંદા તો અમાનવીય પ્રવૃત્તિ છે. સંસારનો આ સ્વભાવ છે. એમાં માણસને મજા આવે છે. મસ્તીથી વાતને બહેલાવીને રજૂઆત કરવી ને છેવટે 'અરેરે, એ તો સાવ નીચ નીકળ્યો' કહીને કથાની સમાપ્તિ કરવી.

એક કુશળ કુવાર્તાકારની આપણને પ્રતીતિ કરાવે અને એની આ પ્રવૃત્તિ તો પછી રોજ રોજ ચાલે. કદાચ ભોજન વિના ચાલે પણ નિંદા કર્યા વિના તો ન જ ચાલે! કારણ આજ તો એનું ભોજન છે. આજ તો એનું પેયજળ છે!

એનામાં જબરી આવડત આવી ગઈ હોય છે — પાણીમાંથી પોરા કાઢવાની! નરી આંખે ન દેખાતાં હોય તેવા છિદ્રો શોધી કાઢવાની. વાંક ન હોય તોય વાંક વસી જાય! એમની આ બાબતની રિસર્ચ કાબિલેદાદ હોય છે. અર્જુનની જેમ એમની આંખ માત્ર અને માત્ર સામાના 'દોષ'ને જ જુએ છે ને દોષ સિવાય અન્ય કશું જ જોતી નથી.

આવી વાતોમાં ઘણીવાર કશું જ તથ્ય હોતું નથી. હોય છે માત્ર અતિશયોક્તિ. ખાબોચિયું પણ ન હોય ત્યાં દરિયો બતાવાય. ફલાણો આવો, ને ઢીંકણો આવો, બસ કેવળ કુથલીની જ વાતો. 'બાપ રે, આવું તો થતું હશે?' કહીને જીભડી બહાર કાઢી નાખીને, 'રામ, રામ, રામ' કહીને તિરસ્કાર બતાવવો, એનો સરસ અભિનય કરવો. નિંદા પણ એક અજબ રસ છે. ભોજનના સ્વાદ કરતાં પણ એનો અનેરો સ્વાદ છે. માણસ બોંત્તેર કલાક ભોજન વગર રહી શકે પણ નિંદા કર્યા વગર ન રહી શકે!

આસપાસના જગતમાં શોધક નજરે આ બાબતનું તમે નિરીક્ષણ કરજો.

વાત સાચી લાગશે... ખાધા વગર રહી શકશે, ખોટી વાત કર્યા વગર નહીં રહી શકે. આવા માણસો ઠેર ઠેર પડ્યા છે. કવિ કલાપીની જેમ 'જ્યાં જ્યાં નજર મારી પડે' ત્યાં ત્યાં આવા ટીકાખોરો ને નિંદકો દેખાયા વગર નહીં રહે.

માટે હે સુશ્રાવક! તું વાત બરાબર સમજી લે. કોઈની નિંદા કરીને કર્મ ન બાંધતો.

આત્માના ચોપડામાં આવું કરીને તું ઉધારખાતું વધારવાનું બંધ કરી દેજે. શા માટે આવું કરે છે? અટકી જા, થંભી જા. શા માટે કર્યે જાય છે? બંધ કરી દે એ માર્ગ, એ ગલત માર્ગ છે.

છોડ નિંદા, છોડ બીજાની વાત.

તારી જાતને જોતા શીખ... તારા અંતરના આઈનામાં.

***'ચેતનાના સૂરજમુખી'માંથી સાભાર***

***પ્રેષક : મહેન્દ્ર દામજી છેડા - અમદાવાદ***

*'પ્રાપ્ત તપ'નો નિવેડો લાવો, 'અપ્રાપ્ત તપ'ને સામેથી બોલાવવાની જરૂર નથી.*



**સંકલન : પોપટલાલ નેણશી ધરોડ**

★ અરજદારને માહિતી ખોટી અને વિલંબથી આપવા બદલ ગાંધીધામના મામલતદારને રાજ્ય માહિતી આયોગે રૂા. ૨૫ હજારનો દંડ ફટકાર્યો હતો.

★ રાજ્યમાં આવેલી હેરિટેજ ઈમારતોનું રિનોવેશન કરવાનું રાજ્ય સરકાર દ્વારા આયોજન થયું છે. આ માટે ૧૨૦ કરોડનો કોન્ટ્રાક્ટ અપાશે. રાજ્યની આ હેરિટેજ ઈમારતોમાં ભુજની બે ઈમારતો શરદબાગ પેલેસ અને આઈના મહેલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

★ વલાડના કાનમેર ગામના દલિત સમુદાયમાંથી આવતા અને ૭૫ ટકા વિકલાંગતા ધરાવતા યુવાન મંગેશ પાલાભાઈ વાઘેલાને પ્રતિષ્ઠિત એવો શ્રીમતી નંદિની પી. દિવેટિયા રૂરલ રિહેબિલિટેશન ઍવૉર્ડ પ્રાપ્ત થશે. આ યુવાન સંઘર્ષ કરી આગળ વધેલો છે અને અભ્યાસ ઉપરાંત કોમ્પ્યુટર ક્ષેત્રે પણ નામના પ્રાપ્ત કરી છે.

★ ગાંધીધામથી આંધ્રપ્રદેશને સાંકળતી સીધી ટ્રેન શરૂ કરવા અંગે ગાંધીધામ ચેમ્બર ઑફ કૉમર્સ દ્વારા કેન્દ્રિય રેલવે મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

★ કચ્છના પ્રગતિશીલ તાલુકાના બાકીના ૧૦૨ ગામો નર્મદા નદીયના પેય જળથી આવરી લેવાશે. આ ગામોને નર્મદાનું પાણી મળ્યા પછી કચ્છનું એક પણ ગામ નર્મદાની લાઈન વિહોણું રહેશે નહીં.

★ કચ્છી સર્જક વિનેશ અંતાણીને વર્ષ ૨૦૦૯નો મનુભાઈ પંચોલી 'દર્શક' ઍવૉર્ડ એનાયત કરાયો હતો.

★ દેશમાં વિકલાંગજનોની વધુ સંખ્યા ગુજરાતમાં છે અને તેમાં કચ્છ અગ્રસ્થાને છે. વળી વિકલાંગજનોને સુવિધા સાધન સહયોગ સૌથી વધુ ગુજરાતમાં મળે છે. પેરાપ્લેજીઆ દર્દીઓની ૧૧૦ની સંખ્યા જે કચ્છમાં છે તે સમગ્ર ભારતમાં બેજોડ છે.

★ મૂળ ભીમાસર ભુટકિયાના વતની બાબુભાઈ સોનીને ચિત્રકલા ક્ષેત્રે યોગદાન બદલ ગૌરવ પુરસ્કાર માટે પસંદગી થઈ છે. બાબુભાઈ સાથે અન્ય ૨૧ કલાકારો પણ વિવિધ ક્ષેત્રે પસંદગી પામ્યા છે.

★ મસ્કા ખાતેની એક વખતની ટી.બી. હોસ્પિટલ હવે જનરલ હોસ્પિટલનો દરજ્જો પામી રહી છે અને ગરીબ લાભાર્થીઓ ઉપરાંત ઉચ્ચ મધ્યમ વર્ગના રોગીઓ માટે પણ કાર્યાન્વિત થઈ રહી છે.

★ કચ્છમાં ગાંધીધામને અલગ પોલીસ જિલ્લાની જેમ અલગ આર.ટી.ઓ. જિલ્લો બનાવવા મંજૂરી મળી ગઈ છે.

★ કચ્છના જાણીતા ખગોળવિદ્ અને કચ્છમિત્રના કટાર લેખક વિષ્ણુપ્રસાદ પ્ર. મહેતાને ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી દ્વારા ખગોળ વિજ્ઞાનના પ્રસારના ઉત્કૃષ્ટ કાર્ય બદલ સ્વર્ગીય મનુભાઈ મહેતા સન્માન ઍવૉર્ડ એનાયત થશે.

★ રાષ્ટ્રના મહાન સ્વાતંત્ર્ય સેનાની અને કચ્છના સપૂત ક્રાંતિવીર પં. શ્યામજી કૃષ્ણવર્માનું માંડવી તાલુકાના ગુંદિયાળી ગામ પાસે ક્રાંતિવીરનું વિશાળ સ્મારક નિર્માણ કરાયું છે.

★ ભુજના ગીતાજી કેન્દ્રને પૂર્વ નગરપતિ સ્વ. રસિકભાઈ ઠક્કરની સ્મૃતિમાં ગીતા જયંતી તેમજ 'વાંચે ગુજરાત' કાર્યક્રમ અંતર્ગત ગીતાજીના ૩૦૦ પુસ્તકો સદ્ગતના પરિવાર તરફથી તેમના નગરસેવક ઘનશ્યામ ઠક્કરે ભેટ આપ્યા હતા.

★ વાઘા સરહદે દરરોજ વર્ષ ૧૯૫૯થી ચાલી આવતી સૂર્યાસ્ત પૂર્વેની પરેડ હવે ભૂતકાળ બની જશે. બંને દેશના સરહદી સુરક્ષા દળો આ માટે સહમત થઈ ગયા છે. આ પ્રથા પ્રવાસીઓ માટેનું મોટું આકર્ષણ રહી છે. રોજ આ કવાયતમાં હજારો મુલાકાતીઓ આવતા હતા તે બાબત હવે ભૂતકાળ બની જશે અને કવાયત વખતે જવાનોના રૌદ્ર સ્વરૂપને જોવાનો લહાવો બંધ થઈ જશે.

★ મુંદ્રા તાલુકાના સિરાચા ગામે ૧૩૫ એકર બિનખેતીમાં ફેરવાયેલ જમીન ઉપર એસ.વી. ટાઉનશિપનો વિવિધ કંપનીઓના વડાઓ તથા રાજકીય, સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં શાનદાર શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અદાણી પાવર ટર્મિનલના દેવપ્રકાશ જોશી તેમજ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા.

★ કચ્છ જિલ્લાની મુખ્ય ટપાલ કચેરી દ્વારા તાજેતરમાં ટિકિટ પ્રદર્શન, લેખન સ્પર્ધા અને ટિકિટ વેચાણને સાંકળતા ફિલાટેલિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૩૬થી વધુ નવા ફિલાટેલિક ખાતા ખૂલ્યા હતા અને સંગ્રાહકો દ્વારા રૂપિયા પાંચ હજાર કરતાં પણ વધારે કિંમતની ટિકિટો વેચાઈ હતી.

★ રેડિયો મિર્ચી દ્વારા 'સંદેશ' અને 'ટી.વી.એસ.'ના સહયોગથી ગુજરાત રાજ્યની ૧૦૦ કૉલેજો વચ્ચે 'યુનિનોર વુધ્રાઈવ ટેલેન્ટ કી સુનામી' નામની સૌથી મોટી ટેલેન્ટ હન્ટમાં કચ્છની જે.બી. ઠક્કર કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ કુ. દેવાંશી ગઢવી, વિપુલ મકવાણા, કુ. પાયલ તથા દિનેશ માવાણીએ ધમાકેદાર પરફોર્મન્સ આપીને કચ્છ સૌરાષ્ટ્ર રીજિયનમાં પ્રથમ સ્થાન મેળવી કચ્છનું નામ રોશન કરેલ હતું.

★ કચ્છી ભાષા અને સાહિત્ય માટે જ નહીં પરંતુ સમસ્ત કચ્છી સમુદાય માટે ઐતિહાસિક કહી શકાય તેવા ગૌરવવંતા પ્રસંગમાં

*કોઈને ય 'કર્તા' તરીકે નહીં જોઈએ, ત્યારે જ 'મિથ્યાત્વ' દૂર થશે.*

કચ્છના કચ્છી ભાષાના બે દિગ્ગજ સર્જકો તેજપાલ ધારશી 'તેજ' અને માધવ જોશી 'અશ્ક'ને રાષ્ટ્રીય સ્તરે ગૌહત્તી ખાતે પ્રતિષ્ઠિત 'ભાષા સન્માન'થી નવાજવામાં આવ્યા હતા.

★ લખપત તાલુકામાં આવેલી ધમધમતી પાનધ્રો લિગ્નાઈટ ખાણ બંધ થતાં તેની સીધી અસર રોજગારી પર પડી છે અને લખપત તાલુકો વિવિધ સમસ્યાઓથી ઘેરાઈ, પતન ભણી ઘસડાતું ભાસે છે.

★ ગુજરાતના પ્રવાસનને વધુને વધુ બળ મળે તે માટે રાજ્ય સરકારે 'રણોત્સવ' પ્રસંગે દરિયાકાંઠામાં ક્રુઝ ટુરિઝમનો વિકાસ થાય તે માટે ૫૫૦ મુસાફરવાળું 'બ્લ્યુ ઑસન ક્રુઝ' ૧૯મી ડિસેમ્બરે મુંબઈથી મુંદ્રા રવાના થયેલ.

★ ગુજરાતમાં ટેક્નિકલ અને ઈજનેરી શિક્ષણની વધતી જતી માંગને ધ્યાનમાં લઈને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ ધોરણે શરૂ થનારી પોલીટેક્નિક કૉલેજોનો રૂપિયા એકના ટોકન ભાડાથી જમીન ફાળવવાનો નિર્ણય થતાં લખપત તાલુકાના દયાપર ખાતે જી.એમ.ડી.સી.ના સહયોગથી પોલીટેક્નિક સ્થાપવા જમીન ફાળવાઈ છે.

★ મુંબઈમાં જીન્સના ઉત્પાદનનો અડધો અડધ હિસ્સો કચ્છીઓનો છે. કચ્છના ઉત્પાદકોની જાણીતી બ્રાન્ડમાં વિસ્ટોન, ફોસ્ટર, ગ્રેવિટી, જીમેન, ડેર ગૅલોપ, એપોલો, સનેક્સ, ફોડ વગેરે છે. સુરેન્દ્ર રાંભિયા દ્વારા ઉત્પન્ન થતી જીમેન બ્રાન્ડને એક્સપોર્ટ હાઉસની માન્યતા મળી છે. પરેશ દેઢિયા ડેર બ્રાન્ડનું, જ્યારે ભરત અને મહેશ મહેતા એપોલો બ્રાન્ડથી ઉત્પાદન કરે છે. વોરા બંધુઓ દ્વારા ઉત્પાદિત ગૅલોપ બ્રાન્ડનું એક્સપોર્ટ વધારે થાય છે.

★ રમતગમત ક્ષેત્રે કચ્છ જિલ્લાની વિકસતી ક્ષિતિજોમાં ભુજ ખાતેની મુક્તજીવન સ્વામીબાપા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજે કબડ્ડીમાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામી કૌવત દાખવ્યું છે.

★ ભુજની આર.ડી. વરસાણી હાઈસ્કૂલનો છાત્ર હીરાણી વિજય કરશન (માનકુવા)એ કુસ્તીના ૮૯થી ૯૬ કિલો વજન ગ્રૂપમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાષ્ટ્રીય કક્ષાએ પહોંચેલ છે.

★ નાંગલપુર ખાતે આવેલી મીની ફેક્ટરી સમાન ઓરડીમાંથી નકલી નોટો છાપવાનું કોમ્પ્યુટર, સ્કેનર, કટર કાગળ કાર્ટ્રીજ તથા રૂ. ૧૦૦/-ના દરની ૫૦,૦૦૦ નોટો સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવેલ હતી.

★ કચ્છને પાટણ જિલ્લાના સાંતલપુર સાથે જોડતા સરહદી જિલ્લા માટે અત્યંત મહત્ત્વાકાંક્ષી એવા ઘડુલી - સાંતલપુર માર્ગના બાંધકામ આડે આવતી વર્ષોથી લટકેલી પર્યાવરણની મંજૂરી કેન્દ્ર સરકારે આપી દેતાં હવે આ જિલ્લાના વિકાસને વેગ મળશે.

★ માંડવી તાલુકાના પુનડી ગામે માતુશ્રી મકાબહેન ભીમશી છેડા પ્રેરિત આરોગ્યધામને વીરાયતનના હસ્તે રૂપિયા બે કરોડના ખર્ચે નિર્મિત આરોગ્યધામનું લોકાર્પણ કરવામાં આવેલ હતું.

★ લોકો વૈજ્ઞાનિક અભિગમ તરફ વળે તે હેતુથી ભારત જન વિજ્ઞાન 'જાથા' દ્વારા કાળી ચૌદસની રાત્રિએ સ્મશાનમાં કેન્ડલ લાઈટ ડીનર, સ્મશાન પરિભ્રમણ, કકળાટના ભજિયા વગેરેનું આયોજન કરી લોકોનો ભય, અંધશ્રદ્ધા, વહેમ, ભૂતપ્રેત વગેરે જેવી માન્યતાને વૈજ્ઞાનિક અભિગમથી સમજાવવામાં આવ્યા હતા.

★ જિલ્લા મથક ભુજ શહેર સહિત કચ્છ જિલ્લામાં વીજ ચોરી પકડવા પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની ૫૭ ચેકિંગ ટુકડી દ્વારા ૧૦૫૫ વીજ જોડાણોની તપાસણી કરી ૬૬ સ્થળે વીજ ચોરી પકડીને ૨૫.૧૪ લાખના બિલ ફટકારવામાં આવ્યા હતા.


★ સિંધી સાહિત્ય જગતના સુપ્રસિદ્ધ લેખક કવિ અને સંશોધક જયંતભાઈ રેલાણીનું ટૂંકી માંદગી બાદ અવસાન થયેલ છે. હાલ પાકિસ્તાનના સિંધ પ્રાંતના લારખાના ગામે તેમનો જન્મ થયો હતો.

★ લખપત તાલુકાના નાના વીરાણી ગામના ખેડૂતોએ ખેતવિષયક વીજળી જોડાણની કરેલ માંગણી ૧૧ વર્ષથી પેન્ડિંગ હતી. જેમાં ૧૯૮૯ના અરજદારોને ૩૯ લાખના કોલ લેટર મળતાં આ ખેડૂતો વિમાસણમાં પડ્યા છે અને આ ૩૯ લાખ ભર્યા પછી પણ વીજ જોડાણ મળશે કે કેમ તેની વિમાસણમાં પડેલ છે.

★ ભદ્રેસર હટડી ગુંદાલા સહિતના ગામોમાં બરફના કરા પડવાથી ખેતરોમાં ઊભા પાક, ઉતરેલા કપાસ ધોવાતાં ખેડૂતોને ફટકો પડેલ હતો. તોફાનથી ઉદ્યોગોને નુકસાન થયેલ હતું. સીમ અને રસ્તા પર ક્યાંક ક્યાંક દોઢથી બે ઈંચ બરફ જામ્યો હતો.

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રન્ના પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*

*'જ્ઞાન'નો છેડો છે પણ 'અજ્ઞાન'નો છેડો નથી.*




## સરનામા ફેરફાર

- **પ્રફુલ ભવાનજી દેઢિયા**
  ૫, સુમતિ એવન્યુ,
  સેન્ટ્રલ બેંકની બાજુમાં, વલ્લભવાડી,
  મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

## સગપણ

- **અમદાવાદ, તા. ૭-૧૨-૨૦૧૦**
  **પ્રતીક કિશોર લાલકા (લાલા – અમદાવાદ)**
  **કિરણ હીરાચંદ ખેતશી મોતા (કુવાપદ્ધર – ડોંબીવલી)**

## શરણાઈ

- **ગુરુવાર, તા. ૨-૧૨-૨૦૧૦**
  **આનલ પાયલ કમલેશ બાબુભાઈ ગોગરી (કપાયા - અમદાવાદ)**
  **જિનેશ ચંદ્રિકા નીતિન આણંદજી શેઠિયા (લાખાપુર - વલસાડ)**

- **ગુરુવાર, તા. ૯-૧૨-૨૦૧૦**
  **હાર્દિક નિર્મળા ધનસુખ નાનાલાલ પટવા (માંડવી - અમદાવાદ)**
  **ધ્વનિ લતા સુરેશ રમણલાલ શાહ (રામપુરા - અમદાવાદ)**

- **મંગળવાર, તા. ૧૪-૧૨-૨૦૧૦**
  **પવન પૂનમ કિશોર રાંભિયા (રામાણિયા - અમદાવાદ)**
  **સુજલ સુલુબહેન જલદીપ કુંવરજી શાહ (નલિયા - અમદાવાદ)**

- **સોમવાર, તા. ૨૭-૧૨-૨૦૧૦**
  **ડો. ધ્વનિ જ્યોતિ અનિલ પાસુભાઈ શાહનંદ (ડુમરા - અમદાવાદ)**
  **ડો. મેહુલ ભારતી રમેશ સાવલા (બેરાજા - મુંબઈ)**

## અવસાન નોંધ

- **ગં.સ્વ. સોનબાઈ ભાણજી મૈશેરી** (ઉં.વ. ૭૭) (બાંઢિયા - અમદાવાદ)નું તા. ૯-૧૨-૨૦૧૦ના રોજ અમદાવાદ મધ્યે દુ:ખદ અવસાન થયેલ છે.
  *સદ્‌ગત આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## અભિનંદન

★ **શ્રી કાંતિલાલ અંબાલાલ પુજ (લાકડિઆ - અમદાવાદ)**



વાગડ સાત ચોવિસી જૈન મંડળના કાર્યકર, ધાર્મિક તેમજ સામાજિક ક્ષેત્રે વિવિધ સેવાકાર્યો કરનાર અને આજે વડી અદાલતના માનનીય ન્યાયાધીશ પદને શોભાવનાર શ્રી કાંતિભાઈ પુજને આ મંડળે ગૌરવવંતા **"સમાજ શિરોમણી"**નું સન્માનપત્ર એનાયત કર્યું છે.

★ **શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી (પલાંસવા - અમદાવાદ)**



વાગડ સાત ચોવિસી મંડળ - અમદાવાદે શ્રી જશવંત કોઠારીને સમાજ રત્નનું ગૌરવપ્રદ સન્માન પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભવિજયજી મહારાજ સાહેબના આશીર્વાદથી, ગુજરાત વડી અદાલતના ન્યાયાધીશ શ્રી કાંતિભાઈ પુજ તેમજ સંમેલન પ્રમુખ શ્રી ધીરુભાઈ પુજના વરદ્ હસ્તે તા. ૧૯-૧૨-૨૦૧૦ના રોજ એનાયત કર્યું.

*બહુ પ્રામાણિક થશો નહિ કારણકે સીધા ઊભેલા વૃક્ષ અને પ્રામાણિક લોકો પર જ સૌપ્રથમ વાર કરવામાં આવે છે.*

# સામૂહિક પ્રાર્થના – ભક્તિ સંગીતનો કાર્યક્રમ

વર્ષ ૨૦૧૦ દરમ્યાન એટલે કે તા. ૧-૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ દરમ્યાન, સમાજના સભ્ય પરિવારોના જે આત્મીયજનોના દુ:ખદ અવસાન થયેલ છે, તેઓને સામૂહિક અંજલિ અર્પવા રવિવાર તા. ૯-૧-૨૦૧૧ ના સવારમાં ૯.૩૦થી ૧૧.૩૦ દરમ્યાન એક ભક્તિ સંગીતનો કાર્યક્રમ શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ ખાતે યોજવામાં આવનાર છે કે જેની વિગતવાર માહિતી મંગલ મંદિરના ડિસેમ્બર-૨૦૧૦ના અંકમાં આપવામાં આવેલ છે.

સાથે સાથે એ દિવસે શ્રી કચ્છી જૈન ભવન પર બ્લડ ડોનેશન કેમ્પ પણ રાખવામાં આવેલ છે.

સમાજના સહુ સભ્ય પરિવારોને ઉપરોક્ત કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા અને અવસાન પામેલ આત્મીયજનોને સમૂહ-શ્રદ્ધાંજલિ અર્પવા અપીલ કરવામાં આવે છે.

કાર્યક્રમની વિગત નીચે મુજબ રાખવામાં આવેલ છે.

- *કાર્યક્રમ : સામૂહિક પ્રાર્થના – ભક્તિ સંગીતના સ્વરૂપે*
- *તારીખ : રવિવાર, તા. ૯-૧-૨૦૧૧*
- *સમય : સવારમાં ૯.૩૦થી ૧૧.૩૦*
- *સ્થળ : શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*
- *સૂર : ડૉ. મોનિકાબહેન શાહ*
- *સંગીત : આરાધના સંગીત એકેડેમી*
- *ઉદ્‌બોધક : શ્રીમતી સુધાબહેન ભટ્ટ*

## અવસાન પામેલ આપ્તજનોની યાદી

| ક્રમ | અવસાન તારીખ | નામ | ઉં.વ. | કચ્છમાં ગામ |
|---|---|---|---|---|
| ૧. | શુક્રવાર, તા. ૧૯-૧-૨૦૧૦ | માતુશ્રી હીરબાઈ હીરજી ઘેલાભાઈ વોરા | ૭૨ | નારાયણપુર |
| ૨. | ગુરુવાર, તા. ૨૫-૨-૨૦૧૦ | કીર્તિલાલ ગેલચંદ સંઘવી | ૭૨ | સાંતલપુર |
| ૩. | સોમવાર, તા. ૨૪-૫-૨૦૧૦ | ધર્મેશ (રાજુ) દેવેન્દ્ર ડુંગાણી | ૪૨ | બકોત્રા (સાંતલપુર) |
| ૪. | શનિવાર, તા. ૧૯-૬-૨૦૧૦ | નવીનચંદ્ર લહેરચંદ સંઘવી | ૬૦ | સાંતલપુર |
| ૫. | મંગળવાર, તા. ૨૦-૭-૨૦૧૦ | કેસરબહેન દામજી હીરજી શાહ | ૭૭ | કપાયા |
| ૬. | સોમવાર, તા. ૧૩-૯-૨૦૧૦ | કાતાંબહેન ઠાકરશી લોડાયા | ૭૫ | પરજાઉ |
| ૭. | ગુરુવાર, તા. ૩૦-૯-૨૦૧૦ | નાનાલાલ પ્રેમચંદ કોરડિયા | ૮૩ | ફતેહગઢ |
| ૮. | બુધવાર, તા. ૧૩-૧૦-૨૦૧૦ | રતિલાલ કલ્યાણજી હીરજી શાહ (મોતા) | ૭૧ | નવા વાસ |
| ૯. | મંગળવાર, તા. ૨૩-૧૧-૨૦૧૦ | વસંતલાલ કાંતિલાલ વિશનજી સંઘવી | ૭૭ | અંજાર |
| ૧૦. | શનિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૦ | નરેન્દ્ર અમરચંદ શામજી શાહ | ૬૩ | માંડવી |
| ૧૧. | ગુરુવાર, તા. ૯-૧૨-૨૦૧૦ | સોનબાઈ ભાણજી મૈશેરી | ૭૭ | બાંઢિયા |

- **નોંધ :**

૧. ઉપરોક્ત લિસ્ટમાં કોઇ નામોનો સમાવેશ કરવાનો બાકી રહી ગયેલ હોય તો સત્વરે અમને જણાવવા વિનંતી.

૨. દરેક સ્વર્ગસ્થના પરિવારે મોટી સાઇઝના એક ફોટાની છબી મોડામાં મોડી, ગુરુવાર તા. ૬-૧-૨૦૧૧ અગાઉ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પર પહોંચાડવાની રહેશે. ભક્તિ સંગીતના કાર્યક્રમ બાદ, તે છબી પરત લઇ જઇ શકાશે.

૩. સમાજના સહુ સભ્ય પરિવારોને તથા સ્વર્ગસ્થના આત્મીયજનોને મોડામાં મોડા, એ દિવસે સવારમાં ૯.૧૫ વાગ્યા સુધીમાં પોતાના સ્થાન પર ગોઠવાઇ જવા વિનંતી કરવામાં આવે છે. કાર્યક્રમ બરાબર ૯.૩૦ વાગ્યે શરૂ કરી દેવામાં આવશે. ૯.૩૦ વાગ્યા બાદ કાર્યક્રમમાં ખલેલ ન પહોંચાડવા વિનંતી.

૪. શક્ય હોય ત્યાં સુધી નાના બાળકોને સાથે ન લાવવા વિનંતી.

*ઉપાસના જુદી જુદી હોય છતાં બધા ધર્મોનો સારાંશ એકસરખો જ છે.*

૫. સફેદ પોશાકમાં ઉપસ્થિત રહેવું ઉચિત રહેશે.
૬. ઉપસ્થિત રહેનાર દરેકને ગાવામાં આવનાર ભક્તિ સંગીતની એક બુક આપવામાં આવશે.
૭. કાર્યક્રમના સૌજન્યનો નકરો રૂા. ૧૧૦૦૦/- રાખવામાં આવેલ છે. એકથી વધુ ''સૌજન્ય'' રાખી શકાશે.
૮. દરેકને સમયસર ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## ગૃહઉદ્યોગ પાછળ સમાજનો હેતુ

ગૃહઉદ્યોગમાં સમાજના સભ્યો દ્વારા બનાવવામાં આવતી વાનગીઓ તથા અન્ય સામગ્રીના વેચાણ માટે શ્રી કચ્છી જૈન ભવન-પાલડી તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ-શાહીબાગ ખાતે રિટેઈલ કાઉન્ટર શરૂ કરી દેવામાં આવેલ છે.

શ્રી કચ્છી જૈન ભવન-પાલડી પર વિતરણ કાર્ય શ્રી ભાવેશ ગડા સંભાળી રહેલ છે. જ્યારે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ ખાતેનું વિતરણ કાર્ય શ્રી રાજુભાઈ ત્રેવાડિયા સંભાળી રહેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના કોઈપણ સભ્યે ગૃહઉદ્યોગ દ્વારા બનાવેલ કોઈપણ આઈટમનું વિતરણ આ કાઉન્ટરો પરથી થઈ શકે છે. દરેક વસ્તુ શુદ્ધ, સાત્વિક અને કિફાયતી હશે તો જ તેનું વિતરણ કાર્ય હાથ પર લેવામાં આવશે.

હજુ પણ ગીતામંદિર પરના સેવા ભવન તથા બહેરામપુરાના નવનીત ભવન પર રિટેઈલ કાઉન્ટર ખોલવાના બાકી રહે છે.

જેઓને ઉપરોક્ત સ્થળે રિટેઈલ કાઉન્ટર ખોલવામાં રસ હોય તેઓને મેનેજરશ્રીનો શ્રી કચ્છી જૈન ભવન પાલડી પર સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

સમાજના વધુને વધુ સભ્યો ગૃહઉદ્યોગ દ્વારા પોતાને ત્યાં વિવિધ આઈટમો બનાવી, તેની વેચાણ પ્રક્રિયામાંથી નફો રળે તેજ આ સમાજનો ગૃહઉદ્યોગ ચલાવવાનો હેતુ માત્ર છે.

આશા છે કે સમાજના વધુને વધુ પરિવારો પોતાને ત્યાં ગૃહઉદ્યોગ શરૂ કરી વિવિધ આઈટમો બનાવવાનું તરતમાં જ ચાલુ કરશે. આ સમાજ તેઓની કોઈપણ પ્રકારની જરૂરિયાત પર પૂરેપૂરૂં લક્ષ આપવા કટિબદ્ધ રહેશે.

***રજનીકાંત ધરમશી પારેખ***
*કન્વીનર - ગૃહઉદ્યોગ સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## ગૃહ ઉદ્યોગ : બનાવેલ વાનગી ખરીદી લેવામાં આવશે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કોઈ પણ સભ્ય પોતાને ત્યાં ગૃહ ઉદ્યોગ દ્વારા નીચે મુજબની વાનગીઓ બનાવવા ઈચ્છા ધરાવતા હશે તેમની પાસેથી આ વાનગીઓ બંને ભવનના રિટેઈલ કાઉન્ટર પર નિર્દિષ્ટ કર્યા અનુસારના ભાવે ખરીદી લેવામાં આવશે. વાનગી સાત્વિક અને સ્વચ્છ હોવી જોઈએ. કોઈ પણ અન્ય વ્યક્તિ રિટેઈલ કાઉન્ટર પરથી તેની ખરીદી કરે તો તેની ક્વોલિટીના બારામાં કમ્પ્લેઈન ન આવવી જોઈએ, તે વાનગી બનાવનારે લક્ષમાં લેવું જરૂરી છે.

ગૃહ ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે આ વ્યવસ્થા કરવામાં આવી રહેલછે.

| *વાનગી* | *એક કિલોના ભાવ (રૂા.)* |
|---|---|
| ● ભાવનગરી ગાંઠિયા | ૬૫/- |
| ● લાકડિયા ગાંઠિયા | ૬૫/- |
| ● માખણિયા ગાંઠિયા | ૬૫/- |
| ● પાપડી | ૬૫/- |
| ● ઝીણી સેવ | ૬૫/- |
| ● મીઠું ચવાણું | ૬૫/- |
| ● તીખું ચવાણું | ૬૫/- |
| ● સેવ મમરી | ૬૫/- |
| ● પૌંવાનો ચેવડો | ૬૫/- |
| ● તીખી ચણા દાળ | ૬૫/- |
| ● ફુદીના ચણા દાળ | ૬૫/- |
| ● સક્કરપારા - તીખા | ૬૫/- |
| ● સક્કરપારા - મીઠા | ૬૫/- |
| ● ટમટમ | ૭૦/- |
| ● ફુલવડી | ૭૦/- |
| ● રતલામી સેવ | ૭૦/- |
| ● ફુદીના સેવ | ૭૦/- |
| ● નાયલોન સેવ | ૭૦/- |
| ● ઘઉંની પુરી | ૭૦/- |
| ● સુકી કચોરી | ૭૦/- |
| ● સીંગભુજિયા | ૭૦/- |
| ● ફરસીપુરી | ૭૫/- |
| ● ટોમેટો સેવ | ૮૦/- |
| ● ફરાળી ચેવડો | ૮૦/- |
| ● દાલ મુઠ | ૮૦/- |
| ● સાદા ખાખરા - ઘી | ૮૦/- |
| ● મસાલા ખાખરા | ૮૦/- |
| ● કેળા વેફર | ૮૦/- |
| ● પાપડના લોયા | ૮૦/- |
| ● બિકાનેરી સેવ | ૯૦/- |
| ● સાદા ખાખરા - ડાયેટ | ૯૦/- |
| ● મગ દાળ | ૧૦૦/- |
| ● ખાખરા (અલગ અલગ ફ્લેવરના) | ૧૦૦/- |
| ● કચ્છી પેંડા | ૧૮૦/- |
| ● કેડબરી ચોકલેટ | ૩૫૦/- |

★ માલની ડિલીવરી ભવન પર આપવાની રહેશે.
★ પેમેન્ટ નક્કી કર્યા અનુસાર આપવામાં આવશે.
★ ૨૫૦ ગ્રામ અથવા ૫૦૦ ગ્રામ પાઉચ પેકિંગમાં ફરસાણ આપવાનું રહેશે.
★ કેડબરી ચોકલેટની પેકિંગ અલગ પ્રકારની રહેશે.
★ ગૃહ ઉદ્યોગ કરનાર વ્યક્તિએ અગર ઉપર પ્રમાણેની વાનગીઓ આપવાની હશે તો તેઓએ શ્રી રજનીકાંત ધરમશી પારેખનો ૯૮૯૮૦ ૫૩૫૨૧ નંબર પર સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

***કન્વીનર, ગૃહ ઉદ્યોગ સમિતિ***

*સિંહે પણ માખીઓથી પોતાનું રક્ષણ કરવું પડે છે.*

# સામાજિક સુરક્ષા સમિતિ

## મેડિક્લેઇમ પોલીસી બાબત તાત્કાલિક અગત્યની જાહેરાત

સમાજની ગ્રૂપ વીમા યોજનામાં જોડાયેલ સભ્ય પરિવારોને જણાવવાનું કે તબીબી વીમા પોલિસીની પદ્ધતિમાં ચાલુ વર્ષે રિન્યુઅલ વખતે જ અલગ પદ્ધતિ અપનાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે, એ મુજબ હવેથી નવી પદ્ધતિ નીચે મુજબ રહેશે.

તા. ૨-૧૨-૨૦૧૦ ના રોજ સમિતિની મળેલ સભામાં લેવાયેલ નિર્ણય મુજબ હાલની ગ્રૂપ પોલિસીના બદલે પરિવાર દીઠ અલગ પોલિસી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. જેથી ૨ અથવા વધારે વ્યક્તિઓના પરિવારને હાલના પ્રીમિયમમાં ૧૦% ફાયદો થશે, જે વળતર ગ્રૂપ પોલિસીમાં નહોતું મળી શકતું. ઉપરાંત ક્લેઇમ ન થાય એ વર્ષમાં બોનસનો ફાયદો પણ કંપનીના નિયમો મુજબ મળી શકશે. ખાસ ધ્યાન દોરવાનું કે ફ્લોટર પોલિસીમાં ઉપરોક્ત ફાયદા મળતા નથી.

સમયના અભાવે ટ્રસ્ટ મંડળની મંજૂરીની અપેક્ષાએ સમાજના હોદ્દેદારોની સંમતિ લઇ આ નિર્ણયનો તાત્કાલિક અમલ કરવાનું નક્કી કરેલ છે.

સભ્ય પરિવારોની જાણ માટે પરિવારની વ્યાખ્યા નીચે મુજબ છે.

પતિ-પત્ની અને ૨૫ વર્ષથી નીચેના અપરિણીત સંતાનોનો પરિવાર ગણાશે. ૨૫ વર્ષથી ઉપરના સંતાનો તેમજ સાથે રહેતા માતા-પિતા કે અન્ય વ્યક્તિઓને અલગ પરિવાર તરીકે ગણવાના રહેશે અને તેના અલગ ફોર્મ ભરવાના રહેશે.

**વીમો લેવા ઇચ્છતા નવા સભ્ય પરિવારો માટે :**

૧. જે વ્યક્તિની ઉંમર ૪૫ વર્ષથી ઓછી હોય તે ફોર્મ ભરી પ્રીમિયમનો ચેક આપી દાખલ થઇ શકશે.

૨. જે વ્યક્તિની ઉંમર ૪૫ વર્ષ કરતાં વધારે હોય તો તેમણે પોતાના ખર્ચે કંપનીના માન્ય ડૉક્ટર પાસે તબીબી તપાસ કરાવવાની રહેશે. આના આધારે વીમો મળી શકશે.

૩. ૭૦ વર્ષની ઉંમર બાદ વીમો મળી શકશે નહિ.

૪. પ્રીમિયમની ગણતરી માટે મંગલ મંદિરના ડિસેમ્બર અંકમાં આપેલ કોઠાનો ઉપયોગ કરવો. ગણતરીની પદ્ધતિ, એ અંકમાં જણાવેલ છે. એ મુજબ રકમ લઇ ૨ અથવા વધારે સભ્યો હોય તો ૧૦% બાદ કરીને સર્વિસ ટેક્સ ૧૦.૩% ઉમેરવો.

જૂના વીમાધારક પરિવારો તેમજ નવા દાખલ થતા પરિવારો વ્યક્તિદીઠ તેમજ ફેમિલી ફ્લોટર, બંન્ને પદ્ધતિની પોલીસી લઇ શકશે, પરંતુ ૬૦ વર્ષની ઉંમર ઉપર ફેમીલી ફ્લોટર મળી શકશે નહીં.

અન્ય શરતો મંગલ મંદિરમાં જણાવ્યા મુજબ રહેશે.

ઉપરાંત જણાવવાનું કે બેંક ઓફ બરોડા તથા બેંક ઓફ ઇન્ડિયા જેવી બેંકો પોતાના ખાતેદારો માટે ગ્રૂપ વીમા યોજના હેઠળ પોલિસી આપે છે, જેમાં હજારોની સંખ્યામાં સભ્યો હોતાં પ્રીમિયમ ઘણું ઓછું આવે છે. આથી યુવાન વયના નિરોગી પરિવારો આવી બેંકમાં ખાતું ખોલાવી લાભ લઇ શકે. જોકે આમાં બેંક, પોલિસી આપવા સિવાય કોઇ જાતની સેવા અપાતી નથી.

**વધારે જાણકારી માટેના સંપર્ક :**

*કન્વીનરશ્રી અશ્વિનભાઈ સાવલા મો. ૯૮૨૫૯ ૩૮૭૭૧*
*એજન્ટ શ્રી નૃપેન શાહ મો. ૯૬૨૪૦ ૫૬૬૮૮*
*સભ્ય શ્રી મગનભાઈ સંઘવી ફોન : ૨૬૮૭૧૯૨૫*
*મેનેજર શ્રી પરાશર વ્યાસ સમાજના ફોન નંબર ઉપર સંપર્ક સાધવો.*

**બેંક ઓફ બરોડા દ્વારા અપાતી ફ્લોટર પોલિસીના પ્રીમિયમની વિગત**

| ક્રમ | વિમા પોલિસીની રકમ રૂા. | પ્રીમિયમની રકમ ટેક્સ સાથે રૂા. |
|---|---|---|
| ૧. | ૫૦,૦૦૦ | ૯૧૪ |
| ૨. | ૧.૦ લાખ | ૧૭૧૬ |
| ૩. | ૧.૫ લાખ | ૨૫૯૦ |
| ૪. | ૨.૦ લાખ | ૩૩૩૨ |
| ૫. | ૩.૦ લાખ | ૪૬૪૮ |
| ૬. | ૪.૦ લાખ | ૫૭૯૭ |
| ૭. | ૫.૦ લાખ | ૬૯૫૦ |

કુટુંબમાં ૧ વ્યક્તિથી લઇને ૪ વ્યક્તિ સુધી પ્રીમિયમની કુલ રકમ ઉપર પ્રમાણે થાય છે. ત્રણ મહિનાથી ૬૫ વર્ષ સુધીની વ્યક્તિને વીમો આપવામાં આવે છે.

આ નવી વ્યક્તિગત યોજના મુજબ જે સભ્ય પરિવારોના વીમા ચાલુ હતા અને જેઓએ ફોર્મ ભરીને ચેક આપી દીધેલ છે તેઓના વીમા લેવાઇ ગયા છે.

વર્ષ દરમ્યાન નવા થયેલ સભ્ય પરિવારો તથા અન્ય પરિવારો જો વીમો લેવા ઇચ્છતા હોય તો આગળ આપેલ પદ્ધતિ મુજબ પ્રીમિયમની ગણતરી કરી ચેક આપવાનો રહેશે. ઉપરાંત ફોર્મ પણ ભરવાનું રહેશે. ફોર્મ સમાજની ઓફિસમાંથી મળી શકશે અને ચેક પણ સમાજની ઓફિસમાં આપવાથી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

વધારે માર્ગદર્શન માટે આગળ આપેલ ફોન નંબરો ઉપર સંપર્ક કરી શકાશે.

***અશ્વિન સાવલા - કન્વીનર, સમાજ સુરક્ષા સમિતિ***
***પ્રતાપભાઈ દંડ - મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ***

*મોટા થઈ જનારા લોકોએ નાના પણ થવું પડે છે.*

# યુવા વિકાસ સમિતિ

## બુક બેંક યોજના

બેંક એટલે આપણા આર્થિક વ્યવહારોને સુગમતા બક્ષતી એક સંસ્થા કે જેના વિવિધ પ્રકારના કાર્યોથી આપ સૌ સુવિદિત છો જ. બેંક આપણને લોન આપે છે, આપણી બચતો ઉપર વ્યાજ આપે છે, આપણને સુરક્ષિત લોકરની સુવિધા આપે છે, આપણા નાણાકીય વ્યવહારોને સુરક્ષિત અને સુગમ બનાવે છે. **જરા વિચારો! આપણે જેને મહાદાન તરીકે માનીએ છીએ એવા અક્ષરદાન, જ્ઞાનદાનનો લાભ આપને આવી કોઈ બેંક દ્વારા પ્રાપ્ત થાય તો આપ તેનો લાભ લો કે નહીં?** અગર તમારો જવાબ 'હા' છે તો જ આગળ વાંચજો, અન્યથા વાંચવા પાછળ આપનો અમૂલ્ય સમય વેડફતા નહિ.

**અક્ષર દાન / જ્ઞાન દાનનો લાભ કરાવતી, લાભ આપતી બેંક એટલે બુક બેંક.**

આપ સૌ જ્ઞાતિજનોના સાથ સહકારથી યુવા વિકાસ સમિતિ બુક બેંક યોજના શરૂ કરવા જઈ રહી છે. આપની પાસે રહેલા શૈક્ષણિક પુસ્તકોનો સદુપયોગ થાય એવા ઉમદા હેતુથી અમે આપની સમક્ષ ઉપરોક્ત યોજના લઈને આવ્યા છીએ. **બહુ સાદી ને સરળ ભાષામાં વાત કરીએ તો આપ આપના બાળકના શૈક્ષણિક પુસ્તકો વર્ષાંતે અમારી પાસે જમા કરાવો અને આપને જોઈતા આગામી વર્ષના પુસ્તકો અમારી પાસેથી મેળવો.** તમારે સત્વરે તમારું નામ, બાળકનું નામ, હાલનું ધોરણ, માધ્યમ (અંગ્રેજી / ગુજરાતી), (સી.બી.એસ.ઈ. બોર્ડ કે ગુજરાત બોર્ડ વગેરે) વિગતવાર વિદ્યાર્થી દીઠ અલગ અલગ આપના નામ સરનામા / ફોન નંબર સાથે લખીને મોકલાવવાનું રહેશે. જેથી આપની પાસેથી કયા ધોરણના પુસ્તકો અમોને પ્રાપ્ત થવાના છે અને આપને કયા ધોરણના પુસ્તકો જોઈશે તેની અમોને જાણ રહે અને તે માટે યોગ્ય વ્યવસ્થા અમો કરી શકીએ.

આ સાથે સમાજના સર્વે સભ્યોને અપીલ કરીએ છીએ કે હજી તો શૈક્ષણિક વર્ષ પૂરું થવાની વાર છે. લખીશું, જણાવીશું, શું ઉતાવળ છે વગેરે પ્રકારની આળસને ત્યજીને આપની જરૂરિયાત અને આપના તરફથી પ્રાપ્ત થનાર સહયોગ (પુસ્તકો સ્વરૂપે) અમોને સત્વરે લખી મોકલાવશોજી.

**વિગત મોકલવાનું સરનામું :**
વિમેશ જી. શાહ
(યુવા વિકાસ સમિતિ)
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

**વધારે માહિતી માટે સંપર્ક :**
શ્રી વિમેશ શાહ (મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭) (રાત્રે ૮ થી સવારે ૮)

*નવીન લાલકા - કન્વીનર, યુવા વિકાસ સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# યુવા વિકાસ સમિતિ

**આયોજિત**

## નોટબુક તથા ચોપડા વિતરણ કાર્યક્રમ

બુક બેંક યોજનાની વિગતો સહુએ મંગલ મંદિરના ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૦ના અંકમાં વાંચેલ હશે. ચાલુ અંકમાં પણ આ અંગેની વિગતો અન્યત્ર આપવામાં આવેલ છે.

યુવા વિકાસ સમિતિએ વર્ષ ૨૦૧૧-૨૦૧૨થી નોટબુક તથા ચોપડા વિતરણની યોજનામાં પણ આગળ વધવાનું નક્કી કરેલ છે. આ યોજના હેઠળ સારા એવા કન્સેશનના દરથી (લગભગ ૪૦થી ૫૦ ટકા) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના, અમદાવાદ તથા ગાંધીનગર સ્થિત સભ્યોના બાળકોને જરૂરિયાત મુજબ નોટબુક / ચોપડાનું વિતરણ નવા સત્રની શરૂઆતથી કરવામાં આવનાર છે.

સમાજના દરેક સભ્ય પરિવારને આ યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

ધોરણ-૧થી ૭ સુધીમાં અભ્યાસ કરતા બાળકોને ૧૪૪ પાનાની નોટબુક દરેક બાળકના હિસાબે વધુમાં વધુ અઢી ડઝન આપવામાં આવશે.

ધોરણ-૮થી ઉપર અભ્યાસ કરતા શાળાના બાળકોને અને કૉલેજના વિદ્યાર્થીઓને ૧૪૪ પાનાના ચોપડા દરેક વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ અઢી ડઝનના હિસાબે આપવામાં આવશે.

ધોરણ-૧થી ૭ના ૧૨૫ વિદ્યાર્થી અને ધોરણ-૮થી ઉપરના ૨૦૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકશે. વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરવામાં આવશે.

*કન્વીનરશ્રી, યુવા વિકાસ સમિતિ,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ,*
*શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ-૬.*

બાળકનું નામ, કયા ધોરણમાં અભ્યાસ કરે છે અને નોટબુક અથવા ચોપડા કેટલા જોઈએ છે તેની વિગતવાર માહિતી દરેકે મોકલી આપવાની રહેશે.

**આ યોજનાના સ્પોન્સરર બનવાની ઈચ્છા ધરાવનારે નીચે સહી કરનારનો સંપર્ક સાધવા વિનંતી.**

**નોટબુક તથા ચોપડા પર જાહેરાત પણ લેવાની હોવાથી, જ્યારે અમારા કાર્યકરો જરૂરી જાહેરાત માટે આપશ્રીનો સંપર્ક સાધે ત્યારે સહકાર આપવા વિનંતી.**

*નવીન લાલકા (૯૩૭૭૭ ४२४२१)*
*કન્વીનર, યુવા વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*જો તમે ઈચ્છતા હો કે લોકો તમારા પર વિશ્વાસ કરે, તો પહેલાં તમે તેમને એ વિશ્વાસ સંપાદન કરાવો કે તમે તેમના પર વિશ્વાસ કરો છો.*

*ખોટી વાત લાંબાગાળે તો નુકસાન જ કરે છે.*

## યુવા વિકાસ સમિતિ યોજે છે....

### શ્રીમતી છાયાબહેન વિનોદચંદ્ર દેઢિયા ચિત્રકલા હરીફાઈ

આગામી તા. ૬-૨-૨૦૧૧ને રવિવારના રોજ શ્રીમતી છાયાબહેન વિનોદચંદ્ર દેઢિયા ચિત્રકલા હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ પોતાના નામ નીચે જણાવેલ કાર્યકરોને તા. ૨૮-૧-૨૦૧૧ સુધી લખાવવાના રહેશે.

*શ્રી વિમેશ શાહ : મો. ૯૮૭૯૧૧૦૪૬૭*

*શ્રી હીરેન એ. શાહ : મો. ૯૮૨૫૪૦૩૬૦૦*

*સ્પર્ધકે અથવા વાલીએ નામ, ઉંમર અને ફોન નંબર લખાવવો જરૂરી છે.*

**હરીફાઈની તારીખ : રવિવાર, તા. ૬-૨-૨૦૧૧**

**હરીફાઈનો સમય : સવારે ૯ કલાકે (પાલડી ભવન)**

● **નિયમો :**

૧. સ્પર્ધકોએ પોતાના નામ લખાવવા જરૂરી છે.

૨. અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસતા ફક્ત કચ્છી જૈન સભ્યોના પરિવારજનો જ ભાગ લઈ શકશે.

૩. ભાગ લેનાર સ્પર્ધકે ફક્ત પેન્સિલ કલર કે ચોક કલર (ક્રેયોન)નો ઉપયોગ કરી શકશે. જે તેમણે પોતાની રીતે લાવવાના રહેશે.

૪. સ્કેચપેનનો ઉપયોગ ફક્ત આઉટલાઈન માટે જ કરી શકાશે.

૫. ચિત્ર દોરવા માટે કાગળની વ્યવસ્થા યુવા વિકાસ સમિતિ દ્વારા કરવામાં આવશે.

૬. ચિત્રનો વિષય હરીફાઈના દિવસે આપવામાં આવશે.

૭. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

૮. ઉપરોક્ત સ્પર્ધાના સમય - તારીખમાં સંજોગો પ્રમાણે જરૂરી ફેરફાર કરવાની સત્તા યુવા વિકાસ સમિતિ પાસે રહેશે.

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

## યુવા વિકાસ સમિતિ યોજે છે....

### બુકશેલ્ફ - બ્લડ ડોનેશન પારિતોષિક યોજના

**"જીવન પર્યંત રક્તદાન, મૃત્યુ બાદ ચક્ષુદાન"**

શું આપ નિયમિત રક્તદાન કરો છો? જો આપનો જવાબ 'હા'માં છે તો આપ ખરેખર ઉમદા કાર્ય કરો છો. એક માનવી તરીકે અન્ય માનવી પ્રત્યેની આપની ફરજનિષ્ઠા બદલ આપને અમે અભિનંદન આપીએ છીએ. આપ અને આપના જેવી અન્ય રક્તદાતાઓની ભાવનાઓને પ્રોત્સાહિત કરવાના એક નાનાકડા પ્રયાસ સ્વરૂપે યુવા વિકાસ સમિતિ યોજે છે "બુક શેલ્ફ" રક્તદાન પારિતોષિક યોજના.

જો આપ નિયમિત રક્તદાન કરતા હો તો આપે અત્યાર સુધી કરેલા રક્તદાનની સંખ્યા અને છેલ્લે ક્યારે રક્તદાન કરેલ છે તેની તારીખની વિગત અમોને લખી મોકલાવજો.

આપનું નામ, ઉંમર, ટેલિફોન નંબર (મોબાઈલ), અત્યાર સુધી આપે કરેલ કુલ રક્તદાનની સંખ્યા (જો યાદ હોય તો) અને વર્ષ દરમિયાન (તા. ૧-૪-૧૦થી ૩૧-૩-૧૧ સુધી) આપે કેટલી વખત રક્તદાન (તારીખ યાદ હોય તો તે સાથે), કોને માટે (કોઈ દર્દી માટે કે રક્તદાન કેમ્પમાં) કરેલ છે તે તમામ વિગત અમોને એક પેપર ઉપર તા. ૩૦-૪-૨૦૧૧ સુધી આપની વિગત નીચે દર્શાવેલ સરનામે મોકલાવી આપશો.

**રાજેશ ધરમશી**
**સભ્ય, યુવા વિકાસ સમિતિ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન - પાલડી,
અમદાવાદ.

***નોંધ : કવર ઉપર "રક્તદાન" લખવું જરૂરી છે.***

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

## યુવા વિકાસ સમિતિ યોજે છે....

### શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઈ (૨૦૧૦-૧૧)

આ કાવ્ય હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક, શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પણ પ્રકાશિત થયેલ ના હોય), તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં લખીને બંધ કવરમાં શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પર પહોંચાડવાની રહેશે. કવર ઉપર "કાવ્ય હરીફાઈની કૃતિ" એમ લખવું.

### શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઈ (૨૦૧૦-૧૧)

આ વાર્તા હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક, શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય) વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં પાનાની એક બાજુ પર સુંદર અક્ષરોમાં તા. ૩૧-૧-૨૦૧૧ સુધી લખીને બંધ કવરમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર પહોંચાડવાની રહેશે. કવર ઉપર "વાર્તા હરીફાઈની કૃતિ" એમ લખવું જરૂરી છે.

**ઉપરોક્ત બંને હરીફાઈઓ માટેના નિયમો :**

૧. સ્પર્ધકે પોતાનું પૂરું નામ / સરનામું / ફોન નંબર અવશ્ય સારા અક્ષરોમાં લખવું.

૨. બંને હરીફાઈઓની કૃતિ અલગ અલગ કવરમાં મોકલવી.

૩. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

૪. સ્પર્ધામાં વિજેતા કૃતિઓને શક્ય હશે તો મંગલ મંદિરમાં સ્થાન આપવામાં આવશે.

૫. આ હરીફાઈમાં ૧૫ વર્ષ સુધી અને ૧૬ વર્ષથી વધુ ઉંમરના — એમ બે ગ્રૂપ પાડવામાં આવશે.

૬. આ હરીફાઈમાં અમદાવાદ / ગાંધીનગર જિલ્લામાં વસતા કચ્છી જૈન પરિવારના સભ્યો જ ભાગ લઈ શકશે.

૭. કવર ઉપર, કન્વીનરશ્રી, યુવા વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ લખવું.

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

# વયસ્ક સમિતિ

## આગામી કાર્યક્રમ

તા. ૧૩-૧-૨૦૧૧, ગુરુવારના રોજ વયસ્કો માટે એક દિવસનો પિકનિકનો કાર્યક્રમ રાખેલ છે.

આ કાર્યક્રમ નીચે મુજબ છે.

સવારે ૬.૩૦ : પાલડી ભવનથી રાસ્કા તીર્થ પ્રયાણ

૭.૧૫ : રાસ્કા આગમન, સવારની નવકારશી

૧૦.૦૦ : ગલતેશ્વર ખાતે નદીના પાણીની મોજ, રમતગમત બપોરનું ભોજન વામકુક્ષી અને બપોરની ચ્હા.

(નદીની ઊંડાઈ બહુ નથી અને પાણી ખૂબ જ ચોખ્ખું છે. છબછબિયાં કરવાની ઈચ્છાવાળાઓએ ટુવાલ અને કપડાં લાવવાની વ્યવસ્થા કરવી.)

બપોરે ૨.૩૦ : અગાસ આશ્રમની મુલાકાત માટે જવા રવાના.

૪.૦૦ : શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં આગમન અને ચૌવિહાર.

૬.૦૦ : આશ્રમથી પ્રયાણ.

૯.૩૦ : અમદાવાદ આગમન.

રૂા. ૧૫૦/- ભરી આપના નામ તા. ૧૧-૧-૨૦૧૧ સુધી પાલડી ભવન પર નોંધાવવા.

## મધ્યપ્રદેશ યાત્રા પ્રવાસ

વયસ્ક સમિતિ દ્વારા પ્રાયોજિત નાગેશ્વરના કાર્યક્રમમાં પૂરતા સભ્યો ન થવાથી તેમજ રેલવેમાં બધાને નીચેની સીટો ન મળવાથી હવે નાગેશ્વરનો ચાર દિવસ માટેનો બસ દ્વારા પ્રવાસ તા. ૫-૩-૨૦૧૧થી તા. ૮-૩-૨૦૧૧ અથવા તા. ૨૦-૩-૨૦૧૧થી તા. ૨૩-૩-૨૦૧૧ના રોજનો બસની ઉપલબ્ધિ પ્રમાણે પ્રવાસ કરવાનું આયોજન કરવાનું નક્કી કરેલ છે. તેમના માટેનો ચાર્જ રૂા. ૧૫૦૦/- રાખેલ છે. જો બસમાં જગ્યા હશે તો વયસ્ક સિવાય અન્ય સભ્યોને રૂા. ૨,૦૦૦/-નો ચાર્જ લઈ યાત્રામાં લઈ જવામાં આવશે.

નીચે મુજબના સ્થળો આવરી લેવામાં આવશે : મોહનખેડા - માંડવગઢ - ભોપાવર - અમિઝરા - ધાર (ભક્તામર તીર્થ) - ઉજ્જૈન - અલૌકિક પાર્શ્વનાથ - મક્ષીજી - ઈંદોર - નાગેશ્વર.

*રજનીભાઈ પારેખ - કન્વીનર, વયસ્ક સમિતિ*

# વયસ્ક સમિતિ

## તા. ૩૦-૧૧-૨૦૧૦ની પિકનિકનો અહેવાલ

વયસ્ક સમિતિ દ્વારા તા. ૩૦-૧૧-૨૦૧૦ના રોજ એક દિવસીય પિકનિકનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

વહેલી સવારે ૬.૦૦ વાગે સર્વે વડીલોએ નવકાર મંત્રની ધૂન સાથે પાલડી, શ્રી કચ્છી જૈન ભવન પરથી પ્રસ્થાન કર્યું. ત્યારબાદ સવારે ૮.૦૦ વાગે ૐકાર તીર્થની મુલાકાત લીધી. ત્યાં પ્રભુદર્શન કરી નવકારશી કરી, સૌએ માલસર તરફ પ્રયાણ કર્યું. બસમાં રજનીભાઈ પારેખે વિવિધ પ્રશ્નોત્તરી તેમજ જોક્સ કહીને સમય પસાર કરાવ્યો. બપોરે ૧૨.૦૦ વાગે માલસર પહોંચ્યા. ત્યાં મંદિરની મુલાકાત લીધી. નૌકાવિહારની મોજ માણી અને ચા-ઠંડા પીણાને ન્યાય આપ્યો. ત્યારબાદ સૌએ ડભોઈ તરફ પ્રયાણ કર્યું. ત્યાં દૂધપાક - પુરીના જમણની મોજ માણી, વામકુક્ષી કરી. તો કેટલાકે પ્રભુ લોટાણા પાર્શ્વનાથની ભક્તિ કરી. ત્યારબાદ બપોરની ચાની ચુસ્કી લઈને સૌએ ૐ રિસોર્ટ તરફ પ્રયાણ કર્યું. જંગલમાં મંગલ એવા આ રિસોર્ટ જોઈને સૌ ભાવવિભોર થઈ ગયા અને આ રિસોર્ટમાં ભાજીપાંઉ - પુલાવનો આસ્વાદ માણી આજવા આવ્યા. પણ કમનસીબે પાર્ક બંધ હોવાથી સૌ અમદાવાદ, રાત્રે ૧૦ વાગે પરત ફર્યા.

આ કાર્યક્રમ માટે નીચેના સભ્યોની સ્પોન્સરશિપ મળેલ છે. વયસ્ક સમિતિ દ્વારા આ દાતાઓનો આભાર માનવામાં આવેલ હતો.

૧. નવકારશીના સ્પોન્સરર શ્રીમતી કુસુમબહેન વીરેન્દ્ર શાહનું શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા, શ્રીમતી હસુમતીબહેન સંઘવી, શ્રીમતી મંજુલાબહેન શેઠિયાએ શાલ ઓઢાડી બહુમાન કરેલ હતું.

૨. બપોરના ભોજનના સ્પોન્સરર શ્રીમતી જ્યોતિબહેન શાહનું શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી આણંદજીભાઈ વીરા તથા શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહે શાલ ઓઢાડી બહુમાન કરેલ હતું.

૩. સાંજના રિસોર્ટના જમણવારના નીચે મુજબના સ્પોન્સરશ્રીઓનો આભાર માનવામાં આવ્યો હતો.
(૧) કોકિલાબહેન ભોગીલાલ શાહ, (૨) વિમળાબહેન શાંતિલાલ રાંભિયા, (૩) વિજયંત ટ્રાવેલ્સ, (૪) માલવિકા મયંક શાહ, (૫) ચંદ્રાબહેન મહેન્દ્ર શાહ.

*રજનીભાઈ પારેખ - કન્વીનર, વયસ્ક સમિતિ*

## સજ્જનો સક્રિય બને તો ...

સુપ્રસિદ્ધ તત્ત્વ ચિંતનકારોમાં રોમાંરોલાંએ લખ્યું છે :

**"આ દુનિયા દુર્જનોની દુર્જનતાથી જેટલી નથી પીડાતી તેટલી સજ્જનોની નિષ્ક્રિયતાને લીધે પીડાય છે."**

સહુ સજ્જન બને, સજ્જનો સક્રિય બને અને સક્રિય બનેલા સજ્જનો સંગઠિત બને તો ઘણી બધી સમસ્યાઓ સરળતાથી ઉકલી જાય.

તમે જાતે જ સારા માણસ બનવાનો આગ્રહ રાખો. તમારા બાળકોને સારા માણસ બનવાના સંસ્કાર આપો. સૌ સાથે એવી રૂડી માણસાઈથી વર્તો કે બીજાને પણ સારા માણસ બનવાનું અને સૌ સાથે માણસાઈથી વર્તવાનું મન થાય.

માનવીના હૃદયની ધરતી ઉપર સંતોની વાણી દ્વારા સદ્વિચારની વર્ષા થાય તો જ માણસાઈનો દુકાળ દૂર થાય.

*સાભાર : 'પરિત્રાણ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

*એવું જીવન ના જીવો કે લોકો આપણાથી અંજાઈ જાય, પણ એવું જીવન જીવો કે લોકો આપણી લાગણીથી ભીંજાઈ જાય.*

## શ્રીમતી લીલાબહેન નવીનચંદ્ર હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ

### તા. ૨૭-૧૧-૨૦૧૦ના કાર્યક્રમનો અહેવાલ

લીલાબહેન નવીનચંદ્ર હરિયાની ચોથી પુણ્યતિથિ નિમિત્તે મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા શનિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૦ના રોજ બપોરના ૩.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર એક કાર્યક્રમનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જેમાં સમાજની અંદાજિત ૪૦ મહિલાઓ ઉપસ્થિત રહેલ હતી. આ કાર્યક્રમ દરમ્યાન ૧૦૮ પાર્શ્વનાથના નામવાળી હાઉસી રમાડવામાં આવેલ હતી અને વિજેતાઓને ઇનામો આપવામાં આવેલ હતા. ત્યારબાદ પાર્શ્વનાથ ભગવાનના ચરિત્ર વિશે પ્રશ્નાવલી પૂછવામાં આવેલ હતી. જેઓએ વધુ સવાલોના સાચા જવાબ આપ્યા તેઓ વિજેતા તરીકે જાહેર થયેલ હતા. વિજેતાઓમાં શ્રીમતી અલ્પાબહેન મારુ તથા શ્રીમતી કૈલાસબેન જીતુભાઇ સંઘવીના નામો જાહેર થયેલ હતા.

૧૦૮ પાર્શ્વનાથના નામવાળી હાઉસીના વિજેતાઓને ઇનામો આપવાના દાતા શ્રીમતી વર્ષાબહેન અનિલ હરિયા હતા. પાર્શ્વનાથ ભગવાનના ચારિત્રના પ્રશ્નાવલીના વિજેતાઓને જે ઇનામો આપવામાં આવ્યા તેના દાતા શ્રીમતી વસુમતીબહેન પ્રવીણ હરિયા હતા. એ દિવસે સહુને નાસ્તો, ચા-પાણી કરાવવામાં આવેલ કે જેના દાતા શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા હતા.

ઇનામો શ્રીમતી દમયંતીબહેન મેઘજી છેડાના વરદ્ હસ્તે આપવામાં આવેલ હતા.

### તા. ૧૮-૧૨-૨૦૧૦ના કાર્યક્રમનો અહેવાલ

શ્રીમતી લીલાબહેન નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિના ઉપક્રમે શનિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૦ના બપોરના ૩.૦૦ વાગે, શ્રી કચ્છી જૈન ભવન પર એક કાર્યક્રમનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જ્યારે સમાજની અંદાજિત ૪૦ મહિલાઓ ઉપસ્થિત રહેવા પામેલ હતી.

આ કાર્યક્રમ દરમ્યાન, ઉપસ્થિત મહિલાઓ વચ્ચે વન મિનિટ ગેઇમ અને હાઉસી રમાડવામાં આવેલ હતી. નાસ્તાની મિજબાની માણી સહુ છૂટા પડેલ હતા.

*કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*

### કીર્તિના પગથિયાં

"તમે જ્યારે કીર્તિના પગથિયાં ઝડપથી ચડતા હો ત્યારે રસ્તામાં જે-જે મળે તેની સાથે માયાળુ અને નમ્રતાથી વર્તો. કારણ કે જ્યારે એ પગથિયાં તમારે ઉતરવા પડશે ત્યારે આ બધા લોકોજ તમને રસ્તામાં સામે મળવાના છે."

*ડેસમન્ડ વિલકોક્સ*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

## શ્રીમતી લીલાબહેન નવીનચંદ્ર હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ

### મહિલા ઉત્કર્ષ સમિતિના ઉપક્રમે શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ સાવલા વાનગી હરીફાઇ (ફરસાણ)

શ્રીમતી લીલાબહેન નવીનચંદ્ર હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિના ઉપક્રમે શુક્રવાર, તા. ૨૧-૧-૨૦૧૦ના બપોરના ૩.૦૦ વાગે, શ્રી કચ્છી જૈન ભવન પર શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ સાવલા વાનગી હરીફાઇ (ફરસાણ)નું આયોજન ગોઠવવામાં આવેલ છે.

આ કાર્યક્રમના ઉપક્રમે તેમાં ભાગ લેનાર બહેનોએ લૉ કેલેરી તથા ઓછા તેલ-ઘીથી બનતી જૈન ફરસાણ બનાવીને લાવવાની રહેશે.

ઉપરોક્ત ઘરેથી બનાવીને લાવેલ વાનગીના ટેસ્ટ, પોષક તત્વો અને ડેકોરેશનને નજર સમક્ષ રાખીને ઇનામો નક્કી કરવામાં આવશે.

દરેક સ્પર્ધકે પોતે બનાવેલ વાનગીની વિગત લખી તેની બે કોપી સાથે લાવવાની રહેશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છા ધરાવનાર બહેનોએ પોતાના નામો તા. ૧૮-૧-૨૦૧૧ સુધી નીચેના સભ્યોને નોંધાવી દેવા વિનંતી કરવામાં આવે છે.

૧. *પ્રફુલાબહેન પંકજ ગોગરી - ૨૬૬૪૧૬૯૦*

૨. *માલાબહેન શાહ - ૨૭૪૧૩૭૪૬ / ૯૩૭૪૦ ૧૯૪૮૭*

અમદાવાદ-ગાંધીનગર સ્થિત કોઇપણ કચ્છી જૈન બહેનો આ કાર્યક્રમમાં ભાગ લઇ શકશે. આ કાર્યક્રમની કોઇપણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી. કાર્યક્રમ નિર્ધારિત સમયે ચાલુ કરવામાં આવશે.

બપોરના ૩.૧૫ પછી આવનાર બહેનોની વાનગી ઇનામને પાત્ર ગણવામાં આવશે નહીં.

*કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*

## પરિચય મિલન સમિતિ

પરિચય મિલન સમિતિની અવિધિસરની બેઠક તા. ૧૧ અને ૧૨ ડિસેમ્બર, ૨૦૧૦ના બે દિવસ મળી હતી. જેમાં લગ્નોત્સુક યુવક-યુવતીના ફોર્મની વિગતો એકત્ર કરી એનો ડેટા કોમ્પ્યુટરમાં તૈયાર કરવો એવો નિર્ણય લેવાયેલો.

વધુમાં એવો નિર્ણય કરેલ કે યુવક-યુવતી માટેના ફોર્મ 'મંગલ મંદિર'ના આગામી અંકમાં પ્રસિદ્ધ કરીને માહિતી મેળવી, એને વ્યવસ્થિત કરવી અને ભવિષ્યમાં "પરિચય મિલન સંમેલન" માટેની એક દરખાસ્ત કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટ મંડળને મોકલાવી આગળની કાર્યવાહી કરવા માટેના આદેશો મેળવવા.

*બુદ્ધિનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઇએ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)**

**શ્રી કચ્છી જૈન ભવન,** *નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૭ ૭૪૯૮*

*રજિસ્ટ્રેશન નંબર*

(સંસ્થા તરફથી ભરાશે)

## લગ્નોત્સુક યુવક-યુવતી અંગેની માહિતી

*ઉમેદવારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો*

(૧) ઉમેદવારનું સંપૂર્ણ નામ : ________ ________ ________ ________
*નામ* *પિતાનું નામ* *દાદાનું નામ* *અટક*

(૨) કચ્છમાં ગામ ________ તાલુકો ________

(૩) હાલમાં વસવાટનું સંપૂર્ણ સરનામું : ________

(૪) (A) જ્ઞાતિ (B) પેટા જ્ઞાતિ (C) સંપ્રદાય
(D) જન્મ તારીખ (E) ઉંમર (F) અભ્યાસ
(G) વજન (H) ઊંચાઈ (I) બાંધો
(J) બ્લડ ગ્રૂપ (K) વર્ણ (L) ચશ્મા / અન્ય ખોડ
(M) શોખ (N) ખાસ પસંદગી

(O) વિધુર / સગપણ / લગ્ન છૂટા થયાની વિગત :

કુંડળીમાં માનો છો? ________ મંગળ શનિ છે? ________ મોબાઈલ : ________

વ્યવસાય/નોકરી ________ ફોન : (ઓ) ________ (ઘર) ________ વાર્ષિક આવક : રૂા. ________

પિતાજીનો વ્યવસાય / નોકરી ________ ફોન : (ઓ) ________ (ઘર) ________ વાર્ષિક આવક : રૂા. ________

પોતાનું ઘર છે કે ભાડાનું ________ એરિયા ________

(૫) મોસાળ પક્ષનું નામ (મામાનું નામ) ________

(૬) ઉમેદવાર સાથે રહેતી વ્યક્તિઓના નામ (જો વધારે હોય તો અલગ કાગળમાં નીચે મુજબની વિગતે લખવા)

| *ક્રમ* | *સંપૂર્ણ નામ* | *ઉંમર* | *પરણેલા/કુંવારા* | *ઉમેદવાર સાથે સંબંધ* |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |
| ૬. | | | | |

(૭) કુટુંબના અન્ય સભ્યોની વિગતો - ભાઈઓ/બહેનો - કાકા વગેરે જે સંબંધીઓ અલગ રહેતા હોય તેની વિગત : ________

(૮) અમદાવાદમાં જો આપના સંબંધી રહેતા હોય તો તેની વિગત (નામ - સરનામા સાથે) ________

(૯) થેલેસેમિયા વિશેની માહિતી : ☐ નથી ☐ માઈનોર ☐ મેજર

(૧૦) અન્ય જો કોઈ વિગત હોય તો : ________

*લિ. ઉમેદવારની સહી*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્ટાફના સભ્યોના એક દિવસના પિકનિક કાર્યક્રમનો અહેવાલ

તા. ૫-૧૨-૨૦૧૦ના રોજ કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના ત્રણેય ભવન તથા મેડિકલ સેન્ટરના કર્મચારી ગણની એક દિવસીય પિકનિકનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં મહુડીમાં ઘંટાકર્ણ મહાવીર દર્શન તથા નવકારશી, ત્યાંથી તારંગા હિલ્સ જ્યાં બાહુબલી દર્શન, પર્વતીય ચઢાણ, બપોરનું ભોજન અને છેલ્લે તિરુપતિ નેચર પાર્ક જ્યાં ઉદ્યાન તથા અવનવી રમતો રમાડવામાં આવી હતી. છેલ્લે સાંજનું ભોજન લીધા બાદ સૌ કચ્છી જૈન ભવન પરત ફર્યા હતા. સવારે ૬.૦૦ વાગે પાર્શ્વનાથ ટ્રાવેલ્સની બસ ઉપડીને રાત્રે ૧૦.૦૦ વાગે કચ્છી જૈન ભવન પરત આવી હતી. કચ્છી જૈન સેવા સમાજે કર્મચારીગણનો અનુરોધ માન્ય રાખીને જરૂરી સહાય કરી હતી, જેના વગર આટલો સરસ યાદગાર પ્રવાસ શક્ય ન બન્યો હોત. સર્વ કર્મચારીગણ કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટીશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

*દક્ષાબહેન રામાવત*

*તમારા સ્વપ્નોને સાકાર કરવા માટે તમારા વિચારોને બદલો અને એવું વિચારો કે હું આનાથી પણ કંઈક સારું કરી શકું છું.*

## "સંકલ્પ"
## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

"સંકલ્પ" શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૬-૧-૨૦૧૧ના દિવસે ધ્વજ વંદનના કાર્યક્રમ બાદ રમત-ગમતનો કાર્યક્રમ રાખેલ છે.

આ રમત-ગમતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક સભ્યને પધારવા તથા સક્રિય ભાગ લેવા આમંત્રે છે. વયજૂથ પ્રમાણે જુદી જુદી રમતોનો કાર્યક્રમ રાખેલ છે.

આ પ્રોગ્રામ બાદ બપોરના ભોજનનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખેલ છે.

***સમય : સવારે ૯.૦૦ વાગે***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.***

**"સંકલ્પ"ના આગામી કાર્યક્રમો**

૧. ફેબ્રુઆરી માસમાં શૈક્ષણિક કાર્યક્રમ રાખેલ છે. જેની વિગત મંગલ મંદિરના ફેબ્રુઆરી માસના અંકમાં આપવામાં આવશે.

૨. તા. ૧૭-૩-૨૦૧૧, ગુરુવાર અને ૧૮-૩-૨૦૧૧ શુક્રવારે પાલિતાણાની "છ ગાઉ"ની જાત્રાનો પ્રવાસ રાખેલ છે. જેની માહિતી મંગલ મંદિરના ફેબ્રુઆરી માસના અંકમાં આપવામાં આવશે. આ જાત્રામાં પંચતીર્થી તથા પાલિતાણામાં રહેવા, ખાવા-પીવાની પૂરેપૂરી જવાબદારી સંકલ્પે કરેલ છે.

૩. તા. ૨૦-૩-૨૦૧૧ને રવિવારે ધૂળેટીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેનો સમય સવારે ૧૦.૦૦થી ૧.૦૦ વાગ્યા સુધી રાખેલ છે. જેમાં બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉપરના દરેક પ્રોગ્રામમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક વયના સભ્યોને ભાગ લેવા ભાવભર્યું આમંત્રણ "સંકલ્પ" આપે છે.

વધુ માહિતી માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક કરવો.

*પીયૂષ પારેખ – મો. ૯૮૨૫૦ ૨૯૬૯૮*
*સંજય સંઘવી – મો. ૯૮૨૪૭ ૮૫૯૨૯*
*ડૉ. કેતન આઈ. શાહ – મો. ૯૮૨૫૬ ૮૭૭૪૧*

## સંઘર્ષમય જિંદગી અને સુંવાળી જિંદગી

કચ્છના ભયંકર વિનાશક ભૂકંપ પછી બીજા જ દિવસે લોકો કાટમાળમાંથી પોતાનું ઘર ઊભું કરવા લાગ્યા હતા.

જાપાનમાં તેનાથી ઓછા તીવ્રતાવાળા ભૂકંપ પછી પુનઃ સ્થાપના માં ત્રણ વર્ષથી વધુ સમય લાગ્યો હતો.

કચ્છનું પાછું બેઠું થવું તે આજે વિશ્વમાં દાખલારૂપ બન્યું છે.

ક્યાંથી આવી આ તાકાત કચ્છના લોકોમાં?

રોજેરોજના જીવન સંઘર્ષમાંથી જ સ્તો.

*અન્ય પર શંકા કરતાં પહેલાં સૌપ્રથમ તમારો ઈરાદો તપાસી જુઓ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## નવેમ્બર / ડિસેમ્બર — ૨૦૧૦

- **સોમવાર, તા. ૨૯-૧૧-૨૦૧૦**

☆ ગૃહ ઉદ્યોગ સમિતિ અન્વયે આજે સાંજના ૪ વાગે શ્રી રજનીકાંત પારેખ, શ્રી અશોક મહેતા, શ્રી રતિલાલભાઈ નાગડા, શ્રી રાજુભાઈ ત્રેવાડિયા તથા શ્રી ભાવેશ ગડા શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતા અને રિટેઈલ કાઉન્ટર પર મુકવામાં આવી રહેલ વિવિધ વસ્તુઓ અંગે ચર્ચા કરેલ હતી તેમજ શ્રી રતિલાલભાઈ નાગડાએ ગૃહ ઉદ્યોગમાં બનાવેલ વસ્તુઓ અંગે પણ ચર્ચા કરેલ હતી.

☆ આજરોજ સામાજિક સુરક્ષા સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મિટિંગમાં શ્રી અશ્વિન સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી મગનભાઈ સંઘવી, શ્રી કે.ડી. શાહ, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી સૂરજલાલ મહેતા તથા ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીના શ્રી નિકુંજ ઉપસ્થિત રહ્યા હતા. ન્યુ ઈન્ડિયા ઈન્સ્યુરન્સના મેડિક્લેઈમ પોલિસી અંગેના પ્રીમિયમ અને અન્ય બેંકોના પ્રીમિયમ વચ્ચે લગભગ ૫૦ ટકા જેવો તફાવત હોવાની વિગત શ્રી નિકુંજને જણાવવામાં આવેલ હતી. ચર્ચા વિચારણાને અંતે મેડિક્લેઈમ પોલિસીથી થતા લાભાલાભની દષ્ટિએ માત્ર વયસ્ક વયના લોકો જ ન્યુ ઈન્ડિયા સાથે પોલિસી ચાલુ રાખી શકે તેવું તારણ કાઢવામાં આવેલ હતું.

- **બુધવાર, તા. ૧-૧૨-૨૦૧૦**

☆ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર આજથી શ્રી જલારામ અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું. કચ્છથી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓમાંથી, જરૂરિયાતવાળા દર્દીઓને શ્રી જલારામ અન્નક્ષેત્રની ભોજનની ફ્રી કૂપનોનું વિતરણ કરવામાં આવ્યું.

- **ગુરુવાર, તા. ૨-૧૨-૧૦**

☆ શ્રી અશોકભાઈ મહેતાએ દહીંસર - મુંબઈ ખાતે શ્રી મહેન્દ્રભાઈ સંઘોઈની મુલાકાત લીધેલ હતી અને તેઓ સાથે ભુજમાં સ્થાપવામાં આવનાર આર્કિટેક્ચરલ કૉલેજ અંગે ચર્ચા કરેલ હતી. દહીંસર ખાતેની નવનીત હોસ્પિટલ વગેરે પ્રકારના તેઓના પ્રોજેક્ટોની પણ મુલાકાત લેવામાં આવેલ હતી.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કે.ડી. શાહે મિટિંગ કરી ત્રણે ભવનોની સિક્યોરિટીનો સ્ટાફ યોગ્ય ન હોવાથી તે અંગે જરૂરી પગલા લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **શુક્રવાર, તા. ૩-૧૨-૨૦૧૦**

☆ શ્રી અશોકભાઈ મહેતાએ આજરોજ સવારમાં મુલુંડ ખાતે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની મુલાકાત લીધેલ હતી. ભુજની આર્કિટેક્ચરલ કૉલેજ તથા મુંબઈના વિવિધ સામાજિક કામો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. તેઓના બિહાર ખાતેના હોસ્પિટલ પ્રોજેક્ટ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજે બપોરના સમયે ડૉ. નરેન્દ્ર દેઢિયાને ત્યાં ઘાટકોપરમાં શ્રી ચંદ્રકાંત ગોગરી, શ્રી રાયચંદભાઈ ધરમશી, શ્રી મૂલચંદ કરમચંદ શેઠ તથા શ્રી અશોક મહેતા મળેલ હતા અને સમગ્ર કચ્છી જૈનો મુંબઈમાં એકત્રિત થઈ એક સંસ્થાના નેજા હેઠળ કાર્ય કરે તે પ્રકારની વિચારાધીન અને નિખાલસ ચર્ચાઓ કરવામાં આવેલ હતી અને તેની વિવિધ શક્યતાઓ પણ વિચારવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૪-૧૨-૨૦૧૦**

☆ આજરોજ ભવન સમિતિના શ્રી મણિલાલ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી રમણિકલાલ ગોસર મળેલ હતા અને શ્રી કચ્છી જૈન ભવન પરની લિફ્ટના રિપેરિંગ અંગે જરૂરી નિર્ણયો લીધેલ હતા.

- **રવિવાર, તા. ૫-૧૨-૨૦૧૦**

☆ સાયન ખાતેના અતિથિ ભવનના બિલ્ડર શ્રી પારસભાઈ બાબરિયાની શ્રી અશોક મહેતાએ આજ રોજ મુંબઈ ખાતે મુલાકાત લીધેલ હતી અને જરૂરી સી.સી. મેળવવા હાલે ચાલતી કાનૂની કાર્યવાહીની વિગતો જાણેલ હતી. આ બાબતે નિર્ણય આવવા હજુ થોડા વધુ સમયની રાહ જોવી પડશે, તેવું જણાવેલ હતું.

☆ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના નેજા હેઠળ ૧૨થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના માતા-પિતા સાથે આજે એક પેરેન્ટિંગ કાર્યશિબિરનું આયોજન કર્યું હતું. મિસીસ નિમ્રતસિંઘે આ શિબિરનું સંચાલન કરેલ હતું. ૩૭ સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

☆ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્ટાફની અમદાવાદથી મહુડી - તારંગા વગેરે સ્થળોની એક દિવસીય પિકનિકનું આયોજન આજરોજ ગોઠવવામાં આવેલ હતું. સ્ટાફના ૫૭ સભ્યોએ આ પિકનિકના આનંદનો લાભ લીધો હતો. સ્ટાફની આ પ્રકારની પ્રથમ જ પિકનિક ગોઠવાયેલ હતી. સહુએ પિકનિકનો આનંદ વ્યક્ત કરેલ હતો.

- **સોમવાર, તા. ૬-૧૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર તથા શ્રી રજનીકાંત પારેખે એસ.ટી. ભવનની મુલાકાત લઈ ત્યાંના નાના-નાના પ્રશ્નો અંગે જરૂરી નિર્ણયો લીધા હતા.

- **મંગળવાર, તા. ૭-૧૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શાહીબાગ ખાતેની કચ્છ આર્ટ ગેલેરીની ચર્ચા કરવા એક મિટિંગ બોલાવવામાં આવી હતી. જેમાં શ્રી કે.આર. શાહ, શ્રી પ્રતાપ દંડ, શ્રી અશોક મહેતા, ભુજ મ્યુઝિયમના ક્યુરેટર શ્રી સદાશિવન્ તથા આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ ઉપસ્થિત રહેલ

*બાળકોને પ્રેમથી જ સમજાવી શકાય, તેમની સાથે વાત કરો, ગુસ્સો નહિ.*

હતા. કચ્છ આર્ટ ગેલેરીના કરવામાં આવેલ પ્લાનિંગના ડીટેઇલિંગની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. તેના સિવિલ કામની ઈન્કવાયરીના ક્વોટેશન્સની વિગત તૈયાર કરવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી પરાશર વ્યાસે એક મિટિંગ કરી ત્રણે ભવનોના ટી.વી. રીપેરિંગ અંગે ચર્ચા કરેલ હતી. ગૃહ ઉદ્યોગના કાઉન્ટર મૂકવાની જગ્યા અંગે પણ ચર્ચા કરેલ હતી.

● **શુક્રવાર, તા. ૧૦-૧૨-૨૦૧૦**

☆ 'મંગલ મંદિર' પ્રથમ વખત જ વાંચ્યા બાદ ગ્લોબલ ટ્રસ્ટ - રાજકોટના શ્રી દીપકભાઈ વ્યાસે ફોન પર ઑફર કરેલ કે તેમના ટ્રસ્ટ દ્વારા પાકિસ્તાનના શુભેચ્છા પ્રવાસે જવાનું આયોજન ગોઠવવામાં આવેલ હોઈ, તેમની સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કોઈ પણ ટ્રસ્ટી અથવા સભ્ય જોઈન્ટ થાય તો આવકાર્ય રહેશે. (શ્રી દીપકભાઈ વ્યાસ – ૯૮૨૫૦ ૭૬૧૦૭) જે કોઈને આ પ્રવાસમાં સ્વ ખર્ચે જવાની ઈચ્છા હોય તેઓએ શ્રી દીપકભાઈ વ્યાસનો સંપર્ક સાધવો.

● **શનિવાર, તા. ૧૧-૧૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી શરદભાઈ દંડ સાથે ફોન પર ચર્ચા કરી મુંબઈ અતિથિ ભવનના પ્રોજેક્ટને શરૂ કરવા અંગે જે કાર્યવાહી કરવામાં આવે છે તે ખૂબ જ ધીમી ગતિની છે અને તે અંગે તેઓ સમક્ષ નારાજગી પણ વ્યક્ત કરવામાં આવેલ હતી.

☆ શ્રીમતી દેવિન્દ્રાબહેન શાહના રાજીનામાથી ખાલી પડેલ જગ્યા પર અન્ય મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટની ભરતી કરવા, આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર કેટલાક ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવેલ હતા. કે જે સમયે ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશ્વિન સાવલા, ડૉ. હિતુભાઈ તથા શ્રી કે.આર. શાહ ઉપસ્થિત રહેલ હતા.

● **રવિવાર, તા. ૧૨-૧૨-૨૦૧૦**

☆ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના નેજા હેઠળ આજરોજ ૧૨થી ૧૮ વર્ષની ઉંમરના બાળકો સાથે આજે મિસીસ નિમ્રતસિંઘ દ્વારા કાઉન્સેલિંગ કરવામાં આવેલ હતું અને બાળકોને ઉદ્ભવેલ પ્રશ્નો અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ હતું.

● **સોમવાર, તા. ૧૩-૧૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર 'બાળ કલ્યાણ સમિતિ'ની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી મગનભાઈ સંઘવી, શ્રી અશોક મહેતા, શ્રી સૂરજલાલ મહેતા તથા શ્રી રજનીકાંત પારેખ ઉપસ્થિત રહેલ હતા. નવા નિયમ પ્રમાણે બાળ કલ્યાણ યોજનામાં મૂકવામાં આવતા ફંડમાં ત્રીજી પાર્ટીના ચેક ન સ્વીકારવા અંગે કરવામાં આવેલ જાહેરાતના અનુસંધાને આજરોજ જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી અને તેના પરિણામે ઉદ્ભવતા પ્રશ્નોના નિરાકરણ શોધવામાં આવેલ હતા.

● **રવિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શણગાર ડેકોર લિ.ના શ્રી સમીરભાઈ શાહ સાથે એક મિટિંગ ગોઠવવામાં આવેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી મણિલાલ ગોસર, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી બચુભાઈ રાંભિયા તથા શ્રી પરાશર વ્યાસ ઉપસ્થિત રહેલ હતા. શણગારના બાકી રહેતા પેમેન્ટ, એ.સી. હોલના કોમ્પ્રેસર તથા ચીમનીના અવાજ અંગેની ચર્ચા, એ.સી. હોલમાં ઓછા કુલિંગની ચર્ચા તથા હોલ કાર્યરત હોય ત્યારે સિક્યોરિટી ગાર્ડ અંગેની જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજ - ભુજથી અડદિયા લાડુનો પ્રથમ લોટ તા. ૧૬-૧૨ના અને બીજો લોટ આજરોજ આવ્યો હતો.

☆ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા વન મિનિટ ગેઈમ્સ તથા અન્ય હાઉસી રમતનો કાર્યક્રમ આજરોજ ગોઠવવામાં આવેલ હતો. અંદાજિત ૪૦ બહેનો ઉપસ્થિત રહેલ હતી. કાર્યક્રમ બાદ શ્રીમતી વસુબહેન, શ્રીમતી દમયંતીબહેન તથા શ્રીમતી વર્ષાબહેન સાથે ગૃહઉદ્યોગની કાર્યશૈલી અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. તેઓ આ પ્રકારના કાર્યક્રમમાં સક્રિય બની ભાગ લે તેવું પણ તેમને જણાવવામાં આવેલ હતું.

● **રવિવાર, તા. ૧૯-૧૨-૨૦૧૦**

☆ આજરોજ સવારમાં ૧૦.૦૦થી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી શ્રી કચ્છી જૈન ભવન પર 'શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ'ના નેજા હેઠળ ધોરણ-૯ તથા ૧૦ના અંદાજિત ૩૦ જેટલા વિદ્યાર્થીઓના એપ્ટિટ્યુડ ટેસ્ટ લેવામાં આવેલ હતા.

☆ આજરોજ સવારમાં 'સામાજિક સુરક્ષા સમિતિ'ના નેજા હેઠળ સમાજની યોજના અનુસાર મેડિક્લેઈમની પોલિસી લેતા સભ્યોની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. જેમાં અંદાજિત ૬૦ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી. સમિતિ વતી શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી મગનભાઈ સંઘવી વગેરે ઉપસ્થિત રહેલ હતા. મેડિક્લેઈમ વીમાના પ્રીમિયમ અંગેની, ઉપસ્થિત સહુને સમજ આપવામાં આવેલ હતી. આજરોજ અંદાજિત ૪૫ ફોર્મ ભરાયેલ હતા.

● **સોમવાર, તા. ૨૦-૧૨-૨૦૧૦**

☆ આજરોજ 'પારી નીતિનચંદ્ર રતિલાલ'ના શ્રોફશ્રી રતિલાલભાઈ ઠક્કરે શ્રી કચ્છી જૈન ભવન, પાલડીની મુલાકાત લીધેલ હતી.

● **શુક્રવાર, તા. ૨૪-૧૨-૨૦૧૦**

☆ આજરોજ ગૃહ ઉદ્યોગના કાઉન્ટર માટે વિજય પીકલ્સ - ભુજપુર, હીના અથાણા ગૃહઉદ્યોગ - પત્રી તથા જન ગૃહઉદ્યોગ - પત્રીના અથાણા, ભવન પર આવી ગયેલ છે અનું તેનું વિતરણ કાર્ય ચાલુ કરી દેવામાં આવેલ છે.

● **રવિવાર, તા. ૨૬-૧૨-૨૦૧૦**

☆ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા ધોરણ-૧૧થી ૧૨ના ૧૮ વિદ્યાર્થીઓના એપ્ટિટ્યુડ ટેસ્ટ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર લેવામાં આવેલ હતા. ■

*જીવન એમના માટે મૂલ્યવાન છે જે બીજાનાં દુઃખમાં તેમને સાથ આપે છે.*